વાંચો અને સમજો

અવલિયાએ ગુજરાત, સમ્શુલ આરીફીન,
અગીયારમી હિજરી સદીના મુજદ્દીદ
હઝરત પીર મશાયખ (રહ.) ની કિતાબ

# ખુલફા-એ-રાશેદીન

## (સાતમી ફસલ)

## (સમજુતિ સાથે)



-: સમજુતિકાર અને પ્રકાશક :-

**યુસુફ શરીફ ચારોલીયા**

૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૪.

વાંચો અને સમજો

અવલિયાએ ગુજરાત, સમ્શુલ આરીફીન,

અગીયારમી હિજરી સદીના મુજદ્દીદ

હઝરત પીર મશાયખ (રહ.) ની કિતાબ

# ખુલફા-એ-રાશેદીન

(સાતમી ફસલ)

## સમજુતિ સાથે




-: સમજુતિકાર અને પ્રકાશક :-

**યુસુફ શરીફ ચારોલીયા**

૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,

ગોરેગાંવ પશ્ચિમ, મુંબઇ - ૪૦૦૧૦૪.

# KHULAFA-E-RASHEDEEN
## (SAMJUTI SATHE)
# ખુલફા-એ-રાશેદીન
## (સમજુતિ સાથે)

આવૃત્તિ : પહેલી આવૃત્તિ (સમજુતિ વગર) ઇ.સ. ૧૯૫૫
આવૃત્તિ : બીજી આવૃત્તિ (સમજુતિ સાથે) ઇ.સ. ૨૦૧૭
પ્રત સંખ્યા : ૧૦૦૦
સમજુતિકાર
અને પ્રકાશક : યુસુફ શરીફ ચારોલીયા,
૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,
ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૪.
પ્રાપ્તિ સ્થાન :
(૧) ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ
૧૭૬૦, ખાસ બજાર, ત્રણ દરવાજા, અહમદઆબાદ.
ફોન : ૦૭૯ - ૨૫ ૩૫૨૪૬૮, ૯૫૩૭ ૩૫૨૪૬૮
(૨) કુતુબખાના રશીદીયાહ
ડાયમંડ કોમ્પ્લેક્ષ, છાપી હાઇવે,
છાપી, તા. વડગામ, જી. બનાસકાંઠા
ફોન : ૦૨૭૪૨ - ૨૭૧૧૯૭૨
મુદ્રક : ખતીબ ઓફ્સેટ
ખાન જહાન દરવાજા સામે, ગાયકવાડ હવેલી રોડ,
જમાલપુર, અહમદઆબાદ.
મુલ્ય : = ૧૦૦/-

### જાહેરાત

આ કિતાબમાં કોઈપણ ફેરફાર વગર, કોઈપણ વ્યક્તિ તેને છપાવી શકે છે અને વેચી શકે છે.

સમજુતિકાર અને પ્રકાશક

# દિવાન-એ-મશાયખ
# સંબંધિત/પ્રસિદ્ધ થયેલી કિતાબો

(૧) **સૈ. પીર મશાયખ (રહે.) નો મઝહબ**
આવૃત્તિ : ઇ.સ. ૨૦૧૧ અને ૨૦૧૨
પ્રાપ્તિસ્થાન : રશીદીયા કુતુબખાના
છાપી હાઇવે, જી. બનાસકાંઠા, ગુજરાત.
ફોન : ૦૨૭૩૯ - ૨૭૧૧૯૭૨

(૨) **તરીકતનું વિશ્લેસણ**
આવૃત્તિ : ઇ.સ. ૨૦૧૪
પ્રાપ્તિસ્થાન : રશીદીયા કુતુબખાના

(૩) ઈમાન ભાગ-૧ (સમજુતિ સાથે)
પેહલી આવૃત્તિ મેળવવા માટે
સમજુતિકાર અને પ્રકાશકનો સંપર્ક સાધો.

(૪) ખુલ્ફા-એ-રાશેદીન (સમજુતિ સાથે)
પેહલી આવૃત્તિ : ઇ.સ. ૨૦૧૭
પ્રાપ્તિ સ્થાન :
(૧) ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ
(૨) કુતુબખાના રશીદીયા

# સૈ. પીર મશાયખ વાચા

સુનોરે મુરીદો, જે હોરે મેરે,
મંય તેહકીક કર લિખતા હું બુઝીયો સવેરે,
મંય કહી જાગો દેખકર, બયાન હું કરતા,
મંય તેહકીક કિયે બિના, એક બોલ નહીં લિખતા.
(કિતાબ, ઈબાદત)

કહ્યા નબીને મેં છોડીયા, દો ચીજ તમું માંહાં,
તો ગુમરાહ તમના, હાંગે નાંહાં - ૪
સો જબ તક ઓસસુ, ચંગમારો રે તમના,
કે હોજત ઓસકી, તમ રાખો રે મંના - ૫
એ અલ્લાહ કેરી કિતાબ કુરાન રે જાનો,
અને હદીસાં નબીકી દુસરી રે માંનો - ૬
(બયાન નં. ૨૦૦૮/૧૮૪, ઈમાન, ભાગ-૧)

કહ્યા નબીજી ને સુન્નત જે બુઝો રે મેરી,
વે તમુ પાર વાંજીબ, કીજીઓ સવેરી - ૨૨
(બયાન નં. ૧૯૪૯/૧૨૯, ઈમાન, ભાગ-૨)

આપ ઉપાયે મનસુ, જેકો કરસી કામા,
નાંહીયે સુન્નત કેરડા, નાંહી કિતાબ ઠાંમા.
મરદુદ કિયે વે કામરે, ખાતમને આખા,
બાતલ હે કે કામરે, હોકમ એ આખા.
(ઈમાન ભાગ-૨, બયાન નં. ૧૯૪૭/૧૨૭)

બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ.

અગીયારમી હીજરી સદીના મુજદ્દીદ, અવલિયાએ ગુજરાત,
સમશુલ આરેફીન, કુતુબુલ વકત
હઝ. પીર મશાયખ (રહે.) કૃત કિતાબ

# ખુલફા-એ-રાશેદીનનું સાંકળિયું


| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| ૧. | સમજુતિકારના શબ્દો | | ૦ |
| ૨. | ચાર બુઝુર્ગ અસ્હાબોની ફઝલીત | ૯૩૧/૧ | ૧ |
| ૩. | મોમીનોને ચારયારી બનવાની તાકીદ | ૯૩૩/૧અ | ૨ |
| ૪. | ખુલ્ફા-એ-રાશેદીનના બયાનોની તરતીબ (ગોઠવણ) | ૯૩૪/૨ | ૩ |
| ૫. | ચારમાંથી કોઈનો પણ દુશ્મન હશે તેની ઈબાદત કબુલ નહિ થાય. | ૯૩૬/૪ | ૫ |
| ૬. | નબી (સ.અ.વ.) ઈલ્મનું શહેર અને હવઝે કવસરના ચારેય કિનારાઓ ચારેય અસ્હાબે કિરામને હાથ | ૯૩૭/૫ | ૬ |
| ૭. | ચારેય અસ્હાબોની આપસમાં મુહબ્બત અને એક-બીજાના સહકારી | ૯૩૮/૬ | ૮ |
| ૮. | અસ્હાબોના દુશ્મનો દોઝખમાં જશે | ૯૩૯/૭ | ૧૦ |
| ૯. | ચારેય અસ્હાબોની સીફતો (ગુણો) અને તેમનાથી મુહબ્બત રાખવાની તાકીદ | ૯૪૦/૮ | ૧૧ |
| ૧૦. | ખુલફા-એ-રાશેદીન જેવા અમલ કરો | ૯૪૧/૯ | ૧૨ |
| ૧૧. | અસ્હાબોના દુશ્મનોથી હઝ. અલી (રઝી.) ની નારાજી | ૯૪૩/૧૧/અ | ૧૫ |
| ૧૨. | રાફઝીઓને નસીહત | ૯૪૩/૧૧/બ | ૧૭ |
| | **હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત** | | |
| ૧૩. | હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત સર્વ સંમતિ થી | ૯૪૪/૧૨ | ૧૯ |
| ૧૪. | હઝ. અબૂબકર (રઝી.) નબી (સ.અ.વ.) ના ગાર (ગુફા) ના સાથી | ૯૪૫/૧૩ | ૨૦ |
| ૧૫. | હઝ. અબૂબકર (રઝી.) ઈસ્લામમાં પહેલા દાખલ થનાર | ૯૪૫/૧૩/અ | ૨૨ |

| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| ૧૬. | નબી (સ.અ.વ.) નો હઝ. અબૂબકર (રઝી.) ને ઈમામત કરાવવાનો હુકમ | ૯૪૬/૧૪ | ૨૩ |
| ૧૭. | હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત માટે હઝ. અલી (રઝી.) ની તાઈદ (ટેકો) | ૯૪૭/૧૫ | ૨૪ |
| ૧૮. | હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત બાબતે હઝ. અલી (રઝી.) નો ખુલાસો | ૯૪૮/૧૬ | ૨૬ |
| ૧૯. | રાફઝીઓને નસીહત | ૯૪૮/૧૬/અ | ૨૭ |
| ૨૦. | હઝ. અલી (રઝી.) ને ચાહનારાઓએ તેમની પયરવી કરવી જોઈએ. | ૯૪૯/૧૭ | ૨૯ |
| ૨૧. | હઝ. અબૂબકર (રઝી.) ની ગાર (ગુફા) ની નેકી બધી નેકીઓથી બેહતર છે. | ૯૫૦/૧૮ | ૩૧ |
| ૨૨. | હઝ. અબૂબકર (રઝી.) અને હઝ. અલી (રઝી.) વચ્ચે આપસી દોસ્તી | ૯૫૧/૧૯ | ૩૩ |
| ૨૩. | રાફઝીઓને નસીહત | ૯૫૧/૧૯/અ | ૩૪ |
| | જન્નતમાં પહેલા હઝ. અબૂબકર (રઝી.) જશે. | ૯૫૨/૨૦ | ૩૫ |
| ૨૪. | હઝ. અબૂબકર (રઝી.) તેમના ગુનાહગાર સાથીઓ ને લઈને જન્નતમાં જશે. | ૯૫૩/૨૧ | ૩૬ |
| ૨૫. | કયામતમાં જન્નત અને દોઝખની ચાવીઓ હઝ. અબૂબકર (રઝી.) ને હાથ હશે. | ૯૫૫/૨૩ | ૩૮ |
| ૨૬. | રાફઝીઓને શિખામણ | ૯૫૫/૨૩/અ | ૪૦ |
| ૨૭. | હઝ. અબૂબકર (રઝી.) ના દુશ્મનો દોઝખમાં | ૯૫૬/૨૪ | ૪૧ |
| ૨૮. | રાફઝીઓને સવાલ કે તમે મોમીન નથી | ૯૫૬/૨૪/અ | ૪૨ |
| ૨૯. | હઝ. અબૂબકર (રઝી.) ની વફાત સમયે તેમની ઓલાદ | ૯૫૭/૨૫ | ૪૩ |
| ૩૦. | હઝ. અબૂબકર (રઝી.) ની ઉંમર (વય) અને તેમનું નબી (સ.અ.વ.) ને પડખે દફન | ૯૫૮/૨૬ | ૪૫ |
| ૩૧. | નબી (સ.અ.વ.) ની રજાથી હઝ. અબૂબકર (રઝી.) નું નબી (સ.અ.વ.) ના રોઝામાં દફન | ૯૫૯/૨૭ | ૪૬ |

| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| ૩૨. | હઝ. પીર મશાયખ (રઝી.) એ હઝ. અબૂબકર (રઝી.)ને તાબે રહેવા માંગેલી દુઆ | ૯૬૦/૨૮ | ૪૮ |
| ૩૩. | હઝ. ઉમર (રઝી.) ની ખિલાફત બાબતે હઝ. અબૂબકર (રઝી.) નો ઈસ્તેખારો | ૯૬૧/૨૯ | ૪૯ |
| ૩૪. | હઝ. અબૂબકર (રઝી.) ના વિસાલનો નબી (સ.અ.વ.) એ સપનામાં કરેલો ઈશારો | ૯૬૨/૩૦ | ૫૦ |
| | **હઝ. ઉમર (રઝી.) ની ખિલાફત** | | |
| ૩૫. | હઝ. ઉમર (રઝી.) થી ઈસ્લામને મળેલી કુવ્વત (શકિત) | ૯૬૪/૩૨અ | ૫૩ |
| ૩૬. | હઝ. ઉમર (રઝી.) એ ચાર હજાર નવી મસ્જીદો બનાવી અને તરાવીહની નમાઝ જમાઅતથી શરૂ કરાવી | ૯૬૫/૩૩ | ૫૪ |
| ૩૭. | હઝ. ઉમર (રઝી.) ની ફઝીલત | ૯૬૬/૩૪ | ૫૬ |
| ૩૮. | ચાર ફર્સખ દૂરથી કરેલી દોરવણી (કરામત) | ૯૬૭/૩૫ | ૫૭ |
| ૩૯. | રાફઝીઓને શિખામણ | ૯૬૭/૩૫/અ | ૫૮ |
| ૪૦. | હબશી સરદારના જુલમની દૂરથી પામેલી ખબર (કરામત) | ૯૭૧/૩૯ | ૬૨ |
| ૪૧. | હઝ. ઉમર (રઝી.) એ જહાલતના જમાનાના રિવાજો નાબૂદ કર્યા વિગેરે | ૯૭૩/૪૧ | ૬૫ |
| ૪૨. | હઝ. ઉમર (રઝી.) દુનિયા અને આખિરતમાં નબી (સ.અ.વ.) ની સાથે | ૯૭૬/૪૪ | ૬૮ |
| ૪૩. | હઝ. ઉમર (રઝી.) સૌથી બેહતર માણસ | ૯૭૭/૪૫ | ૬૯ |
| ૪૪. | શેખૈનનું ભુંડુ બોલનારની સખાવત કબુલ નહિ થાય | ૯૭૯/૪૭ | ૭૧ |
| | **ઈબ્રતના વાકયાઓ** | | |
| ૪૫. | મૈયતને લપેટાયેલા સાંપના બનાવથી ઈબ્રત | ૯૮૦/૪૮ | ૭૨ |
| ૪૬. | માણસના સુવ્વર (ભુંડ) થઈ જવાના બનાવથી ઈબ્રત | ૯૮૩/૫૧ | ૭૫ |
| ૪૭. | ભમરીના અઝાબના બનાવથી ઈબ્રત | ૯૮૫/૫૩ | ૭૮ |
| ૪૮. | શેખૈનનું ભુંડુ ન બોલો | | ૭૯ |
| ૪૯. | ખ્વાબ (સપના) માં માણસના કતલ થઈ જવાના બનાવથી ઈબ્રત | ૯૮૬/૫૪ | ૮૧ |

| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| ૫૦. | કુતરો બની જવાના બનાવથી ઈબ્રત | ૯૮૭/૫૫ | ૮૨ |
| ૫૧. | હઝ. ઉમર (રઝી.) ની શહાદત | ૯૮૯/૫૭ | ૮૫ |
| ૫૨. | નબી (સ.અ.વ.) ને પડખે દફન થવા માટે હઝ. ઉમર (રઝી.) એ માંગેલી રઝા | ૯૯૨/૬૦ | ૮૮ |
| ૫૩. | હઝ. ઉમર (રઝી.) નો અંત સમયે ઈસ્તીગફાર | ૯૯૪/૬૨ | ૯૦ |
| ૫૪. | હઝ. ઉમર (રઝી.) ની વફાતની તારીખ | ૯૯૫/૬૩ | ૯૧ |
| | **હઝ. ઉસ્માન (રઝી.) ની ખિલાફત** | | |
| ૫૫. | નબી (સ.અ.વ.) હઝ. ઉસ્માન (રઝી.) થી શરમ કરતા હતા | ૯૯૮/૬૬ | ૯૨ |
| ૫૬. | હઝ. ઉસ્માન (રઝી.) જન્નતમાં પણ નબી (સ.અ.વ.) ના દોસ્ત | ૯૯૮/૬૬ | ૯૫ |
| ૫૬. | સફરજનમાં હઝ. ઉસ્માન (રઝી.) માટે લખાયેલી મુબારકબાદ | ૯૯૯/૬૭ | ૯૬ |
| ૫૭. | હઝ. ઉસ્માન (રઝી.) નરમ તબીયતી હતા | ૧૦૦૧/૬૯ | ૯૯ |
| ૫૮. | જમીન જેવા બનો | ૧૦૦૧/૬૯અ | ૧૦૦ |
| ૫૯. | હઝ. ઉસ્માન (રઝી.) નું તેમના ગુલામ સાથે સદ્‌વર્તન | ૧૦૦૨/૭૦અ | ૧૦૧ |
| ૬૦. | હઝ. ઉસ્માન (રઝી.) ની શહાદત | ૧૦૦૪/૭૨ | ૧૦૩ |
| ૬૧. | હઝ. ઉસ્માન (રઝી.) ના રક્ષણ માટે ઈમામૈન (રઝી. અનહુમ), અને નબી (સ.અ.વ.) ની બશારત | ૧૦૦૫/૭૩ | ૧૦૪ |
| ૬૨. | હઝ. ઉસ્માન (રઝી.) ની ઉપર દુશ્મનોનો જીવલેણ હુમલો | ૧૦૦૮/૭૬ | ૧૦૭ |
| ૬૩. | હઝ. ઉસ્માન (રઝી.) નું જન્નતુલ બકીઅમાં દફન | ૧૦૦૯/૭૭ | ૧૦૮ |
| ૬૪. | હઝ. ઉસ્માન (રઝી.) ના આંધળા બનેલ દુશ્મનની કાબામાં દુઆ | ૧૦૧૦/૭૮ | ૧૦૯ |
| ૬૫. | હઝ. ઉસ્માન (રઝી.) ની કબરની ઝીયારતથી નફરત કરનારને અલ્લાહની સજા | ૧૦૧૨/૮૦ | ૧૧૩ |
| ૬૬. | હઝ. ઉસ્માન (રઝી.) ના દુશ્મનની જનાઝાની નમાઝનો નબી (સ.અ.વ.) નો ઈન્કાર | ૧૦૧૩/૮૧ | ૧૧૪ |

| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| ૬૭. | હઝ. ઉસ્માન (રઝી.) નો ખિલાફત કાળ | ૧૦૧૪/૮૨ | ૧૧૫ |
| | હઝ. અલી શેરેખુદા (રઝી.) ની ખિલાફત | | |
| ૬૮. | હઝ. અલી (રઝી.) ની ફઝીલત | ૧૦૧૫/૮૩ | ૧૧૬ |
| ૬૯. | બાળકોમાં પહેલા ઈમાન લાવનાર હઝ. અલી (રઝી.) હતા | ૧૦૧૬/૮૪ | ૧૧૭ |
| ૭૦. | ખાનવાદાઓનું મુળ હઝ. અલી (રઝી.) છે | ૧૦૧૭/૮૫ | ૧૧૮ |
| ૭૧. | ગુંચભર્યા પ્રશ્નોના ઉકેલની હઝ. અલી (રઝી.) માં સલાહીયત હતી | ૧૦૧૮/૮૬ | ૧૧૯ |
| ૭૧અ | હઝ. અલી (રઝી.) ની ખત્મે કુર્આનની કરામત | | ૧૨૧ |
| ૭૨. | હઝ. અલી (રઝી.) પણ દુનિયા આખિરતમાં નબી (સ.અ.વ.) ના દોસ્ત | ૬૧૫/૮૧ | ૧૨૨ |
| ૭૨અ | હઝ. અલી (રઝી.) નો નબી (સ.અ.વ.) સાથે ખાવામાં શરીક થયા | | ૧૨૩ |
| ૭૩. | જેણે હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ જીભ ચલાવી તેણે નબી (સ.અ.વ.) વિરૂદ્ધ જીભ ચલાવી | ૧૦૨૩/૯૧ | ૧૨૪ |
| ૭૪. | હવઝે કૌસર પર નબી (સ.અ.વ.) ના નવાસાહોનો પાણી આપવાથી ઈન્કાર (સપનાનો બનાવ) | ૧૦૨૪/૯૨ | ૧૨૬ |
| ૭૫. | પીર મશાયખ (રહે.) ની નસીહત | ૧૦૩૦/૯૮ | ૧૩૨ |
| ૭૬. | હઝ. ઉમર (રઝી.) એ હઝ. અલી (રઝી.) ની કરેલી તારીફ | ૧૦૩૦/૯૮અ | ૧૩૩ |
| ૭૭. | પત્થર નીચે પાણી બતાવવાની હઝ. અલી (રઝી.) ની કરામત | ૧૦૩૨/૧૦૦ | ૧૩૫ |
| ૭૮. | હઝ. અલી (રઝી.) ની શહાદતની નબી (સ.અ.વ.) એ કરેલી આગાહી | ૧૦૩૭/૧૦૫ | ૧૪૧ |
| ૭૯. | હઝ. અલી (રઝી.) કુફામાં શહીદ થયા હતા | ૧૦૩૯/૧૦૭ | ૧૪૪ |
| ૮૦. | હઝ. અલી (રઝી.) ના દફનની વિગત | ૧૦૪૦/૧૦૮ | ૧૪૫ |
| ૮૧. | હઝ. અલી (રઝી.) (તબુક શિવાય) બધા ગઝવાનમાં નબી (સ.અ.વ.) ની સાથે હતા | ૧૦૪૧/૧૦૯ | ૧૪૭ |
| ૮૨. | નબી (સ.અ.વ.) ની નસલ તૂટશે નહી | ૧૦૪૨/૧૧૦ | ૧૪૮ |
| ૮૩. | હઝ. અલી (રઝી.) ના કાતિલને કયામત સુધી ચાલુ રહેનારી સજા | ૧૦૪૩/૧૧૧ | ૧૪૯ |

| અ.નં. | વિષય | બયાન નં. | પાનું નં. |
|---|---|---|---|
| | **અહલ બયતથી મુહબ્બત** | | |
| ૮૪. | અસ્હાબોથી દોસ્તી, ઉમ્હાતુલ મુઅમીનીન અને અહલે બયતથી મુહબ્બત રાખનારનો રૂતબો | ૧૦૪૬/૧૧૪ | ૧૫૨ |
| ૮૫. | ખેમા (તંબુ) વાળાઓનો દોસ્ત એ નબી (સ.અ.વ.) નો દોસ્ત, અનેતેઓનો દુશ્મન એ નબી (સ.અ.વ.) નો દુશ્મન | ૧૦૪૭/૧૧૫ | ૧૫૩ |
| ૮૬. | હઝ. પીર મશાયખ (રહે.) એ ચારયારી બની રહેવા માંગેલી દુઆ | ૧૦૪૯/૧૧૭ | ૧૫૭ |
| ૮૭. | ખિલાફત કાળ દર્શાવતો કોઠો | | ૧૫૯ |
| ૮૮. | પરિશિષ્ઠ-૧ : નબી (સ.અ.વ.) ના ખુલફા-એ- | | ૧૬૦ |
| | રાશીદીન સાથે પોતાના સગાઈ સંબંધો અને | | |
| | ખુલફાએ-એ-રાશીદીન અને તેઓની ઓલાદમાં | | |
| | આપસી સગાઈ સંબંધો, અને રખાયેલાં નામો | | |
| ૮૯. | પરિશિષ્ઠ-૨ : જંગે જમલ, જંગે સીફફીન અને વાકેઆએ કરબલા પછી પણ ખુલફા-એ-રાશીદીનની ઓલાદોમાં થયેલ સગાઈ સંબંધો અને રખાયેલાં નામો | | ૧૬૫ |
| ૯૦. | પરિશિષ્ઠ-૩ : દયાનમાં લેવા જેવી વાતો. | | ૧૭૦ |
| ૯૧. | પરિશિષ્ઠ-૪ : ખુલફા-એ-રાશીદીન નબી (સ.અ.વ.) ના કાતિબો (લહીયાઓ) માંથી છે | | ૧૭૧ |
| ૯૨. | પરિશિષ્ઠ-૫ : ખુલફા-એ-રાશીદીન અશરહ મુબશ્શીરાહ (જીવતાં જન્નતની બશારત પામેલા) માંથી છે. | | ૧૭૧ |
| ૯૩. | પરિશિષ્ઠ-૬ : ખુલફા-એ-રાશીદીન નબી (સ.અ.વ.) ના રફીકો (દોસ્તો) માંથી છે. | | ૧૭૨ |
| ૯૪. | પરિશિષ્ઠ-૭ : ગેરસમજ દૂર કરે તેવા પ્રસંગો | | ૧૭૨ |
| ૯૫. | પરિશિષ્ઠ-૮ : મિશ્કાત શરીફમાં વર્ણન થયેલ ફઝીલતે અહલે બયત (સંક્ષિપ્તમાં) | | ૧૭૭ |

# -: સમજુતિકારના શબ્દો :-

| | | |
|---|---|---|
| કિતાબ વાંચો | ★ ગેરસમજ દૂર કરો | ★ મુસ્લિમ એકતા તરફ આવો |

ગેરસમજ પૂર્વગ્રહથી ઉભી થતી હોય છે, અને પૂર્વગ્રહ અપૂર્ણ માહીતીના અભાવે, કે મળેલી માહીતી ઉપર મદાર બાંધી દેવાથી ઉદ્દભવતો હોય છે, અથવા એક જ વલણ બાંધી ચાલવાથી.

મશાયખી દીવાન રજુ કરવાની સાથે સાથે ખુલફા-એ-રાશેદીન વિષે કોઈ એક વર્ગમાં પ્રવર્તતી ગેરસમજને દૂર કરવું આ સમજુતિકારને યોગ્ય જણાવાથી તેણે મશાયખી સાહિત્યના બીજા પ્રકાશનો હવે પછી પ્રસિધ્ધ કરતાં પહેલાં ખુલફા-એ-રાશેદીનની સમજુતિ રજુ કરવું યોગ્ય માન્યું.

કિતાબ ખુલફા-એ-રાશેદીનમાં પીર મશાયખ (રહે.) એ ચારેય અસ્હાબોની ફઝીલત, તેઓમાં પરસ્પરની મુહબ્બત, તેઓ દરેક માટે નબી (સ.અ.વ.) ના કોલ વિ. નું સરળ અને જલ્દી સમજાય તેવી શૈલીમાં નિરૂપણ કર્યું છે, અને વાત વધુ સમજાય તે માટે આ કિતાબ સાથે પરિશિષ્ટો જોડ્યાં છે. આશા છે કે વાંચકની, જો કોઈ ગેરસમજ ખુલફા-એ-રાશેદીન વિશે હોય, તે દૂર થશે. રજુકર્તાનું કામ રજુઆતનું હોય છે, અને સ્વિકાર વાંચકનો હોય છે.

- યુસુફ શરીફ ચારોલિયા

બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ.

દીવાને-મશાયખની સાતમી ફસલ

# ખુલફા-એ-રાશેદીન

બયાન : ૯૩૩-૧

## ચાર બુઝુર્ગ અસ્હાબોની ફઝીલત

એ "ખુલફાએ રાશેદીન" કેરા રે બયાના, સુનો ઓનૂકુ કયસે કીયે રે રહમાના...૧
સો ખલીફે ચારોં નબીજીકે કેહલાયે, જો હંય રે એ ચારોં કે નામસૂ બતાયે...૨
જે થે નબીજીકે નૂર બા'ઝ પૈદા થે કીતે, નબીજીકી નઝરસૂં એ કીયે રે સુનીતે...૩
વે નૂરકી મૌલુદમાં હંયે લિખીએ રે બયાના, સો મેરી રે કુવ્વસૂં જેતા લિખના રે જાના...૪
લિખની હકીકત જિત્ની રૂહાનીયાં કેરી, વે "નૂર કે મવલૂદ" માં હય લિખી રે અનેરી...૫
વે ખુલફાએ રાશેદીન થે રે ચાર યારા, નબીજીકા ઓનૂપર થા રે બહોત પિયારા...૬
હય ઉમ્મીદકે બયાનું ઓનૂકા લિખાવે, જિત્ના ઉમ્મીદસૂં ઢુંડા રે કિતાબૂં જાવે...૭
યા ઈલાહી તુ મુજકુ કર ચાર યારી, જિનૂં નબીજીકુ ચારોંને હૈ દીતીરે યારી...૮
રબ ચારોંકી તા'રીફ મુજ દિલમાં આવે, તિલ જેતા રે ખતરા ના કિસીપર આવે...૯
સહી અયસી હય ઉમ્મીદ મુજે સુરીજનહારા, તુ હય પુરી કરનાર હય બંદા રે બિચારા...૧૦
યા ઈલાહી મુજકો તુ તૌફીક દીજે, કે ચાર યારી મૂમિન તુ મુજકો કીજે...૧૧
નબી ખાતિમકી દોસ્તી દુઆ કબૂલ તુ મેરી, યા ઈલાહી તુ તવફીક નેક દેને સવેરી...૧૨
રે તુંહી.

ખલીફે એ રાશેદીન જાનીએ, નબી કેરે ચાર યાર રે, નબી કેરે ચાર યાર;
સુન્ની હય યા'તા ચારકુ, કર કર દિલમાં પ્યાર રે, કર કર દિલમાં પ્યાર.

### સમજુતિ : બયાન : ૯૩૩/૧

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**અલ્લાહ રહમાને ખુલફા-એ-રાશીદીનને જે રૂત્બો (સ્થાન) આપ્યો છે તેનું બયાન સાંભળો. તેઓને નબી (સ.અ.વ.) ના ખલીફાઓ અને 'ચારયારી' કહેવામાં**

આવે છે. જેટલી રૂહાની ખલકત (સૃષ્ટિ) છે તે વિષે મેં 'નૂરનામા' ની મોલુદ (મજલિસ) માં મારી કુવ્વત (શક્તિ) મુજબ થાય તેટલું લખ્યું છે. હવે નબી (સ.અ.વ.) ના 'ચારયારી' જેમની ઉપર નબી (સ.અ.વ.) ને ઘણો ભાવ હતો તે વિષે કિતાબોમાં જોઈને લખું એવી ઉમેદ છે. યા અલ્લાહ ! તું પણ મને 'ચારયારી' નો 'યાર' બનાવી દે, જેથી તેમની મુહબ્બત દિલમાં ઉભરે અને તેઓ વિષે જરા પણ ખતરો (શંકા) દિલમાં આવે નહિ, અને હે અલ્લાહ ! મારી ઉમેદ પૂરી કરનાર તું જ છે, અને મને તૌફીક (આંતર પ્રેરણા) આપ અને મારી દુઆને નબી (સ.અ.વ.) ની દોસ્તી (પ્રેમ) ના સદકામાં કબુલ કર. - રે તુંહી.

નબીના 'ચાર ખલીફા' તેમના 'ચારયારી' છે. સુન્નીઓ તેઓ ચારેયને દિલથી પ્રેમ કરે છે.

### બયાન : ૯૩૩-૧અ. (નઝમ)

## મોમિનોને ચાર યારી બનાવાની તાકીદ

સુનો હો મૂમિન ભાઈ રે તમે સુનો રે, ચાર યારી હોને માં બડાઈ રે તમે સુનો રે...૧
ચાર યાર ખાતિમ કેરે રે તમે સુનો રે, નેહ કરો યારોંસૂં સવેરે રે તમે સુનો રે...૨
તારીફ બુઝો યારોં કેરી રે તમે સુનો રે, જુદી જુદી સુનો અનેરી રે તમે સુનો રે...૩
જિનૂ ખૂબી જયસી જિસ ઝાતા રે તમે સુનો રે, એ બયાન હૈ વૈસા લિખાતા રે તમે સુનો રે...૪
સુન સુન સગલા બયાન રે તમે સુનો રે, હોઓ હોઓ મુમિનકી શાના રે તમે સુનો રે...૫
ખુલફાએ રાશેદીન કૈસે રે તમે સુનો રે, નૂરી બુઝે એ હંય વયસે રે તમે સુનો રે...૬
લિખાજાં હૈ 'મેઅરાજનામા' રે તમે સુનો રે, બયાન હૈ લિખા ઉસ ઠામા રે તમે સુનો રે...૭
અરશકે તલે જે હંય નૂરી રે તમે સુનો રે, તારીફ હંય બુઝતે પૂરી રે તમે સુનો રે...૮
સુન વેતો ચાર યારોંકી બાતી રે તમે સુનો રે, વે સબ બુઝે નૂરી જે ઝાતી રે તમે સુનો રે...૯
ખુલફાએ રાશેદીન નામા રે તમે સુનો રે, નૂરી સબ બુઝે ઉસ ઠામા રે તમે સુનો રે...૧૦
ઔર નાંહી બુઝતે જહાના રે તમે સુનો રે, યાર એ યારોંકા હૈ નામ જાના રે તમે સુનો રે...૧૧
વે રીત એ લિખાવે બયાના રે તમે સુનો રે, સુન સુન લો દિલ ધિયાન રે તમે સુનો રે...૧૨

### સમજુતિ : બયાન : ૯૩૩/૧અ

પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો !

ખાતેમુન્નબી (સ.અ.વ.) ના આ ચારયારીઓના ચાર થવામાં તમારી બડાઈ છે, અને તે ચારેયથી બરાબરનો પ્રેમ રાખો. તમે એ ચારેયની અલગ અલગથી તારીફ (પ્રસંશા) સાંભળો. મેં જેવો આ અસ્હાબોનો રૂતબો (સ્થાન) કિતાબોમાં લખેલો જોયો છે, તેવું જ અહીંયાં લખ્યું છે. તમે તેને સાંભળો અને મોમીન બની રહો. તેઓના રૂતબા વિષે મેં આ કિતાબ શિવાય મારી લખેલી કિતાબ 'મેઅરાજનામા' માં પણ લખ્યું છે. અલ્લાહના અર્શના ઉઠાવનાર નૂરી (ફરિશ્તા) ઓ પણ આ ચારેય અસ્હાબોની તારીફ જાણે છે, અને દુનિયા પણ તેમની તારીફ ન જાણતી હોય તો જાણી લે તે માટે મેં આ કિતાબ ખુલફાએ રાશેદીનનાં બયાનો લખ્યાં છે.

નોંધ : હઝ. પીર મશાયખે આ કિતાબનાં બયાનો (ઈબ્રતનાક વાકેયાઓ શિવાય) ઘણાં ખરાં મિશ્કાતુલ મસાબીહ કિતાબના ભાગ-૭માંથી લીધાં છે.

### બયાન : ૯૩૪-૨

## ખુલફા-એ-રાશેદીનના બયાનોની તરતબી (ગોઠવણી)

સુનો ખુલફાએ રાશેદીન કેરા રે બયાના, સો તરબીત સેતી એ બયાન રે જાના...૧

સો અબૂબક સિદ્દીક રઝીઅલ્લાહ અનહો કહીયે, ભી અમીરૂલ મૂમેનીન ઓનૂ નામસૂં લહીયે...૨

સો પેહલે તો ઓનૂકા લિખાવે બયાના, સબ ખૂબી રે ખસલત કેરી રે શાના...૩

ભી ફઝીલત ચારોં ચારોં હો કેરી, વોભી ઈસમાં લિખાવે રે સવેરી...૪

સુનો અપને નબીને અયસા ફરમાયા, સો સહી કર લિખીયા જયસા લિખેસૂં પાયા...૫

કે અસ્હાબોંપર રબને હય કરમ રે કીતા, હય બુઝુર્ગી દીતી બહોત ઓનુંકુ મીતા...૬

સો સારી રે આલમપર બહોત બુઝુર્ગ કીયે, સો નબીયોઃ બિના જે તે સુનકર લીયે...૭

કે જે રસૂલ અલ્લાહકે અને જે નબી કેહલાએ, હંય રબને એ બુઝુર્ગ ઓનૂકુ બનાએ...૮

અને મરતબા ઓનૂ રબે દીયા હય અનેરા, એ મરતબે ના પહોંચે કોઈ બંદા રે સવેરા...૯

ઉન અસબાહી અપને નબીજી કે કહીયે, રબે બુઝુર્ગ કીયે એ સુનકર લહીએ...૧૦

રે તુંહી.

સહાબી બુઝુર્ગ રબને કીયે, ખાતિમ નબીકે જાન રે, ખાતિમ નબી કે જાન;
અવર કોઈ ઓનૂકે મરતબે, ન બંદા પહોંચે માન રે, ન બંદા પહોંચે માન.

## સમજુતિ : બયાન : ૯૩૪/૨

પીર મશાયખ (રહે.) કહે છે :

આ ચારેય બુઝુર્ગ અસ્હાબોની ફઝીલતનાં તરતીબ (ગોઠવણ) વાર બયાનો મેં લખ્યાં છે. પહેલાં ક્રમે હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.) ની ખસલત (પ્રકૃતિય આદત) વિષે લખ્યું છે, એ જ રીતે ચારેયની ફઝીલત (શ્રેષ્ઠતા) પણ લખી છે. નબી (સ.અ.વ.) એ જેવું ફરમાવ્યું તેવું મેં લખ્યું છે. નબી સાહેબ (સ.અ.વ.) ની હદીસ લખાયેલી છે કે, આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : "આ ચારેય બુઝુર્ગ અસ્હાબો ઉપર અલ્લાહે કરમ (મહેરબાની) કર્યો છે, અને નબીઓ શિવાયની ખલકત ઉપર તેઓને બુઝુર્ગી આપી છે. આવી બુઝુર્ગી (મરતબો) અલ્લાહે તેમને આપી છે" - રે તુંહી - તેઓ ચારેય નબી (સ.અ.વ.) ના બુઝુર્ગ અસ્હાબો છે. બીજો કોઈ બંદો તેઓને મરતબે પહોંચી શકતો નથી. તમે દીનની વાતો સાંભળો અને પોતાને પાક રાખો.

## બયાન : ૯૩૫-૩

સુનો ફઝલ રબને સહાબોંકો દીતા, બુલંદ આલમસું મરતબા ઓનૂકા કીતા...૧
રબે આલમસૂં બુઝુર્ગ ઓનૂકુ બનાયે, જે અસહાબી અપને નબીકે કેહલાયે...૨
પણ નબીયોં હો બિના અવર આલમ રે જાના, કીયે બુઝુર્ગ અસહાબી સબૂં પર માનો...૩
અને નબીને રસૂલ વે હંય રબકે ભેજાયે, રબ ઓનૂકુ ખૂબીસૂં હંય લે ન્યારે બનાયે...૪
અવર ખલક જે બુઝો નબી રસૂલોં બિના, રબે અસહાબી નબી કે ખૂબી એ ઓનૂ મેના...૫
સો નબીજી કે અસહાબી રબે બુઝુર્ગ કીતે, સબ આલમ કે ઉપર બહોત રૂત્બે દીતે...૬
ભી ઉનમાંહીથી ચાર ચાર બુઝુર્ગ કહીયે, જે સહાબી નબીકે સુનકર લહીયે...૭
સો અબૂબકર ઉમર નામ રે જાનો, અને ઉસમાન અલી ચારોં એ પિછાનો...૮
રઝીઅલ્લાહ અનહુમ કહો ઓનૂકા નામા, એ ખુલફાએ રાશેદીન બુઝો બુઝુર્ગ ઠામા...૯
સુનો નબીજી અપને ને હય હદીસ એ કીતી, સો સુનકર કિતાબોં લિખકર લીતી...૧૦
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૧
રે તુંહી.

બુઝુર્ગ અસ્હાબ નબીકે, કીયે આપ સુબ્હાન રે, કીયે આપ સુબ્હાન;
ખુલ્ફાએ રાશેદીન ઉનથી, બુઝો બુઝુર્ગ શાન રે, બુઝો બુઝુર્ગ શાન.

## સમજુતિ : બયાન : ૯૩૫/૩

પીર મશાયખ (રહે.) કહે છે :

સાંભળો ! અલ્લાહે ચારેય મોટા અસ્હાબો ઉપર તેનો ફઝલ (મહેરબાની) કર્યો છે કે, તેઓને નબીઓ શિવાયની ખલકત ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી છે, અને તેઓને પૂરી ખલકત ઉપર બુલંદ (અતિ ઉચ્ચ) મરતબો આપ્યો છે. અલ્લાહે નબીઓ અને રસૂલ મોકલ્યા. તેમની ખુબીઓ અલ્લાહે ન્યારી (નોખી) બનાવી. નબી (સ.અ.વ.) ના બધા અસ્હાબો બુઝુર્ગ છે, પણ તેઓમાંથી નબી (સ.અ.વ.) ના ચાર બુઝુર્ગ અસ્હાબો છે, જેઓનાં નામો છે : (૧) હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.), (૨) હઝ. ઉમર ફારૂક (રઝી.), (૩) હઝ. ઉસ્માન ગની (રઝી.), અને (૪) હઝ. અલી શેરેખુદા (રઝી.). તેઓનાં નામ સાંભળો તો રઝીઅલ્લાહુ અન્હુ (તેમની ઉપર અલ્લાહ રાજી થયો) તેમ કહો. મેં નબી (સ.અ.વ.) ની આ વિષે હદીષની કિતાબોમાં જેવી જોઈ તેવી લખી છે. અલ્લાહ સુબ્હાન તઆલાએ આ ચારેય અસ્હાબોને આવી બુઝુર્ગી આપી છે. તમે તેને સાંભળો અને પોતાને પાક રાખો, અને રાત-દિન કહો. - રે તુંહી અલ્લાહે ખુલ્ફા-એ-રાશેદીન બુઝુર્ગ (મોટી) શાન આપી છે.

### બયાન : ૯૩૬-૪

## ચાર યારોંમાંથી કોઈનો પણ દુશ્મન હશે તેની કોઈ ઈબાદત કબુલ નહિ થાય

સુનો મુબારક ઝબાંસૂં અયસા ફરમાયા, સો ફરમૂદા રે નબીકા કિતાબૂં લિખાયા...૧
કે ખુલફાએ રાશેદીન રબે બુઝુર્ગ કીતે, અવર યારોંસૂં જે રબને મુજે હય દીતે...૨
એ બેહતર સબોંસૂં ચાર મેરે હંય યારા, યું ફરમાયા નબીને બહોત કરને પિયારા...૩
ઐસા નબીજીકા ઔરભી દુઆ ફરમાના, તુમ દીનકે ભાઈ સુનો ઉસકા બયાના...૪
કહયા નમાઝ ને રોઝે હજ ને ઝકાતા, એ ફરજ હંય રબને કીયા મૂમિનકી ઝાતા...૫
પીછે ચાર યારોં માંહે કિસે દુશમન જાને, કે યારોં માંહે કિસીપર ગુસ્સા મન આને...૬
કહ્યા ઉસકી કબૂલ ના હોવે રે નમાઝા, ના રોઝે કબૂલ રબે કીયા યું આવાઝા...૭
ના રબ રે કબૂલે હજ ને ઝકાતા, જે યારોં માંહે કિસીપર હે ગુસ્સા રે લાતા...૮
અને હોવે જબ હશર કિયામત દંના, વે નિકલે બહાર ગોર કે મંના...૯

તબ તુરત જ દોઝખમાં વે ડાલા રે જાવે, તિલ ફુરસત ગોરથી ના નિકલતે પાવે...૧૦
એ ફરમૂદા અપને નબી હો કેરા, એ સુન સુન ચંતમાં સહી દોને સવેરા...૧૧
એ સુન સુન દીન કે ભાઈ હોઓ ચાર યારી, તિલ મત રે છોડો નિસદિન રે બિસારી...૧૨
રે તુંહી.

ચાર યારી મૂમિન હોઈએ, સુન સુન બાતાં કાન રે, સુન સુન બાતાં કાન;
સુન્નત જમાત જે નામ હય, ઉસ્કી ઐસી શાન રે, ઉસ્કી ઐસી શાન.

## સમજુતિ : બયાન : ૯૩૬/૪

**નબી (સ.અ.વ.) એ મુબારક જબાનથી ફરમાવ્યું, જે કિતાબોમાં લખાયેલું છે, કે મારા ચાર અસ્હાબો મારા બીજા બધા અસ્હાબોથી બેહતર (શ્રેષ્ઠતર) છે, અને નબી (સ.અ.વ.) એ વધુમાં દુઆ ફરમાવી અને ફરમાવ્યું કે, જો કે, નમાઝ, રોઝા, ઝકાત અને હજ મુસલમાનો ઉપર ફર્જ છે, પણ જે કોઈ આ ચાર બુઝુર્ગ અસ્હાબોથી દુશ્મની રાખશે અને તેઓની ઉપર દાઝે બળશે તો કયામતના દિવસે જ્યારે હશર (ભેગા થવું) કાયમ થશે ત્યારે તેવા અસ્હાબોથી દુશ્મની રાખનારની નમાઝ, તેના રોઝા, ઝકાત અને હજ કબુલ થશે નહિ, અને તેઓને ગોર (કબર) માંથી સીધે સીધા દોજખમાં નાંખવામાં આવશે. આ નબી (સ.અ.વ.) ની હદીષ છે, તેને ચંત (મન) માં લો. તમે 'ચારયારી' હોવાનું કદીપણ વિસારો નહિ, રે તુંહી - તમે મોમીન બનો, અને તેમ કરવું એ સુન્નત જમાતનો અકીદો છે.**

## બયાન : ૯૩૭-૫

# નબી (સ.અ.વ.) ઈલ્મનું શહેર અને હૌઝે કૌસર ઉપર ચારેય અસહાબે કિરામ

ભી ફરમૂદા અપને સુનો નબીજી હો કેરા, હક ખુલફાએ રાશેદીનકે સુનીઓ સવેરા...૧
કહયા મંય હું મદીને માં ઈલમ નિશાના, એ ફરમૂદા નબીકા સહી રે જાના...૨
અને અબૂબકર પાઈયા ઈસ મદીને કેરા, અને ઉમર ભીતાં થે કહ્યા સુનીયો સવેરા...૩
અને ઉસમાન ઉપરકા છત સામાના, અને અલી દરવાઝા ઈસ ગામકા જાના...૪
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, તમે સુનુ સુન અંતમાં સહી લીજીઓ સવેરા...૫
ભી નબીને અપનૂ અયસા કીયા ફરમાના, તમે દીન કેરે ભાઈ સુનો ઉસ્કા બયાના...૬

કહ્યા હૌઝ રે કૌસરકુ હય ચાર રે કિનારે, ચારોં ખુલફાએ રાશેદીન કે હવાલે સવારે...૭

હય પેહલા તો કિનારા અબૂબકર કે નામા, અને ઉમરકે હવાલે હય દુજી રે ઠામા...૮

અને ઉસમાન હવાલે તીજા કિનારા કીતા, અને ચોથા તો કિનારા અલીકુ દીતા...૯

યું ચારોં કે કિનારે ચાર હોવે રખવાલા, અયસા હૌઝ રે કૌસરકા બુઝો રે હાલા...૧૦

યું અપને નબીને હદીસ હય કીતી, સો સુનકર કિતાબોં લિખ હય લીતી...૧૧

તો ખુલફાએ રાશેદીન તમ ઉનકુ રે પિછાનો, સો ચાર ચાર નબીકે સહી રે જાનો...૧૨

એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દીન અવર રાતી...૧૩

રે તુંહી.

ગાફિલ ઉઠને જાગ કર, સુનને દીનકી બાત રે, સુનને દીન બાત;
સુને બિના ના મૂમિના, હોસી તેરી ઝાત રે, હોસી તેરી ઝાત.

## સમજુતિ : બયાન : ૯૩૭/૫

**નબી (સ.અ.વ.) નું ફરમાન (હદીષ) છે કે આપે ફરમાવ્યું : ''હું ઈલ્મનું મદીના (શહેર) છું. હઝ. અબબૂબકર સિદ્દીક (રઝી.) તેનો પાયો છે. હઝ. ઉમર (રઝી.) તેની ભીંતો છે અને હઝ. ઉસ્માન (રઝી.) તેની છત છે. અને હઝ. અલી (રઝી.) તેનો દરવાજો છે;'' અને આપે (સ.અ.વ.) ફરમાવ્યું કે હવઝે કવસરના ચાર કિનારાઓ છે, જે ચારેય અસ્હાબોને હવાલે છે. તેમાંનો પહેલો કિનારો હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.), બીજો કિનારો હઝ. ઉમર ફારૂક (રઝી.), ત્રીજો કિનારો હઝ. ઉસ્માન ગની (રઝી.) અને ચોથો કિનારો હઝ. અલી શેરેખુદા (રઝી.) ને હાથ હશે. આમ ચારેય કિનારાઓના રખવાળા આ ચાર બુઝૂગ અસ્હાબો હશે. પીર મશાયખ (રહે.) કહે છે કે, તમે ચારેય બુઝુર્ગ અસ્હાબોને ઓળખો અને દીનની વાત સાંભળો, સાંભળ્યા વિના તમારામાં દીન નહિં આવે. પોતાને પાક કરો અને રાત-દિન કહેતા રહો. રે તુંહી...**

**નોંધ : આ હદીષને હઝ. અલી (રઝી.) સુધી મર્યાદિત રાખી અધૂરી બયાન કરનારને અલ્લાહ જ પૂછે. હદીષને કબુલ કરો તો પૂરેપૂરી કબુલ કરો.**

## બયાન : ૯૩૭-૫ અ.

### -: નઝમ :-

અયસે ચાર રબને બનાએ રે તમે સુનો રે, ચાર જે નબી કે કેહલાએ રે તમે સુનો રે...૧

ખુલફાએ રાશેદીન નામા રે તમે સુનો રે, નબીજીસૂં કીયા ચારીકા કામા રે તમે સુનો રે...૨

ખલીફે એ નબીજીકે ચારા રે તમે સુનો રે, બહોત થા નબીજીકા પ્યારા રે તમે સુનો રે...૩

બુઝુર્ગ બુઝો ઓનૂકા હાલા રે તમે સુનો રે, હૌઝ કીતી ઓનૂ કે હવાલા રે તમે સુનો રે...૪

હૌઝ કેરે ચારોં રખવાલા રે તમે સુનો રે, હૌઝ હુઈ ઓનૂકે હવાલા રે તમે સુનો રે...૫

ચારોં ચાર રહેંગે કિનારે તમે સુનો રે, ચારોં હુએ રાખનહારે રે તમે સુનો રે...૬

ખૂબીસૂં હંચ કિનારે બનાચે રે તમે સુનો રે, કુઝે હંચ કિનારે ધરાચે રેતમે સુનો રે...૭

ઝલકે વે તારોંકી રીતા રે તમે સુનો રે, ઐસી કીતી હૌઝ આપ મીતા રે તમે સુનો રે...૮

ગુંબઝ હંચ કિનારે કિનારે રે તમે સુનો રે, બહોત ખૂબ રબે હંચ સવારે રે તમે સુનો રે...૯

ગુંબઝ હંચ મોતી દૂર કેરે રે તમે સુનો રે, તારોં રીતે ઝલકે અનેરે રે તમે સુનો રે...૧૦

હૌઝ કૌસર ઐસી હૈ ખાસા રેતમે સુનો રે, ચાર ચાર હોવે ઉસ પાસા રે તમે સુનો રે...૧૧

બહોત હૌઝ ખૂબ તો દેખાવે રે તમે સુનો રે, જબ ઉસે ચાર જા રખાવે રે તમે સુનો રે...૧૨

હૌઝ બહોત ખૂબ તો દેખાઈ રે તમે સુનો રે, ચારોંકી ખૂબી જો પાઈ રે તમે સુનો રે...૧૩

## સમજુતિ : બચાન : ૯૩૭/૫ અ

**પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો :**

**ચારેય ખુલફાએ રાશેદીન નબી (સ.અ.વ.) ને ઘણાં પ્યારા હતા, એટલે તેઓ આપ (સ.અ.વ.) ના 'યારી' (પ્રેમી) કહેવાયા અને તેમને એવી બુઝુર્ગી મળી કે તેઓને હવાલે હવજે કવસરના ચારેય કિનારાઓ હશે. તેઓ હવઝે કૌસરના રખેવાળ હશે. આ હવઝ તેમને હવાલે હશે. તે હવઝના કિનારે રંગીન કુંજા (કટોરા) છે, જે તારાઓની જેમ ઝળકતા (ચમકતા) છે, અને તેને કિનારે કિનારે મોતી ભર્યા ગુંબદો છે, તે પણ તારાઓની જેમ ઝળકે છે અને ઘણા ખૂબસુરત (અતિ સુંદર) છે, અને આ કિનારાઓ ચારેય અસ્હાબોને હવાલે નબી (સ.અ.વ.) એ કહ્યા છે.**

## બચાન : ૯૩૮-૬

# ચારેય અસ્હાબોની આપસમાં મુહબ્બત અને એક બીજાના સહકારી

ઐસી ખુલફાએ રાશેદીન કેરી સિફત રે સુનાઈ, કે હૌઝ તો ઓનૂકે હવાલે કરાઈ...૧

પિછે દુશમન હોવે જે અબૂબકર કેરા, ઉસે ઉમર તો પાણી નાંહિ દેવે રે અનેરા...૨

અને ઉમરકા દુશમન જે રે કેહલાવે, ઉસે અબૂબકર ના પાણી રે પિલાવે...૩

જેને ઉસમાન સેતી દા'વા રે કીતા, ઉસે અલીને પાણી ના પીને રે દીતા...૪

અને અલીસૂં દા'વા જિનૂ મન ઘરીચા, ઉસે ઉસમાન પાણી મને રે કરીચા...૫

કે દૂરીજન હોવે કીસી ચાર યારોં કેરા, વે હૌઝ કેરા પાણી ના પાવે રે અનેરા...૬

જો એકભી કિસીસૂં દુશમની રાખે, વે હૌઝ રે કૌસરકા પાણી રે ના ચાખે...૭

સહી અયસા નેહા હય ચારોંકે માંહા, સો મોહબ્બત કેરા કુછ છેહ રે નાંહા...૮

જે કો' દુરીજન હોવડા કિસી એક કી ઝાતી, સહી ચાર યારોં દિલ વે હય દુશમની આતી...૯

ઉસ ચારોં માંહે કોઈ નાંહી રે બતાતે, સહી હૌઝથી ઉસકુ દૂર ચારોં રે કરાવે...૧૦

તો દા'વા જે કરસી કિસી એક કી ઝાતી, વે દુશમન ચારોંકા બુઝો સહી એ બાતી...૧૧

અયસે ખુલફાએ રાશેદીન આપ દોસ્ત કેહલાયે, જૂં નબીજીસૂં યારી થે કરતે સુનાયે...૧૨

રઝીઅલ્લાહ અનહુમ કહો ચારોં કે નામ, ભી અમીરૂલ મૂમેનીન કહો ઓનૂ નામ ઠામા...૧૩

સાચા અયસા અકીદા ચાહીએ મૂમિન કેરા, એ સુન સુન ઈતના ચંત દો ને સવેરા...૧૪

રે તુંહી.

મૂમિન ચાર યારી હોયકર, કીજે જન્નત આસ રે, કીજે જન્નત આસ;
કુલકી ખૂબી તબ લગ, જબ લગ ઉસમાં બાસરે, જબ લગ ઉસમાં બાસ.

## સમજુતિ : બયાન : ૯૩૮/૬

**પીર મશાયખ (રહે.) કહે છે કે,**

**ખુલફા-એ-રાશેદીનને હવાલે હવઝે કૌસર હશે. પછી "જે કોઈ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નો દુશ્મન હશે તેને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) હવઝે કૌસરનું પાણી નહિ આપે, અને જે કોઈ હઝ. ઉમર (રઝી.) નો દુશ્મન હશે તેને હઝ. ઉસ્માન ગની (રઝી.) આ પાણી નહિ આપે, અને જે કોઈ હઝ. ઉસ્માન (રઝી.) થી દાવો (દુશ્મની) રાખશે તેને હઝ. અલી શેરેખુદા (રઝી.) તેમાંથી પાણી નહિ આપે; જે કોઈ આ ચારેયમાંથી કોઈ એકનો પણ દુશ્મન હશે તેને તે અસ્હાબોમાંથી કોઈ પણ હવઝે કવસરનું પાણી નહિ આપે અને હવઝે કવસરથી તેને દૂર રખાશે. આ ચારેય ખુલ્ફાએ રાશેદીનમાં આપસમાં આવી મુહબ્બત હતી. તેઓમાંથી કોઈનું પણ નામ સાંભળો તો રઝીઅલ્લાહુ અન્હુમ (અલ્લાહ તેઓની ઉપર રાજી થયો) એમ કહો. મોમીનનો આ અકીદો સાચો હોવો જોઈએ. રે તુંહી... જન્નતની આસ હોય તો ચાર યારીઓના યાર બનો. ફુલની કળી જ્યાં સુધી તેનામાં સુવાસ હોય ત્યાં સુધી તેની ખુબી (સારાઈ) ધરાવે છે."**

## બયાન : ૯૩૯-૭

# અસ્હાબોના દુશમનો દોઝખમાં જશે.

સુનો હોવે જબ કિયામત હશર કરાવે, જબ વાહિદુલ કહહાર રબ આપ હે કરાવે...૧
તબ હાંકાં રે મારેંગે ઉસ ઠામ નૂરી, જબ કિયામત કેરી હોવે સખ્તી પૂરી...૨
કહાં ગએ દુશમન અબૂબકર કેરે, યું નુરી તો નિદા કરેંગે સવેરે...૩
યું માર ને હાંકાં ખેંચ પકડને લાવે, અને ગુસ્સે હો સેતી લે દોઝખમાં બાવે...૪
કહાં ગએ થે જે દુશમન ઉમરકી ઝાતી, અયસી અયસી નૂરી નિદાકી કરેંગે બાતી...૫
યું હાંકાં રે માર માર ઢુંઢ ઢુંઢ લાવે, અને દોઝખમાં ચોરોંકી રીતે રે લે બાવે...૬
કહાં ગએ દુશમન ઉસમાન કેરે, યું નૂરી ભી નિદા કરેંગે સવેરે...૭
યું ઢુંઢ ઢુંઢ ઓનૂકુ હંચ વે પકડે જાતે, જે દુશમન ઉસમાન કેરે હંચ કેહલાતે...૮
અને દોઝખમાં ઓનૂકુ હંચ નૂરી બાતે, સો જાં તક દુશમન હંચ રે પાતે...૯
ભી અલી કે દુશમન કહાં હય રે ગહે, યું હાંકાં મારેંગે નૂરી ઠાડે રહે...૧૦
યું ઢુંઢ ઢુંઢ હાંકાં માર પકડને લાવે, અને દોઝખ માંહે ખેંચ રે બાવે...૧૧
સુનો દુશમન ચારો કે યું દોઝખમાં બવાએ, જે દુશમન ચારોં ચારોંકિ કેહલાએ...૧૨
અયસે ખુલફાએ રાશેદીન બુઝુર્ગ જાનો, બહોત મરતબા ઓનૂકા સહી રે પિછાનો...૧૩
રઝીઅલ્લાહ અનહુમ કહો ઓનૂકે નામા, અને નિસદિન ઈતના કરો રે કામા...૧૪
રે તુંહી.

ચાર ચાર નઝદીક રબકે, અવર બંદોંસૂં જાન રે, અવર બંદોંસૂં જાન;
બિના નબીયોં અવર જે ખલક હૈ, બુઝુર્ગ સબોંસૂં જાને બુઝુર્ગ સબોંસૂં જાન.

## સમજુતિ : બયાન : ૯૩૯/૭

**જ્યારે હશર (કયામતનો દિવસ) કાયમ થશે ત્યારે અલ્લાહ વાહીદુલ કહહાર (અલ્લાહ એકમેવ અને જબરદસ્ત) બધાંયને ભેળા કરશે ત્યારે નૂરીઓ (ફરીશ્તાઓ) તે સખ્તીના સમયે નીદા (મોટી હાંક) મારીને પોકારશે કે "ક્યાં છે અબૂબકર, ઉમર, ઉસ્માન અને અલી (રઝી.) ના દુશ્મનો ! અને પછી તે ફરિશ્તાઓ અસ્હાબોના બધાય દુશ્મનોને જેમ ચોરને શોધી પકડી ખેંચી લાવવામાં આવે છે તેમ ખેંચી લાવી દોજખમાં નાંખશે. આવી બુઝુર્ગી અલ્લાહે ચારેય ખુલ્ફાએ રાશેદીનને આપી છે. તેમનાં નામો સાંભળો તો રઝીઅલ્લાહુ અન્હુમ**

કહો'' રે તુંહી... ચાર યારીઓ નબીઓ પછી અલ્લાહના બીજા બધા બંદાઓ કરતાં અલ્લાહથી વધારે નજીક છે, અને બધી ખલકત ઉપર તેમની બુઝુર્ગી (સરસાઈ) છે.

### બયાન : ૯૪૦-૮

## ચારેય અસ્હાબોની સિફતો (ગુણો), અને તેમનાથી મુહબ્બત રાખવાની તાકીદ

સુનો અબૂબકર સિદ્દીક રઝીઅલ્લાહ અનહો કહીયે, સહી ખુબી ઓનૂકી અયસી સુનકર લહીયે...૧
સો પેહલા પેહલ ઓનૂપર કરમ રબને કીતા, ભી ઈમામ મુકદમ નામ ઓનૂકા સુનીતા...૨
ભી સિદ્દીક કી સિફત સહી ઓનૂકી કેહલાઈ, સહી અબૂબકર સિદ્દીક કી એ બુઝો રે બડાઈ...૩
અને ફારૂક અકબર રઝીઅલ્લાહ અનહો કહીયે, સહી ઓનૂકી સિફત અયસી રે લહીએ...૪
સો અદલ ઓનૂકા મશહુર જાના, એ તો ફારૂક કેરી ખૂબીકા બયાના...૫
ઝિનનુરૈન રઝીઅલલાહ અનહો કહીયે, સુનો સિફતતો ઉસમાનકી અયસી સુન લહીયે...૬
કે શરમ ને હયા બહોત ઓનૂકી કેહલાઈ, કે એ ઝિનનૂરૈનકી સિફત સુનાઈ...૭
અને મુર્તઝા અલી રઝીઅલ્લાહ અનહો જાનો, ખૂબ તો ઓનૂકી અયસી રે પિછાનો...૮
સહી એ તો સખી બહોત રે કેલાએ, સહી મુર્તઝા અલી ઐસી ખબસું સુનાએ...૯
તો ચાહીએ કે મોહબ્બત બંદા ચારોંસૂં રાખે. કે નેહ તો સેતી નામ ઓનૂકા આખે...૧૦
અને સીનાભી આપસકા પાક કરાવે, કે દિલ હો સેતી યારોં ચારોંકો ચાહવે...૧૧
તુયારોં રે યારોંકી કર ચલનીકી રીતા, જો એક કર રબકુ હય ચંત રે દીતા...૧૨
રે તુંહી.

પચરવી ચારોં યારોંકી, સુન સુન સીખો રીત રે, સુન સુન સીખો રીત;
તો નબીકા હોવે ભાવ તુજે, નેહસૂં ચાહવે મીત રે, નેહસૂં ચાહવે મીત.

### સમજુતિ : બયાન : ૯૪૦/૮

પીર મશાયખ (રહે.) કહે છે કે તમે ચારેય ખલીફાઓની સીફતો (મુળભુત ગુણો) સાંભળો :

હઝ. અબૂબકર (રઝી.) પહેલા ખલીફા છે. અને તેમની ઉપર અલ્લાહે કરમ કરીને ઈમામ મુકદ્દમ (આગળ) કર્યા. તેમની સિફત સિદ્દીક લેખવામાં આવી છે. હઝ. ઉમર ફારૂક (રઝી.) ઈસ્લામ અને કુફ્રમાં ફરક પાડનારા છે, એટલે તેમને

ફારૂક (ફરક પાડનાર) કહેવામાં આવ્યા છે. તેમનો અદલ (ન્યાય) ઘણો મશહુર (પ્રખ્યાત) હતો. હઝ. ઉસ્માન (રઝી.) માં શરમ ઘણી હતી, અને તેમના નિકાહમાં નબી (સ.અ.વ.) ની બે (૨) બેટીઓ આવી હતી એટલે તેમને જુન્નુરેન (બે નૂરવાળા) કહેવામાં આવ્યા. હઝ. અલી (રઝી.) ઘણા સખી (ઉદાર) હતા. મુસલમાનોએ આ ચારેય અસ્હાબોથી મુહબ્બત રાખવી જોઈએ, અને તેઓ ચારેયની પયરવી (અનુસરણ) કરવી જોઈએ. ચારેય યારીઓની પેરવી (ચલણ) કરો. રે તુંહી... આ વાત સાંભળી રાખો. તમે તે ચારેયને ચાહો તો જ નબી (સ.અ.વ.) નો ભાવ તમારી ઉપર આવશે.

નોંધ : જે કોઈ હઝ. ઉસ્માન (રઝી.) અને નબી (સ.અ.વ.) વચ્ચેના આ સગાઈના સંબંધને સ્વિકારતો નથી, અને તે માટે પાયા વગરનાં છટકાં-બારાંની દલીલો રજુ કરે છે તે નબી (સ.અ.વ.) ઉપર પણ તોહમત મુકે છે કે નબી (સ.અ.વ.) એ તેમની બે (૨) બેટીઓ (એકના ગુજરી જવા પછી બીજી) હઝ. ઉસ્માન (રઝી.) ના નિકાહમાં આપીને ભૂલ કરી છે. (અલ્લાહની પનાહ).

બયાન : ૯૪૧-૯

## ખુલફાએ રાશેદીન જેવાં અમલ કરો.

જો ઉમ્મતી હોનેકા તુજે હય રે ચાવા, તો ચારોં યારોં કેરી રીત કરની કમાવા...૧
અબૂબકર જયસા તુજે સિદ્દીક હય કરના, કે સાચે હંય રે નબી યું સહી મન ધરના...૨
જબ કુરેશીંયોં આવકર કીયા રે દા'વા, તબ સિદ્દીકને નબીપર રાખા રે ભાવા...૩
જબ કુરેશી નબીજીકુ આવ કુડાતે, તબ સિદ્દીક દિલસૂં થે નબીજીકુ ચાહતે...૪
જબ કુરેશીયોં આવકર ઘેર ને ઘર લીતા, અને હિજરત કેરા સોચ નબી મન દીતા...૫
તબ સિદ્દીકતો નબીકે હુવે હમરાહી, હો નેહસૂં કુરબાન ઝાત અપની કરાહી...૬
સુન યારગાર સિદ્દીક ઉસ દિન રે કેહલાયે, યું પેહલા પેહલ નબીકુ એ સહીકર પાયે...૭
તો ઓનૂ કેરી રીત તુ કરને ચા'વા, જો ખાતિમકી ઉમ્મતકા તુજે હય રે ભાવા...૮
અને ફારૂકો કેરી કર અદલકી રીતા, સુન સુન ફારૂકને કૈસા અદલ હય કીતા...૯
ઉને આપસકે બેટેકી ના દયા રે આઈ, સહી અદલ હો કેરી એ ખબર સુનાઈ...૧૦
તુ સુન એ રીતા મન દે ને પીતા, અને દિલમાં ઈતના એક કર મીતા...૧૧

રે તુંહી.

રીત ખાસોંકી સુનકર, મનમાં દીજે પીત રે, મનમાં દીજે પીત;
જો નેહસૂં ચાહસી, તો તુજે ચાવે મીત રે, તો તુજે ચાવે મીત.

## સમજુતિ : બયાન : ૯૪૧/૯

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**જો તમે નબી (સ.અ.વ.) ના ઉમ્મતી બની રહેવા ચાહતા હોવ તો તમે ચારેય બુઝુર્ગ અસ્હાબોથી પ્રેમ રાખી તેમની કરણી જેવી કરણી કરો. તમે પણ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની પયરવી (અનુસરણ) કરો. કુરેશીઓ જ્યારે નબી (સ.અ.વ.) ને આજાર (દુઃખ) પહોંચાડતા હતા તે વખતે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નબી (સ.અ.વ.) ને ઘણા મદદરૂપ થયા હતા. જ્યારે હીજરતની રાતે કુરેશીઓએ નબી (સ.અ.વ.) ના ઘરને ઘેરી લીધું, અને આપે (સ.અ.વ.) હીજરત કરી અને તેઓ નબી (સ.અ.વ.) ની પાછળ પડ્યા, ત્યારે હઝ. અબૂબકર (રઝી.) તેમની હમરાહ (સાથે) હતા અને યારગાર (ગુફાના સાથી) હતા. આપ (રઝી.) એ પોતાને આપ (સ.અ.વ.) ઉપર પ્રેમસભર ન્યોછાવર કર્યા, અને હીઝરતમાં સાથ દીધો, અને ત્યારથી આપ (રઝી.) પહેલીવાર સીદ્દીક કહેવાંયા. જો ખાતેમુન્નબી (સ.અ.વ.) થી તમને ચાહના હોય તો હઝ. અબુબકર (રઝી.) ની પેરવી કરો. હઝ. ઉમર ફારૂક (રઝી.) નો અદલ (ન્યાય) પણ ઘણો ચુસ્ત (કોઈની શેહ શરમ રાખ્યા વગરનો) હતો. તેમણે ન્યાયની બાબતે પોતાના બેટાની ઉપર પણ દયા ખાધી ન હતી. તમે, આ ચારેયથી પ્રેમ બાંધો. - રે તુંહી...**

**આ ચારેય બુઝુર્ગ અસ્હાબોનું ચલણ સાંભળી તેમનાથી પ્રેમ રાખો. જો તમે તેઓને ચાહશો તો અલ્લાહ પણ તમોને ચાહશે.**

**(નોંધ : વધુમાં સુરહ તવબાહની આયતો નં. ૪૦ અને ૧૦૦ જુઓ)**

## બયાન : ૯૪૨-૧૦

અને ઉસમાન કેરી કર શરમકી રીતા, તું વૈસે અમલકી દિલ દેને પીતા...૧
નમિહરમકે સામી ના થા ઓનૂને દેખાયા, અયસા શરમકા બયાન હય ઓનૂકા સુના...૨
તુ ભી ઓનૂ હો જયસી કર શરમકી રીતા, જો નબીજીકી ઉમ્મતકી તુજે હય રે પીતા...૩

અને મુરતઝા અલીકી જૂં સખાવત સુનની, વયસી પીતભી સુન સુન મન માંહિ ધરની...૪
કે સખાવત ઓનૂકી બહોત થી રે સુનાહી,બહોત થી રે સખાવત ઓનૂકી રે પનાહી...૫
તો પનાહી ભી વયસી સહી ધર ચંત માંહા, કે ઉસકા ઉલટા દિલ લાવે રે નાંહા...૬
યું ચાર યારોં કેરી રીત મન માંહે દેની, અને રીત વયસી કરની જ્યું સુન સુન લેની...૭
તો ખુલફાએ રાશેદીન તુજકુ ચાહવે, અને શફાઅત તેરી સહી રે કરાવે...૮
જબ હશર હોવે આવે કિયામત દંના, તબ કરે એ શફાઅત તેરી સુન રાખો મંના...૯
વે તેરે રે ચાહેસૂં હોવે તુજે મેહરબાના, વે શફાઅત તેરી કરે ચાર રે જાના...૧૦
અરે ગાફિલ જાગકર સુન એ બાતી, ફટ મૂરખ પાપી ક્યું નીંદ હય આતી...૧૧
તુ જાગ ને સુન રે અયસે દીનકે બયાના, અને એક કર ઈતના દે ને મંના...૧૨

રે તુંહી.

ખુલફાએ રાશેદીન કેરડી, કરને મન ધર રીત રે, કરને મન ધર રીત;
તો શફાઅત તેરી વે કરે, સહી ધર મનમાં પીત રે, સહી ધર મનમાં પીત.

## સમજુતિ : બયાન : ૯૪૨/૧૦

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**તમે હઝ. ઉસ્માન (રઝી.) માં જેવી શરમ હતી તે રીતની શરમ રાખો. આપ નામેહરમ (પરાઈ) સ્ત્રી ઉપર કદી નજર નાંખતા નહતા. તમે પણ તેમના જેવાં અમલ કરો. હઝરત મુરતુઝા અલી શેરેખુદા (રઝી.) માં સખાવત (ઉદારતા) ઘણી હતી અને આપ પનાહગીર (આશરો આપનાર) હતા. તમે પણ તેમના જેવાં અમલ કરો અને તેથી ઉલટા ના ચાલો. જો તમે આ ચારેય બુઝુર્ગ અસ્હાબોથી મુહબ્બત રાખશો તો કયામતને દિવસે તેઓ તમારે માટે શીફારીશ (શફાઅત) કરશે, અને અલ્લાહ પણ તમને ચાહશે. ગાફીલ જાગ, ઉઠ, સો નહિ અને દીનની વાતો સાંભળ. રે તુંહી... તેઓથી પ્રેમ રાખશો તો તેઓ તમારી સીફારીશ કરશે.**

## બયાન : ૯૪૩-૧૧

સહી નબી બાઝ ખલકત જગકે માંહા, સો ચાર યારો બિના અવર કો' નાંહા...૧
સો નબી પીછે ખૂબી યું સુનકર લહીએ, એ અબૂબકર અફઝલ ખલાયક રે લહીએ...૨
અને પીછે ઉમર પીછે ઉસમાન જાનો, અને પિછે અલી સહી રે પિછાનો...૩
રઝીઅલ્લાહ અનહુમ ઓનૂ નામ જાનો, ભી અમીરૂલ મૂમેનીન ઓનૂ નામસૂં પિછાનો...૪

મુરતઝાઅલી રઝીઅલ્લાહ અનહો કહીયે, અને અમીરૂલ મૂમેનીન ઓનૂ નામસૂં લહીયે...૫
સુન એ હંય કેહતે અયસે રે બયાના, યું સુન સહી કરના દિલ કે મેના...૬
કહયા બેહતર મરદ નબીજી કે બાઝા, સો અબૂબકર યું કીયા રે અવાઝા...૭
અને ઓનૂ પિછે ઉમર બાઝ ઉસમાન કહીયે, કે અલીને કહા એ સુનકર લહીયે...૮
ફિર અલીને ઈતના કેહ કર દાખા, સુન સુન સહી મન માંહે રાખા...૯
કે દુશ્મની અબૂબકર ઉમર કેરી, અને દોસ્તી મેરી કો' રાખે રે અનેરી...૧૦
એ મૂમિનકે દિલમાં હોવે એકઠા નાંહા, કે ઓનૂકી દુશમની મેરે દોસ્ત દિલ માંહા...૧૧
કે દોસ્ત જે મેરા સબૂ હો કેરા, ઈતના અલીને કહા રે સવેરા...૧૨
રે તુંહી.

દુશ્મન શેખેન કેરડા, ચાવે અલીસૂં પીત રે, ચાવે અલીસૂં પીત;
તો અલી ના ઉસ્કે દોસ્ત હૈ, સબ કી સરખી રીત રે. સબકી સરખી રીત.

## સમજુતિ : બયાન : ૯૪૩/૧૧

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**નબી (સ.અ.વ.) પછી પુરી ખલકત (સૃષ્ટિ) ઉપર આ ચારેય, હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.), પછી હઝ. ઉમર ફારૂક (રઝી.) પછી હઝ. ઉસ્માન ગની (રઝી.) અને પછી હઝ. અલી મુરતઝા (રઝી.) નો ક્રમવાર બેહતરી (શ્રેષ્ઠતા) નો દરજ્જો છે. હઝ. અલી (રઝી.) એ પણ કહ્યું હતું કે; "જે કોઈ હઝ. અબૂબકર અને હઝ. ઉમર (રઝી.) થી દુશ્મની રાખે અને સાથે મારી દોસ્તી રાખે એવી બેવડી વાત મોમીનના દિલમાં એકઠી રહી શકતી નથી. જે હઝ. અલી (રઝી.) નો દોસ્ત હોય તે બધાય બુઝુર્ગ અસ્હાબોને પણ દોસ્ત હોય." રે તુંહી... શેખેનના દુશ્મનો જો હઝ. અલી (રઝી.) ની એકલાની જ પ્રિત રાખે, તો તેઓ હઝ. અલી (રઝી.) ના દોસ્ત નથી. બધાયની સરખી પ્રિત હોય.**

## બયાન : ૯૪૩-૧૧ અ. (હરીયાલી)

# અસ્હાબોના દુશ્મનોથી
# હ. અલી (રઝી.) ની નારાઝી.

સુન સુન મૂરખ રાફઝી એક નસીહત મેરી, કયસી ચીંતા દિલમાં હય તેં દીતી સવેરી...૧

સુન સુન અંધા મૂરખા ક્યું દા'વે પડીયા, કોન બતાનાર રાહકા તુજે અયસા કરીયા...૨
અલીને એ હય ફરમાઈયા સુન કયસે બયાના, જો તુજે ઓનૂકા ચાવ હય સુન રાખ તુ મંના...૩
અબૂબકર ઉમરકા દુરીજન વે હૈ દુરીજન મેરા, અલીને યું ફરમાઈયા સુન લીજીઓ સવેરા...૪
અબ ક્યું દુરીજન જાનતા શેખેનકી ઝાતી, દોસ્તી અલીસૂં મન કર તુ કરતા હૈ બાતી...૫
ફરમૂદા અલી કેરડા તુ મન માંહિ દેતા, અને દોસ્ત અલીકુ તેં આપ કર લીતા...૬
કેહ તુ મૂરખ બાપડે અલી ક્યું ચાહવે, ફરમૂદા ખાતિર ઉનકા જો તુ રે ના લાવે ?...૭
આપકે દુરીજન અલીને કહા ઉનકુ સહી, જિનૂ શેખેન ઝાતસૂં દુશમની લહી...૮
સુન કાન ધર રાફઝી કહું અયસી બાતી, સુનતે તો અયસા પટોતરા પાક હોવે ઝાતી...૯
દુશમની જો શેખેનસૂં તેં હય રે કીતી, સહી તો લા'નત અલીને હય તુજકુ દીતી...૧૦
તો તુમ સબ હો રાફઝી બખીલ કેહલાયે, હો બેટે દુનિયા કેરડે ફિર જગમાં લોભાયે...૧૧
સખાવત અલી કેરડી તુ બુઝી નાંહિ રીતા, ગુસ્સા અલીકા તુજપર તેં હય અવલા કીતા...૧૨
શરાબ પી પી ઈગલામીયાં તુમ કરતે હો સહી, રોઝે નમાઝ તો કેરડી તમૂ ખબર નહીં...૧૩
નમાઝ ને રોઝે તો અલીકે થે તકવા સેતી, ઉન કે નામ કરો બાતડી આહી ના પલ જેતી...૧૪
તમે તો સબ કામ ઓનૂસું હો ઉલટા બનાતે, તો તમે દુશમન અલીકે સહી હો કેહલાતે...૧૫
દુરીજન કામ તો અવલા કરે દુરીજન કેરા, મીત રે મીત જયસે કામકુ મન દેવે સવેરા...૧૬
ગુસ્સા અલીકા હૈ સહી બુઝો તુમારી ઝાતી, તો સબ અલી કેરે કામકી કરો ઉલટી બાતી...૧૭
શેખેનસૂં જો દુશમની તુ મૂમિન હય જાની, તો અલી કા ગુસ્સા હુવા તુમપર એ સાચી નિશાની...૧૮

## સમજુતિ : બયાન : ૯૪૩/૧૧ અ

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**રાફઝીઓ તમે મારી વાત સાંભળો, અને અંધ-મૂર્ખ બનીને અસ્હાબોથી દુશ્મન-દાવો ન રાખો, અને મનમાં બીજું કાંઈ ન રાખો. તમોને તેઓથી દુશ્મની રાખવાની આવી ઉબોટ (ઉલટી) રાહ કોણે બતાવી છે ? હઝ. અલી (રઝી.) એ તો પોતે જ કહી દીધું છે કે, અબૂબકર અને હઝ. ઉમર (રઝી.) જેઓ શેખૈન છે, તેઓથી જે કોઈ દુશ્મની રાખે અને સાથે તેવણની [હઝ. અલી (રઝી.)] ની દોસ્તી રાખે તે હઝ. અલી (રઝી.) નો પણ દુશ્મન છે.**

**તમે રાફઝીઓ જો હઝ. અલી (રઝી.) ને પોતાના દોસ્ત કહેતા હોવ તો તમે હઝ. અલી (રઝી.) ના આ ફરમાનને કેમ કબુલતા નથી. તમે હઝ. અલી (રઝી.) ની ઉપરોક્ત વાતનો દાખલો (પટોતરો) કેમ કાને ધરતા નથી. આ**

દાખલાથી તો તમારે પાક (કીના વગરના) થવું જોઈએ. તમોને શેખૈનથી દુશ્મનીને લીધે હઝ. અલી (રદી.) ની લાનત મળે છે. આપ (રઝી.) ઘણાં સખી હતા, જ્યારે તમે તો કંજુસ છો, અને માલ ભેગો કરો છો. તમને હઝ. અલી (રઝી.) ના ગુસ્સાની કાંઈ જ પડી નથી. તમે રાફઝી રઈસો(ગુરૂઓ) દારૂ પીઓ છો અને બાળકો સાથે એગલાસી (સજાતિય સંભોગ) કરો છો, તમે રોઝો રાખતા નથી અને તમારા માનનારાઓને ઉલટી રાહ બતાવો છો. દોસ્ત હોય તે દોસ્તના જેવું અને દુશ્મન હોય તે દુશ્મન જેવું કામ કરે છે. તમે શેખૈનના ખુલ્લા દુશ્મનો છો અને હઝ. અલી (રઝી.) ના ગુસ્સાને પાત્ર છો.

નોંધ : (૧) શેખૈન : હઝ. અબૂબકર અને હઝ. ઉમર (રઝી.) જેઓ બંને નબી (સ.અ.વ.) ના સસરાઓ છે તેઓ.

(૨) રાફઝીઓ : જેઓ હઝ. અલી (રઝી.) ની અંધ મુહબ્બત માં શેખૈનથી દુશ્મની રાખી, અને હદ વટાવી ગયા તેઓ.

(૩) ખારજી : હઝ. અલી (રદી.) ખુલ્લી દુશ્મનીમાં હદ વટાવી ગયા તેઓ.

### બયાન : ૯૪૩-૧૧ બ.

## રાફઝીઓને નસીહત (નઝમ)

રાફઝી તુ ક્યા ચાહતા રે તમે સુનો રે, કાહે ભુલા ભુલા હય જાતા રે તમે સુનો રે...૧
બે બખ્ત રઈસ તેરા રે તમે સુનો રે, પંથ કીયા જેને અનેરા રે તમે સુનો રે...૨
શેખેનસૂં દાવા હો પડાએ રે તમે સુનો રે, રઈસૂંને તમૂકુ ભુલાએ રે તમે સુનો રે...૩
અલીકા ગુસ્સા હુવા તમના રે તમે સુનો રે, જો કામ દીયા અયસા મંના રે તમે સુનો રે...૪
સુન સુન સાચી વે નિશાની રે તમે સુનો રે, તિલ જેતી ના રહી છાની રે તમે સુનો રે...૫
અલીકુ થી સખાવત પિયારી રે તમે સુનો રે, અવળી રાહ તમૂ વે સવારી રે તમે સુનો રે...૬
દુનિ માંહે લપેટા ગહે રે તમે સુનો રે, પુરે પુરે બખીલ હો રહે રે તમે સુનો રે...૭
કૈસી કૈસી દોસ્તી તુમારી રે તમે સુનો રે, અલી સાથ કૈસી રાખો યારી રે તમે સુનો રે...૮
મીત જયસે હૈ મીત કામ કરતા રે તમે સુનો રે, નેહ મીત મીત દિલ પડતા રે તમે સુનો રે...૯
ઉલટા કો' કામ કરાવે રે તમે સુનો રે, દોસ્તભી વયસા કેહલાવે રે તમે સુનો રે...૧૦

યું તો બાત હોવે નાંહા રે તમે સુનો રે, પુછ પુછ સબ જગ માંહા રે તમે સુનો રે...૧૧
અલીકે ના દોસ્ત કેલાએ રે તમે સુનો રે, દુરીજન તમે હો દેખાએ રે તમે સુનો રે...૧૨
અવળા જે કરે કામા રે તમે સુનો રે, વે તો કહીએ દુરીજન નામા રે તમે સુનો રે...૧૩
અલીકા તો ગુસ્સા હૈ જણાયા રે તમે સુનો રે, તમૂ કામ અવળા બનાયા રે તમે સુનો રે...૧૪
અલીસૂં હૈ દોસ્તી ચાહતે રે તમે સુનો રે, નેક કામ અળા બનાતે રે તમે સુનો રે...૧૫
તુમારા હય દિલ ચારી ચાહતા રે તમે સુનો રે, કામ વૈસા દિલ નાંહી લાતા રે તમે સુનો રે...૧૬
તમૂ દિલ અવળા હૈં નાંહિ રે તમે સુનો રે, પણ હૈ ગુસ્સા અલી દિલ માંહિ રે તમે સુનો રે...૧૭
નેકી નાંહિ તમૂ દિલ આતી રે તમે સુનો રે, અલીકુ જો બાત નાંહિ ભાતી રે તમે સુનો રે...૧૮
ખિદમત કિસ્કી કરાવે રે તમે સુનો રે, તકસીર હૈ ઉસ દિલ આવે રે તમે સુનો રે...૧૯
ઔર એ વલીયોંકી રીતા રે તમે સુનો રે, ખિદમત કીએ હોવે પીતા રે તમે સુનો રે...૨૦
અલી વલી રબકે કેહલાએ રે તમે સુનો રે, નતીજા ના ઉનસે તમૂ પાએ રે તમે સુનો રે...૨૧
સહી તો એ ગુસ્સેકી નિશાની રે તમે સુનો રે, નંનેસૂં ભી રેહવે નાંહિ છાની રે તમે સુનો રે...૨૨
નાંહિ તમૂ જવાબકી ઠામા રે તમે સુનો રે, અલી ગુસ્સે હુવે તમૂ કામા રે તમે સુનો રે...૨૩
હાથ કંગના ચાહિએ ના અરિસા રે તમે સુનો રે, પરગત નઝરૂં જે દીસા રે તમે સુનો રે...૨૪
ભી હો તમે ઈગલામી કરતે રે તમે સુનો રે, રોઝે ના નમાઝ હો મન ધરતે રે તમે સુનો રે...૨૫
હરામ હો શરાબ પી કરતે રે તમે સુનો રે, અયસા અવળા હો ચલતે રે તમે સુનો રે. ..૨૬
અલીએ ઐસે કીયે કભી કામા રે તમે સુનો રે, હૈ કહીં દેખ લીતા કિસી ઠામા રે તમે સુનો રે...૨૭
દોસ્ત હો ભી અલી કે કેહલા તે રે તમે સુનો રે, કામ સબ હો અવળા બનાતે રે તમે સુનો રે...૨૮
અલી કે ગુસ્સેકી રીતા રે તમે સુનો રે, ફરમૂદા મન જો ના દીતા રે તમે સુનો રે...૨૯
અબૂબકર ઉમરકા દુશમના રે તમે સુનો રે, દુશમન વેભી મેરે તંના રે તમે સુનો રે...૩૦
કીયા તમૂ શેખેનસૂં દા'વા રે તમે સુનો રે, અલીને તો ક્યું તમૂ પાવા રે તમે સુનો રે...૩૧
એ તો તમૂ અવળા કીતા રે તમે સુનો રે, જું હય દુરીજન રીતા રે તમે સુનો રે...૩૨
જુવાબકી નાંહિ તુમે ઠામા રે તમે સુનો રે, છોડો તુમ રાફઝીકા કામા રે તમે સુનો રે...૩૩
તુમ કરો શેખેનસૂં પીતા રે તમે સુનો રે, તો અલી કરે તમૂ વે રીતા રે તમે સુનો રે...૩૪
તો કુછ નેકી તમૂ આવે રે તમે સુનો રે, ગુસ્સા અલી દૂર જો હો જાવે રે તમે સુનો રે...૩૫
કર દેખ ઝાહિર નિશાની રે તમે સુનો રે, માસ છ માં રેહવે નાંહિ છાની રે તમે સુનો રે...૩૬

## સમજુતિ : બયાન : ૯૪૩/૧૧ બ

**પીર મશાયખ (રહે.) ની રાફઝીઓને શીખામણ :**

**રાફઝી તું શું ચાહે છે અને કેમ ભુલો પડે છે ? તારા બદ બખ્ત (કમનસીબ)**

રઈસે (ગુરૂએ) નવો પંથ બનાવ્યો છે, જેની ઉપર તમે છો. તમે શેખૈનથી દુશ્મની રાખીને પંથ ભૂલ્યા છો, તમારા રઈસે તમને ભુલાવ્યા છે, અને તમે હઝ. અલી (રઝી.) ના ગુસ્સાને પાત્ર થયા છો. હઝ. અલી (રઝી.) ની સખાવત સામે તમે કંજૂસ છો, અને દુનિયા પરસ્ત છો, દુનિયાના લોભમાં લપેટાઈ ગયા છો. જે કોઈ, કોઈનો દોસ્ત હોય તે તેના દોસ્તને ભાવતું કામ કરે એ જગ જાણીતું છે. તમે હઝ. અલી (રઝી.) ને ભાવતું કામ કરતા નથી, અને પાછા પોતાને અલી-દોસ્ત કહો છો. તમે તો અવળું કામ કરીને હઝ. અલી (રઝી.) ના દુશ્મન બન્યા છો. તમે અંતરથી આપ (રઝી.) થી યારી નથી રાખતા; તમે હઝ. અલી (રઝી.) ના ગુસ્સાને પાત્ર છો, કેમકે તમને તેમની વાત ભાવતી જ નથી. હાથનાં કંગણ જોવા આરસીની જરૂરત પડતી નથી એ પ્રગટ વાત છે. તમારામાં નેકી કરવાનો જરાપણ ઈરાદો નથી. અલ્લાહના વલી, અલ્લાહની સેવા (ઈબાદત) થી દરજ્જો પામે છે. હઝ. અલી (રઝી.) પણ અલ્લાહના વલી છે, પણ તમારૂં કામ તો તેમના ગુસ્સાને પાત્ર છે. તમારી પાસે જવાબ જ નથી. તમે રાફઝી રઈસો એગલામી (સજાતિય સંભોગ) કરો છો. દારૂ પીવો છો, અને પાછા પોતાને અલી દોસ્ત કહો છો. હઝ. અલી (રઝી.) એ તો સ્પષ્ટ કહી દીધું છે કે, જે શેખૈનનો દુશ્મન તે તેમનો દુશ્મન : તમે હઝ. અલી (રઝી.) ની વાતથી અવળું કરો છો. તમારી પાસે જવાબ જ નથી. છ માસમાં જેમ ગર્ભ જાહેર થઈ જાય છે, તેમ તમારો નીફાક (પ્રપંચ) પણ જાહેર થઈ ગયો છે.

## હ. અબૂબકર (રઝી.) ની ખિલાફત

### બયાન : ૯૪૪-૧૨

## સર્વ સંમતિથી ખિલાફત

અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, સહી પેહલી રે ખિલાફત ઓનૂકી લહીએ...૧
એ મઝહબ સુન્નત જમાઅત કેરા, તુમ સુન સુન ચંતમાં દીજીઓ સવેરા...૨
ભી બા'ઝો દિલ ઈતની હય રે બાતી, કે હદીસસૂં ખિલાફત હય રે સુનાતી...૩
સો હદીસ તો નબીજી કેરા ફરમાના, તુમ સુનો રે ઉસા મન ધર બયાના...૪
કે નબીજી કુ હુકમ જૂં આયા રે રહનામા, સો કબૂલ કરે કીયા હુકમ સુબહાના...૫
કે આલમ નાસૂતસૂં નબીજી ચલીએ, સો આલમ લાહૂતકુ જાકર મલીએ...૬
સો વફાતકા પિયાલા કબૂલ રે કીતા, હુકમસૂં સિર લે ઝમીં પર દીતા...૭

યું ચંદ રે છુપીયા જગ કે માંહા, તબ મૂમિનોકુ કરાર પાયા રે નાંહા...૮
તબ બડે બડે અસહાબી નબીજી હો કેરે, સબ એકઠે મસલત કાજ હુવે રે સવેરે...૯
સો સબૂં મિલ ઈત્તેફાક સોચકા કીતા, સો ખલીફા કરના મન રે દીતા...૧૦
બુઝો અબૂબકર બુઝુર્ગ હય રે અસહાબી, હંય બડે એ સબૂંમાં યું બુઝા રે શિતાબી...૧૧
હંય યેહ સરદાર મોહાજિર અનસારે, યું સબું અસહાબીને મન બુઝો રે સવેરે...૧૨
રે તુંહી.

અંબૂબકર રઝીઅલ્લાહ અનહો, બુઝુર્ગ અસ્હાબ રે, બુઝુર્ગ એ અસ્હાબ;
સો સહાબી એકઠે હુવે સહી, યું બુઝ શિતાબ રે, યું બુઝ શિતાબ.

## સમજુતિ : બયાન : ૯૪૪/૧૨

**પીર મશાયખ (રહે.) સમજાવે છે :**

**નબી (સ.અ.વ.) ની હદીષથી સાબિત છે કે હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત પહેલા ક્રમની છે, અને તેમ માનવું એ સુન્નત જમાઅતનો અકીદો (માન્યતા) છે. જ્યારે નબી (સ.અ.વ.) નો આ આલમે નાસૂત (નાશવંત અને પાયા વિહીન દુનિયા) થી આલમે લાહુત (રૂહાની દુનિયા) તરફ જવાનો સમય આવ્યો, એટલે કે આપ (સ.અ.વ.) નો દુન્યાથી વફાતનો સમય આવ્યો. (અજવાળું આપતો ચંદ્રમા છુપાઈ જવાનો હતો) તે વખતે મોટા મોટા અસહાબો બેકરાર (વ્યથિત) હતા, તો મુહાજીરો (મક્કાથી હીજરત કરી મદીના વાસી બનેલા) અને અન્સારો (મદીનામાં હીજરતીઓના મદદગારો) એ મસલત કરીને ઈત્તેફાક (પરસ્પરની સંમતિથી) હઝ. અબૂબકર (રઝી.) ને ખલીફા બનાવવાનું નક્કી કર્યું. કેમકે તેમની નજરે આપ બુઝુર્ગ અસ્હાબી હતા. રે તુંહી...**

## બયાન : ૯૪૫-૧૩

# હઝ. અબુબકર (રઝી.)

# નબી (સ.અ.વ.) ના ગાર (ગુફા) ના સાથી

કે સિદ્દીક એ સાદિક સાચે રે કેહલાએ, અને ઈસ્લામ મુવાફિક કામ સબ બનાએ...૧
સો પેહલે રે સબૂંસૂં સિદ્દીક કેહલાએ, સબ ઈન્સાન કે ઉપર બહોત ખૂબીસૂં સુનાયે...૨
સો એ થે ફાએક સબ કરને ઈન્સિાના, કે યાર ગાર ઓનૂંકા નામ રે જાના...૩
કે નબીજી કે સાથે થે ગાર માંહે ગહે, સો નેહસૂં ખિદમત કાજ રે રહે...૪

તો યાર ગાર ઓનૂંકા ધરાયા નામા, એ નબી સાથે ગયે થે ગારકી ઠામા...૫
અને સિફતાં ભી ઓનૂંકી બહોત નેક રે સુણાઈ, બહોત ખુલક ભી નેક થા તબીયત જણાઈ...૬
સિદ્દીક અકબર ઐસી ખૂબીસૂં પિછાનો, ખલીફે નબીકે સહી કર જાનો...૭
ઐસી ઓનૂકી સિફતં બહોત રે દેખાઈ, સહી અસહાબી સબૂ મન ખુબી ઓનૂંકી આઈ...૮
યું બહોત બહોત સિફતોં એ ખૂબ રે દેખાએ, સબ સબૂને લેકર એ આગે રે કરાએ...૯
કે મુકદદમ આપસ કે ઓનૂકુ કીતે, અને ઓનૂકે તાબે લે આપસકુ દીતે...૧૦
તબ ખિલઅત લાકર સબૂને પેહનાઈ, યું સૂને ઓનૂંકી બુઝીરે બડાઈ...૧૧
કે ખિલઅત પેહનાકર ખલીફે કીતે, યું સબુને ઓનૂકુ બડે બુઝકર લીતે...૧૨
સબૂ ઓનૂકુ ખલિફે સરદાર કીયે, અને હુકમ ઓનૂકે સબૂ કબૂલ કર લીયે...૧૩
યું ખિલાફત ઓનૂ:કી સબૂ અસ્હાબી જાની, એ સુન સુન મૂમિન ચિંતા મને એ આની...૧૪

રે તુંહી.

ખિલઅત સિદ્દીક પેહાનાય કર, કીયે ખલિફે જાન રે, કીયે ખલીફે જાન;
સબૂ બુઝુર્ગી ઉનકી, બુઝી યું હૈ માન રે, બુઝી યું હૈ માન.

## સમજુતિ : બયાન : ૯૪૫/૧૩

**પીર મશાયખ (રહે.) સમજાવે છે :**

**હઝ. અબૂબકર (રઝી.) ને સીદ્દીક (સાચા) કહેવામાં આવ્યા. તેઓ બધા જ ઈન્સાનોમાં ઉચ્ચ ખુબીઓવાળા છે. તેમણે ઈસ્લામનાં ઘણાં કામો કર્યા હતાં. તેમને ઈન્સાનો ઉપર ફાએક (શ્રેષ્ઠ) ગણવામાં આવ્યા અને તેઓ 'યારેગાર' (ગુફાના સાથી) નામથી જાણીતા થયા. આપ (રઝી.) નબી (સ.અ.વ.) સાથે તેમની સેવામાં હીઝરત સમયે ગાર (ગુફામાં) હતા. આપની સીફતો ઘણી લખાયેલી છે, અને આપ સારા ખુલુક (અખલાક) વાળા અને નેક (સીધી) તબીયત (સ્વભાવ) ના હતા. આપ (સ.અ.વ.) ની મક્કાથી મદીનાની હીજરત સમયે તેઓ આપ (સ.અ.વ.) ની સેવામાં હતા. અસ્હાબે કિરામ (માનવંત અસ્હાબો) આપની આ ખુબીયો જાણતા હોવાથી તેમને ખિલઅત માટે મુકદ્દમ (આગળ) કર્યા અને તેઓ બધા પોતે જ તેમનાથી બેઅત થયા, અને તેમને ખિલઅત (શાહી પોષાક) પહેરાવી નબી (સ.અ.વ.) ના ખલીફા (અનુગામી) જાહેર કર્યા, અને તેમની હકુમત (સત્તા) કબુલ કરી. રે તુંહી... અસ્હાબોએ ખિલઅત પહેરાવીને હઝ. અબૂબકર (રઝી.) ને ખલીફા જાહેર કર્યા.**

# બયાન : ૯૪૫-૧૩ અ. (પેહલ)
# હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.)
# ઈસ્લામમાં પહેલા દાખલ થનાર

ઐસે હંય સિદ્દીક અકબર જાનો રે, છાની બાતકે મહરમ માનો રે...૧
કા'બા એ હય અમન કેરા રે, ખૂબી કા બયાન સુનીયો સવેરા રે...૨
નબીકે સાથ ગમમાં સાની કેહલાયે રે, ચાર ગાર કેરે તો નામકુ પાયે રે...૩
ઓનુસૂં શુરૂ હુવા પેહલા દીના રે, સદરકે લે ને નામ કીના રે...૪
સદર હુવે દો જગ કેરે રે, માઅને એકુલ ના બુઝે સવેરે રે...૫
પેહલીથી દીનમાં ઉનકી ઝાતી રે, અમીર આદિલ સુની બાતી રે...૬
સાચે થે એ રાહા ચલનારે રે, તકવાથી રાખતે દિલ કરારા રે...૭
ઓનૂકુ સાચે નઝદીકી કહીએ રે, નબીજી અપને કે એ લહીએ રે...૮
પેહલા ના થા કો' ઈમાન લાયા રે, સિદ્દીક બિના ના કો' સુનાયા રે...૯
અયસી એ ખૂબી સિદ્દીક કેરી રે, સુન સુન દો ને ચંત સવેરી રે...૧૦
સિદ્દીક અકબર બુઝો નામા રે, પેહલા અકીદા ઓનૂ દિલ ઠામા રે...૧૧
સબૂસૂં પેહલે ઈમાન લાયે રે, સુનતે નબીકુ સાચે પાયે રે...૧૨
સિદ્દીક અકબર નામ સુનાએ રે, એ નામ ઓનુને પાએ રે...૧૩
ના હય કો' અયસા ઉનકી તોલા રે, સિદ્દીક સાચા ઓનૂકા બોલા રે...૧૪
અમીરૂલ મુમેનીન સહી જાનો રે, સિદ્દીક અકબર નામ પિછાનો રે...૧૫
અબૂબકર સિદ્દીક નામ લહીયે રે, રઝીઅલ્લાહ અનહો સુનતે કહીયે રે...૧૬
પેહલે એ ખલીફે નબી કેરે રે, પેહલે એ ચાર નબીકે સવેરે રે...૧૭
સુન સુન ભાઈ દીનકે મેરે રે, નિશ દિન યાદ રાખો એ સવેરે રે...૧૮

## સમજુતિ : બયાન : ૯૪૫/૧૩ અ

**સીદ્દીકે અકબર (રઝી.) ની ખાસીયત છુપી વાતોના મહરમ (ભેદ સમજનાર) ની હતી, અને આપ અમન (શાંતિ) ના કાબા (કેન્દ્ર) હતા. (આ એક ઉપમા અલંકાર છે). આવા આ અસ્હાબીની ખુબીઓ (સારાઈઓ) જાણો. ગારે હીરામાં એક નબી (સ.અ.વ.) હતા, અને બીજા સીદ્દીકે અકબર (રઝી.) હતા, અને નબી (સ.અ.વ.) ના ગમ (ચિંતા) માં આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના 'સાની' (બીજા ક્રમે) હતા. આપ મરદોમાં નબી (સ.અ.વ.) ઉપર જ્યારે કોઈ**

ઈમાન લાવતું ન હતું ત્યારે ઈમાન લાવનાર પ્રથમ હતા, એટલે આપ નબી (સ.અ.વ.) ના ખલીફા (અનુગામી) થયા, અને બંને જગ (દુનિયા અને આખિરત) માં આપ નબી (સ.અ.વ.) ના ખલીફા ગણાયા. (નોંધ : આ વિષે નબી (સ.અ.વ.) ની હદીષ હવે પછી આવે છે)

આપ (રઝી.) નબી (સ.અ.વ.) થી ઘણા જ નજીક હતા. જ્યારે કોઈ નબી (સ.અ.વ.) ઉપર ઈમાન નહોતું લાવતું ત્યારે આપ (રઝી.) ઈમાન લાવ્યા હતા. તેમને સીદ્દીકે અકબર એ નામથી જાણો. તેમને તોલે કોઈ માણસ આવી શકતો નથી. તેમને અમીરૂલ મુઅમેનીન (મુસલમાનોના અમીર) સમજો, અને તેમનું નામ લેવાય ત્યારે રઝીઅલ્લાહ અન્હુ (અલ્લાહ તેમની ઉપર રાજી થયો) એમ કહો. આપ નબી (સ.અ.વ.) ના પહેલા ખલીફા અને 'યાર' (દોસ્ત) છે. તમે આ વાત સાંભળો અને યાદ રાખો. (વધુમાં જુઓ નૂરનામા : બયાન નં. ૧૪૨)

# હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત

### બયાન : ૯૪૬-૧૪

## હઝ. અબૂબકર (રઝી.) ને નમાઝની ઈમામત કરાવવાનો હુકમ

અબ હદીસ કી દલીલકા સુનો રે બયાના, સો ખિલાફત કેરા બુઝો રે નિશાના...૧
કે અબૂબકર સિદ્દીક રઝીઅલ્લાહ અનહો કહીયે, ભી અમીરૂલ મૂમેનીન ઓનૂ નામ સુન લહીયે...૨
સુનો હુકમ ઈમામતકા નબીજીને દીતા, સો ઓનૂ કેરે નામસૂં સુનકર લીતા...૩
કે નબીજીને ઓનૂકુ ઈમામ કરાયે, જબ ખાતિમ અંબિયા બાર ના આયે...૪
અલી કર્રમલ્લાહો વજહહુ કેહતે હંય લહીયે, ભી અમીરૂલ મૂમેનીન ઓનૂં નામસૂં કહીયે...૫
એ હદીસકા બયાન એ હંય ફરમાતે, એ હદીસકુ સુનકર મન એતા હય લાતે...૬
જબ નબીજી તો અપને જગથી સિધારે, જે હબીબ નામસૂં રબ કે પિયારે...૭
તબ અલીને અગમ દેખ સોચ મન કીતા, એ બયાન રે હુકમકા આપ મન દીતા...૮
બુઝોનબીજીને ઈમામતકુ આગે રે કરાયે, સો અબૂબકર સિદ્દીક નઝર આયે...૯
કે ઓનૂકુ નબીને મુકદ્દમ કીયે, સો ઈમામત કાજ એ સુનકર લીયે...૧૦
એ દેખ અલી રાઝી હુવે આપ દિલ માંહા, યું આપસૂં આપ બુઝો અવર કુછ નાંહા...૧૧

કહયા અલીને રાઝી દીલ હુવા રે મેરા, અબૂબકર હુકમ કબૂલા રે સવેરા...૧૨
અને દીન કાજ રાઝી હુઈ નબીજીકી ઝાતી, તો મંયભી રાઝી હુવા કહી અલીને બાતી...૧૩
રે તુહી.

અબૂબકર ઈમામ કીયે સહી, અલી કેહવે બાત રે, અલી કેહવે બાત;
ઈખ્તેલાફ નાંહિ કર સકે, અવર કો' ઈસમાં ઝાત રે, અવર કો' ઈસમાં ઝાત.

## સમજુતિ : બયાન : ૯૪૬/૧૪

**હઝરત અબૂબકર સીદ્દીક (રઝી.) ની ખિલાફત બાબતે નબી (સ.અ.વ.) ની એક હદીષની દલીલ સાંભળો. આ હદીષની રિવાયત કરનાર હઝ. અલી (રઝી.) પોતે છે. આ હદીષ મુજબ જ્યારે નબી (સ.અ.વ.) આખરી બિમારીમાં હતા અને નમાઝની ઈમામત કરવા બહાર (આગળ) ન આવ્યા તો આપે (સ.અ.વ.) હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નું નામ લઈને કહ્યું કે તેઓ ઈમામત કરે (નમાઝ પઢાવે).**

**હઝ. અલી (રઝી.) કહે છે કે જ્યારે અલ્લાહના હબીબ (સ.અ.વ.) આ દુનિયાથી રહલત (વિદાય) ફરમાવી ગયા ત્યારે તેમણે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ઈમામત કરવાનું કહ્યું હતું, અને તેવણને ઈમામત કરાવતા તેમણે (હઝ. અલી (રઝી.) એ) પણ જોયા પણ હતા. તેથી હઝ. અલી (રઝી.) એ સોચી લીધું કે, નબી (સ.અ.વ.) ના આ હુકમ અનુસાર હઝ. અબૂબકર (રઝી.) શ્રેષ્ઠ છે, અને તેમની ખિલાફતથી હઝ. અલી (રઝી.) પણ રાજી થયા. હઝ. અલી (રઝી.) એ કહ્યું કે, "જેમાં નબી રાજી તેમાં હું રાજી" રે તુંહી... હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફતનો હઝ. અલી (રઝી.) એ ઈખતેલાફ (મતભેદ) ન કર્યો, કેમકે તેમના કહેવા મુજબ નબી (સ.અ.વ.) એ હઝ. અબૂબકર (રઝી.) ને નમાઝ માટે ઈમામ બનાવ્યા હતા.**

## બયાન : ૯૪૭-૧૫

# હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફત માટે હઝ. અલી (રઝ.) ની તાઈદ (ટેકો)

અબૂબકરસૂ જબ બૈત રે કરાઈ, તબ તો અયસી ખબર સુનાઈ...૧

કે બાર આવ અલીને ઈતના આખા, સો અસહાબી સબૂકુ જુવાબ રે દાખા...૨
કહ્યા કોન હૈ તમૂથી જે રાઝી નાંહિ હોતા, અબૂબકરકી બૈત નાંહિ કબૂલ લેતા...૩
કે જિનૂકુ નબીને હય મુકદ્દમ કીતે, સો ઈમામ કર ને સબૂકુ દીતે...૪
બહોત હદીસાં હંચ ઓનૂકી ફઝીલત માંહા, વે સબ હય બુઝતે છુપા રે નાંહા...૫
વે હદિસ સૂં દલીલ હય અયસી રે દેખાતી, કે ઓનૂકી ખિલાફત દિલ માંહે આતી...૬
યું અલીને આવકર કીયા રે બયાના, સો સબૂને સુનકર સહી રે જાના...૭
અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીયે, એ ખલીફે કબુલ સબૂને લહીયે...૮
એ નબીજીકે ખલીફે પેહલે એ કેહલાએ, યું સહાબી સગલે મન માંહે લાએ...૯
તબ મુરતઝા અલી અવર બડે અસ્હાબી, સબૂ ઓનૂસૂં બૈત કીતી રે શિતાબી...૧૦
એ સુન હક કેહતે ચંત ધર લીજે, એ સચકર દિલમાં યકીન પતીજે...૧૧
અબ રાફઝી તુજકુ નાંહી બોલેકી ઠામા, તો ભલા હય કે છોડ દે રાફઝીકા કામા...૧૨
તુ કર ને તવબહ હો ચાર યારી, અને નિસદિન યાદ કર મત છોડ રે બિસારી...૧૩
રે તુંહી.

બૈત કીતી સિદ્દીકસૂં, કરમસૂં અસ્હાબી આવ રે, કરમસૂં અસ્હાબી આવ;
ખલીફે હંચ રસૂલકે, બુઝો કર દિલ ચાવ રે, બુઝો કર દિલ ચાવ.

## સમજુતિ : બયાન : ૯૪૭/૧૫

**હઝ. અલી (રઝી.) એ હઝ. અબૂબકર (રઝી.) થી બેઅત થઈ બહાર આવી લોકોને ઉદ્દેશીને કહ્યું કે કોણ છે જે હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફતથી નારાજ હોય ! જેમને નબી (સ.અ.વ.) એ ઈમામત માટે મુક્દ્દમ (આગળ) કર્યા હોય ! હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.) ની ઘણી ફઝીલતો હદીષથી જોવા મળે છે. આ હદીષથી એવી દલીલ આવે છે કે, નબી (સ.અ.વ.) એ આપ (રઝી.) ને ખિલાફત માટે પસંદ કર્યા હતા. હઝ. અલી (રઝી.) ની આવી વાત પછી સઘળા (બધાય) અસ્હાબી લોકોએ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની ખિલાફતને માન્ય રાખી, અને પછી તેઓએ પણ આપ (રઝી.) થી બેઅત થયા.**

**પીર મશાયખ (રહે.) કહે છે "રાફઝીઓ હવે તમારા બોલવાની જગ્યા બાકી નથી, તેથી તમે તવબાહ કરો અને તમારી ખોટી મત છોડો. રે તુંહી. બધાય અસ્હાબો (રઝી) એ સીદ્દીકે અકબરને નબી (સ.અ.વ.) જ ખલીફા માની**

બેઅત લીધી. (વધુ બયાન નં. ૯૪૮/૧૬)"

## બયાન : ૯૪૮-૧૬

# હઝરત અબુબકર (રઝી.) નો ખિલાફત બાબતે હઝ. અલી (રઝી.) નો ખુલાસો

અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, બૈત કે કીએ બાઝ ઈતના કહયા લહીએ...૧
સો ઠાડે આવ હો કર ઈતના આખ્યા, સો સહાબી સબૂકુ સુનાકર દાખ્યા...૨
કભી ખિલાફત મેરી તમૂ ભાવે રે નાહા, ના રાજી મંય હોઉં અયસી ખિલાફત માહા...૩
હો ઠાડે તીન બાર યૂં આવાઝ રે દીતા, સો સહાબી સબૂને સુનકર લીતા...૪
તબ મુરતઝા અલી રઝીઅલ્લાહ અનહો કહીએ, સહી વે તબ ઠાડે હુએ રે લહીએ...૫
કહ્યા પેહલા હો સોગંદ ખા ઈતના આખા, સો સબૂને સુનકર દિલ માંહે રાખા...૬
બૈત તમુસૂં કરતે નાંહી ખતરા આતા, બૈત તમુસૂં કરના હય દિલકુ ભાતા...૭
યું તીન બાર અલીને દીયા રે આવાઝા, સો સબૂકૂ સુનાયા સુખન રે હાઝા...૮
ભી કહ્યા કે તમૂકુ થે ઈમામ કરાએ, સો નબીજીને નમાઝ કાજ તમૂકૂ બતાએ...૯
યૂં મુકદ્દમ તમૂકૂ નબીજીને કીતે, અને અવરોંકૂ મુકતદી કર તમૂકૂ દીતે...૧૦
તો અયસા કૌન કે તમૂકૂ આખિર રે જાને, અને ખિલાફત તમારી મન રે ના આને...૧૧
યું અલીને કેહકર ભી ઈતના બતાયા, સો બયાન રે સહાબી સબૂને સુનાયા...૧૨
અબૂબકરકી બઝુર્ગી મન વે રે ના લાવે, જે ઝુઠેકા બોલનાર હય રે કેહલાવે...૧૩
અબૂબકર બેતર બાઝ નબીયોંકિ જાનો, યું અલીને કહ્યા સો સુનકર માનો...૧૪
રે તુંહી.

અલીને ગવાહી દેકર કીતી બૈત જો આવરે, કીતી બેત જો આવ;
સિદ્દીક ખલીફે જાનકર, કીયા દિલસૂં ચાવ રે, કીયા દિલસૂં ચાવ.

## સમજુતિ : બયાન : ૯૪૮/૧૬

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) થી હઝ. અલી શેરેખુદા (રઝી.) બૈઅત થયા પછી હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ ઠાડા (ઉભા) થઈ હઝ. અલી શેરેખુદા (રઝી.) ને ઉદ્દેશીને કહ્યું : "મને એવી ખિલાફત મળે જેનાથી તમે નારાજ હોવ (તમને ન ભાવે) તેવી ખિલાફતથી હું રાજી નથી." આવું તેમણે ત્રણવાર અવાજથી કહ્યું અને હાજર અસ્હાબો (રઝી.) એ તેને સાંભળ્યું. અને**

હઝ. અલી શેરેખુદા મુરતુઝા (રઝી.) એ પણ ઉભા થઈ કહ્યું : "હું સોગંદ ખાઈને કહું છું કે તમારાથી બૈઅત થવામાં મને કોઈ ખતરો (શંકા) થતો નથી, અને તે મને ભાવે છે." હઝ. અલી શેરેખુદા (રઝી.) ના આ શબ્દો (સુખન) બધાયે સાંભળ્યા. હઝ. અલી શેરેખુદા (રઝી.) એ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ઉદ્દેશીને કહ્યું કે, તમને નબી (સ.અ.વ.) એ ઈમામ બનાવ્યા અને બીજાઓને મુકતદ્દી (ઈમામ પાછળ નમાઝ પઢનાર) બનાવ્યા તો એવું કોણ છે જે તમને આખિર (પાછલે) દરજે રાખે અને તમારી ખિલાફતને ન માને ? તેમની આ વાતને પણ હાજર અસ્હાબો (રઝી.) એ પણ સાંભળી હતી. આપે (રઝી.) એમ પણ કહ્યું કે "જે કોઈ હઝ. અબુબકર સીદ્દીક (રઝી.) ની બુઝુર્ગીને ન માને તે જુઠો છે, અને નબીઓ (અ.સ.) પછી બેહતર (શ્રેષ્ઠ) હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) છે, અને તે વાતને માનો." રે તુંહી...

હઝ. અલી શેરેખુદા (રઝી.) એ પોતે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની ખિલાફતની ગવાહી આપી તેમનાથી બયત થયા.

## બયાન : ૯૪૮-૧૬ અ.

## રાફઝીઓને નસીહત

### -: નઝમ :-

સુન સુન રાફઝી એ બાતી રે તમે સુનો રે, અબ તુમે લાજ નાહી આતી રે તમે સુનો રે...૧
કભી હો જો અલીકુ ચાતે રે તમે સુનો રે, કહ્યા ક્યું ના મન તુમ લાતે રે તમે સુનો રે...૨
સુનો સુનો નેહકી એ રીતા રે તમે સુનો રે, કામ મીત જૈસા મન દીતા રે તમે સુનો રે...૩
મીત કરે મીત જૈસા કામા રે તમે સુનો રે, દેખ દેખ મીત કામ ઠામા રે તમે સુનો રે...૪
અલીને તો આપ બૈત કીતી રે તમે સુનો રે, પીત સેતી બૈત મંન લીતી રે તમે સુનો રે...૫
સિદ્દીકસૂં બૈત કરાહી રે તમે સુનો રે, દીતી ખિલાફતકી ગવાહી રે તમે સુનો રે...૬
બુઝુર્ગી કેરા બયાના રે તમે સુનો રે, અલીને કીયા જાના રે તમે સુનો રે...૭
ઝૂઠા ઉસકા ધરીયા નામા રે તમે સુનો રે, બુઝે ના જે ખૂબીકા ઠામા રે તમે સુનો રે...૮
ફઝીલત અબૂબકર કેરી રે તમે સુનો રે, વે નાંહી કબૂલે અનેરી રે તમે સુનો રે...૯
તોહમત કાજ હય કરનારા રે તમે સુનો રે, હય મકરકા તન જે સંસારા રે તમે સુનો રે...૧૦
મુરતઝા અલીને એ આખા રે તમે સુનો રે, સુન સુન બયાન સબૂ મન રાખા રે તમે સુનો રે...૧૧

નાહી નાહી બાત એ છાની રે તમે સુનો રે, હાઝિરો જે સુનકર જાની રે તમે સુનો રે...૧૨
જો હો તુમ અલીકુ ચાહતે રે તમે સુનો રે, ફરમૂદા દિલ ક્યું નાહિ લાતે રે તમે સુનો રે...૧૩
જો કભી કરતા બચાવ ઝાતી રે તમે સુનો રે, કબૂલતે નાહી કુછ બાતી રે તમે સુનો રે...૧૪
કહો તુમ તાબે ક્યું કેહલાએ રે તમે સુનો રે, દુરીજન જૈસે હો દેખાએ રે તમે સુનો રે...૧૫
તાબેકી તો ઐસી હય રીતા રે તમે સુનો રે, સાહિબસૂં રાખે પીતા રે તમે સુનો રે...૧૬
જિસકૂ તો સાહિબ હય ચાવા રે તમે સુનો રે, તાબે કામ ઉસકા કરાવા રે તમે સુનો રે...૧૭
ચાહવે કુછ ખિદમત કરની રે તમે સુનો રે, તાબેકી એ રીત ધરની રે તમે સુનો રે...૧૮
સાહિબ જિસે ગુસ્સા હય કરતા રે તમે સુનો રે, ચાકર ઉસે દિલ હય પડતા રે તમે સુનો રે...૧૯
સાહિબ એ તાબેકી સગાઈ રે તમે સુનો રે, જો સાહિબકી ખૂબીઓને ચાઈ રે તમે સુનો રે...૨૦
એ તમે તો હો અવળા કરતે રેતમે સુનો રે, તાબે તુમ કયસે હો કેહલાતે રે તમે સુનો રે...૨૧
અલી બૈત આવ કીતી રે તમે સુનો રે, સિદ્દીકસૂં બૈત હય સુનીતી રે તમે સુનો રે...૨૨
તુમ તો હો કરતે દાવા રે તમે સુનો રે, નાંહી તમૂ અલી પર ભાવા રે તમે સુનો રે...૨૩
ઝૂઠા ઉસે અલીને બતાએ રે તમે સુનો રે, ના સિદ્દીકકી ખૂબી મન લાએ રે તમે સુનો રે...૨૪
તુમ ઉસે કરતે હો ભાવા રે તમે સુનો રે, સિદ્દીકકૂ કરે ના જે ભાવા રે તમે સુનો રે...૨૫
કીતી અવળી દોનો તુમ રીતા રે તમે સુનો રે, રાખી કયસી અલીસૂં પીતા રે તમે સુનો રે...૨૬
અવલા હય દોરીજન કરતા રે તમે સુનો રે, નેહ જે નાહી મન ધરતા રે તમે સુનો રે...૨૭
કીએ કામ દુરીજન કેરે રે તમે સુનો રે, દુરીજન તમે હો સવેરે રે તમે સુનો રે...૨૮
ચાર ચારમાં કિસે નાહી ચાહતે રે તમે સુનો રે, અલી દોસ્ત હો મકરૂં કર ર ખાતે રે તમે સુનો રે...૨૯

## સમજુતિ : બયાન : ૯૪૮/૧૬ અ

**પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો !**

**રાફજીઓ તમો બેશરમોને જરાએ લાજ નથી આવતી કે તમે પોતાને હઝ. અલી (રઝી.) ના ચાહક કહો છો અને તેમનું કહ્યું મનમાં લેતા પણ નથી. ચાહનાની રીત તો એ છે કે જેને મીત (ચાહક) સમજીએ તેના કામ જેવું કામ કરીએ. હઝ. અલી (રઝી.) તો ખુશીથી હઝ. અબૂબકર (રઝી.) થી બૈઅત થયા અને તેમની ખિલાફતની ગવાહી આપી તે તેમની બુઝુર્ગી બતાવે છે. પણ તમે તો જુઠી મુહોબત રાખો છો, તેથી હઝ. અબૂબકર (રઝી.) ની ફઝીલત તમે કબુલતા નથી.**

**હઝ. અલી (રઝી.) તો એમ કહ્યું છે કે જે હઝ. અબૂબકર (રઝી.) ની ખિલાફતને ન કબુલે તે જુઠો અને મક્કાર (પ્રપંચી) છે. હઝ. અલી (રઝી.) એ આ જે પણ કહ્યું તે વાત તો જગજાહેર છે અને બધાય જાણે છે. જો તમે હઝ. અલી (રઝી.) ને ચાહો છો તો**

તેમની વાત કેમ દિલમાં ધરતા નથી ? તમે તેવણને તાબે થયા જ નથી, પણ તેમના દુશ્મન જેવું કામ કરો છો. તાબેદાર તે છે જે જેની તાબેદારી સ્વિકારે તેને ભાવતું કામ કરે. સાહિબ (માલીક) નોકરની ઉપર ગુસ્સે થાય તો નોકર તેને દિલ ઉપર લે છે, અને એમ હોય તો જ સાહિબ (માલીક) નોકરનો સંબંધ ગણાય. પણ તમે તો અવળું કરીને પોતાને હઝ. અલી શેરેખુદા (રઝી.) ના તાબેદાર કહો છો. હઝ. અલી (રઝી.) તો આવીને સીદ્દીકે અકબરથી બેઅત થયા. પણ તમારી પાસે તો મહોબતના દાવા જ દાવા છે. હઝ. અલી (રઝી.) ઉપર તમને લગારેય ભાવ નથી. તમે સીદ્દીક (રઝી.) ઉપર ભાવ ન રાખો તો તમો જુઠા છો. આ તમારી કેવી અલી પ્રિત છે ? અવળું તો જે દુશ્મન હોય તે કરે; તો તમે સાચે જ અલી (રઝી.) ના દુશ્મન ઠર્યા છો, તેથી તો તમે ચાર-ચારમાંથી કોઈને પણ નથી ચાહતા અને મકર સાથે પોતાને અલી-દોસ્ત કહો છો.

### બયાન : ૯૪૯-૧૭ (પેહલ)

## ૬. અલીને ચાહનારાઓએ તેમની પયરવી કરવી જોઈએ.

રાફઝી સુનો બાત હમારી રે, અલીસૂં દોસ્તી હય કયસી તુમારી રે...૧
સેદ્દીકસૂં બૈત અલીને કીતી રે, ખિલાફત વે તમૂં ચંત ના દીતી રે...૨
તમે હો કયસે દોસ્ત કેહલાતે રે, કામ અલીકા મન નાંહી લાતે રે...૩
એ તો દુરીજન કેરી નિશાની રે, ઉલટા કીએસૂં બાત એ જાની રે...૪
મુરતઝા અલીને ભી યું ફરમાયા રે, ઝૂઠા કરને હય ઉસે બતાયા રે...૫
સિદ્દીક કેરી જે ખૂબી ના જાને રે, ખોટા જે ઝૂઠા હય દિલકે ધિયાને રે...૬
ઉસકે નામૂ હો દોસ્તી કરાતે રે, ખૂબી સિદ્દીકકી નાંહી ચાહતે રે...૭
કયસે હો દોસ્ત તુમ અલી કેરે રે, રાફઝી જુવાબ દોને સવેરે રે...૮
ઉલટા કરે દોસ્ત નાંહા રે, એ સબ બૂઝો હય જગ માંહા રે...૯
અલીને બહોત સખાવત કીતી રે, તારીફ એ બહોત સુન હય લીતી રે...૧૦
તુમ તો બખી બહોત હો કરતે રે, દેના કિસીહી મન ના ધરતે રે...૧૧
સૂ ખા ખા માલ હો એકઠા કરાતે રે, તલ જેતા ખવફ મન નાહી ધરતે રે...૧૨
અલીકે ભી દોસ્ત કેહલાતે રે, હર કામકુ તો હો લે ઉલટા બનાતે રે...૧૩
કરતે હો સબ તુમ દુશમની રીતા રે, નાહી અલીસૂં તમૂ દિલ પીતા રે...૧૪
બહોત ઈબાદત અલી થે કરતે રે, ખવફ નમાઝમાં રબ મન ધરતે રે...૧૫

કુછ થા અલીકે પગ ચુબાયા રે, દરદકે લીતે ના કાડા ગયા રે...૧૬
જબ નમાઝમાં સિજદા કીયા રે, તબ ઉસે થા નિકાલને લીયા રે...૧૭
ડરકે ભી તન ના દરદ દેખાયા રે, અલી ડર રબ ડર અયસા થા આયા રે...૧૮
અયસી રીતે થે નમાઝકૂ પડતે રે, ખવફ દિલ રબકા બહોત મન ધરતે રે...૧૯
અલીકુ બહોત થા રોઝેંકા ભાવા રે, ઈબાદતકા બહોત થા ઓનુકુ ચાવા રે...૨૦
ઉમર ખત્તાબકુ યાદ થી દિલાઈ રે, તરાવીહકી નમાઝ કરાઈ રે...૨૧
તમે તો દેખો નાંહી નમાઝ કરાતે રે, દોસ્તી અલી મન કયસી ધરાતે રે...૨૨
એ સબ કામ દોરીજન કેરે રે, દોશમન અલી કે નામ અનેરે રે...૨૩
રોઝેભી તુમ નાંહી ધરાતે રે, તરાવીહકી નમાઝ નાંહી કરાતે રે...૨૪
દોસ્ત અલીકે હો કયસે કેહલાતે રે, જુવાબ નાહી ક્યું હમુકુ બતાતે રે...૨૫
અવળી પચરવી તો દુશમન સહી રે, એ બાત કિસીકૂં છુપી ના રહી રહે...૨૬
પી પી શરાબ હો ઈગલામી કરતે રે, ખવફ ખુદાકા મન નાંહી ધરતે રે...૨૭
ના હોવે દોસ્ત ઐસે અલી કેરે રે, લડકા ભી સુનતે બુઝે સવેરે રે...૨૮
મીત તો મીત કેરી રીત ચાહવે રે, દુરીજન કામકા અવળા બનાતે રે...૨૯
પૈરવી અલીકી એકુ ના કીતી રે, પીત કહો કૈસી મન માંહે દીતી રે ?...૩૦
રાફઝી નાહી તમુ જુવાબકી ઠામા રે, તોબાહ કરો છોડો રાફઝીકા કામા રે...૩૧
દુશ્મન અલીકે હમૂ જાને રે, તમૂ નિશાનીયું સેતી પિછાને રે...૩૨
પોટ સેતી ચોર જું પકડા જાવે રે, ઉસકી ચોરી માંહે શક ના આવે રે...૩૩
તો તમૂ કામસૂં દુશ્મન જાને રે, દુરીજન અલીકે સહી પિછાને રે...૩૪
હમૂ આગે તમ કહાં છુપ જાહો રે, દોસ્ત અલીકે ફાંસૂં કેહલાહો રે...૩૫
શેખેનકોભી તુમ નાહી ચાહતે રે, અબ કહો તુમ હો કયસે કેહલાતે રે...૩૬
ચારોં ચારોંકે દુશમન તમના રે, તેહકીક એ સહી બુઝે હમના રે...૩૭
એ ભેદ પાદશાહ તમારા જો પાવે રે, ચૂન ચૂન તમુકુ કતલ કરાવે રે...૩૮
કાફિરોંમાં એ હય ટોલી તુમારી રે, ઓનૂ જયસી ટોલી ભી તમૂ સવારી રે...૩૯
ચાર યાર માંહે નાંહી કિસે ચાહતે રે, કામ હો ઉલટા સબકા બનાતે રે...૪૦

## સમજુતિ : બયાન : ૯૪૯/૧૭

**પીર મશાયખ (રહે.) રાફઝીઓને સંભળાવે છે :**

**હઝ. અલી શેરેખુદા (રઝી.) તો હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) થી**

બેઅત થયા, અને તમે તો તેમના આ અમલથી અવળા ચાલી (શેખૈનથી દુશ્મની રાખી) પોતાને અલી-દોસ્ત શી રીતે ગણાવો છો ? હઝ. અલી (રઝી.) એ તો એમ પણ કહ્યું કે જે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની બુઝુર્ગીને ન માને તે જુઠો છે. હઝ. અલી શેરેખુદા (રઝી.) ઘણા સખી હતા, જ્યારે તમે રાફઝી રઈસો તો કંજૂસ છો. કસમ ખાઈ ખાઈને માલ ભેળો કરો છો અને બખીલી (કંજુસી) કરો છો, અને તમને અલ્લાહનો તલ-ભાર પણ ખવફ (ડર) નથી. હઝ. અલી (રઝી.) ઘણી ઈબાદત કરતા હતા. એકવાર તેમના પગમાં કોઈ ચીજ પેસી ગઈ હતી જે દરદને લીધે કાઢી શકાતી ન હતી તો આપ જ્યારે સજદામાં ગયા ત્યારે તે ચીજ કાઢી લેવામાં આવી હતી, અને તે સજદાની હાલતમાં તેમને કોઈ દરદ ન લાગ્યું. આ વાત બતાવે છે કે હઝ. અલી શેરેખુદા (રઝી.) ના દિલમાં કેટલો ખોફે ખુદા હતો કે સજદાની સ્થિતિમાં તેમને દરદ ન થયું. હઝ. અલી (રઝી.) ઘણાં ભાવથી રોઝા રાખતા હતા. આપ (રઝી.) એ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને તરાવીહની નમાઝની યાદ દીધી હતી.

પણ તમે રાફઝીઓ નમાઝ પઢતા નથી, તરાવીહ પણ પઢતા નથી, રોઝા રાખતા નથી, હઝ. અલી (રઝી.) ની વાતથી અવળા ચાલો છો અને સાથે સાથે પોતાને અલી-દોસ્ત ગણાવો છો. આ બેવડી ચાલ તો નાનો બાળક પણ સમજી લે તેવી વાત છે. હવે તમારી હઝ. અલી (રઝી.) ની પયરવી (અનુસરણ) વગરની અલી-દોસ્તી કેવી ? ચોરને તેના ચોરેલા પોટકા સાથે પકડી લીધો છે. હવે તમારી પાસે મુદ્દલેય જવાબ નથી. અમારી (પીર મશાયખની) સામે તમે હવે છુપાઈ શકતા નથી. તમે 'ચાર-યારી' ના દુશ્મન સાબિત થયા છો. જો બાદશાહ (ઔરંગઝેબ) તમારો આ મકર (પ્રપંચ) જાણી લે તો તમને ખોળી ખોળીને મારે. તમે કાફીર છો, અને બીજાઓને મૂર્ખ બનાવો છો.

## બયાન : ૯૫૦-૧૮

## હ. અબૂબકર (રઝી.) ની ગાર (ગુફા) ની નેકી બધી નેકીઓથી બેહતર છે.

બીબી આયશા રઝીઅલ્લાહ અનહા કહીયે, એ હદીસ હંય કેહતે સુનકર લહીએ...૧
સર મુબારક નબીકા થા ઓનૂ ગોદ માંહા, અને બાદલ ને ચાંદ થા રે નાંહા...૨
જબ બીબીને નઝર આસમાનકુ ફિરાઈ, તબ રોશની તારોંકી બહોત નઝરૂં આંઈ...૩

તબ બીબીને નબીસૂં કીતી રે બાતી, તારે રે રોશન દેખે ઉસ રાતી...૪
પુછા નેકી કિસીકી, નબી અયસી રે દેખાવે, કે હિસાબમાં તારૂં, જેતી રે આવે...૫
તબ ઉમર ખત્તાબકા નામ નબીજીને લીતા, તબ બીબીને પુછના ફિરકર કીતા...૬
અબૂબકરકી નેકીયાં નબી હંય કિસ ઠામા, સબ નેકી રે ઉમરકી, લીયા નબીજીને નામા...૭
અબૂબકરકી એક, નેકી હો જેતી, સો ઉમરકી નેકી, જેતી કહીએ તેતી...૮
અબૂબકરકે હકમાં, બાત નબીજીએ કહી, બીબી આયશા સુનકર, મન ધર લહી...૯
ઉમર ખત્તાબને, એક દિન એતા ફરમાયા, સો કાનુ રે સબુંકુ થા રે સુનાયા...૧૦
અબૂબકરકુ અમલ મંય સબ રે દિલાહું, જો એક અમલ ઓનૂકા મંય રે પાહું...૧૧
સો રાતકા અમલ ગાર હો કેરા, જે નબી સાથ રહે થે મંય પાહું રે અનેરા...૧૨
યું ઉમરને સિદ્દીકકી તારીફ હય કીતી, સો બાત રે સબુને સુનકર લીતી...૧૩
રે તુંહી.

સિદ્દીકકી ખૂબી સુન સુન યાદ રાખો નિસદિન રે, યાદ રાખો નિસ દિન;
ખલીફે એ સહી નબીકે જાનો હેત કર મન રે, જાનો હેત કર મન.

## સમજુતિ : બયાન : ૯૫૦/૧૮

**હઝ. આયેશા સીદ્દીકા (રઝી.) બયાન કરે છે કે નબી (સ.અ.વ.) નું માથું મુબારક તેણીના ખોળામાં હતું, આસમાનમાં ચંદ્ર અને વાદળો ન હતાં, એટલે કે અંધારિયાનું આસમાન ચોખ્ખું હતું, ત્યારે તેણીએ આસમાન તરફ જોયું તો તે અંધારિયામાં અગણિત તારાઓ ચમકતા હતા. તેણીએ નબી (સ.અવ.) થી પૂછ્યું : "કોઈની નેકીઓ એવી છે જે આસમાનના આ ચમકતા તારાઓ જેટલી હોય છે ? તેના જવાબમાં નબી (સ.અ.વ.) એ જણાવ્યું કે, "હઝ. ઉમર (રઝી.) ની નેકીઓ". તો હઝ. આયેશા (રઝી.) એ વખતે પ્રશ્ન કર્યો કે," તો પછી હઝ. અબૂબકર (રઝી.) ની નેકીઓનું શું ? "તેના જવાબમાં નબી (સ.અ.વ.) એ કહ્યું : "હઝ. અબૂબકર (રઝી.) ની એક નેકી હઝ. ઉમર (રઝી.) બધી નેકીઓની બરાબર છે." હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ પણ એક દિવસ એવું ફરમાવ્યું, અને બધાંએ સાંભળ્યું હતું કે જો અબૂબકર (રઝી.) તેમની 'ગાર' ની એક નેકી મને આપે તો હું મારી બધી નેકીઓ હઝ. અબૂબકર (રઝી.) ને આપી દઉં."**

**આ રીતે હઝ. ઉમર (રઝી.) એ હઝ. અબૂબકર (રઝી.) ની ફઝીલત બયાન કરી.**

## બયાન : ૯૫૧-૧૯

# હ. અબૂબકર (રઝી.) અને હ. અલી (રઝી.) વચ્ચે આપસી દોસ્તી

સુનો મિશકાત મસાબીહ હય કિતાબકા નામા, અયસા હય લિખાયા સહી ઉસ ઠામા...૧

કે અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, એ તો રે મળીએ સબૂંસૂં લહીએ...૨

ભી મુરતઝા અલી રઝીઅલ્લાહ અનહો આયે, અને સિદ્દીકકી નઝરૂં આવતે દેખાયે...૩

તબ પેશાની અલીકી દેખ તબસ્સુમ કીતા, કે હસા રે આયા ઓનૂકુ સુનીતા...૪

એ સબબ હસેકા કયા અલીએ પુછાયા, તબ સિદ્દીકે જુવાબ અયસા રે બતાયા...૫

કે નબીજીસૂં ઐસી હય મંય હદીસ સુનાઈ, સો ઉસકી ખબર અલીકુ બતાઈ...૬

કહયા પુલ સિરાત ઉપર કો' ચલ રે ના જાવે, સો અલીકે લિખે બિના કોય જાના રેના પાવે...૭

કે જે હય અલીકા લિખા રે પાતા, વે પુલસીરાત ઉપર, ચલ હય સકાતા...૮

એતી સિદ્દીકને હદીસ નબીજીકી કહી, તબ અલીને ભી અવરોંને સુનકર લહી...૯

તબ તબસ્સુમ મુરતઝા અલીને કરાયા, અને જુવાબ તો ઈતના ફિરને બતાયા...૧૦

કહયા અબૂબકર બશારત હય એ તમના, મુજે નબીજીને કહા એક રે દંના...૧૧

કહયા અબૂબકરકે દોસ્તકુ હૈ લિખા રે દેના, કે વે પુલસીરાત કે ચલે રે મેના...૧૨

અને દુરીજન ઓનૂકે કુ લિખા રે ના દેના, યું અલીને કહા નબી હદીસકે બેના...૧૩

અબૂબકરને સૂનકર, ભી સબૂને લીતા, એ સુન સુન મૂમિન ચંત ઈતના દીતા...૧૪

રે તુંહી.

સિદ્દીકને બયાન હદીસકા, કહયા અલી હક માહે રે, કહયા અલી હક માહે,
અલીને ભી જુવાબ ઉસકા, દીયા છુપાયા નાહે રે, દીયા છુપાયા નાહે.

## સમજુતિ : બયાન : ૯૫૧/૧૯

**મીશ્કાતુલ મસાબીહ (વિષયવાર હદીષ સંગ્રહની કિતાબ છે) એમાં એવું લખ્યું છે કે, હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ હઝ. અલી શેરેખુદા (રઝી.) ને આવતા જોયા તો તેમણે તબસ્સમુ (સ્મિત/મંદહાસ્ય) કર્યું તો તેનો સબબ (કારણ) હઝ. અલી શેરેખુદા (રઝી.) એ પૂછયું તો હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ કહ્યું કે તેમણે નબી (સ.અ.વ.) થી બશારત (ખુશખબરવાળી) હદીષ સાંભળી છે કે આપે (સ.અ.વ.) એકવાર એમ કહ્યું હતું કે, "કોઈ હઝ. અલી શેરેખુદી (રઝી.) ની ચિઠ્ઠી**

વગર પૂલ સીરાત પર પસાર થઈ શકશે નહિ.'' તો હઝ. અલી શેરેખુદા (રઝી.) એ વળતું તબસ્સુમ કરીને કહ્યું કે, નબી (સ.અ.વ.) એ એવી પણ બશારત (ખુશખબર) આપી છે કે હઝ. અલી હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.) ના દુશ્મનોને આવી રજા આપશે નહિ. આપ (સ.અ.વ.) ની આ હદીષ આ બેઉ બુઝુર્ગ અસ્હાબોના હકમાં છે, જે હદીષને બીજા ઘણા અસ્હાબોએ સાંભળી હતી.

## બયાન : ૯૫૧-૧૯ અ. (નઝમ)

## રાફઝીઓને નસીહત

કૈસે કરો અબ જુવાબ રે તમે સુનો રે, રાફઝી બોલોને શિતાબા રે તમે સુનો રે...૧
અબ કૈસા જુવાબ કરોગે રે તમે સુનો રે, હીલે કૈસે મનમાં ધરોગે રે તમે સુનો રે...૨
સિદ્દીક હંય તારીફ કરતે રે તમે સુનો રે, અલી હકમાં હદીસ હંય પડતે રે તમે સુનો રે...૩
ઐસી સુનો નેહ કેરી બાતી રે તમે સુનો રે, સિફત કીતી સિદ્દીકે સુનાતી રે તમે સુનો રે...૪
અલીને ભી દીયા જુવાબા રે તમે સુનો રે, નબી બોલ આખીયા શિતાબા રે તમે સુનો રે...૫
એ તો નાંહી છુપી કુછ બાતી રે તમે સુનો રે, સુની સુની કહીયુંકી ઝાતી રે તમે સુનો રે...૬
પુલસીરાત કયું ચલ જાના રે તમે સુનો રે, સિદ્દીકકા નેહ જો ના માના રે તમે સુનો રે...૭
જૂં હંય નબીજીને આખા રે તમે સુનો રે, અલીને યું સુનકર રાખા રે તમે સુનો રે...૮
બયાન અલીને વે કીતા રે તમે સુનો રે, વાએદા એ સાચા હૈ સુનીતા રે તમે સુનો રે...૯
રાફઝી હો દુશમન તમના રે તમે સુનો રે, અબૂબકર કેરે તંના રે તમે સુનો રે...૧૦
અલી કેરા લિખા નાહી પાહો રે તમે સુનો રે, પુલસીરાત કયું કર જાહો રે તમે સુનો રે...૧૧
નાહી તો જુવાબકી ઠામા રે તમે સુનો રે, રાફઝી તો તમારા હય નામા રે તમે સુનો રે...૧૨
આપ મન ફરેબ હો કરતે રે તમે સુનો રે, ખવફ નાહી તલ મન ધરતે રે તમે સુનો રે...૧૩

## સમજુતિ : બયાન : ૯૫૧/૧૯ અ

**રાફઝીઓને શીખામણ : રાફઝીઓ તમે સાંભળો !**

રાફઝીઓ ! તમારી પાસે ઉપરોક્ત હદીષનો શું જવાબ છે ? તમારી પાસે તેનો જવાબ હોય તો શીતાબી (જલદીથી) આપો. હઝ. અલી શેરેખુદા (રઝી.) અને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ તો નબી (સ.અ.વ.) ની હદીષને પાચે એક બીજાની તારીફ (વખાણ) કરી તેવો તેઓમાં આપસી પ્રેમ હતો, તે વાત છુપી નથી. જો તમારે રાફઝીઓને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) થી પ્રેમ ન હોય અને તેમનાથી

દુશ્મની રાખતા હોવ તો તમે પૂલ-સીરાત શી રીતે પાર કરશો. નબી (સ.અ.વ.) એ જેવી હદીષ કહી છે તેવી જ હઝ. અલી શેરેખુદા (રઝી.) એ કહી. તમે રાફઝીઓ તો હઝ. અલી શેરેખુદા (રઝી.) ના દુશ્મન ઠર્યા છો તેથી તમને પૂલં સિરાત પાર કરવા હઝ. અલી (રઝી.) ની ચિઠ્ઠી પણ મળવાની નથી. હઝ. અલી શેરેખુદા (રઝી.) એ તો નબી (સ.અ.વ.) થી જેવું સાભળ્યું તેવું સાચેસાચું કહી બતાવ્યું. રાફઝીઓ તમને આવો ફરેબ (પ્રપંચ) કરતાં અલ્લાહનો જરાયે ખોફ (ડર) નથી આવતો ! તમારૂં નામ જ છે રાફઝી !

## બયાન : ૯૫૨-૨૦

## જન્નતમાં પહેલા હ. અબૂબકર (રઝી.) જશે.

ભી હદીસકા બયાન અયસા હય રે સુનાયા, અબૂબકર કે હકમાં લિખેસૂં પાયા...૧

કહયા જીબરઈલ આવકર હાથ મેરા પકડાયા, અને બહિશ્ત કેરા દરવાઝા મુજે ખોલને દેખાય...૨

કહયા ઉસ માંહે ઉમ્મત નબી તમારી જાવે, સો સગલી બહિશ્તમાં આરામ રે પાવે...૩

તબ સિદ્દીકને સુનકર અરઝ રે કીતી, સો ખુશાલી કે લીતે કીતી રે સુનીતી...૪

કહયા નબીજી મંય તમૂં સાથ રિકાબમાં આતા, તો મંયભી બહિશ્તકુ નયનૂ રે દેખાતા...૫

તબ નબીજીને ફિરકર ઈતના પઢાયા, સો મજાલિસ માંહી સબકુ સુનાયા...૬

કહયા પેહલા પેહલ બહિશ્તમાં જે જાવે રે ઝાતી, સો સિદ્દીક તમ હો, યું કહી રે બાતી...૭

ભી હદીસ તો અયસી હય રે સુનાઈ, અબૂબકર કે હકમાં, હય રે લિખાઈ...૮

કે નિદા રેહોવેંગી રબસૂં પુરી; સો બહિશ્ત રખવાલસૂં જે રિઝવાન નૂરી...૯

કે અબૂબકર ગારમાં થે નબીજીકે સાથા; ઓનૂકુ લે ચલો પકડકર રે હાથા...૧૦

અબૂબકરકે હાથકૂ વે પકડ લે જાવો, સો કદમ એક નબીસૂં આગે રે ચલાવે...૧૧

એ હોકમસૂં બહિશ્તકુ જા આગેસૂં દિખાવે, કે રિઝવાન નૂરી યું આગેસૂં પહોંચાવે...૧૨

એ હદીસકા બયાન બૂઝો રે સહી, એ સુન સુન મૂમિન મન ચંત એ લહી...૧૩
રે તુંહી.

અબૂબકરકુ રિઝવાન લેકર જાવે બહિશ્તકે ઠામ રે, જાવે બહિશ્ત કે ઠામ;
સો હુકમસૂં નૂરી એ કરે, પેહલા પેહલ સહી એ કામ રે, પેહલા પેહલ સહી એ કામ.

## સમજુતિ : બયાન : ૯૫૨/૨૦

નબી (સ.અ.વ.) એ એક મજલીસમાં હદીષ કહી કે જીબ્રઈલ (અ.સ.)

એ નબી (સ.અ.વ.) નો હાથ પકડીને જન્નતનો દરવાજો નબી (સ.અ.વ.) ને ખોલી દેખાડ્યો, અને કહ્યું કે "આપની ઉમ્મત આ જન્નતમાં આરામ કરશે", તો આ વાત સાંભળી હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ખુશ થઈ ગયા, અને નબી (સ.અ.વ.) એ એમ પણ કહ્યું કે "તે જન્નતી રિકાબ (વર્તુળ) માં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) પણ હશે". નબી (સ.અ.વ.) એ તે મજલીસમાં હાજર લોકોને જણાવ્યું કે જે જણ બહિશ્ત (જન્નત) માં આગળ (પહેલો) જશે તે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) હશે, અને જન્નતના રખેવાળ ફરિશ્તા રીઝવાનને અલ્લાહ તરફથી નીદા (મોટેથી અવાજ) થશે કે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ નબી (સ.અ.વ.) ના ગાર (ગુફા) ના સાથી છે, તેથી તેમનો હાથ પકડીને નબી (સ.અ.વ.) થી એક કદમ આગળ રાખી જન્નતમાં લઈ જાઓ, અને જન્નતનો રખેવાળ ફરિશ્તો રિઝવાન તેની ઉપર અમલ કરશે. આ નબી (સ.અ.વ.) ની હદીષ છે, તેને મન પર લો. રે તુંહી... અલ્લાહના હુકમથી રિઝવાન ફરિશ્તો હઝ. અબૂબકર (રઝી.) ને જન્નતમાં પહેલાં દાખલ કરશે.

### બયાન : ૯૫૩-૨૧

## હ. અબૂબકર (રઝી.) તેમના ગુનાહગાર સાથીઓને લઈને જન્નતમાં જશે.

સુનો બાઝ રે કિતાબોસૂં એસી ખબર સુનાઈ, સો હદીસ હય સહી મંય દેખને લિખાઈ...૧
સો ફરમૂદા અપને નબીજી હો કેરા, તમ હદીસકે બયાનસૂં, સુનીયો સવેરા...૨
કે જબ રે કિયામત હોવે રે દંના, સબ એગઠે કરાવે રબ ઉસ નિદ મંના...૩
તબ અરશકે ફરિશ્તે નિદા રે કરેંગે; અબૂબકરકે નામસૂં, હાંકા મન રે ધરેંગે...૪
કે હવે અબૂબકરકૂ લા ઠાડે રે કરાહો, અને અરશકી બરાબર ઓનૂકુ રખાહો...૫
પિછે રબ કેહવે તમુ કુ હૈ બહિશ્ત માંહી જાના, અબૂબકરકે નામસૂં રબ કરે રે બયાના...૬
કે હવે અબૂબકર સુનો પરવરદિગારા, મેરે દોસ્તોંકે ઉપર તુ કરને પિયારા...૭
કે વે ગુનેહગારોં માંહે હંય દાખિલ કરાએ, તબ રબ કેહવે ઓનૂકુ હંય ઐસે રે લિખાએ...૮
કેહવે બખશીશ મુજે કર તુ ઓનૂકી ઈલાહી, અબૂબકર કેહવે ફિર ખબર સુનાહી...૯

તબ રબ કેહવે બહિશ્તમાં જાહો દોસ્તો સેતી, સો દોસ્તોં કે દોસ્તોંસૂં જેતી ઝાત રે તેતી...૧૦

કેહવે ઉસમાં કૂબ્બા હય ખૂબ નિરમલા કીતા, ચાર હઝાર રે બારા હય ઓસે રે દીતા...૧૧

કેહવે બરસકી રાહાકા પેહલા હય રે દરવાજા, ઉસ કૂબ્બેમાંહી જાહો, રબ દેવે યું અવાઝા...૧૨

સો દોસ્તોં કે દોસ્તોંસૂં વાં જા લેઓ રે મકાના, એ સુન સુન મૂમિન મન ઈતના જાના...૧૩

રે તુંહી.

દોસ્તોં કે દોસ્તોં સેતી બખશિશ દેવે રબ રે, બખશિશ દેવે રબ; અબૂબકરકે નામસૂં કેહવે, બહિશ્તમાં જાહો સબ રે, બહિશ્તમાં જાહો સબ.

## સમજુતિ : બયાન : ૯૫૩/૨૧

**પીર મશાયખ (રહે.) ખુલાસાવાર કહે છે :**

**મેં કિતાબોમાંથી નબી (સ.અ.વ.) ની હદીષ જોઈને લખી છે કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું : જ્યારે કયામતના દિવસે બધાં એકઠાં થશે ત્યારે અલ્લાહના અર્શના ફરિશ્તા હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નું નામ લઈને નીદા (હાંક મારશે) કે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને અલ્લાહના અર્શની સામે ઉભા કરો. પછી અલ્લાહ કહેશે કે ''હવે તમે જન્નતમાં જાઓ'' તો હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) કહેશે કે ''અલ્લાહ તું મારા ગુનાહગાર ચાહકો ઉપર રહમ કર, અને તેમની બક્ષીશ (માફી) કર''. ત્યારે અલ્લાહ કહેશે કે ''જન્નત જેમાં સુંદર કુબ્લા (ઘુંમટ) જેવા મહેલ છે અને જ્યાં જન્નતનાં બારણાં થી તે મહેલ સુધી જવાનો એક વરસની મુસાફરીનો રસ્તો છે ત્યાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) તેમના ચાહકો સેતી (સાથે) જાય.'' રે તુંહી... હઝ. અબૂબકર સિદ્દીક (રઝી.) ના દોસ્તોને અલ્લાહ બક્ષી દેશે, અને તેવણનું નામ લઈને તેમને અલ્લાહ જન્નતમાં જવાનું કહેશે.**

## બયાન : ૯૫૪-૨૨

સુનો મેહલ હય બનાયા રબને અનેરા, સો અબૂબકર કાજ તમ સુનીઓ સવેરા...૧

સો ઈલ્લીઈનકે ઉપર કૂબા હય સુનાયા, વે સફેદ રે યાકૂતકા હય રે સુનાયા;...૨

જો ઉપર કૂબેકા કીયા રે બયાના; સુનો કૂબેકે નામસૂ ગુંબઝ નિશાના...૩

ચાર હઝાર ઉસ્કે દરવાઝે કહીએ, બરસ એક એક્કા પોહળા હય રે લહીએ...૪

સો દોસ્તોં હો સેતી જાવે ઉસ ઠામા, જે અબૂબકર સિદ્દીક કહીએ નામા...૫

કે જબ એ રબકા દીદાર ચાહવે, કે રબકુ દેખના સોચ મન લાવે...૬

તબ દરવાઝા તુરત જાવે રે ખોલકર, સહી દીદાર તો રબકા પાવે ઉમ્મેદ મનધર...૭

સો બેહિજાબ ઓનૂકુ યું હોવે રે દીદારા,[3] સુના રબકા ઓનૂકુ હય અયસા રે પિયારા...૮

કયું ના હોવે એ નબીકે ખાસે ચાર કેહલાએ, ભી ખલીફે નબીજી કેરે હય સુનાએ...૯

હય વલીકા દોસ્ત હોતા વલી હો જૈસા, સહી વે હય કામ કરતા જૈસા વલી રે વૈસા...૧૦

સુનો ચાર ગાર નબીકે હય ઓનૂકા નામા, ભી ખિલાફત નબીજી કેરી રે ઠામા..૧૧

તો ખૂબી હો કેરી ના હય અજબ રે બાતી, જે ચાર રે કેહલાએ ખાતિમકી ઝાતી...૧૨

એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૩

રે તુંહી.

સિદ્દીક દીદાર પાયસી, જબ કરસી મન ચાવ રે, જબ કરસી મન ચાવ;
યુંઆવ રબ દેખાયસી, કર કર મન બહોત ચાવ રે, કર કર મન બહોત ચાવ.

## સમજુતિ : બયાન : ૯૫૪/૨૨

**પીર મશાયખ (રહે.) સમજાવે છે :**

**અલ્લાહે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) માટે જન્નતમાં કુબ્બા (ઘુંમટ) જેવો મહેલ બનાવ્યો છે જે ઈલ્લીયીન (જે નેક લોકોની નોંધ વહી છે) ની ઉપર સફેદ યાકુત પત્થરનો છે, તેને ચાર હજાર દરવાજા છે, અને દરેક દરવાજો એક વરસની મુસાફરીના અંતરનો પહોળો છે. જેમાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) તેમના દોસ્તો સાથે જશે, અને તેઓને કોઈપણ દરવાજેથી બેહીઝાબ (વગર પરદે) અલ્લાહનો દીદાર થશે, અને આવું કેમ ન થાય, જયારે કે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નબી (સ.અ.વ.) ના ગાર (ગુફા) ના સાથી હતા અને તેમને નબી (સ.અ.વ.) ની ખિલાફત પણ મળી હતી. તેઓને તેમની ઈછ્છા મુજબ અલ્લાહનો દીદાર થશે. રે તુંહી... હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને અલ્લાહનો દીદાર તેમનું મન ચાહે તેમ થશે.**

**બયાન : ૯૫૫-૨૩**

## કયામતમાં જન્નત અને દોઝખની ચાવીઓ હ. અબૂબકર (રઝી.) ને હાથ હશે.

સુનો મુરતઝા અલી રઝીઅલ્લાહ અનહો કહીએ, એ હદીસ હંય કેહતે સુનકર લહીએ...૧

સો ફરમૂદા અપને નબીજી હો કેરા, મુરતઝા અલી હંય કેતે તમે સુનીઓ સવેરા...૨
કે કિયામત હુકમ કરેગા મીતા, સો બયાન રે ઉસકા ઐસા સુનકર લીતા...૩
કે મિમ્બરકૂ ઠાડે કરે રે નૂરી, તબ મિમ્બર બિછાવે નૂરી હય જે હુઝૂરી...૪
સો એક તો મિમ્બર હોવે મોતી હો કેરા, દો રૂપે ને સોનેકે દૂજે સુનીઓ સવેરા...૫
અબૂબકરકે નામસૂં તબ હોવે ફરમાના, કે બૈઠોને મિમ્બર પર જે બીચ હય નિશાના...૬
દો મિમ્બરૂંકે દોનૂ પાસ, દો નૂરી બિઠાવે, વે નામ ઓનૂ દોનૂકે અયસા રે સુનાવે...૭
તબ જમણી તરફકા ઉઠેગા નૂરી, અબૂબકરસૂ: કરેગા બાત રે પૂરી...૮
અહલ મવકુફ નામસૂં કરે સિદ્દીકસૂં બાતી, જે જમને પાસ હય નૂરીકી ઝાતી...૯
કેહવે જે કોઈ મુજકુ હય રે પિછાનતા, વેતો મેરે નામસૂં હય મુજે રે જાનતા...૧૦
અને જે કોઈ મુજકુ નાંહી રે પિછાનો, વે રિઝવાન નામસૂં મુજે રે જાનો...૧૧
કેહવે મુજે તો હુકમ અયસા હુવા રે ઈલાહી, કીલી બહિશ્તકી નબીકુ દો ખબર સુનાહી...૧૨
ઓને નબીજીને મુજકુ હુકમ હય કીતા, અબૂબકરકૂ કીલી દેઓ મંય સુનકર લીતા...૧૩
કહયા આપસકે દોસ્તોસૂં ખોલ બહિશ્તમાં જાવે, જે અબૂબકર સિદ્દીક નામ રે કેહલાવે...૧૪
અને દુશ્મન આપકે કૂ છોડે રે નાંહા, કે દુરીજન જાવે બહિશ્તકે માંહા...૧૫
કે વાસ્તે ખુદાકે એ ગુસ્સા રે સહી, એ સુન સુન મૂમિન ચિંતા એતી મન લહી...૧૬

રે તુંહી.

રિઝવાન કીલી સિદ્દીકકુ, દેકર કરે બાત રે, દેકર કરે બાત;
દોસ્તોસૂં જાહો તમ બહિશ્તમાં, બાર રાખો દુરીજન ઝાર રે, બાર રાખો દુરીજન ઝાત.

## સમજુતિ : બયાન : ૯૫૫/૨૩

**હઝ. મુરતઝા અલી (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ બયાન કરે છે કે કયામતને દિવસે અલ્લાહના હુકમથી ફરિશ્તાઓ મીમ્બરો (પગથિયાવાળી બેઠકો) ઉભાં કરશે, તેમાંથી એક મોતીનો હશે અને તેને ડાબે-જમણે (બંને બાજુ) એક રૂપાનો અને એક સોનાનો મીમ્બર હશે. ત્યારે હઝ. અબૂબકર (રઝી.) ને વચલા મીમ્બર ઉપર બેસવાનો હુકમ થશે, અને તેમની ડાબે-જમણે (બંને બાજુ) અલ્લાહના ફરિશ્તાઓને બેસાડશે. પછી જમણી તરફનો ફરિશ્તો કહેશે કે "હે અહલ મૌકુફ (હાજરજનોને સંબોધન, ખાસ કરીને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ઉદ્દેશીને) મને તમે લોકો ઓળખો કે હું જન્નતનો ફરિશ્તો રીઝવાન છું અને**

મને અલ્લાહનો હુકમ છે કે જન્નતની કીલી (ચાવી) નબી (સ.અ.વ.) ને આપું, પણ નબી (સ.અ.વ.) નો એવો હુકમ છે કે, તે ચાવી હું હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને આપું કે જેથી તેઓ તેમના દોસ્તોને સાથે બહિશ્ત (જન્નત) માં જઈ શકે અને આપ (રઝી.) ના દુશ્મનોને જન્નતમાં ન જવા દે. કેમકે તેમના દુશ્મનો ઉપર અલ્લાહનો ગુસ્સો છે".

### બયાન : ૯૫૫-૨૩ અ. (પેહલ)

## રાફઝીઓને શીખામણ

રાફઝી સુનો બાત મેરી રે, કૈસી ચિંતા દીતી સવેરી રે...૧
દુશમન હો સિદ્દીકકી ઝાતી રે, કયસી તમૂને એ બુઝી હય બાતી રે...૨
દોસ્ત અલીકે જો તુમ હો કેહલાતે રે, ફરમૂદા મન કયું નાંહી લાતે રે...૩
સુનો અલીને કીયા ફરમાના રે, હદીસ નબીજીકા બયાના રે...૪
કયું બાત નાહી એ ચિંત માંહી દેતે રે, સુનકર કબૂલ કયું નાંહી લેતે રે...૫
અબૂબકર બહિશ્ત માંહે જાવે રે, દોસતૂં હો સેતી કદમ ધરાવે રે...૬
દુરીજન વે બાર રખાવે રે, બહિશ્ત માંહે આને ના પાવે રે...૭
બહિશ્ત બના નાહી અવર ખૂબ ઠામા રે, દુજી હય વે તો દોઝખ નામા રે...૮
જે હય બહિશ્ત માંહી જાનેના પાયા રે, દોઝખી દેખોને વે કહલાયા રે...૯
મુરતઝા અલી હંય હદીસ કેહતે રે, રાફઝી કયું તમે સુન નાંહી લેતે રે...૧૦
તુમ કયસે હો અલી દોસ્તદારા રે, ફરમૂદા અલીકા કરા ના પિયારા રે ?...૧૧
એતો નિશાની હય દુરીજન કેરી રે, સુન સુન મૂમિન બૂઝો સવેરી રે...૧૨
દુરીજન દુરીજનકુ નાહી ચાહવે રે, કામ ઉસકા ઉલટા બનાવે રે...૧૩
વે તો તુમ માંહે સહી નિશાની રે, દોસ્તી અલીકી હય કયસી જાની રે...૧૪
તુમ સહી દુરીજન અલી કેરે રે, નિશાનીયુસૂં બૂઝો સવેરે રે...૧૫
ભી તુમ અમલ હો ભૂંડે કરાતે રે, ખવફ ખુદાકા મન નાંહી લાતે રે...૧૬
દોસ્ત હમારે જે અલી હય કેરે રે, વે નેક કામ હય કરે સવેરે રે...૧૭
દોસ્તી તમૂસૂં ના અલીકી હોવે રે, તોબાહ સેતી જે મન ના ધોવે રે...૧૮
દેઓને રાફઝી હમકૂ જુવાબા રે, બોલોને બોલો હોને શિતાબા રે...૧૯
દોસ્તી તુમારી કા કયસા બયાના રે, અવલે હો કરતે સબહી નિશાના રે...૨૦

## સમજુતિ : બયાન : ૯૫૫/૨૩ અ

**રાફઝીઓને શીખામણ :**

**પીર મશાયખ (રહ.) કહે છે કે રાફઝીઓ તમે મારી વાત સાંભળો, તમોએ શું વિચારી રાખ્યું છે જેથી તમો હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) થી દુશ્મની રાખો છો ? તમે પોતાને અલી-દોસ્ત કહો છો અને તમે હઝ. અલી શેરેખુદાના ફરમાન (વાત) ને તો માનતા જ નથી. અને તેમનું ફરમાન એ નબી (સ.અ.વ.) ની હદીષ છે. તમે તેને કેમ કબુલતા નથી ? હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) તેમના દોસ્તો સેતી (સાથે) જન્નતમાં પગ ધરશે, અને તેમના દુશ્મનોને જન્નતની બહાર રાખશે, અને તે દુશ્મનોનું ઠામ જહન્નમ હશે. તમે કેવા પ્રકારના અલી-દોસ્ત છો ? હઝ. અલી શેરેખુદા (રઝી.) થી દોસ્તી પણ રાખવી અને તેમની વાત ન માનવી એવું તમારૂં બેવડું ધોરણ તમારી હઝ. અલી કર્રમલ્લાહ વજહહુ (અલ્લાહ તેમના ચહેરે રહેમ કરે) થી ખુલ્લી દુશ્મની છે, અને આ તમારી તેમનાથી દુશ્મનાવટ છે, અને તમારામાં તેની નિશાની ભરેલી છે. તમારા આ અમલો ભુંડા છે. તમે તમારી આવી બેવડી નીતિથી તવબાહ કરો. હવે તમે રાફઝીઓ મને જવાબ આપો કે તમારી આ અલી-દોસ્તી કેવી ?**

### બયાન : ૯૫૬-૨૪

# હઝ. અબૂબકર (રઝી.) ના દુશ્મનો દોઝખમાં

બાઝ ડાબે રે પાસેકા નૂરી ઠાડા હોવેગા, અને અરઝકી રીત અયસી રે કેહવેગા.
એ અહલ મૌકુફ જે મુજે હય જાને, સહી વેતો મુજકુ હય રે પિછાને.
અને જે કોઈ મુજકુ નાહી રે પિછાનતા, મંય ઉસે કહું નામ મેરા રે કહેતા.
કે માલિક મેરા હય રે નામા, જે રખવાળ દોઝખ કેરી રે ઠામા.
મંય હવાલે નબીકે કીલી દોઝખકી કીતી, તબ મોહંમદ એતની બાત કહી હય સુનીતી.
કે અબૂબકર હવાલે એ કીલી હય કરની, કે કીલીઆં ઓનૂકે આગે લે ધરની.
કે દુશ્મન આપકે લે દોઝખમાં બાવે, સો ખુદાકે વાસ્તે ગુસ્સા રે લાવે.
માંહે જાને રે ના દેવે દોસ્ત રે આપા, કે દોઝખ કેરા હય બુરા રે તાપા.
યું તીન બાર અરઝ કરેગા પૂરી, જે ડાબે પાસે હય માલિક નૂરી.
કે અહલ મૌકુફ તુમ દીજીઓ ગવાહી, કે મંય હું ખબર જે તમુકુ બતાઈ.

અહલ મવકુફકે માએને ખલિફેકે જાનો, યું માલિક કેહવેગા સુનકર માનો.
એ હદીસ તો મુરતઝા અલીને કીતી, જૂં અપને નબીસૂં સુનકર લીતી.
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી.
રે તુંહી.

રાફઝી સુન ઈસ બાતકુ, અબ કયસે કરે જુવાબ રે, અબ કયસે કરે જુવાબ;
જુવાબ નાંહી તુજે આવસી, તોબાહ કર શિતાબ રે, તોબાહ કર શિતાબ.

## સમજુતિ : બયાન : ૯૫૬/૨૪

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ડાબે ફરિશ્તો ઠાડો (ઉભો) હશે, અને કહેશે કે હાજર જનો મને ઓળખો કે હું દોજખનો રખેવાળ ફરિશ્તો 'માલિક' છું, અને મેં દોજખની ચાવી નબી (સ.અ.વ.) ને હાથ દીધી, પણ તેમણે તેને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને આપવા કહ્યું છે કે જેથી હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) પોતાના દુશ્મનોને દોજખમાં નાંખે. તે ડાબી બાજુનો ફરિશ્તો આવું હુકમનામું ત્રણ વખત બોલી સંભળાવશે અને કહેશે કે હાજરજનો તે હુકમનામાની ગવાહી (સાક્ષી) આપે. પીર મશાયખ (રહે.) પણ અહલ મોકુફનો માયેનો (અર્થ) ખલીફા કહે છે (કે તે સંબોધન બધાયની વચ્ચે ખાસ કરીને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ખાતર હશે). આ હદીષ હઝ. અલી મુરતઝા (રઝી.) થી રિવાયત (વર્ણન) થયેલ છે અને તેમણે નબી (સ.અ.વ.) થી જેવી સાંભળી તેવી કહી છે. રે તુંહી... પીર મશાયખ (રહે.) કહે છે કે તમે વાત સાંભળો અને પોતાને પાક કરો. રાફઝી આ હદીષ સાંભળીને હવે શો જવાબ આપશે ? તમારી પાસે જવાબ જ નથી.**

## બયાન : ૯૫૬-૨૪ અ. (નઝમ)

# રાફઝીઓથી સવાલ કે તમે મોમીન નથી

રાફઝી કાં હય છુપ જાહોં રે તમે સુનો રે, જુવાબ હમૂકુ બતાહો રે તમે સુનો રે...૧
જેતે જેતે રાફઝી તંના રે તમે સુનો રે, કીલી હુઈ ઓનૂકે હવાલા રે તમે સુનો રે...૨
દોઝખકા દેવે રખવાલા રે તમે સુનો રે, દુરીજન જે આપસ હો કેરે રે તમે સુનો રે...૩
દોઝખ બાવે વે સવેરે રે તમે સુનો રે, હદીસ હય અલી એ કરતે રે તમે સુનો રે...૪
નબીજીસૂં જૂં હય સુન લેતે રે તમે સુનો રે, અબ કહાં ભાગ જાઓ તમના રે તમે સુનો રે...૫
જેતે તુમ રાફઝી તંના રે તમે સુનો રે, સહી તુમે દોઝખ બુલાએ રે તમે સુનો રે...૬

જે તે તુમ રાફઝી કેહલાએ રે તમે સુનો રે, ચેતો ચેતો મૂરખ ગમારા રેતમે સુનો રે...૭
કયસા સોચ મન હૈ સવારા તમે સુનો રે, ગવાહી એ અલી કેરી રે તમે સુનો રે...૮
વે તો સુન મન દેઓ સવેરી રે તમે સુનો રે, અલીકે જો દોસ્ત હો કેલાતે રે તમે સુનો રે...૯
ફરમૂદા મન કયું ના લાતે રે તમે સુનો રે, જાનતે હો અલી દોસ્ત નાંહા રે તમે સુનો રે...૧૦
કહા નાં લાહો દિલ માંહા રે તમે સુનો રે, હો કયા તુમ યહૂદી નસારા રે તમે સુનો રે...૧૧
કૈસા દિલ રાખા હૈ કરારા રે તમે સુનો રે, મુમિનકી નાંહી તમ રીતા રે તમે સુનો રે...૧૨
હુકમ ચંત નાંહી દીતા રે તમે સુનો રે, ચાહ્યા મેરે હૈ જો રબ કેરા રે તમે સુનો રે...૧૩
આગે બયાન લિખૂં એ સવેરા રે તમે સુનો રે, હુજ્જત હોવે તો તમુ લાહો રે તમે સુનો રે...૧૪
બયાન વે હમુકુ દેખાઓ રે તમે સુનો રે...૧૫

## સમજુતિ : બયાન : ૯૫૬/૨૪ અ

**પીર મશાયખ (રહે.) કહે છે તમે સાંભળો !**

**તમે જેટલા રાફઝીઓ છો તે હવે ક્યાં છુપાઈ જશો, અને શું જવાબ આપશો ? દોજખનો રખેવાળ ફરિશ્તો દોજખની ચાવી નબી (સ.અ.વ.) ના હુકમથી હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને આપશે, જેથી આપ (રઝી.) તેમના દુશ્મનોને દોજખમાં નાંખે.**

**આ હદીષ હઝ. અલી શેરેખુદા (રઝી.) પોતે જ બયાન કરી છે, તેથી હવે તમારા રાફઝીઓને નાસી છુટવાની કોઈ જગ્યા રહી નથી. તમને તો હવે દોજખ જ બોલાવે. ગમારો ! હજીક સમય છે કે તમે ચેતો, અને હઝ. અલી શેરેખુદા (રઝી.) ની આ સાક્ષીને માની લો. તમે પોતાને અલી-દોસ્ત કહો છો તો તેમનું ફરમાન કેમ મન ધરતા નથી ? જો તમે તેમ નથી કરતા તો તમે અલી-દોસ્ત નથી તે સ્પષ્ટ જણાઈ આવે. શું તમે યહુદી કે નસારા (એક ઈસાઈ પંથ) છો ? તમારી રીત એ મોમીનની રીત નથી. પીર મશાયખ કહે છે કે મારો રબ ચાહે તો તેઓ આ વિષે આગળ વધુ લખીશ. તમારી પાસે તમારી વાતની હુજ્જત (દલીલ) હોય તો લાવો અને અમને દેખાડો.**

## બયાન : ૯૫૭-૨૫

## હ. અબૂબકર (રદી.) ની વફાત સમયે તેમની ઓલાદ

સુનો અબૂબકર રીઝઅલ્લાહ અનહો કહીએ; વક્ત મૌતકે ઓનૂને એતા કહયા રે લહીએ...૧

બીબી આયશા રઝીઅલ્લાહ અનહા જાનો, સો સિદ્દીકને ઓનૂકુ કહા રે માનો...૨
સો ફરઝંદ આપસકે સિફારીશ કીતી, બીબી આયશાકે આગે એ ખબર સુણીતી...૩
દો બેટીયુંકા નામ લે એક બેટા રે કહ્યા, બીબી આયશાને સુનકર જવાબ એ લહયા...૪
કહયા મંય હું એક બેટી ફેર બીબીને પુછાયા, કયા દુજી મેરી ભેના ? યું કરને બતાયા...૫
કહા ખાતૂનકુ હમલ હય સિદ્દીકે આખ્યા, વે બેટી રે જાએંગે ઈતના દાખ્યા...૬
સો અકસર તમારે દુજી આવેંગી ભેના, એતા સિદ્દીકે કહા આપ પૂછને મેના...૭
યું હુઆ કહે બાઝ દુજી બેટી રે આઈ, એ કરામત કેરી ઐસી ખબર સુનાઈ...૮
સુના નબીજીકે બાઝ દો રે સાલા, તીન મહીને ને સાત દીન હુવા વફાતકા હાલા...૯
દો બરસ ને સાત દિન તીન માસ રે કહીએ, નબી બાઝ ઈતને દિન રે લહીએ...૧૦
સો હુકમ ખિલાફત કેરા રે બયાના, એતા નબી બાઝ ઓનૂકા હુવા રે ઝમાના...૧૧
સો મગરિબ ઈશા બીચ થી મંગળ રાતા, સો જમાદિલ આખિર માસકૂ પાઈ રે વફાતા...૧૨
સો હિજરત બાઝ તેરમે સાલા, યાદ કર રબકુ એ સુનતે હાલા...૧૩
રે તુંહી.

જમાદિલ આખિર નામસૂં, જાન મંગળકી રાત રે, જાન મંગળકી રાત;
હિજરત બાઝ સાલ તેરમાં, પાહી સહી વફાત રે, પાહી સહી વફાત.

## સમજુતિ : બયાન : ૯૫૭/૨૫

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની વફાત (મોત) સમયે તેમની ઓલાદમાં બેટીઓમાં એક બેટી હઝ. આયશા સીદ્દીકા (રઝી.) હતાં, તેમ છતાં તેમણે એક બેટો અને બે બેટીઓ કહી, તો હઝ. આયેશા સીદ્દીકા (રઝી.) એ પ્રશ્ન કર્યો કે તેવણની બીજી બહેન કોણ ? હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ જવાબ આપ્યો કે, તેમનાં બીજાં ખાતુન (સ્ત્રી) હમલ (ગર્ભ) થી છે અને તેમને અકસર (લગભગ) બેટી (હઝ. આયશા (રઝી.) નાં બહેન) જનમશે, અને ખરેખર તેમના બીજા બીવીને બેટી જન્મી. આવી હતી. હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની કરામત.**

**આપની વફાત નબી (સ.અ.વ.) ની વફાત પછી બે વરસ, ત્રણ માસ અને અને સાત દિવસે થઈ હતી, એટલે કે આપની ખિલાફત આટલા સમયની જ હતી. આપની વફાતનો સમય મગરીબ અને ઈશાની વચ્ચેનો હતો, અને મહીનો જમાદીલ આખરનો હતો. હીઝરતથી ગણીએ તો હીઝરત પછી તેરમે વરસે આપ (રઝી.) ની વફાત થઈ ગણાય.**

## બયાન : ૯૫૮-૨૬

# હ. અબુબકર (રઝી.) ની ઉંમર (વય) અને તેમનું નબી (સ.અ.વ.) ની પડખે દફન

સુનો સાઠ ને તીન સાલ ઉમર હો કેરે, એ સિદ્દીકકી ઉમરકે સુનો બરસ સવેરે...૧

સો બાઈસમી તારીખ સુની રે ગહી, સો જમાદિલ સાનીકી સુની રે સહી...૨

સુનો તીન રે દિનકા હૈ વાકાં રે પડાતા, પેહલે સાત દિન કહેકા નાહી બયાન રે પાતા...૩

તો ઈસરે હિસાબૂં દિન દસ રે કહીએ, સો નબી બાઝ માસ તીજે લહીએ...૪

બીબી આયશા હંય કેહતે સુનકર લીજે, એ બયાન તો સારા ચંત માંહે દીજે...૫

કહયા બાઝોને દફન લે જા શહીદુંમાં કરના, કહયા બા'ઝોને બદીકી ઠામ જા ધરના...૬

કહા બીબીને ધરો ઓકી ભી હુજરેકે માંહા, સો મેરે હુજરેમાં અવર ઠામ નાંહા...૭

કે દોસ્તકુ દોસ્તકે પાસ રે ધરાહો, યું કહા રે બીબીને ઈતના ખાતિરમાં લાહો...૮

હજૂ એતો બાત કુછ ઠયરીથી નાંહા, કે બીબીકુ નીંદ આઈ ઈસ માંહા...૯

સુના કે હય અયસા આવાઝ કરાતે, દોસ્ત દોસ્તકુ મિલાહો યું હય રે બતાતે...૧૦

એતેમાં તો બીબીકી આંખ નીંદસૂં ખુલાઈ, સો આવાઝકી ખબર સબૂકુ બતાઈ...૧૧

ભી અવર ભી કેને કેને વેસા સુના રે કાના, અયસા આવાઝ હોવડા લખેસૂં જાના...૧૨

એ સુન સુન બાતી મન ધર લીજે, અને એક કર રબકુ મન ઈતના કહીજે...૧૩

રે તુંહી.

તારીખ થી બાઈસમી, જમાદિલ સાની જાન રે, જમાદિલ સાની જાન;
ખલીફે ખાસ નબીકે વફાત પાઈ માન રે, વફાત પાઈ માન.

## સમજુતિ : બયાન : ૯૫૮/૨૬

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની ઉંમર ૬૩ (ત્રેસઠ) વરસની હતી, પણ તેમની વફાતના મહીના અને તારીખ બાબતે ઈખતેલાફ (મતભેદ) છે કે તે તારીખ જમાદીસ્સાની માસની બાવીસમી તારીખ હતી. તેથી ગણાત્રીમાં વાંકુ (ફેર) પડે છે, અને આ હીસાબે નબી (સ.અ.વ.) ની વફાત પછી ૩ (ત્રણ) માસ અને ૧૦ (દશ) દિવસનો ફેર પડે છે.**

**હઝ. આયેશા (રઝી.) કહે છે કે કેટલાક લોકોએ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને શહીદોના કબ્રસ્તાન (ઉહદ સ્થળે) અને કેટલાકે જન્નતુલ બકીઅમાં**

દફન કરવાનો મશવીરો આપ્યો. પણ તેમણે (હઝ. આયેશા (રઝી.) એ તેમના હુજરા (ઓરડા) માં જ નબી (સ.અ.વ.) ને ઓંઠે (અડીને નજીકમાં) દફન કરવાનું કહ્યું, બીજે ક્યાંય નહિ. અને કહ્યું કે દોસ્તને દોસ્તની બાજુમાં જ દફન કરો. આ વાત હજીક ઠેરી નહતી (નક્કી થઈ નહતી) ત્યાં જ હઝ. આયેશા (રઝી.) ને ઉંઘ આવી ગઈ અને ઉંઘમાં અવાજ સાંભળ્યો કે દોસ્તને દોસ્તથી મેળવી દો, અને ત્યાં જ તેમની ઊંઘ ઉડી ગઈ અને આ હકીકત તેમણે બીજાઓને જણાવી, અને બીજાઓએ તે વાત એક બીજાઓએ જણાવી. જમાદીસ્સાનીની બાવીસમી તારીખે આપ (રઝી.) ની વફાત થઈ.

નોંધ : નબી (સ.અ.વ.) ના શરીર મુબારકને હઝ. આયેશા (રઝી.) જે ઓરડામાં રહેતા હતાં ત્યાં જ દફન કરવામાં આવ્યું હતું, કોઈ કબ્રસ્તાનમાં નહિ. આજે ત્યાં લીલો ગુંબદ દેખાય છે તે પથ્થરના ગુંબદ ઉપરનું લીલું આવરણ છે. એ વાત ધ્યાનમાં રાખવામાં આવે કે તે ઓરડાની પડખે જ મસ્જીદે નબવી હતી અને આજે પણ તેમજ છે. તે ઓરડાને ફરતી તુર્કોએ પાછળથી પાકી દિવાલ કરી હતી. અત્યારે એ દિવાલ ફરતે પડદા લટકાવેલા છે. તે દિવાલથી આગળ કોઈ આપ (સ.અ.વ.) ની કબર મુબારક પર ગયું નથી. તેથી રવઝા મુબારકના આંતરિક દ્રશ્યો જે આજે વહેતાં થયાં છે તે બધાં આભાસી છે અને કોઈનાં ઘડેલાં છે. આપ (સ.અ.વ.) ની માટીની કબર એક વેંત ઉંચી કરી તેની ઉપર પાણી છાંટવામાં આવતું હતું. (વિસાલનામા, બયાન નં. ૮૦૭/૧૧૩). આ ગુંબદ તુર્કી શાસને આપ (સ.અ.વ.) ના દુનિયાથી ઈન્તકાલ બાદ લગભગ સાડી છસો વરસો પછી બનાવ્યો હતો, અને તે, તે ઓરડાની બહાર છે. તેની પહેલાં ફક્ત ઓરડો જ હતો, અને કબર ઉપર ગુંબદોની પ્રથા તે ગુંબદથી બધે ફેલાણી, જે આજે દેખાય છે, અને તે આજે અકીદત (શ્રધ્ધા) બની ગઈ છે.

### બયાન : ૯૫૯-૨૭

## નબી (સ.અ.વ.) ની રઝાથી હઝ. અબૂબકર (રઝી.) નું નબી (સ.અ.વ.) ના રોઝામાં દફન

અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, ઓનૂ વસીયત કીતી થી રે લહીએ...૧
કે મેરે તાબૂતકુ રોઝે નબીકે લે જાના, અને રોઝે કે આગલ જો તાબૂત ધરાના...૨
બાઝ નબીજીકે પાસ રઝા રે મંગાની, એતી ઓનૂને નસીહત કીતી થી જાની...૩
પિછે હુકમ જો હોવે નબીજી કેરા, તો મુજકુ રોઝેમાં લે ધરીઓ સવેરા...૪

ન તો બકીકી ઠામકૂ લે જઈઓ તમના, એતી વસીયત કીતી થી ઉસ રે દંના...૫

સો વસીયત જયસા ઓનૂ કીયા રે કામા, જા તાબૂતકુ ઘરા બાર રોઝે રે ઠામા...૬

કહયા હય અબૂબકરકા તમૂ પાસ તન લાએ, યા રસૂલ ખુદાકે કર સબૂને બતાએ...૭

તબ પરદા દૂર હુવા રે સુનાયા, અને આવાઝ રોઝેથી અયસા રે આયા...૮

સુનનારૂ કેરે કાનૂ રે સુનાયા, મંય લખતા હું જયસા મંય લખેસૂં પાયા...૯

કે લાહો ભીતર દોસ્ત દોસ્તકે પાસા, અયસા જુવાબ તો રોઝેથી આયા રે ખાસા...૧૦

યું સિદ્દીક તો નબીકે દોસ્ત હંય સહી, સો યાર ગાર કેરી જૂં ખબર રે લહી...૧૧

એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને એક કર કહો દિન અવર રાતી...૧૨

રે તુંહી.

અબૂબકર રઝીઅલ્લાહ અનહો દોસ્ત નબીકે જાન રે, દોસ્ત નબી કે જાન;
યાદ ગાર જિનકા નામ હય, સહી એ સાચા માન રે, સહી એ સાચા માન.

## સમજુતિ : બયાન : ૯૫૯/૨૭

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ વસીયત કરી હતી કે તેમના તાબૂત (જનાઝા) ને નબી (સ.અ.વ.) ની કબર મુબારક આગળ ધરવામાં આવે અને આપ (સ.અ.વ.) ની રજા માંગીને, જો રજા મળે તો, તેમને આપ (સ.અ.વ.) ની બાજુમાં દફન કરવામાં આવે, નહિં તો જન્નતુલ બકીઅ (જે આમ કબ્રસ્તાન છે) તેમાં દફન કરવામાં આવે. તેમની વસીયત (મરણોત્તર ઈચ્છા) મુજબ તેમના જનાઝાને ત્યાં લઈ જવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે હે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) તમારી પાસે આવ્યા છે, તો પરદા પાછળથી અવાજ થયો કે તેમને અંદર લાવો, અને મારી પાસે (નબી પાસે) દફન કરો. આ અવાજને સાંભળનારાઓએ સાંભળ્યો. પીર મશાયખ (રહે.) કહે છે કે મેં જેવું કિતાબોમાં લખેલું છે તેવું લખ્યું છે, (તેમની પોતાની તરફથી નથી લખ્યું) હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નબી (સ.અ.વ.) ના ગારના સાથી હતા, અને આપના દોસ્ત પણ હતા. તમે આ વાત સાંભળો અને પોતાને પાક કરો, અને રાત-દિન કહો... રે તુંહી...**

**નોંધ : પીર મશાયખે કિતાબોમાં નોંધાયેલ વાતને નકલ કરી છે, એટલે આ વાતને જોવા-મુલવવા માટે તે કિતાબ શોધીને તેનો અભ્યાસ કરો.**

## બયાન : ૯૬૦-૨૮

# હ. પીર મશાયખે હ. અબૂબકર (રઝી.) ને તાબે થવા માંગેલ દુઆ.

સુનો અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, એ ચાર ગાર નબીજી કેરે રે લહીએ...૧
સો દૂજે ગારમાં કર રબને બતાએ, એ અયસે તો યારગાર નબીકે કેહલાએ...૨
એ ખલિફે નબીજી કેરે રે જાનો, અબૂબકર રઝીઅલ્લાહ અનહો પિછાનો...૩
યા ઈલાહી આલમીન કરમ તૂ કીજે, રબ હમકુ તવફીક નેક તુ દીજે...૪
સો મંય ભી અવર સબ મુસલમાના, તૂ કરમસૂ: ઈલાહી કર નેક રે શાના...૫
હમ તાબે હોવે સિદ્દીક અકબર કેરે, તેરે કરમસૂં ઉમ્મીદવાર હમ અનૂ રે કેરે...૬
સિદ્દીક મોહોબ્બત દિલ હમારે આવે, હય ઉમ્મીદ કે તવફીક બહોત અયસી તૂ દિલાવે...૭
યા ઈલાહી આલમીન કર કરમ તૂ તેરા, બોલ દુઆ હો કેરા કરે કબૂલ સવેરા...૮
સુનો દીન કેરે ભાઈ હોઓ સુન્નત જમાતા, સો અયસી રબ અનૂકી સુન સુન બાતા...૯
કે ચાર યારી હોઈએ અયસા અકીદા કરના, સો "ખુલફાએ રાશેદીન" સૂં નેહ મન ધરના...૧૦
સહી ચાર રે ખલીફે ચાર નબીજી હો કેરો, એ ખુલફાએ રાશેદીન બૂઝો નેહસૂં સવેરે...૧૧
એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૨
રે તુંહી.

ચાર યારી હોઈએ મૂમિના, સુન સુન દીનકી બાત રે, સુન સુન દીનકી બાત;
કિસીકૂં જે દુશમન હૈ, દોઝખી ઉસકી ઝાત રે, દોઝખી ઉસકી ઝાત.

## સમજુતિ : બયાન : ૯૬૦/૨૮

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**સાંભળો ! હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નબી (સ.અ.વ.) ના ગાર (ગુફા) ના સાથી હતા, અને આપ (સ.અ.વ.) ના ખલીફા પણ છે. તમે મારા આ બયાનો સાંભળીને તેમને ઓળખો. હે અલ્લાહ ! મને અને બધા મુસલમાનોને હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને તાબે રહેવાની તૌફીક (આંતર પ્રેરણા) આપ, અને તેમની મુહબ્બત અમારા દિલોમાં રાખ, અને મારી આ દુઆને કબુલ કર. તું મારી આ દુઆને કબુલ કર કે હું અને મુસલમાનો 'ચાર યારી' ના 'ચાર'**

(પ્રેમી) રહીએ, અને તેઓની ઉપર અમારો પ્રેમ બાકી રહે. સાંભળો, અલ્લાહને એક જાણો અને કહો... રે તુંહી...

### બયાન : ૯૬૧-૨૯

## હઝ. ઉમર (રઝી.) ની ખિલાફત બાબતે હઝ. અબૂબકર (રઝી.) નો ઈસ્તેખારો

સુન ઉમર બિન ખત્તાબ રઝીઅલ્લાહ અનહો કહીએ, ભી અમીરૂલ મૂમેનિન ઓનૂ નામસૂં લહીએ...૧

સુનો ઓનૂકી ફઝીલત કેરા રે બયાના, સો સુનને હો મૂમિન દિલકે ધાના...૨

જબ સિદ્દીકકૂ આઝાર હુવા રે બોતા, કે તન તો હોવે, ઓનૂકા ફોતા...૩

તબ સિદ્દીકને કોમકુ કહી રે બાતી, સો એકઠી કીતી મૂમિનોકી ઝાતી...૪

કહયા મંય હું તમૂસૂં અહદ રે ચાહતા, તમ હોતે હો રાઝી દિલકે ભાતા...૫

અબ સહાબી સારે રાઝી રે હોકર, અને ઈતના કહયા નેહ મન ધર...૬

કહયા તમ હો ખલીફે સહી રસૂલ ખુદાકે, હમૂ યારગાર તમૂકુ બુઝે હંચ સદાકે...૭

તમૂ ખિલાફત માંહા કિસે શક રે નાંહા, યું જુવાબ તો દીયા સબૂ ઉસહી ઠાંહા...૮

તમ કહો જે હોવે તમૂ દિલકા ચાયા, કેહના તમારા હમૂને કબૂલ કરાયા...૯

કહયા ઈસતેખારા કીયા થા મંય આજ રે રાતી, સો ખિલાફત કાજ કહી સિદ્દીકને બાતી...૧૦

સો બશારત ચાહી મંય આજકી રાતી, સો રબકે પાસે જે પાક હય ઝાતી...૧૧

કે જ્યું ખુશનૂદી રબ હોવે રે તેરી, યું તવફીક મુજકુ તૂ દીજીઓ સવેરી રે...૧૨

રે તુંહી.

સિદ્દીક કોમ બુલાયકર પુછી ઉનસૂં બાત રે, પૂછી ઉનસૂં બાત;
ભી ઈસતેખારા કીયા સહી, ઓનૂને ઉસહી રાત રે, ઓનૂને ઉસહી રાત.

### સમજુતિ : બયાન : ૯૬૧/૨૯

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**હઝરત ઉમર ખત્તાબ (રઝી.) ની ફઝીલત (શ્રેષ્ઠતા) સાંભળો. હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને મરજુલ મોત (મોતની બિમારી) શરૂ થઈ તો તેમણે લોકોથી અહદ (વચન) લેવા ચાહ્યું કે શું લોકો તેમનું વચન આપવા રાજી થશે કે ! તો લોકોએ કહ્યું : "ચોક્કસ, કેમકે આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના ખલીફા છો અને તમારી વાતમાં જરાપણ શક નથી રહેતો, તેથી તમારા**

દિલની વાત કહો.'' પછી હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ કહ્યું : ''મેં રાતે મારી પછી ખિલાફત બાબતે ઈસ્તેખારો (ખુદાથી માર્ગદર્શન મેળવવાની નફીલ નમાઝમાં દુઆનો અમલ) કર્યો છે.''

(વધુ બયાન નં. ૯૬૨/૩૦ માં)

### બયાન : ૯૬૨-૩૦

## હઝ. અબૂબકર (રઝી.) ના વિસાલનો નબી (સ.અ.વ.) એ સપનામાં કરેલો ઈશારો

તબ છલી રે રાતકુ કહયા નીંદ રે આઈ, તબ બશારત કેરી અચસી રીત રે દેખાઈ...૧
કે રસૂલ ખુદાકે મુજે નીંદમાં દેખાએ, દો જામે ઉજલે આપ થે પેહનાએ...૨
તબ દામન જામૂકા જા એકઠા કીયા, તબ ઉજલુંકા લીલા રંગ રબને દીયા...૩
તુરત દામનકુ પનતે રંગ લીલા રે દેખાયા, સો ઉજલુંકા લીલા રંગ જામૂકા કરાયા...૪
તબ લીલા રે જાયકર બહોત ઝલકાટ આયા, સહી નૂર એતે ઘણા ઉસમાં દેખાયા...૫
દો મરદ તો નબીકે દોનૂ પાસ થે દેખાતે, થે ઉંચે ને ખૂબ મુંહ નઝરૂ આતે...૬
અને ઓનૂને પેહનાથા ખૂબ રે લિબાસા, અને ઝલકાટ નૂરકા બહોત થા રે ખાસા...૭
તબ નબીજીને મુજ પર સલામ રે પઢીયા, તબ મંય દૌડ નબીકા મુસાફા કરીયા...૮
મંય મુબારક હાથકુ બોસા રે દીતા, તબ દિલને મેરે આરામ રે લીતા...૯
તબ દિલ રે મેરેને રાહત રે પાહી, ઝાત આઝારકી નિશાની દૂર રે કરાહી...૧૦
અબૂબકર તમૂસૂં દિલ મિલના હચ ચાહતા, યું મુબારક ઝુબાંસૂં કીતી નબીજીને બાતા...૧૧
તમ મેરે પાસ આહો અબ વક્ત રે નાંહા, એતા સિદ્દીક તો સુનકર રોએ ખોવાબકે માંહા...૧૨
એ સુન નીંદ માંહે રોએ સબૂં ઘર માંહે સુનીયા, એ સુન સુન મૂમિન મન ઈતના ઘરીયા...૧૩
રે તુંહી.

ખોવાબમાં નબીકુ દેખકર, આંસૂં ભરીએ નેન રે, આંસૂં ભરીએ નેન;
જબ નબીને મિલને કેરડે, કહે ઝબાંસૂં બેન રે, કહે ઝબાંસૂં બેન.

### સમજુતિ : બયાન : ૯૬૨/૩૦

હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ કહ્યું ''પાછલી રાતે તેમને સપનામાં રસુલુલ્લાહ (સ.અ.વ.) બે ઉજળા જામ (અંગરખાં) પહેરેલાં દેખાયા, અને બેઉનાં દામન (પનો-પાલવ) ભેગાં કર્યાં તો તે લીલા રંગના દેખાયા અને લીલા રંગમાં

નૂરનો ઘણો ઝળકાટ દેખાયો; અને તે વખતે બે ખુબ મુંહ (સુંદર ચહેરા વાળા) ઝળકાટ ભર્યા નુરનો લીબાસ (પોષાક) પહેરેલા માણસો દેખાયા તો મેં દોડીને નબી (સ.અ.વ.) ને સલામ કરી અને તેમનાથી મુસાફો કર્યો અને આપ (સ.અ.વ.) ના હાથ મુબારકને બોસો (ચુંબન) કર્યો. જેનાથી મને ઘણી રાહત થઈ અને આઝાર (દુઃખ) દૂર થયું. પછી નબી (સ.અ.વ.) એ કહ્યું "હે અબૂબકર ! તમને મળવાનું મને ઘણું મન થાય છે અને તમારી પાસે હવે ઝાઝો વખત નથી બચ્યો, તો તમે હવે મારી પાસે આવી જાઓ". આ ખ્યાલ (સપના) માં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની આંખો આંસુભીની થઈ ગઈ, અને તેમનું રોવું ઘરવાળાએ સાંભળ્યું. હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) નબી (સ.અ.વ.) ને સપનામાં જોઈને રોયા, જ્યારે આપ (સ.અ.વ.) એ મળવાના ઉપરોક્ત શબ્દો કહ્યા હતા."
(વધુ બયાન નં. ૯૬૩/૩૧માં)

## બયાન : ૯૬૩-૩૧

વચસે કામ અલ્લાહકે યા રસૂલ અલ્લાહ કહીયા, યું ખોવાબમાં સિદ્દીકને કેહકર લહીયા...૧
સો બરહેકે લીતે અયસા બયાન રે કીતા, અને રઘન ભી કીયા બહોત રે સુનીતા...૨
તબ પયગમ્બર ખુદાકે ને કીયા ફરમાના, સો ખોવાબમાં સુનીયા ઉસકા બયાના...૩
કહયા થોડે હય દિન હોવે તમારા વિસાલા, સો પયગમ્બરને કહા હોવે વિસાલકા હાલા...૪
ફિર ખાતિમ નબીને અયસી કીતી રે બાતી, સો ખોવાબકે માંહે ઉસહી રાતી...૫
કર ઈખતિયાર ખિલાફત રબે તમૂકુ સોંપાઈ, તબ સિદ્દીકને ફિરકર અરઝ પોંચાઈ...૬
કહા સિદ્દીક ઈખ્તીયાર નબી કરો તમના, તબ નબીને કબૂલ વે દિલાસા માના...૭
કહયા ફારૂક રઝીઅલ્લાહ અનહો નામા, એ પાકતર ઝમીં[1] આસમાન ઠામા...૮
સો ઉમર બિન ખત્તાબ નામ રે સુનાયા, સુન સિદ્દીકને અયસા ખોવાબ રે પાયા...૯
બાઝ નબીજીને સલામ ફિર ઓનુકુ આખા, વે દો મરદ થે સાથે ઓનૂ ભી દાખા...૧૦
ભી મકરૂસું ખુશાલી કયા એ તમૂ પાઈ ? એ બખશીશ રહમાન તરફસૂં આઈ...૧૧
તમે સિદ્દીક હો કહયા જિતને નુરી, તમ સિદ્દીક હો માંહે સારી ખલકત પુરી...૧૨
તુમ સિદ્દીક હો ઝમીંમાં એતા કહા રે સુનીતા, એ સુન સુન મૂમિન ચંત એતા દીતા...૧૩

રે તુંહી.

નબી ખોવાબમાં આવકર, સિદ્દીકસૂં કીતી બાત રે, સિદ્દીકસૂં કીતી બાત;
સો બયાન બતાયા સબૂંકુ, જેતી મૂમિન ઝાત રે, જેતી મૂમિન ઝાત.

## સમજુતિ : બયાન : ૯૬૩/૩૧

પીર મશાયખ (રહે.) સમજાવે છે :

આ રીતે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ના વિરહ (વિયોગ) ની સપનામાં વાત કરી અને તે વાતે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ઘણું રડ્યા. તે સપનાની તાબીર (ફળ) એ હતું કે થોડાક જ દિવસોમાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) દુનિયાથી વફાત થશે. તેમણે ઉપર જણાવ્યા મુજબ જે ઈસ્તેખારો કર્યો તેનાથી તેમને એવી બશારત (ખબર) થઈ કે આપ (રઝી.) હ. ઉમર (રઝી.) ને ખિલાફત સોંપતા જાય કે હઝ. ઉમર (રઝી.) દુનિયામાં પાકતર (વધુ પાક) છે. પછી નબી (સ.અ.વ.) અને સાથના તે બે સુંદર માણસોએ પણ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને પણ સલામ કરી અને કહ્યું કે "અબૂબકર આ ઈસ્તેખારાવાળી તદબીરથી તમને ખુશી થઈ કે ? અને જેટલા નૂરી (ફરિશ્તા) હતા તે બધાએ કહ્યું "તમે જમીન પર પૂરી ખલકત (સૃષ્ટિમાં) સીદ્દીક છો" (વધુ બયાન નં. ૯૬૪/૩૨માં)

## બયાન : ૯૬૪-૩૨

ફિર સિદ્દીકને પુછા કહો રસૂલ અલ્લાહકે, સહી સાચે વાઅદે ફૂલ તમારે સદાકે...૧
મેરે મા બાપ ફિદા નબી તમારી ઝાતી, એ મરદ હય કયસે નબી કહો મુજે બાતી...૨
નાંહી અયસે મરદ મંય કહીં દેખાયે, નાહી નઝરે મેરી કહીં અયસે રે આયે...૩
તબ નબીજીને કહા એ હય ફરિશ્તે જાનો, સો જિબરઈલ મીકાઈલ નામ રે પિછાનો...૪
તબ ઈતના કેહકર નબીજી સિધારે, જે હબીબ રે નામસૂં કહીએ રબકે પિયારે...૫
એતે સિદ્દીક હંય કેહતે આંખાં મેરીઆં ખોલાઈ, યું ખોવાબકી ખબર સબૂંકુ બતાઈ...૬
અબૂબકર રઝીઅલ્લાહ અનહો વફાત પાઈ, તબ ખિલાફત નબીકી ઉમરકુ આઈ...૭
સો અમીરૂલ મૂમિનીન ઉમર રે કહીએ, રઝીઅલ્લાહ અનહો હોનૂ નામસૂ લહીએ...૮
એ દુજે ખલીફે નબીજીકે જાનો, સો ઉમર બિન ખત્તાબ નામ રે પિછાનો...૯
રઝીઅલ્લાહ અનહો કહો ઓનૂ નામ ઠામા, સો જબ રે લીજે નામ જિસ રે ઠામા...૧૦
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, દિલ ખતરે કેરી મત રાખો રે બાતી...૧૧
હોવે મૂમિનકા દિલ જયસે સાફ રે અરીસા, નાંહી પાતગ કેરી હોવે મૂમિનૂકી રીસા...૧૨
ધો પાતગથી દિલ ખાસિલ કરાના, અને નિસદિન નેહ મન ઈતના ધરાના...૧૩

રે તુંહી.

ફારૂક ખલીફે નબીકે, ઉમર ખત્તાબ જે નામ રે, ઉમર ખત્તાબ જે નામ;
રઝીઅલ્લાહ અનહો કહીએ, સુન સુન ઓનૂ નામ રે, સુન સુન ઓનૂ નામ.

## સમજુતિ : બયાન : ૯૬૪/૩૨

પછી તે સપનામાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ નબી (સ.અ.વ.) ને કહ્યું : "મારા માં-બાપ આપની ઉપર કુરબાન (ન્યોછાવર) ! તમે કહો કે આ ખૂબસૂરત માણસો કોણ છે કે તેમણે કદી આવા માણસો જોયા નથી !

નબી (સ.અ.વ.) એ જવાબ આપ્યો કે "તેઓ જીબ્રઈલ (અ.સ) અને મીકાઈલ (અ.સ.) એમ બે ફરિશ્તાઓ છે." એટલું કહીને અલ્લાહના હબીબ (અતિ પ્યારા) નબી (સ.અ.વ.) તે સપનામાંથી વિદાય થયા, અને એટલામાં જ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની આંખ ખુલી ગઈ, અને આ સપનાની વાત તેમણે લોકોને પણ કરી. પછી જ્યારે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની વફાત થઈ તો ખિલાફત હઝ. ઉમર (રઝી.) પાસે આવી, જેઓ નબી (સ.અ.વ.) ના બીજા ક્રમના ખલીફા છે. તેમની ખિલાફતમાં શક નહિ કરો. અને તેમનું નામ સાંભળો તો રઝીઅલ્લાહ અન્હુ (અલ્લાહ તેમની ઉપર રાજી થયો) એમ કહો, અને મોમીનનું દિલ આરસી જેવું હોય છે. તેના દિલમાં પાતગ (કીનો) સમાઈ શકતો નથી. તમે તમારા દિલને પાતગ (મેલ) થી ખાસિલ (નિર્મળ) કરો અને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની ખિલાફતને માનો... રે તુંહી...

નબી (સ.અ.વ.) ના બીજા ખલીફા ઉમર ખત્તાબ નું નામ સાંભળો તો રઝીઅલ્લાહ અન્હુ કહો.

## હઝરત ઉમર (રઝી.) ની ખિલાફત

### બયાન : ૯૬૪-૩૨ અ.

## હઝરત ઉમર (રઝી.) થી ઈસ્લામને મળેલી કુવ્વત (શક્તિ)

ફારૂકને ખિલાફત પાઈ રે તમે સુનો રે, સિદ્દીકકે બાજ સુનાઈ રે તમે સુનો રે...૧

ઝાહિર થૈ બાતકે કરનારે રે તમે સુનો રે, નેક કરતે સો હક્કૂ પિયારે રે તમે સુનો રે...૨
હક બાત ઝાહિર કરાતે રે તમે સુનો રે, અદલ ભી ઝાહિર ચાહતે રે તમે સુનો રે...૩
ખિલાફત ઓનૂકૂ સોંપાઈ રે તમે સુનો રે, મુકર્રર ઓનૂકૂ કરાઈ રે તમે સુનો રે...૪
કીયા બહોત રોશન દીના રે તમે સુનો રે, બયાન ખુબી સુન બહોત લીના રે તમે સુનો રે...૫
ઈસલામે કુવ્વત પાહી રે તમે સુનો રે, કુફરકી ઠામા નાહી રે તમે સુનો રે...૬
કાફરોંકૂ લાગા બહોત તાપા રે તમે સુનો રે, ડરે ડરે સબ મન આપા રે તમે સુનો રે...૭
કહી કહી ડેરૂંકુ ભનાહે રે તમે સુનો રે, કાફરોંકૂ દૂર કરાહે રે તમે સુનો રે...૮
મુસહફ તો બહોત લખાએ રે તમે સુનો રે, તખત જબ ફારૂક બિઠાએ રે તમે સુનો રે...૯
હુવા બહોત રોશન દીનારા રે તમે સુનો રે, એ સહી બયાન સુન હૈ લીના રે તમે સુનો રે...૧૦
સુન સુન દીનકે ભાઈ રે તમે સુનો રે, સાચી બાત એ લિખેસૂં પાઈ રે તમે સુનો રે...૧૧
સહી કર બાત મન દેની રે તમે સુનો રે, દિલ જીભ એક હય કરની રે તમે સુનો રે...૧૨

## સમજુતિ : બયાન : ૯૬૪/૩૨ અ

**હઝ. પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો :**

**હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) પછી હઝ. ઉમર ફારૂક (રઝી.) ને ખિલાફત માટે મુકર્રર (નક્કી) કરવામાં આવ્યા અને તેમણે ખિલાફત મેળવી. આપ (રઝી.) હક વાતને સ્પષ્ટ કરી દેનાર અને નેકીને ચાહનાર હતા, અને આપ સત્ય વાતને જાહેર કરવું અને અદલ (ન્યાય) ને પણ જાહેર કરવું પસંદ કરતા હતા. તેમના ખિલાફત કાળમાં તેમણે દીનને રોશન (પ્રકાશિત) કર્યો. તેમની ખુબીઓ ઘણી છે, અને તેમના થકી ઈસ્લામને ઘણી કુવ્વત (તાકાત) મળી, અને કુફ્ર મટી ગયું. કાફીરોની ઉપર આપ (રઝી.) નો ઘણો તાપ (રૂવાબ) રહેતો, અને તેઓ આપ (રઝી.) થી ડરતા હતા. તેમણે ઘણાં ડેરાં (મુર્તિઘરો) ભાંગ્યાં અને કાફીરોને દૂર કર્યા. તેમણે તેમના ખિલાફત કાળમાં મુસહફ (કુર્આન) ની ઘણી નકલો કરાવી હતી, અને દીને ઈસ્લામ ઘણો રોશન થયો હતો.**

**મારા દીન ભાઈ સાંભળો ! આ સાચી વાત કિતાબોમાં જેમ લખેલી છે તેવી મેં લખવા માટે મેળવી છે. દિલ અને જબાનથી તેને સાચું માનો.**

## બયાન : ૯૬૫-૩૩

## હ. ઉમર (રદી.) એ ચાર હજાર નવી મસ્જીદો બનાવી, અને તરાવીહની નમાઝ જમાઅતથી શરૂ કરાવી

સુનો જમાતસૂં તરાવીહકી હુઈ નમાઝા, સૌ ફારૂકકી ખિલાફતમાં સુના હય આવાઝા...૧



5

નવી મસજીદ કીતીયાં ચાર રે હઝારા, અને તોડાએ ડેરે વે ભી ઈતના શુમારા...૨
કે ડેરે હઝાર ચાર ફારૂક ગિરાહે, વે બુતખાને ભાનકર ધૂલમાં મિલાહે...૩
સો ડેરે યહૂદી નસારા કેરે, પાડ ગિરાને ધૂલમાં બાએ રે સવેરે...૪
અને બહોત થા મોહાબા ફારૂકકી ઝાતી, કે સલાબત બહોતથી એ સુનો રે બાતી...૫
કે શયતાનકૂ તાપ બહોત થા રે લગાયા, થર તલ ના રેહ સકે ના કરાર રે પાયા...૬
યું ભાગતા રે ફરીયા શયતાન કહીએ, સો ફારૂકકી ખિલાફત માંહે રે લહીએ...૭
અને બોત બોત લિખાએ મુસહફ રબ્બાની, સો ઓનૂકે હુકમસૂં બાત એ જાની...૮
અયસે અમીરૂલ મૂમિનીન ઉમર રે કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામ સુન લહીએ...૯
એ સુન સુન બાતી પાક કરો તંના, અને નિરમલ કરો, દિલ ઔર મંના...૧૦
ઐસી કાન ધર બાતી સુન દીન હો કેરી, અને એક કર ઈતના મન દેઓને સવેરી...૧૧

રે તુંહી.

ડેરે ભાને કહીં કાફરૂ, કહી કીતી મસજીદ ઠામ રે, કહી કીતી મસજીદ ઠામ;
સો ખિલાફત ફારૂકકી સહી, ઉમર જિનકા નામ રે, ઉમર જિનકા નામ.

## સમજુતિ : બયાન : ૯૬૫/૩૩

**હઝ. ઉમર ફારૂક (રઝી.) એ તેમના ખિલાફત કાળમાં તરાવીહની નમાઝ જમાઅતથી શરૂ કરાવી. તેમણે ચાર હજાર નવી મસ્જીદો બનાવી, અને બેસુમાર (અગણિત) દેરાં તોડ્યાં હતાં. એટલે કે જેટલી નવી મસ્જીદો બની તેટલાં નસારાઓનાં (ચાર હજાર) બુતખાનાં (મૂર્તિઘરો) ધૂળમાં મેળવ્યા હતાં, જેમાં યહુદી અને નસારા (ઈસાઈઓ) નાં પણ દેરાં હતાં. તેમનો મોહાબો (પ્રભાવ) ઘણો હતો અને દીન/હક માટે તેમનામાં સલાબત (સખ્તાઈ) ઘણી હતી કે દીનના મામલે આપ છુટ છાટ આપતા નહિ. શયતાન પણ આપ (રઝી.) થી ઘણો સંતાપી રહેતો હતો અને બેકરાર (બેબાકળો) રહેતો ભાગતો ફરતો હતો. તેમણે મુસહફ (કુર્આન) ની ઘણી નકલો લખાવી હતી. આવા હતા અમીરૂલ મુઅમેનીન હઝ. ઉમર ખત્તાબ (રઝી.). તમે આ બયાન સાંભળી પોતાને પાક રાખો, દિલને નિર્મળ રાખો (દીલમાં કપટ ન રાખો), અને અલ્લાહને એક માની સાંભળ્યા કરો... રે તુંહી... હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ તેમના ખિલાફત કાળમાં ઘણાં દેરાં ભાંગીને મસ્જીદો બનાવી.**

## બયાન : ૯૬૬-૩૪

# હ. ઉમર (રઝી.) ની ફઝીલત.

સુનો હદીસ તો અપને નબીજી હો કેરી, સો ઉમરકે હકમાં તમે સુનીઓ સવેરી...૧
કે મુજે પીછે અગર કો,નબી રે આતા, તો નબીરે હોતી ઉમરકી ઝાતા...૨
કે મુજ બાઝ પયગમ્બર કોઈ કીયા હૈ રે નાંહા, ન તો ઉમર પયગમ્બર હોતે ઝમાનેકે માંહા...૩
એ નબીજી અપને, કેરા ફરમાના, વે ઉમર બિન ખત્તાબકે હક માંહે જાના...૪
ઐસી ઉમરકી ઝાતી રબને બનાઈ, જૂં મુબારક ઝુબાંસૂં ખબર બતાઈ...૫
અને ઉમરકી કરામત ઐસી હય સુનાઈ, તમે સુનો રે મન ધર બયાનકી બડાઈ...૬
ઉન કરામત માંહેથી એક ઐસા હય બયાના, સો સચ લિખેસૂં મંચ સહી રે જાના...૭
સો ફરસંગ ચાર સૌ ઓનૂ અદલ સુનાયા, અને આવાઝ ભી એતી દૂર સુનારે બતાયા...૮
સુનો એતો બયાન કરામત કેરા, તમે સુન સુન મનમાં દીજીઓ સવેરા...૯
ક્યું રાફઝીઓ ઉસસૂં તમ દાવા હો લાતે, અને ખૂબી ઓનૂકી મન નાંહી ચાતે...૧૦
તો યહૂદી નસારે તુમ હો કેહલાતે, નાહી એક કર રબકુ મન ઈતના લાતે...૧૧
રે તુંહી.

નબી બાઝ કો' હોતા નબી, કીયા નબીએ ફરમાન રે, કીયા નબીએ ફરમાન;
તો ઉમર ખત્તાબ હોતે નીબ, એ ફરમૂદા નબીકા માન રે, ૧.૫એ ફરમૂદા નબીકા માન.

## સમજુતિ : બયાન : ૯૬૬/૩૪

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ના હકમાં નબી (સ.અ.વ.) ની એક હદીષ છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું : "મારા બાદ કોઈ નબી થનાર હોત તો તે ઉમર ખત્તાબ (રઝી.) હોત." આવી બુઝુર્ગી અલ્લાહે આપને આપી હતી. તેમની ઘણી કરામતોમાંથી એક એ છે કે તેમણે ચારસો ફરસંગ/ફર્સખ (જોજન/ચાર ગાઉનો જોજન) દૂરથી અવાઝ પહોંચાડીને માર્ગદર્શન પહોંચાડ્યું હતું. (જેનો ખુલાસો આવતા બયાનમાં આવે છે.)**

**રાફઝીઓ તમે તેમની ફઝીલત (શ્રેષ્ઠતા) ને મન ધરતા નથી અને તેમનાથી દુશ્મન-દાવો રાખો છો. તમે યહુદી અને નસારા છો, જેઓ પણ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) થી દુશ્મની રાખતા હતા.**

## બયાન : ૯૬૭-૩૫

# ચાર ફર્સખ દૂરથી કરેલી દોરવણી (કરામત)

સુનો ઉમરકી કરામત કેરા રે બયાના, હું મંચ સહી કર લિખતા જયસા લિખેસૂં જાના...૧

સો અમીરૂલ મૂમિનીન ઉમર રે કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં લહીએ...૨

થે જુમ્આકે દિન ખુત્બા પઢાતે; સો મિમ્બરકે ઉપર આપ રહે થે સુનાતે...૩

તબ પઢતે ખુતબા અયસા દીયા રે આવાજા યા સારિયા અલ જબલ સુનીયા હાઝા...૪

તબ ખુતબા પઢતે એતા રે બતાયા, એ સુનને વાલું કે દિલ અજબ રે આયા...૫

તબ અમીરૂલ મૂમિનીન અલી રે જાનો, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં પિછાનો...૬

એ બેટે ચિચા નબીકે યું સબૂં આવ કહયા, અને ખુતબે કેરા બયાન બતાયા...૭

કે ખુતબા પડતે ઐસી કીતી રે બાતી, હૈ અજબ તબકી, હૂઈ હમારી ઝાતી...૮

નાં કેહવે કુછ ઉમર દીયા અલીને જુવાબા, મગર હોવે જે હક વે કહેતે રે શિતાબા...૯

કે રસૂલ ખુદાકેને હય ઐસા ફરમાયા, સો ઉમરકે હકમાં મેરે કાનૂ હય સુનાયા...૧૦

કે ઝુબાં ને હાથ ઉમર રે કેરે, રબ હક કે ઉપર કીએ ઝાહિર સવેરે...૧૧

કે જારી રે હોવેગા ઓનૂ હક કા કામા, યૂ અલીને જુવાબ દીયા ઓનૂ ઉસ ઠામા...૧૨

સો નબીકી હદીસકા કીયા અલીને બયાના, વે સુન સુન મૂમિન કહા દીલકે ધ્યાના...૧૩

રે તુંહી.

અલી કેહવે હદીસસૂં નબી કેરા ફરમાન રે, નબી કેરા ફરમાન;
સો ઉમરકે હકમાં બાત હૈ, સુન લો ઉસકા બયાન રે, સુન લો ઉસકા બયાન.

## સમજુતિ : બયાન : ૯૬૭/૩૫

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની કરામતો જેવી કિતાબોમાં લખાયેલી છે તેવી જ હું લખું છું. આપ એક દિવસ મિમ્બર (પગથિયા ધરાવતી બેઠક) થી જુમ્આનો ખુતબો પઢી રહ્યા હતા તો ખુત્બા દરમિયાન તેમણે મોટા અવાજે કહ્યું "સારીયાહ, જબલ (પહાડ) તરફ જુઓ" (એટલે કે જ્યાંથી તમારી ઉપર દુશ્મનો હુમલો કરવાની તૈયારીમાં છે). આ ખુત્બો સાંભળનારાઓને આવા અવાજથી ઘણું અજબ (અચરજ) થયું. આવું સાંભળનારાઓએ હઝ. અલી શેરેખુદા (રઝી.) જે નબી (સ.અ.વ.) ના કાકા ભાઈ છે, તેમને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ના ખુત્બા સમયે કરેલા અવાજના**

બયાનની જાણ કરી કે તેઓને આવી રીતના અવાઝથી અચરજ થયું છે.

તેના જવાબમાં હઝ. અલી શેરેખુદા (રઝી.) એ કહ્યું : "મેં નબી (સ.અ.વ.) થી એવી હદીષ સાંભળી છે કે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) હક શિવાય કોઈ જ વાત કરતા નથી, અને તેમની જબાન અને હાથ હક માટે જ હોય છે, અને તેવણથી ઘણાં હકનાં કામો જારી (થતી) રહેશે. તેથી આ વાત સાંભળનારાઓ તેને હક (સચ) માને". હઝ. અલી શેરેખુદા (રઝી.) હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ના હકમાં આ હદીષ કહી. (વધુ બયાન નંબર ૯૬૭/૩૫ અમાં)

## બયાન : ૯૬૭-૩૫ અ. (પેહલ)

## રાફઝીઓને શીખામણ

સુન સુન ભાઈ દીનકી બાતીરે, ઉમર ફારૂક બુઝુર્ગ ઝાતીરે...૧
ખાસે ચાર નબીજી કેરે રે, ઐસી ખૂબીસૂં એ બુઝીઓ સવેરે રે...૨
ફરમૂદા અપને નબીજીહો કેરા રે, અલી હંચ કેહતે સુનીઓ સવેરા રે...૩
ઉમરકૂ અચસા ચાતા હચ મીતા રે, હક ઝબાં હોનૂ હાથૂંકૂ દીતા રે...૪
ચલનાં જીભ ને હાથૂં કેરાં રે, હક પર હોવે બૂઝો સવેરા રે...૫
એતા નબીકા હચ ફરમાના રે, અલી દેખો હૈ વે કરતે બચાના રે...૬
અચસે બૂઝો તુમ ફારૂક ઝાતી રે, સહી કર લેઓ સુન એ મન બાતી રે...૭
રાફઝી આહો જુવાબ દેલાહો રે, સોચ તમારે હચ હમકૂ બતાહો રે...૮
સોચ તમૂને હચ કૈસા કીતા રે, ઉમરસૂં દા'વા કયું મન હચ દીતા રે ?...૯
હક બંના વે કામ કરતે નાંહા રે, હદીસ નબીજી કી બુઝો ઉસ માંહા રે...૧૦
વે તો અલીને કીયા હચ બચાના રે, વે તમૂ કયું સહી કર નાં જાના રે ?...૧૧
શાહદી અલીકી મન નાંહી લાતે રે, દોસ્ત અલીકે હો કૈસે કેલાતે રે ?...૧૨
મીત તો મીત પર વારે તંનારે; કેહના ઉસીકા રાખે નિત મંના રે...૧૩
વૈસે નાહી તુમ કરતે કામા રે, દોસ્ત કેરા કયું હૈ ઘરીયા નામા રે...૧૪
દુરીજન બાત હૈ અલી જે ચાવે રે, કેહનેકા લે સબ અવળા બનાવે રે...૧૫
વચસી તમારી હચ દીસે રીતા રે, ફરમૂદા અલીકા હચ ઉલટા કીતા રે...૧૬
દોસ્ત નાહી તુમ કિસીએ કેરે રે, ચારૂં ચારૂંમાં બૂઝો સવેરે રે...૧૭

## સમજુતિ : બયાન : ૯૬૭/૩૫ અ

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**મારા દીનના ભાઈ ! હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની બુઝુર્ગી સાંભળો કે આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના ખલીફા હતા અને તેમના 'ચાર યારી' ઓમાંથી હતા. હઝ. અલી શેરેખુદા (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ (ફરમાન) કહે છે કે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની જીભ અને હાથ હક માટે ચાલતા રહેશે. હઝ. અલી શેરેખુદા (રઝી.) એ પણ હઝ. ઉમર (રઝી.) ની બુઝુર્ગી નબી (સ.અ.વ.) ની હદીષને આધારે બતાવી તો તમે રાફઝીઓ હવે તેનો શું જવાબ આપો છો ? તમે જે વાત હઝ. અલી શેરેખુદા (રઝી.) એ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) વિષે કરી હોય તેને આધારે તમે શી રીતે હઝ. ઉમર (રઝી.) થી દુશ્મની રાખી શકો છો ? તમે હઝ. અલીશેરે ખુદાએ હઝ. ઉમર ખત્તાબ માટે આપેલી આ સાક્ષીને માનતા જ નથી. દોસ્ત હોય તે દોસ્ત ઉપર કુરબાન થાય. તમે પોતાને અલી-દોસ્ત કહો છો તો તમે બધા જ અસ્હાબોથી પણ દોસ્તી રાખો, અને હઝ. અલી શેરેખુદા (રઝી.) એ બીજા અસ્હાબોથી જેવી મુહબ્બત રાખી તેવી તમે પણ તેમનાથી રાખો. (વધુ બયાન નં. ૯૬૮/૩૬માં)**

## બયાન : ૯૬૮-૩૬

એતા અલીને સબૂંકુ જુવાબ રે દીતા; સો સબૂંને માન કર મન ધર લીતા...૧
પીછે અમીરૂલ મૂમિનીન અલી ઉઠકર ચલીએ, સો અમીરૂલ મૂમિનીન ઉમરકુ મલીએ...૨
પૂછા અમીરૂલ મૂમિનીન લોકુ અચસા રે સુનાયા, તમૂ ખુત્બે માંહાં કુછ જુવાબ બતાયા...૩
તબ હાં કર ઉમરને દીયા રે જુવાબા, મંચ ખુતબે માંહી બોલા રે શિતાબા...૪
કહયા મેરે રે આગેથી દૂર પરદા કીતા, સો જૂં ઓનૂ ચાહયા આપ રે મીતા...૫
તબ મંચ તો નેહાવંદ દેખા રે સેહરા, સો મિંબરકે ઉપરથી અચસી રબકી મેહરા...૬
વે ચાર સૌ ફરસંગ જાગો હૈ રે દૂરી, વે યહાંથી મંચ દેખી ઠામ રે પૂરી...૭
વાં લશકર દેખા મંચ ઈસ્લામ કેરા, સો જંગ કેરા સામાન વાં કીયા થા સવેરા...૮
અને કાફિર એક ઠામ છુપ નાકા થા બંધાયા, વે છુપના ઓનૂકા મેરી નઝરૂ આયા...૯
તબ મંચ બૂઝા લશકર ભાગે ઈસ્લામા, જબ દુશમન આયે છુપ પીછેં કોં' ઠામા...૧૦
તબ લશકર મેરેકા જે થા સરદારા, સહી ઓસે મંચ કેહનેકા સોચ રે સવારા...૧૧

યા 'સારીયા' અલ જબલ મંચ ઈશારત કીતી, ચડોને ડુંગર પર યું ખબર દીતી...૧૨
ઉમરને જુવાબ અલીસૂ દીતા, તબ અલીને સુનકર મન ધર લીતા...૧૩
એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ ઈતના કહીજે...૧૪
રે તુંહી.

સુન સુન અયસા બયાનકુ ગાફિલ ઉઠકર જાગરે, ગાફિલ ઉઠકર જાગ;
સુનને મન ધર મૂરખા, જો તુજે હોવે ભાગ રે, જો તુજે હોવે ભાગ.

## સમજુતિ : બયાન : ૯૬૮/૩૬

આ હદીષ બયાન કર્યા પછી હઝ. અલી શેરેખુદા (રઝી.) હઝ. ઉમર ફારૂક (રઝી.) ની પાસે ગયા અને ખુતબાવાળા ઉપરોક્ત અવાજ વિષે પુછયું જેની ચર્ચા લોકોમાં થતી હતી. હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ જવાબ આપ્યો કે સાચી વાત છે. ''અલ્લાહે મારી આગળથી પરદો હટાવી લીધો''મને નેહાવંદ પ્રદેશ (જે ઈરાનના ઈસ્પહામ ઈલાકાથી પશ્ચિમે છે) પાસેનું સેહરા (જંગલ) દેખાયું. જ્યાં ચારસો ફરસંગ (ફર્સખ) લગભગ ૧૨૦૦ માઈલ દૂર ઈસ્લામી લશ્કર જંગ (યુદ્ધ) ની તૈયારી કરતું હતું, અને કાફીરોના લશ્કરે છુપાઈને નાકાબંધી કરી હતી, જે મારી નજરે પડી. તેથી મને લાગ્યું કે દુશ્મન છુપી રીતે હુમલો કરશે તો ઈસ્લામી લશ્કર નાસભાગ કરશે, તેથી મેં લશ્કરના સીપાહ સાલાર (સેનાપતિ) 'સારીયાહ' ને કહ્યું જબલ (ડુંગર) ઉપર ચડીને કાફીરોના છુપાયેલા લશ્કરને જોઈ લે. રે તુંહી... મુરખ ! બયાન સાંભળ, ગફલત છોડ અને જાગ, જો તારાં સદભાગ્ય હોય તો. (વધુ બયાન નં. ૯૬૯/૩૭માં)

## બયાન : ૯૬૯-૩૭

યું ઉમરને આવાઝકી બાત રે કહી, સો અલીને સુનકર મન ધર લહી...૧
કે સારીયાકુ જબ મંચ દીયા રે આવાઝા, સો સારીયાને સુના જુવાબ રે હાઝા...૨
કે તબ ડૂંગરકે ઉપર 'સારીયા' આયે, ઓને લશકર સારા ઉસ ઠામ રે બુલાયે...૩
તબ છુપ રહે થે વે કાફિર રે દેખાયે, આતે ડૂંગરકે ઉપર સબ નઝરૂ આયે...૪
તબ ઓનૂકે ઉપર ધસે મૂમિન જવાના, તબ કાફિરોકૂ મારે ઓસહી મૈદાના...૫
અને બાકી કૂછ કાફિર ઉઠને ભગાએ, યૂં મૂમિન ફતેહ તુરતજ પાએ...૬
યૂં ઉમરને બાત અલીકૂ કહી, સો આવાઝકી ખબર કહી રે સહી...૭
સારીયાકે નામસૂં તમ બુઝો સરદારા, સો જિસ સાથ લશકર થા રે સવારા...૮

તબ અલીને ઉસ પર કાગઝ લખાયા, સબ મૂમિનૂભી સોચ મિલ એકઠા બતાયા...૯
સો કિતાબત સબૂને મિલ ઉસકૂ ભેજાઈ, કે ઉમરકે આવાઝકી ખબર સુનાઈ...૧૦
કહા જયસી તમૂને બૂઝી હય બાતી, વૈસી ખબર લખીઓ લિખા સારીયેકી ઝાતી...૧૧
યું અલીસૂં મૂમિનૂ મિલ કાગઝ ભેજાયા, એ સુન સુન મૂમિન દિલ સોચ આયા...૧૨
રે તુંહી.

જુવાબ ઉમરને જે દીયા, લિખ ભેજાયા જાન રે, લિખ ભેજાયા જાન;
સો સારીયાકૂ લિખ ભેજાયકર, ખબર મંગાહી માન રે, ખબર મંગાહી માન.

## સમજુતિ : બયાન : ૯૬૯/૩૭

**હઝ. ઉમર ફારૂક (રઝી.) ની આ વાત હઝ. અલી શેરેખુદા (રઝી.) એ સાંભળી. હઝ. ઉમર ફારૂક (રઝી.) એ પણ કહ્યું કે, તેમનો અવાજ સાંભળીને સારીયાહ ડુંગર ઉપર ગયા તો છુપાયેલા કાફીરોને જોઈ લીધા, અને તેઓની ઉપર છાપો માર્યો તો કાફીરો નાસી ગયા, અને ઈસ્લામી લશ્કરની જીત થઈ. પછી હઝ. અલી શેરેખુદાએ 'સારીયાહ' ઉપર કિતાબત (લખાણ) લખી હકીકત જાણવા ચાહી. (વધુ બયાન નં. ૯૭૦/૩૮માં)**

## બયાન : ૯૭૦-૩૮

તબ સારીયાને જુમ્આ કે દિન ફતેહ રે પાઈ, અને ઉમરકી બોલી, ઉન કાનૂ રે સુનાઈ...૧
તબ વાંથી કાગઝ ઓને તુરત થા લખીંયા, જયસા ઉમરકા આવાઝ ઉન કાનૂ થા સુનીયા...૨
સો અમીરૂલ મૂમિનીન ઉમર ખત્તાબકે નામા, ભી ઔર મૂમિનકે નામસૂં લિખા કીયા રે કામા...૩
કે આવાઝ મંય તમારા સુનીયા કાના, કે અમીરૂલ મૂમિનીન જૂં કીયા રે બયાના...૪
થા વકત જુમ્આ કેરી રે નમાઝા, મંય જુવાબ તમારા સુનીયા રે હાઝા...૫
યા સારીયા અલ જબલ તમૂને આખા, સો મંય તો સુનકર દિલ માંહે રાખા...૬
એક ખેતરવાકા છેટા, જાના હમારે તમારે, અયસે બોલતે થે તમના બહોત દિલકે પયારે...૭
પિછે આવાઝ મંય સુનકર વે રીત રે કીતી, તો રબને મુજકૂ હય ફતેહ રે દીતી...૮
ઐસી સારીયાને ખબર લિખ થી રે ભેજાઈ, ઉસ કાગઝકે જુવાબથી વે બેલી થી તમૂ ચાઈ...૯
બાઝ કાગઝ ભી કેરા ઓનૂ લિખીયા જુવાબા, સો બેર ના લગાઈ કામ કીયા રે શિતાબા...૧૦
વે જુવાબ ભી આવકર પહોંચા રે કહીએ, દો મહિને બાઝ છેટા રાહાકા લહીએ...૧૧
સો જૂં થા ઉમરને કહયા રે બયાના, સબ કાગઝકે માંહે વે લિખી થી નિશાના...૧૨

એ કરામત ઉમર રઝીઅલ્લાહ અપને કેરી; એ સુન સુન મનમાં દેઓ ઈતની સવેરી...૧૩
રે તુંહી.

જુવાબ કાગઝકા સારીયા લિખ ભેજાયા જાન રે, લિખ ભેજાયા જાન;
સો જૂં બાત થી ઉમરે કહી, સબ થે પુરે નિશાના રે, સબ થે પૂરે નિશાન.

## સમજુતિ : બયાન : ૯૭૦/૩૮

**'સારીયાહ' ને જુમ્આના દિવસે ફતેહ મળી હતી, અને તેણે હઝ. ઉમર (રઝી.) નો અવાજ પણ સાંભ્યો હતો, અને જે હકીકત બની હતી તેનો વળતો જવાબ બહુજ જલ્દીથી અમીરૂલ મુઅમેની હઝ. ઉમર ફારૂક(રઝી.) અને બીજા મુસલમાનોને નામે સારીયાહે લખ્યો હતો, જેમાં તેણે લખ્યું હતું કે, તેણે જુમ્આની નમાઝના સમયે હઝ. ઉમર ફારૂક (રઝી.) નો અવાઝ સાંભળ્યો હતો, અને ડુંગર પછવાડે કાફીર સેનાને છુપાયેલી જોઈ હતી, અને આ બનાવ સમયે તેમની અને હઝ. ઉમર ફારૂક (રઝી.) વચ્ચે એક ખેતરવા (બહુજ નજીકનું) અંતર હતું, અને હઝ. ઉમર ફારૂક (રઝી.) ના માર્ગદર્શનથી તેમને ફતેહ મળી હતી. સારીયાહનો આ વળતો જવાબ બે મહિનાના અંતર જેટલા વખતમાં હઝ. ઉમર ખત્તાબ (રઝી.) પાસે પહોંચ્યો હતો. આ હતી હઝ. ઉમર ફારૂક (રઝી.) ની કરામત. હઝ. ઉમર (રઝી.) એ પોતાના પત્રમાં જે નીશાનીઓ જોઈ તેવી જ સારીયાહના વળતા જવાબથી જાણવા મળી.**

## બયાન : ૯૭૧-૩૯

# હબસી સરદારના ઝુલમની દૂરથી પામેલી ખબર (કરામત)

ભી બિલાદકા હબશી એક ઠામ થા ભેજાયા, સો ઉમરને ભેજા થા રે સુનાયા...૧
સો ઉસકુ ફૌજકા થા સરદાર કીતા, એક મુલકકુ ફતેહ કાજ ભેજ થા દીતા...૨
પિછે એક દિને ઉમરને કીયા મદીને આવાઝા, લબ્બૈક લબ્બૈક કહા રે હાઝા...૩
એ બહોતોંને થા સુનીયા અપને કાના, પણ ઉસકા કિનીને ના બૂઝા રે બયાના...૪
સો જબ તક હબશી ફિર મદીને આયા, અને ફતેહ બહોત કરને મતા રે લાયા...૫
સો અમીરૂલ મૂમિનીન ઉમર પાસ આવકર, સબ હકીકત કહી અરઝ મન ધર...૬
જો ખુબ ઉસસૂં હુએ થેં કામા, ઓને બાત રે કીતી સબ ફતેહકી ઠામા...૭

તબ ઉમરને ઉસકુ એતા ફરમાયા, ઉસ મઝલૂમ કેરા હાલ કેહ કર બતાયા...૮
તબ મઝલૂમ કેરા બયાન હબશીએ કીતા, સો જયસા રે લિખા થા વયસા બતાકર દીતા...૯
કે મંય જા પહોંચકર ઉસે પકડ ખેંચાયા, અને માલમતા ઉસકી સબ લૂટ રે કરાયા...૧૦
ઉસ દિલકી હકીકત મંય ના રે પાયા, અને ઉસે તો મંય લેકર ઠંડે પાણીમાં બાયા...૧૧
બહોત ઠંડકે લીતે મર હુવા વે ફના, અને આવાઝ દીયા ઓને લેકર મંના...૧૨
પાઉં મેહરબાની ઉમર ઓને કીતી રે પોકારી, એ આજિઝી ઉસકી મંય છોડ રે બિસારી...૧૩
યું અબશીને બયાન સબ રે કીતા, એ સુન સુન મૂમિન મન ઈતના દીતા...૧૪
રે તુંહી.

પહોંચો ઉમર કર બોલીયા, જબ ઉસ્કુ પોંચા અઝાબ રે, જબ ઉસ્કુ પોંચા અઝાબ;
દીયા લબ્બૈક કર ઉમરે, તુરત વાં જુવાબ રે, તુરત વાં જુવાબ.

## સમજુતિ : બયાન : ૯૭૧/૩૯

**બિલાદે મદીના (મદીના શહેર) ના એક હબશીને ફોજનો સરદાર બનાવીને એક દેશ જીતવા હઝ. ઉમર ફારૂક (રઝી.) એમોકલ્યો હતો. એકવાર હઝ. ઉમર ફારૂક (રઝી.) એ મદીનામાં લબ્બયક ! લબ્બયક ! એમ કહ્યું જે ઘણા લોકોએ સાંભળ્યું. પછી આ હબશી સરદાર તે દેશ જીતીને ઘણી માલો મતાઅ (સરસામાન) લઈને મદીના શરીફ પાછો ફર્યો, અને તે દેશ જીત્યાનું હઝ. ઉમર (રઝી.) ને બયાન કર્યું. પણ હઝ. ઉમર ફારૂક (રઝી.) એ તે સરદારને કહ્યું, "તે મઝલુમ માણસ જેની ઉપર તેણે જુલમ કર્યો તેનું વર્ણન કર". તે હબશીએ તે મઝલુમનું વર્ણન કર્યું કે તેણે તે મઝલુમ (જેની ઉપર જુલ્મ થયો) ને પકડી તેની માલોમતાઅ (સરસામાન) લુંટી લીધી હતી અને સખત દિલે તેને ઠંડા પાણીમાં નાંખ્યો હતો અને તેને લીધે તે ફના થયો (મરી ગયો).**

**તે મઝલુમે હઝ. ઉમર (રઝી.) નું નામ લઈને મહેરબાની કરવા કહ્યું હતું. "ઉમર મહેરબાની કર" અને તે શબ્દો ઉપર હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ મદીનામાં રહીને લબ્બયક એમ કહ્યું હતું. (વધુ બયાન નં. ૯૭૨/૪૦માં)**

## બયાન : ૯૭૨-૪૦

તબ લબ્બૈકકા બોલ યાદ સબૂને કીતા, કે ઉમરને જુવાબ થા ઉસકા દીતા...૧

તબ હબશીકૂ ઉમરને કીતી ચશ્મ નુમાઈ, ઉસ મઝલૂમ કેરી જબ ખબર રે પાઈ...૨
કે સમજ હો બિના કયું કીયા એ કામા, જબ ઓને રે લીયા મેરા રે નામા...૩
તો ભી ઉસકૂ ડૂબાકર તેં કયું મારા, યું ગુસ્સા તો ઉમરને ઉસકુ કરા...૪
બાઝ કહા કે સુનને, તૂ હબશી સવેરે, કે બરીયા ઉસકી પહોંચા ઉસકે ડેરે...૫
ફિર કહયા કે આવકર ના મુંહ રે દિખાએ; ઐસા તેં હંચ કીયા તૂ રહ રે છુપાએ...૬
એ કરામત ઉમર ખત્તાબ હો કેરી, એ સુન સુન મનમાં દીજીઓ સવેરી...૭
એ અમીરૂલ મૂમિનીન ઐસે રે જાનો, એ નબીજીકે ખલિફે કરને પિછાનો...૮
હચ ચાર યારી હોના સુનો ભાઈ દીન કેરે, સુન્નત જમાત અકીદા એ સુનીઓ સવેરે...૯
સો યાર રે યારૂંકી સિફત પિછાનો, સો ખુલફાએ રાશેદીન નામસૂ જાનો...૧૦
રખે રાફઝી હો કેરા બોલ સુનતે કાના, મત ખોવારઝીયું કેરા સુનો રે બયાના...૧૧
ખૂબી યાદ રાખો યારૂંકી જૂં નબી ફરમાના, અને એક કર ઈતના કહો દિલકી શાના...૧૨
રે તુંહી.

આવાઝ દીયા કહી દૂરથી, ઉમરે સુના આપ કાન રે, ઉમરે સુના આપ કાન;
સુન જાગ ગાફિલ મત છોડ, કરામત કેરે બયાર રે, કરામત કેરે બયાન.

## સમજુતિ : બયાન : ૯૭૨/૪૦

**'લબ્બયક' આ શબ્દને ઘણા હાજરનોએ સાંભળ્યો હતો. પછી ઉમર ફારૂક (રઝી.) એ તે હબશીની ચશ્મનુમાઈ (પૂછપરછ) કરી અને ગુસ્સાથી કહ્યું કે, "તે મઝલુમે મારૂં નામ લીધું તો તેં સમજ વગરનું આવું કામ કેમ કર્યું અને તેને કેમ ડુબાડી દીધા ?" પછી તે હબશીને હુકમ કર્યો કે તે મઝલુમની બરીયા (ચીજો) તેના ડેરે (ઘરે) પહોંચાડી દે, અને હબશી તેનું મોં ફરીથી હઝ. ઉમર ફારૂક (રઝી.) ને ન બતાવે. આ પણ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) કરામત હતી.**

**'ચારયારી' જેઓ ખુલફાએ રાશેદીન છે, તેઓની સરખી મુહબ્બત રાખવી એ સુન્નત જમાઅતનો અકીદો છે. એ ચારેય ખુલ્ફાએ રાશેદીનની સીફતો તમે પહેચાનો (જાણો). સુન્ની અકીદાવાળાઓ 'રાફઝીઓ' અને 'ખારજીઓ' ની વાતો સાંભળવી નહિ, કે રખેને તેમની અવળી વાત સાંભળી સુન્નીનો અકીદો ખરાબ થઈ જાય. રે તુંહી... હઝ. ઉમર (રઝી.) એ દૂરનો અવાઝ સાંભળ્યો તે કરામતને પોતાની મમત છોડીને સાંભળો.**

## બયાન : ૯૭૩-૪૧

# ઉમર (રઝી.) એ જહાલતના જમાનાના રિવાજોને નાબૂદ કર્યા વિગેરે

જબ ફતેહ તો મિસર કેરી રે પાઈ, તબ ઐસી બાત હુઈ રે સુનાઈ...૧
તબ અમર બિન આસૂક થે હાકિમ કીતે, રઝીઅલ્લાહ અનહો વહાં ભેજ થે દીતે...૨
સો મિસરકા મુલકથા ઓનૂકૂ સોંપાયા, જે અમર બિન આસકા નામ રે સુનાયા...૩
તબ વાં કે રહેને વાલે આયે ઉન પાસા, સો અરઝ હો કરને કેરી રે આસા...૪
કહયા ઈસ નીલ નદીકી ઐસી આદત હય જાતી, જે મિસરકે તલે એ હય રે બહાતી...૫
વે આદત હો બિના પાણી ઓ રે નાંહા, કે બહાવે ના નદી, પાણી ઉસકે માંહા..૬
ઉસ આદત હો બિના નદી સૂક હય જાતી, કે પાણી રે પાવે ઐસી નાંહી બહાતી...૭
તબ અમર બિન આસને પૂછા રે જુવાબા, વો કયા હય આદત કહોને શિતાબા...૮
કહયા ઈસ માસ કેરે જાવે બાર રે દંના, એસા કામ હય કરતે સોચકર હમ મંના...૯
કે કુંવારી લડકી હમ મોલ હય લાતે, ખૂબ મા બાપ ઉસકે હમ રાઝી હય કરાતે...૧૦
સો માંગે વો ઈતને હમ દોકડે દિલાતે, યું મા બાપકુ ખુશી કર હમ લડકી હય લાતે...૧૧
યું મિસરકે લોકોને આવ કીતી રે બાતી, એ સુન મૂમિન કહા દિન ઓર રાતી...૧૨
રે તુંહી.

સિરમાં હાકિમ મૂમિન થા, આયે લોક ઓનૂ પાસ રે, આયે લોક ઓનૂ પાસ;
જે નદી નીલકી રસમથી, કરને બતાવે આસરે, કરને બતાવે આસ.

## સમજુતિ : બયાન : ૯૭૩/૪૧

**જ્યારે મીસર દેશ (ઈજીપ્ત) ફતેહ થયો ત્યારે હઝ. અમર બિન આસ (રઝી.) ને હઝ. ઉમર ફારૂકે (રઝી.) મીસર દેશના હાકેમ (સત્તાધિશ) બનાવીને મોકલ્યા હતા. ત્યાંના રહેવાસીઓએ હઝ. અમર બિન આસ(રઝી.) ને કહ્યું કે નીલ (નાઈલ) નદી મીસર દેશમાં થઈને વહે છે, અને તેની આદત (રૂઢિ) મુજબ વરસાદની તે ઋતુના બારમા દિવસે તે કોઈ એક કુંવારી છોકરીનો ભોગ માંગે છે, અને તેનો ભોગ આપવા લોકો કોઈ કુંવારી છોકરીનાં માં-બાપને દોકડા (પૈસા) આપી મનાવી રાજી કરી છોકરી ખરીદે છે, અને તેનો ભોગ નીલ નદીને આપે છે, અને તો જ નીલ નદી વહે છે. નહિ તો સુકી ભઠ રહે છે. (વધુ બયાન નં. ૯૭૪/૪૨માં)**

## બયાન : ૯૭૪-૪૨

યું અવરતકુ લાકર હમ કપડે હંય પેહનાતે, અને ઝીનત તો ઉસકુ બોત હય કરાતે...૧
ભી ઉસકુ હય પેહનાતે ઝેવર ગરેના, યું બનાકર છોડતે હય નદીકે મેના...૨
તબ પાણી હય નદીમાં બહોત રે આતા, કે નીલ માંહે પાણી તબ બહોત બહાતા...૩
યું ઓનૂને આવકર અરઝ પહોંચાઈ, સો અમર બિન આસકે ના ખાતિરમાં આઈ...૪
ઈસ્લામમમાં હરગિઝ કહા હોવે ના એ રીતા, યું અમર બિન આસને જુવાબ રે દીતા...૫
કહા જાહેલીયત કેરી પેહલી હય જે રાહા, સો ઈસ્લામ રે ઉસકુ ભાન દૂર રે કરાહા...૬
યું અમર બિન આસને જુવાબ રે દીયા, અને કહયા તો ઉનકા ના કબૂલ કીયા...૭
જબ હુએ તીન મહીને ઉસ તારીખ થી રાતા, તબ સૂક ગહી નદી સહી સુનાતા...૮
જૂં ઓનૂને કહાથા વયસી રીત રે દેખાઈ, કે નદી તો નીલ સૂકી રે સુનાઈ...૯
સો અયસી સૂક ગઈ ઉન દિનૂંકે માંહા, કે ટીપ ભી પાણી આવે રે નાંહા...૧૦
એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૧
રે તુંહી.

નીલ નદી સૂક ગઈ, જૂં થી ઘોરકી રીત રે, જૂં થી ઘોરકી રીત;
અકસર લોકોંકુ દેખતે બાત અજબ મન દીત રે, બાત અજબ મન દીત.

## સમજુતિ : બયાન : ૯૭૪/૪૨

**તે લોકોએ કહ્યું કે આવી કુંવારી છોકરીને કપડાં અને ઝવેર (ઘરેણાં) થી ઝીનત આપી (શણગારી) નદીમાં છોડી દેવામાં આવે છે ત્યારે નદીમાં પુર આવે છે. અમર બિન આસ (રઝી.) ને આ વાત ખાતિર (સમજ) માં ન આવી અને કહ્યું "ઈસ્લામમમાં આવું થઈ શકતું નથી, અને આવા રિવાજો જાહીલીયત (અજ્ઞાનતા) ના છે, જેને ઈસ્લામ તોડી-ફોડી નાંખે છે." તેમણે આ રિવાજને અમાન્ય કર્યો તો તે નીલ નદી (ભોગવાળી તારીખથી) ત્રણ મહિના સુકી રહી, અને તેમાં ટીપુંએ પાણી ન રહ્યું. નદી જેમ પહેલાંથી (ઘોરથી) સુકી હતી તેવી જ રહી, અને આ વાત અજબ હતી. (વધુ બયાન નં. ૯૭૫/૪૩માં)**

## બયાન : ૯૭૫-૪૩

તબ મિસરકે લોક સહી ડરને લાગે, સો કહત કે લીતે કેતે ઉઠકર ભાગે...૧

તબ અમર બિન આસરે એ ખબર લખાઈ, સો અમીરૂલ મૂમિનીન પાસ રે ભેજાઈ...૨

સો ઉમર ખત્તાબ રઝી અલ્લાહ અનહો કહીએ, આવ કાગઝ પહોંચાયા અનૂ ખિદમત લહીએ...૩

યા ઉસમાં લિખીયા સબરે બયાના, સો નીલ હો કેરી જયસી રે શાના...૪

આઝ અમીરૂલ મૂમિનીન જુવાબ રે લિખાયા, અને ઉસ માંહે ટૂકડા લિખ જૂદા રે બાયા...૫

સો નીલ નદી નામસૂ થા એલામ રે કીતા, બહોત ઠબકા લિખીયા નદીકુ સુનીતા...૬

સો અમર બિન આસકે લિખ ભેજા રે સામી, જે મિસરમાં હાકિમ થે રે નામી...૭

ઉસ કાગઝમાં ટુકડા લિખ લપેટ હય દીતા, ના અમલ તો કીજીઓ ઉસકી રીતા...૮

જબ અમર બિન આસને વે કાગઝ ખોલાયા, તબ લિખા ટુકડા ઉસ કાગઝથી પાયા...૯

તબ નદી રે નીલમાં વે કાગઝ ડલાયા, તબ બહી રે નદી બહોત પાણી રે આયા...૧૦

સો દો દિન પીછે વકત સો ભાઈ, કે બાર ગઝ પાણીસૂં ઉંડી નદી રે આઈ...૧૧

એ કરામત ઉમર બિન ખત્તાબ હો કેરી, એ સુના સુન મનમાં યું દોને સવેરી...૧૨

રે તુંહી.

લિખ કાગઝ ઉમરે ભેજીયા, નદી નીલકે નામ રે, નદી નીલકે નામ;
વે કાગઝ નદીમાં ડાલતે બહોત પાણી આયા ઉસ ઠામ રે, બહોત પાણી આયા ઉસ ઠામ.

## સમજુતિ : બયાન : ૯૭૫/૪૩

**આ કારણે લોકો કહત (દુકાળ) થી ડરીને જતા રહેવા લાગ્યા તો હઝ. અમર બિન આસ (રઝી.) એ હઝ. ઉમર (રઝી.) ને તે હકીકતથી વાકેફ કર્યા. હઝ. ઉમર (રઝી.) એ વળતી ચિઠ્ઠી કાગળમાં લપેટીને નીલ નદીને (સંબોધીને) લખી મોકલાવી અને તેને તે ચિઠ્ઠીમાં ઠપકો લખ્યો, અને તે ચિઠ્ઠીને નીલ નદીમાં નાંખવાનું કહ્યું. હઝ. અમર બિન આસ (રઝી.) એ તે કાગળમાંની ચિઠ્ઠી નદીમાં નાંખી. જેવી આ ચિઠ્ઠી નદીમાં નાંખી તેવું જ તેમાં બે દિવસમાં બાર ગજ (બાર હાથ) ઉંડું પાણી આવ્યું. આ હતી હઝ. ઉમર બિન ખત્તાબ (રઝી.) ની કરામત.**

**નોંધ : એમ કહેવાય છે કે તે ચિઠ્ઠીમાં હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ નીલ નદીને નામ લખ્યું હતું કે, અલ્લાહના હુકમથી વહેતી હોય તો વહે ! હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ લખેલી ચિઠ્ઠી નદીમાં નાંખતાં જ તેમાં ઘણું પાણી આવ્યું.**

## બયાન : ૯૭૬-૪૪

# હ. ઉમર (રઝી.) દુનિયા અને આખેરતમાં નબી (સ.અ.વ.) ની સાથે

સુનો હદીસ અપને નબીજી હો કેરી, સો ઉમરકે હકમાં સુનીઓ સવેરી...૧

કે પેહલા પેહલ કિયામત રબ કરેગા સલામા, સો ઉમર બિન ખત્તાબ કેરે રે નામા...૨

અને કિયામત દિન દીયા જાવેગા અમલકા નામા, સો ઉમર બિન ખત્તાબકૂ પેહલા દેવે રે ઉસ ઠામા. .૩

સો ઉમરકે બેટે રઝીઅલ્લાહ અનહો કહીએ, એ હદીસ હંચ કેહતે નબીજીકી લહીરં...૪

થે મસ્જીદ મદીને બેઠે મુબારક ઝાતી, અબૂબકર ને ઉમર થે પાસ સુનો ભ્રાતી...૫

થે જમણે પાસે સિદ્દીક સુનાએ, થે ડાબે પાસે ફારૂક કેહતાએ...૬

તબ પકડે મુબારક હાથ દોનોંકે હાથા, જે શેખેન દોનો થે રે સાથા...૭

પિછે યું પકડને એતા નબીજીને આખા, રહીએ એકઠે જાં જીવીએ યું કેહકર દાખા...૮

અને મરતે બાઝ કબરમાં રહીએ સહી રીતા, યું નબીજીને અખા કર ભ્હોત રે પીતા...૯

અને ઉઠાએ જાવે જબ કિયામત દંના, વે ભી એ રીતે ઉઠેંગે સુન રાખીઓ મંના...૧૦

યું નબીજીને નેહસૂં શેખેન બતાએ, સો હાથ થે પકડે દોનોંકે સુનાએ...૧૧

એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન ઓર રાતી...૧૨

એ મન ધર બયાન સુન સુન લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૩

રે તુંહી.

સુનતે પાવે દીનકૂ, સહી એ સાચી બાત રે, સહી એ, સાચી બાત;
જો નાંહી કુછ સુનકર બૂઝતે, તો કાફિર દો જગ ઝાત રે; તો કાફિર દો જગ ઝાત.

## સમજુતિ : બયાન : ૯૭૬/૪૪

**હઝ. ઈબ્ને ઉમર (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ કહે છે કે એકવાર મદીનામાં મસ્જીદે નબવીમાં નબી (સ.અ.વ.) બેઠા હતા, અને આપની જમણે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને ડાબે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) બેઠા હતા, ત્યારે તે બેઉ શેખૈનના હાથ પકડીને નબી (સ.અ.વ.) એ કહ્યું : "દુનિયામાં જેમ આપણે સાથે છીએ તેમ કબરમાં (બરઝખ) માં અને કયામતને દિવસે પણ સાથે હોઈશું" અને આગળ રિવાયત છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું : "કયામતને દિવસે જ્યારે અલ્લાહ આમાલનામું આપશે ત્યારે અલ્લાહ પહેલી સલામ હઝ.**

ઉમર (રઝી.) ને કહેશે.''

સાંભળવાથી જ દીનની હકીકત જાણવામાં આવશે. કાફીરો જાણવા છતાં માનતા નથી. પણ મોમીનોએ દીન જાણવું જોઈએ.

### બયાન : ૯૭૭-૪૫

## હ. ઉમર (રઝી.) સૌથી બેહતર માણસ

સુનો જાબિર અનસારી રઝી અલ્લાહ અનહો કહીએ, વે હદીસ હંય નબીકી કેહતે રે લહીએ...૧
ઉમર ખત્તાબ હદીસ થી જૂં નબીજીસૂં સુનાઈ, ત્યું અબૂબકરકુ રીત વે કેહકર બતાઈ...૨
કહયા બેહતર મરદ નબીજીકે બાઝા, સો તમ હો ઈતના દીયા રે આવાઝા...૩
અબૂબકરને કહા તમૂ બયાન જે કીતા, સહી વે તો સુન સહી કર લીતા...૪
પણ મંયભી હદીસ અયસી સુની હય કાના, સો ફરમૂદા નબીકા સુના ઉસકા બયાના...૫
કહયા આફતાબ ખૂબ ઝળકે નાંહા, ઉમર બિન અવર પર જગકે માંહા...૬
કે આફતાબ રોશની ખૂબ ઝલકાવે, સો ઉમર હો બિના કો' અવર ના પાવે...૭
એ સિદ્દીકને હદીસ ફારૂકકૂ આખી, સો ઓનૂને સુનકર મન માંહે રાખી...૮
ભી ફરમૂદા અપને નબીજી હો કેરા, સો સુનકર ચંતમાં દીજીઓ સવેરા.
દો વઝીરોંસૂં ઝમીંમાં હય પયગમ્બર કીતા, અને વઝીર દો દીએ ઉન્હે આસમાન મીતા.
કહયા મુજકુ વઝીર દો જે હંય આસમાના, વે જીબ્રઈલ મીકાઈલ નામ રે જાના.
અને અબૂબકર ઉમર એ દો ઝમીંમાં વઝીરા, એ ફરમૂદા નબીકા સુનો મનકર ધીરા.
તો શેખેન વઝીર નબીકે કેહલાએ, એ સુન સુન મૂમિન મન ઈતના લાએ.
રે તુંહી.

વઝીર નબીકે જગમાં, શેખેન કેરી ઝાત, શેખેન કેરી ઝાત;
નૂરી દો વઝીર હંય, એ સહી સાચી બાત રે, એ સહી સાચી બાત.

### સમજુતિ : બયાન : ૯૭૭/૪૫

હઝ. જાબીર અન્સારી (રઝી.) હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ નબી (સ.અ.વ.) થી સાંભળી બયાન કરેલ હદીષ, અને આવી જ એક હદીષ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) થી પણ રિવાયત થઈ છે તે હદીષ કહે છે કે, નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું ''મારી પછી બેહતર (શ્રેષ્ઠ) માણસ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) છે, અને આફતાબ (સૂરજ) હઝ. ઉમર ખત્તાબ (રઝી.) થી વધારે

તેજસ્વી નથી'' (આ એક ભાષાકિય અલંકાર છે). એ જ રીતે એક હદીષ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને કહી હતી કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું ''આસમાનમાં મારા બે વજીરો (નાયબો) જીબ્રઈલ અને મીકાઈલ, એમ બે ફરિશ્તાઓ છે, અને જમીન ઉપર મારા બે વજીરો (નાયબો) બે શૈખેન, હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને હઝ. ઉમર ફારૂક (રઝી.) છે.'' (વધુ બયાન નં. ૯૭૮/૪૬માં)

## બયાન : ૯૭૮-૪૬

એ શેખેન રઝીઅલ્લાહ અનહુમ રે જાનો, જે દૂશમન ઓનૂકે હોવે રે પિછાનો...૧
હુઆ ઓનૂકે હકમાં અયસા નબી ફરમાના, તમ સુનો રે ઉસકા કાન ધર એ બયાના...૨
કહયા અસહાબૂં તરફ જે જીભ રે ચલાવે, સો નામાકૂલ સુખન જીભ પર લાવે...૩
ઉસે લાઅનત ખુદાકી હોવે નિસ દંના, અને નૂરીભી લાઅનત ભેજે નિસદિન મંના...૪
ભી લાઅનત ખલકત સારી હો કેરી, સો ઉસ પર હંમેશા હોવે રે સવેરી...૫
ના કબૂલે ફરઝ ને સુનનત ઈલાહી, જિતની ઐસી વે કરે રે કમાહી...૬
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, એ સુન સુન મનમાં દેઓ સહી રે સવેરા...૭
ઈમામ શાફઈસૂં ભી બાત ઐસી રે સુનાઈ, જયસી નબીજીકી હદીસ હય ઓનૂને પાઈ...૮
કહયા જે કોઈ અસહાબોંકુ સબ હય કરતા, વે મેરે રે નામકુ હય ગાલી મન ધરતા...૯
અને જે કોઈ મુજકૂ ગાલી રે દિલાવે, વે રબકુ હય દેતા ગાલી એતા મન લાવે...૧૦
અને જાન કેને રબકૂ ગાલી રે દિલાઈ, ઉસે લાઅલત ફરિશ્તૂં કેરી રે આઈ...૧૧
ભી લાઅનત ખલકત સારી હો કેરી, સહી ઉસકે ઉપર હુઈ રે અનેરી...૧૨
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, એ સુન સુન મનમાં દોને સવેરા...૧૩

રે તુંહી.

રખે મૂરખ સબ બોલતે, કો' અસહાબી કેરી ઝાત રે, કો' અસહાબી કેરી ઝાત;
બયાન સુન હદીસકા, સમજને કીજે બાત રે, સમજને કીજે બાત.

## સમજુતિ : બયાન : ૯૭૮/૪૬

**નબી (સ.અ.વ.) ની હદીષ છે કે ''જે કોઈ શેખેન (જેઓ મારા અસ્હાબો છે) તેઓની ઉપર 'સબ' (સબ્બ) કરે (ગંદી જબાન ચલાવે) અને નામાકુલ (અયોગ્ય) સુખન (શબ્દો) બોલે તેની ઉપર અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને**

બધી ખલકત રોજ લાનત (ફીટકાર) મોકલે છે, અને અલ્લાહની સુન્નત" (રીત-રૂઢી) એ છે કે તે આવા ગંદી જીભ ચલાવતા લોકોની ફરજ ઈબાદતો કબુલ કરતો નથી.

ઈમામ શાફઈ (રહે.) ને આ બાબતે જે હદીષ મળી તેને આધારે કહે છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું કે, "જે કોઈએ અસ્હાબો વિરૂદ્ધ ગાળ બકી તેણે જાણે મને ગાળ દીધી, અને જેણે મને ગાળ દીધી તેણે અલ્લાહને ગાળ દીધી, અને બધી ખલકત (સૃષ્ટી) તેની ઉપર લાનત કરે છે."

આ હદીષ સાંભળી લો, સમજીને વાત કરો અને અસ્હાબો વિરૂદ્ધ ન બોલો.

## બયાન : ૯૭૯-૪૭

# શેખૈનનું ભુંડું બોલનારની સખાવતનું કબૂલ નહિ થાય.

અબૂ સઈદ ખૂદરી રઝીઅલ્લાહ અનહો કહીએ, એ હદીસ નબીકી હંય કેહતે રે લહીએ...૧
કહયા કોઈ સબ કરેગા મેરે રે અસહાબા, ઉસે નાંહી રે પહોંચે કછુ હે સવાબા...૨
કહયા શેખેન દોનૂ વઝીર હંય મેરે, કે તમૂંથી ઓનૂકુ કરે સબ રે સવેરે...૩
અને વે દેવે ખયરાત ખરચ કરાવે, તો અજર ઉસકા કછુ હે ના પાવે...૪
તબ ઓહદ રે ડૂંગરકા લીયા રે નામા, જે મક્કે રે મદીને બીચ હય જીસ્કી ઠામા...૫
કહયા ઈતના ખરચ કભી કરે રે માલા, તો સવાબ ના પાવે મુદ કેરે રે હાલા...૬
કુછ માપલે કેરા કહા મુદ રે નામા, સહી ઉસસૂં અનાજકા ભર કરતે હંય કામા...૭
કહયા ડૂંગર હો જેતા ખરચ ભી કરાવે, તો મુદ ભી જેતા ના સવાબ રે પાવે...૮
અને અમલ તો ઉસકા હો જાવે રે ફના, સહી દોઝખી હોવે ઉસકા તના...૯
સો હિસાબ હો બિના વે દોઝખી કેહલાયા, વે સબ કીએ કાજ લે દોઝખમાં બાયા...૧૦
એ નબીજી અપને કેરા ફરમાના, હય કાન ધર સુનના દિલકે ધિયાના...૧૧
સહી સુન એ ગવારો બાત ખાતિરમાં લાહો, નામ સહાબી નબીકે સબ અદબે બોલાહો...૧૨
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને એક કર કહો દિન અવર રાતી...૧૩

રે તુંહી.

શેખેન વઝીર હંય નબીકે, સુન એ રાખો મન રે, સુન એ રાખો મન;
સબ જો ભૂલે કો કરસી, દોઝકી હોસી તન રે, દોઝખી હોસી તન.

## સમજુતિ : બયાન : ૯૭૯/૪૭

હઝ. અબુ સઈદ ખુદરી (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ કહે છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું : "જે કોઈ મારા અસ્હાબો જેઓ શેખૈન છે તેઓ વિષે ભુંડું બોલે તેના અમલોનો સવાબ તેને મળશે નહિ, અને તે મદીનાના ઓહદ પહાડ જેટલી પણ સખાવત (દાન) કરી દે તો પણ તે સખાવત કબુલ થશે નહિ, અને તેને તેનો એક મુદ (અરબસ્તાનમાં અનાજ માપવાનું માપલું હતું તે) જેટલો કે તેનાથી અરધો પણ સવાબ મળશે નહિ, અને તે વગર હિસાબે દોજખમાં જશે."

પીર મશાયખ (રહે.) કહે છે કે ગમારો, આ નબી (સ.અ.વ.) ની હદીષ છે, તેને ખાતિર (સમજ) માં લો. તેથી અસ્હાબોના નામો પણ અદબથી લો. જે આ હદીષ ભુલ્યો તે દોજખી થયો.

## બયાન : ૯૮૦-૪૮

# મૈયતને લપેટાએલો સાંપના બનાવથી ઈબ્રત

એક મરદ હંય કેહતે વે અયસે રે સુનાએ, વે મોહંમદ બિન સીરીન નામસૂં બતાએ...૧
વે દેખોને અયસા બયાન હંય કરતે, સો દલીલ પૂરી હંય મન ધરતે...૨
સો શેખેનકે હકમાં હંય કેહતે રે બાતી, કે સહાબી નબીકે એ હંય બુઝુર્ગ ઝાતી...૩
કોઈ ઓનૂકે હકમાં સબ રે બોલાવે, વે દુશમન નબીજી કેરા રે કેહલાવે...૪
અને નબીજીકા દુશમન વે તો કાફિર નામા, ઉસે દોઝખ હો બિના નાહી ઔર રે ઠામા...૫
સુન બુખારામાં મોહદદીસ થે રે કેહલાતે, સો હદીસકે પડનારે બહોત થે સુનાતે...૬
સુનો ઓનૂસૂં એકને વફાત રે પાઈ, કે અજલ હો પહોંચી મૌત રે આઈ...૭
તબ ગસ્સાલકુ ઉસકે કાજ નિલાને બોલાએ, તબ ગસ્સાલ તો ઉસકુ નિલાને ના પાએ...૮
ઉસ મૂએકુ દેખકર વે પીછા રે ફરીઆ, કુછ બયાન તો ખોલકર ના ઉસકા કરીઆ...૯
ભી ઉસ પીછે અવર કહીં ગસ્સાલ બુલાએ, સહી વે ભી ઉસ મૂએકુ નિલાને ના પાએ...૧૦
યું ફિર ફિર ગએ સારે રે ગસ્સાલા, ઉસ મરદ હો કેરા દેખ દેખ હાલા...૧૧
તબ નિલાને હો સેતી સબ આજિઝ રે આયે, એ સુન ડરે મૂમિન મન ઈતના લાએ...૧૨
રે તુંહી.

ધારે બંદે ગરીબ હોયકર, ઉમ્મતી હો રહો દાસ રે, ઉમ્મતી હો રહો દાસ;
સહાબૂંસૂં અદબસૂં બોલના છુટક પાવન આસ રે, છુટક પાવન આસ.

## સમજુતિ : બયાન : ૯૮૦/૪૮

મુહંમદ બિન સીરીં કહે છે કે શેખૈન (પહેલા બે ખલીફા) નબી (સ.અ.વ.) ના બુઝુર્ગ અસ્હાબો છે. તેઓના હકમાં જે બુરૂં બોલે તે નબી (સ.અ.વ.) નો દુશ્મન છે, અને નબી (સ.અ.વ.) ના દુશ્મન કાફીર છે, જેઓનું ઠેકાણું દોજખ છે. બુખારા શહેરમાં ઘણા મુહદ્દીસો (હદીષવેત્તા) હતા તેમાંથી એકની વફાત થઈ. તેને ગુસલ આપવા ગુસ્સાલ (નવડાવનાર) બોલાવ્યો, પણ તે તેની મૈયતને ગુસલ ન આપી શક્યો. દરેક ગુસ્સાલ મૈયતને જોઈને પાછો ફરતો હતો, અને કાંઈ કહેતો ન હતો. તેથી લોકો પરેશાન હતા કે વગર ગુસલે તે મુહદ્દીસને કેવી રીતે દફન કરવો. તમો અલ્લાહના ગરીબ બંદા અને નબી (સ.અ.વ.) ના ઉમ્મતિ બની રહો, અને અસ્હાબોના નામો અદબથી લો. (વધુ બયાન નં. ૯૮૧/૪૯માં)

## બયાન : ૯૮૧-૪૯

ભી ઓનૂ બાઝ ગસ્સાલ એક અવર રે આયા, ઓનૂ કપડા મૂંહથી દૂર રે કરાયા...૧
ખોલ દેખતા તો હય સાંપને ઉસે ઘેરા રે દીતા, સુન ઉસથી પનાહમાં આપ રાખે રે મીતા...૨
કે સાંપ ઉસ મૂએકુ હય રે લપેટાયા, અને મુંહ લે ઉસકે હય મૂંહ માંહિ બાયા...૩
તબ ગુસ્સાલને સાંપકુ દેખ કીતી રે બાતી, સો મઈયતકે ઉપરથી જા સાંપકી ઝાતી...૪
કે તુજે હય હુકમ અઝાબકા કીતા, અને ગુસલકા હુકમ હય મોજકુ દીતા...૫
તો સાઅત એક દૂર હો તૂ ઈસકી ઝાતી, કે દૂં મંય ગુસલ અયસી કહી રે બાતી...૬
પિછે ફિરકર આહીયો તૂ ઈસકે પાસા, સો જૂં તુજે હુકમ હય વે કરનેકી આસા...૭
એ સુન સાંપ દૂર હુઆ ઉસ તંના, તબ ગુસલ તો દીયા ઈતને મેના...૮
સો સાંપ તો છૂપકર ગયા કિસ ઠાંહા, કે નેહલા ને લપેટા ઉસે કફનકે માંહા...૯
એતે ફિરકર સાંપ કહીંથી આયા, અને કફનમાં પૈઠકર ફિર લપેટાયા...૧૦
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૧
રે તુંહી.

સાંપ ઘેરા ડાલકર ફેર દીયા ઉસ તન રે, ફેર દીયા ઉસ તન;
જે મૂમિન થા કેહલાતા, મૈલ થા ઉસ મન રે, મૈલ થા ઉસ મન.

## સમજુતિ : બયાન : ૯૮૧/૪૯

પછી એક બીજો ગુસ્સાલ આવ્યો. તેણે મૈયતના મોં ઉપરથી કપડું હટાવી લીધું તો તેના મોંને સાપ ઘેરી બેઠો હતો, અને મૈયતનું મોં કાળું હતું. પછી તે બીજા ગુસ્સાલે સાંપને વિનંતીથી કહ્યું કે, "તને તે મૈયત ઉપર અઝાબ માટે મુકર્રર (નિયત) કર્યો છે, અને મને મૈયતને ગુસલ આપવાનો હુકમ છે, માટે ગુસલ અપાઈ જાય ત્યાં સુધી તુ હટી જા અને ફરી પાછો આવજે. પછી તે સાપ અલોપ થઈ ગયો તો તે ગુસ્સાલે મૈયતને ગુસલ આપ્યું. જ્યારે મૈયતને નવડાવી કફનમાં લપેટી તો તે સાપ પાછો આવીને તે મૈયતના કફનમાં પેઠો." (વધુ બયાન નં. ૯૮૨/૫૦માં)

## બયાન : ૯૮૨-૫૦

કે સાંપ જબ ફિરકર પેઠ કફનમાં ગયા, એ દેખને લોક ફિર અજબ હો રહયા...૧
તબ સબૂને પૂછી ખલકને બાતી, કિસ ગુનાહું સેતી પાવે આઝાર એ ઝાતી...૨
તબ સાંપને માંહેથી જુવાબ રે દીતા, સો ખલકત સબૂને સુનકર લીતા...૩
કે શેખેન સેતી એને કીયા થા દાવા, અબૂબકરને ઉમરકુ ના કરતા ભાવા...૪
કે ઓનૂકી ઝાતસૂં એ દુશમની ચાતા, બે અદબીયાં હો સેતી થા ઝબાં રે ચલાતા...૫
અબ ઉસકી સઝા હચ રે પાતા, યું અપને લોકુંસૂં સુન કીતી રે બાતા...૬
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, મત તિલ રે બિસારો દિન અવર રાતી...૭
તો શેખેન હો સેતી અદબ હય કરની, અને ફઝીલત ઓનૂકી મન માંહે ધરની...૮
અને નાંહી તો પરગત જયસા દેખીયા હાલા, વૈસા અઝાબ હો કેરા રે હોવે હવાલા...૯
પિછે ઝાહિર દીસે કે નઝરૂં ના આવે, પણ અઝાબ તો તેહકીક વૈસા રે પાવે...૧૦
ભાઈ દીનકે સુનની એ મનધર બાતી, અને દૂર રાખો આપસૂં રાફઝીકી ઝાતી...૧૧
કે રખે રે સંગત કુછ બોલ દિલ આવે, યું મૂમિન ડર ડર મન ઈતના લાવે...૧૨
રે તુંહી.

ફઝીલત શેખેન જાનકર, અદબ કરો દિન રાત રે, અદબ કરો દિન રાત;
નાંહી તો અઝાબ પાહેસી, સુની જું પેહલી બાતરે, સુની જું પેહલી બાત.

## સમજુતિ : બયાન : ૯૮૨/૫૦

તે સાંપ જ્યારે ફરીથી કફનમાં પેઠો તો લોકોને અચરજ થયું તો સાંપને પુછ્યું કે કયા ગુનાહને લીધે તે મૈયતને આવો આઝાર (દુઃખ-અઝાબ) થાય છે

? સાંપે જવાબ આપ્યો કે તે મરનાર શેખૈન હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) થી અદાવત રાખતો હતો અને તેઓની બેઅદબી કરતો હતો, તેની આ સજા છે.

પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો અને પોતાને પાક રાખો, અને શેખૈન (રઝી.) ની અદબ કરો, અને તેમની ફઝીલતને માન્ય રાખો. નહિ તો જેવો હાલ મૈયતનો થયો તેવો તમારો થશે. આવો ઈબ્રતવાળો (ધડો લેવા જેવો) અઝાબ ભલે બધાની મૈયત સાથે ન થાય, પણ તેને મર્યા પછી તેના આવા અમલનો અઝાબ થવાનો જ છે.

નોંધ : આવા કિસ્સાઓ ઈબ્રત માટે તત્પુરતા બનતા હોઈ શકે છે. અસ્હાબો (રઝી.) ને ગાળો બકનારને થયેલ ઈબ્રતનાક સજાના કિસ્સાઓ હવે પછી આ કિતાબમાં નકલ થયા છે. પીર મશાયખ (રહે.) કહે છે કે આવું દરેક ગાળ બકનારથી થઈ જાય એવી તવક્કુઅ (આશા) રાખવી ન જોઈએ, પણ પીર મશાયાખ (રહે.) ના કહેવા મુજબ તેઓને મર્યા પછી જરૂર તેનો બદલો મળશે.

### બયાન : ૯૮૩-૫૧

## માણસના સુવ્વર (ભુંડ) થઈ જવાના બનાવથી ઈબ્રત

ભી સુનને અયસી હય બાત રે કહાઈ, સો મૂમિન સાલેહથી હય રે સુનાઈ...૧
કે એક થા મરદ કૂફેમાં રેહતા, અને શેખેનકે સામી નાસઝા થા કેહતા...૨
અબૂબકર ને ઉમર રઝીઅલ્લાહ અનહુમ રે જાનો, ઓનૂ હક માંહે બોલતા નાસઝા રે માનો...૩
વે સાલેહ કે સાથ હુવા હમરાહી, મિલ રાહા માંહે ચલીએ અયસી ખબર પાહી...૪
અને રાહા માંહે આદત થી ત્યું બાત ઓને કીતી, તબ સાલેહને સુનકર વે બોલી રે લીતી...૫
તબ ઉસકુ બહોતેરા ઓને મને રે કરાયા, પણ નસીહત બોલ કુછ ખાતિર ના આયા...૬
તબ સાલેહકે દિલમાં બહોત ગુસ્સા રે લગાયા, તબ ઉસકુ આપથી લે દૂર રે કરાયા...૭
ભી સફરથી ફિરતે દેખા ઉસકા ગુલામા, તબ ખબર પૂછી લે ઉસકા નામા...૮
તબ ગુલામને સાહબકી કહી રે બાતી, કે આઝાર હય પહોંચી મેરે સાહબકી ઝાતી...૯
એ સફરથી ફિરતે થામ લીયા ગુલામા; કે જુદા રે કીતા ઉસે જિસ રે ઠામા...૧૦
સો સફરથી ફિરકર જબ ઉસ ઠામ આયે, તબ ગુલામ તો ઉસકા એક ઠામ રે પાયે...૧૧

એ સુનની હય બાતી મન ઘર કાના, અને એક કર કહો દિલકે ધાના...૧૨

રે તુંહી.

સુને બિના દીન ના પાહેસી, ભૂલા જાસી જાનરે, ભૂલા જાસી જાન;
જો તુજે દીનકા ચાવ હય સુન બયાન મનઘર ધાનરે, સુબ બયાન મન ઘર ધાન.

## સમજુતિ : બયાન : ૯૮૩/૫૧

**એક સાલેહ (નેક) મોમીનથી સાંભળેલી વાત થતી આવે છે કે કુફા શહેરમાં એક માણસ હતો જે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને હઝ. ઉમર ફારૂક (રઝી.) વિષે બુરૂં બોલતો હતો. તે નેક માણસ એક દિવસ કુફાના તે માણસ સાથે સફરે (મુસાફરીએ) જઈ રહ્યો હતો, તે કુફીએ તેની આદત મુજબ શેખૈન (રઝી.) નું ભુંડુ બોલતો ગયો, અને તે નેક માણસે તેને રોકવા છતાં તે ભુંડુ બોલવાથી રોકાયો નહિ. તેથી તે નેક માણસ સફરના તે કાફલાથી અલગ થઈ ગયો. સફરથી પાછા ફરતાં તેણે જે જગ્યાએથી અળગો થયો હતો, ત્યાં તે કુફીના ગુલામને તેણે જોયો તો તેને પુછયું કે શી વાત છે કે તે જગ્યાએથી તે અળગો થયો ત્યાં જ હજીક તે ગુલામ છે ? અને તેનાથી તેના સાહિબ (માલિક) ની ખબર પૂછી તો તે ગુલામે તે કુફીને થયેલા અઝાબની જાણ કરી. જે દીનની વાત નહિ જાણે તે ભૂલો પડશે અને ભટકશે. જો તમને દીનની ચાહત હોય તો દીનની વાત સાંભળતા રહો. (વધુ બયાન નં. ૯૮૪/૫૨માં)**

## બયાન : ૯૮૪-૫૨

તબ ગુલામકુ પૂછા કેહ તૂ અઝાબકી રીતા, કે આઝાર કયસે એ દીયા રે મીતા...૧
કે હાથ દોનૂ ઉસકે હુવે સુવ્વર હો જયસે, પગ સુવ્વરકે જયસે હાથ હુવે રે વયસે...૨
એ સાહબકી ખબર ગુલામને બતાઈ, તબ સાલેહકુ સુનતે દિલગીરી આઈ...૩
ઉસ ગુલામકે સાથ હો ગએ ઉસકે પાસા, સો ખબર આઝારકી પૂછને રે ખાસા...૪
તબ જાકર પૂછા કયા હાલ હય તેરા, તબ જુવાબ તો ઓને દીયા રે સવેરા...૫
કહયા હાદિસા હય પડીયા; અઝીમ સુનાયા, હાલ દોનૂ હાથું કેરા સબ રે દેખાયા...૬
એતી બાત કેહ સાલેહકુ વે ઉઠકર ચલીયા, અયસા ઓને કુછ સોચ મન ધરીયા...૭
તબ સાલેહ ને ગુલામ દોનૂ ઉસ સાથ ગહે, સો ઉસસૂં જૂદે તબ થે રહે...૮

સો બહોત રે સુવ્વર થે, એ ગયા ઉસ ઠામા, અને બદ લાના ઝાતકા ઓને કીયા રે કામા...૯
સો સુવ્વર હો જયસી ઝાત ઉસકી હો ગહી, સો દેખતેમાં ઝાત બદલી સહી...૧૦
સો સુવવર હો જયસા વે સુવ્વરમાં મલીયા, ફિર પિછાના ના ગયા અયસા તન રે કરીયા,..૧૧
તબ સાલેહ લે ગુલામકુ અને મતા રે સારી, સો કૂફે માંહે ઉસકે ડેરે લાહે રે સવેરી...૧૨
ઉસ ડેરે વે મતા દે સબ ખબર રે બતાઈ, એ સુનતે મૂમિન દિલ ચિંતા એ આઈ...૧૩
રે તુંહી.

શેખેનકૂ ભુંડા થા બોલીઆ, હૂઈ વે સુવ્વર ઝાત રે, હૂઈ વે સુવ્વર ઝાત;
ભાઈ દીનકે સુનના, મન ધર એ સબ બાત રે, મન ધર એ સબ બાત.

## સમજુતિ : બયાન : ૯૮૪/૫૨

**તે નેક માણસે તે ગુલામને પુછયું કે તેના સાહીબ (શેઠ) ને શું અઝાબ થયો, તો તે ગુલામે જણાવ્યું કે તેના શેઠના બેઉ હાથ સુવર (ભુંડ) ના પગ જેવા થઈ ગયા છે. તે નેક માણસ તે ગુલામ સાથે તે ગુલામના તે શેઠ પાસે ગયો તો તે માણસે કહ્યું કે તેની ઉપર મોટો હાદીસો (ઓચિંતી મુસીબત) આવી પડ્યો છે, અને એટલું કહીને ઉઠી ચાલ્યો : તેની સાથે તે નેક માણસ અને તેનો ગુલામ તેની સાથે ચાલ્યા, અને તે સ્થળે પહોંચ્યા જે સ્થળેથી તે નેક માણસની તે કુફીની સાથે પહેલાં જુદાઈ થઈ હતી. ત્યાં પહોંચતાંજ તે કુફી પૂરેપૂરો ભુંડ બની ગયો, અને તે ટોળામાં ભળી ગયો. પછી તે નેક માણસે તે કુફીનો સરસામાન તેના ગુલામને સાથે લઈને કુફીના ઘરે પહોંચાડ્યો.**

**પીર મશાયખ (રહે.) કહે છે કે જુઓ, શેખેનનું ભુંડુ બોલવાથી તે માણસને સુવર બની જવાની કેવી સજા મળી.**

**નોંધ : આવા બનાવ માટે જુઓ બયાન નં. ૯૮૨/૫૦ નીચેની નોંધ.**

## બયાન : ૯૮૪-૫૨અ.

### નઝમ

બેગે બેગે ભાઈ દીનકે આહો રે તમે સુનો રે, બાત સહી દિલ એ લાહો રે તમે સુનો રે...૧

ફઝીલત શેખેનસૂં જાનની રે તમે સુનો રે, લિખે જૈસી રીત પિછાનની રે તમે સુનો રે...૨
તાઝીમસૂં નામ લે બુલાહો રે તમે સુનો રે, સહી બાત એ મન લાહો રે તમે સુનો રે...૩
મૂએ બાઝ સાંપ ઉસે ઐસા આયા રે તમે સુનો રે, નઝરે સબૂંકી દેખાયા રે તમે સુનો રે...૪
શેખેનકૂ જીભ જે ચલાતા રે તમે સુનો રે, બોલ સબ ઝબાં થા લાતા રે તમે સુનો રે...૫
સાંબ લગા દેખા સબે નૈના રે તમે સુનો રે, મુંહ થા બાયા ઉસ મુખ મેના રે તમે સુનો રે...૬..૭
હુઈ ઐસી અઝાબકી રીતા રે તમે સુનો રે, ખલકતે દેખ વે લીતા રે તમે સુનો રે...૮
બાકી બૂઝે ગૈબ ઈલાહી રે તમે સુનો રે, ઉસ તન જે સખતી બનાહી રે તમે સુનો રે...૯
એક હૂવા સુવ્વરસી ઝાતી રે તમે સુનો રે, બુરી કરતા શેખેનકી બાતી રે તમે સુનો રે...૧૦
દેખતેમાં સુવ્વર હો ગયા રે તમે સુનો રે, નઝરૂ વે દેખ સબૂં લહયા રે તમે સુનો રે...૧૧
સબ સેતી ઝુબાં થા ચલાતા રે તમે સુનો રે, હઈ જૈસી સુવ્વરકી ઝાતા રે તમે સુનો રે...૧૨

### સમજુતિ : બયાન : ૯૮૪/૫૨ અ

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**મારા ભાઈ ! તમે મારી પાસે આવો, વાત દિલમાં લો અને અને શેખૈનની ફઝીલત જેવી લખાયેલી છે તેવી જાણો. તેઓના નામો તઆઝીમ (માનપૂર્વક) થી લો. તેઓનું ભુંડુ બોલનારાઓને ઉપરના બયાન મુજબ સાંપનો અને સુવ્વર બની જવાનો અઝાબ થયો. તમે વગર સમજે શેખૈનનું ભુંડુ બોલો નહિ, નહિ તો તમારી ઉપર અલ્લાહનો અઝાબ આવી પડશે.**

### બયાન : ૯૮૫-૫૩

## ભમરીઓના અઝાબના બનાવથી ઈબ્રત

ભી મરદ વે સાલેહ બાત હૈય કરતે, સો નૈનૂ જૈસા હય દેખકર લેતે...૧
કે ગિઝાકે કાજ એથે ગિઝાકૂ ચલીએ, સો કેતેક યાર આવ એકઠે મલીએ...૨
બની તમીમકે ટોલેથી એક મરદ થા આયા, સો ભી અનૂકે સાથ આવ એકઠા મેલાયા...૩
અને શેખેનકે સામી ઓને ઝુંબા રે ચલાઈ, સો સબ કેરી બોલી ઉસથી સુનાઈ...૪
તબ ઓનૂને ઉસકૂ મને રે કીતા, પણ નસીહત કેરા બોલ ચિત રે ના દીતા...૫
તબ સગલે ઉસથી આજિઝ રે આયે, અને બોલ નસીહત કેરે ઉસ બહુત રે સુનાયે...૬
પણ ઉસકે દિલમાં બાત આહી રે નાંહા, તબ અનૂ દુર કીયા ઉસે આપ ટોલી રે માંહા...૭

તબ રાહાસૂં જુદા હો આગે ટુક ચલીયા, અને મકાન રે જાનેકુ એક ગોશા મન ધરીયા...૮
વાં ભંવરી ટોલા આયા બૈઠતે અઝીમા, ઉસે અઝાબકે કાજ ભેજા રે કરીમા...૯
ઓનૂ ચમડી ને ગોશ્ત સબ ઉસકા ખાયા, કે હાડે હાડ હય સબ ઉજલે દેખાયા...૧૦
*સહી એ સબ દેખીયા અનૂ યમનીને નેના, અને ઉસમાંથી ભંવરી આવ કાટી અનૂ મેના...૧૧*
કુછ આઝાર ના હોવડા કરીચી જેતા, અને ચામડી ને ગોશ્ત ખાયા ઉસકા તેતા,..૧૨
તબ ગઝબ અલ્લાહકા હુવા સબને જાના, એ સુન સુન મૂમિન મન ઈતના આના...૧૩
રે તુંહી.

ચામડી ગોશ્ત સબ હાડથી, ખા ગહી ભંવરી ઝાર રે, ખા ગહી ભંવરી ઝાત;
જે શેખેન સામી બોલતા, અદબ બિના કુછ બાત રે, અદબ બિના કુછ બાત.

## સમજુતિ : બયાન : ૯૮૫/૫૩

**એક સાલેહ (નેક) માણસ તેની આંખે દેખ્યો હાલ બયાન કરે છે કે, તે ગજ્વાહ (જંગ) માટે બીજાઓની સાથે રવાના થયો, જેમાં બની તમીમ (એક કૂળનું નામ છે) નો એક માણસ પણ તેની સાથે હતો. તેણે શેખૈન વિરૂદ્ધ તેની જબાન ચલાવવી શરૂ કરી, અને તેને મના કરવા છતાં તેણે વાત ન ગણકારી તો બધાય તેનાથી આઝિજ (પરેશાની પૂર્વક નારાજ) થયા અને તે જમાત (કાફલા) માંથી તેને દૂર કર્યો. પછી જ્યારે તેની મંઝીલ (મુકામ) નજીક આવી તો તે એક ગોશે (ખૂણે) બેઠો ત્યાંજ ભમરીઓનું એક ટોળું તેની પાસે આવી પહોંચ્યું અને તેને ડંખ મારી મારીને તેનાં ગોસ્ત (માંસ) અને ચામડીને પીંખી નાંખી, અને તેનાં ફક્ત હાડકાં જ બાકી રહી ગયાં. આ બનાવને યમનવાસીઓએ નજરોનજર જોયો કે તે ભમરીઓ તે કાફલામાં થઈને તે માણસ પાસે આવી હતી, પણ કાફલાના બીજા કોઈપણ માણસને આઝાર (તકલીફ) આપ્યો નહતો. તેના આવા અમલને લીધે તેને અલ્લાહ તરફથી આવો અઝાબ થયો. (વધુ બયાન નં. ૯૮૫/૫૩ અ માં)**

## બયાન : ૯૮૫-૫૩ અ.

# શેખૈનનું ભુંડું ન બોલો (પેહલ)

આહોને દીનકે ભાઈ હમારે રે, સુન સુન એ બયાન કરો મન પિયારે રે...૧
શેખેનકુ હય અદબે બોલાના રે, ઝાહિર જીભે ભી મન માંહે છાના રે...૨

મૂમિન દિલ હોવે નિરમલ નીરા રે, મૂમિન ચોખ્ખા હોવે સરીરા રે...૩
દિલને જીભ કરો એક રીતા રે, ઉમ્મત નબીકી હય જિસે પીતા રે...૪
શેખેન બાત કરો દિલ સાફી રે, મૂમિનકી રીત એ હય કાફી રે...૫
અદબ બિના રખે જીભ ચલાહો રે, બોલ ભી ભૂંડા ના કાનૂ લાહો રે...૬
રાફઝી સંગ તો પીત ના કીજે રે, નબલા બોલ ના કાનૂ સૂણીજે...૭
ખાયા જો ઉસકા ભવરૂં તંના રે, બહોતું વૈસે કીયા સહી મંના રે...૮
રાફઝીકૂ એ કહની હય બાતી રે, નસીહત બાત જયસી હય સુનાતી રે...૯
ભવરૂં દેખો કીયા થા અઝાબા રે, ગુસ્સા હુવા ઉસપર સિતાબા રે...૧૦
ગઝબ ઈલાહી એ સહી દેખાવે રે, ના કયું રાફઝી મન માંહે લાવે રે...૧૧
તન તન સબૂ હોવે એ રીતા રે, શેખેનસૂં જેને નેહ ના કીતા રે...૧૨
છુપા હોવે કે નઝરૂં આવે રે, અઝાબ વે તન સહી પાવે રે...૧૩
ઉમ્મત ખાતિમ મુકરે તાંહા રે, તો ભી છુપા રહયા નાંહા રે,..૧૪
એ દેખ રાફઝી સાચી નિશાની રે, કૈસી કૈસી તનકૂ ઝાહિર જાની રે...૧૫
બરકત ખાતિમ નબી કેરી રે, પરગટ બહોત દીસે ના સવેરી રે...૧૬
કહી કહી દેખને સચ કર માના રે, સબકુ હોવે યું સહી પિછાના રે...૧૭
છુપા ઉસ તન હોવે અઝાબા રે, સહી કર એ મન બૂઝો શિતાબા રે...૧૮

## સમજુતિ : બયાન : ૯૮૫/૫૩ અ

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**મારા દીનના ભાઈ ! મારા આ બયાનો મનથી સાંભળો. શેખૈનનાં નામ મનથી અને જબાનથી અદબ સાથે લો. મોમીન મન અને તનનો ચોખ્ખો હોય છે. તમે નબી (સ.અ.વ.) ના ઉમ્મતિ હોવ તો આ રીત અપનાવો. દિલ સાફ રાખી શેખૈનથી પ્યાર કરો, અને તેમને વિષે ભુંડુ બોલો નહિ. તમે રાફઝીથી દોસ્તી ન કરો જેથી તેઓનાં શેખૈન વિષે હલકાં (નબળાં) બોલ તમારે સાંભળવા પડે. તમે રાફઝીઓને બતાવો કે શેખૈનનું ભુંડુ બોલનારાને ભમરીનો કેવો અઝાબ થયો કે તેના બદનને ભમરીઓ ખાઈ ગઈ. તે તેની ઉપર "અલ્લાહ તરફથી અઝાબ હતો. જે કોઈ શેખૈનથી દુશ્મની રાખે" તેને આવો જાહેર, કે પછી છુપો અઝાબ થશે. કેમકે નબી (સ.અ.વ.) ની ઉમ્મત ઉપર સામાન્ય રીતે જાહેર અઝાબ આવતો નથી, પણ તેમનાં અમલોનો**

બદલો છુપો (મરવા પછીનો) હોય છે.

નોંધ : આવા અઝાબ વિષે બયાન નં. ૯૮૨/૫૦ નીચેની નોંધ જુઓ.

### બયાન : ૯૮૬-૫૪

## ખ્વાબમાં (સપના) માં એક માણસના કતલ થવાના બયાનથી ઈબ્રત

ભી સુનોને અયસી એક સૂની હે બાતી, સો કેહતા હય અકાબર કેરી રે ઝાતી...૧
સો પહલે અકાબિરોંસુ એક હૈ રે કેહતા, સો જયસા વે બુઝકર હય મન ધર લેતા...૨
કે ખાતિમ અંબીયા ઉસે સુને માંહે આયે, અને શેખેન સાથ થે રે દેખાયે...૩
કે ડાબે ને જમને થે દોનૂ દો પાસા, તબ ઓને દેખ નબીકુ કીતી અરઝકી આસા...૪
કહયા મેરા હમસાયા કરે સબકી બાતી, એ દો મરદું કે હકમાં જે હય શેખેન ઝાતી...૫
અને સૂને માંહે અરઝ એતી નબીજીસૂં કીતી; તબ ખાતિમને સુનકર કબૂલ રે લીતી...૬
તબ નબીજીને હુકમ એક મરદકૂ કીતા, જે શેખેન દો પાસ થે ઓને દેખકર લીતા...૭
કે જાકર ઓસકુ કતલ રે કરાહો, કે દુનીયાથી દુર કર દોઝખમાં બાહો...૮
એતી બાતેં સબ હોવડી ઉસે ખોવાબકે મેના, એતે સભાં રે હુઈ ખુલ ગહી રે નેના...૯
અને જાગતે ઉસ ઘર જા ખબર રે લીતી, અને સુનેકી બાત મન અજબ રે દીતા...૧૦
જા દેખે તો ઉસ ઘર હય શોર રે હોતા, કે નંના ને બડા સબ હય રે રોતા...૧૧
અને પૂછા તબ ઓનૂને અયસી કહી રે બાતી, કોઈ આયા થા રાતકુ ઓને મારી એ ઝાતી...૧૨
યું નબીજીને સહી ઉસે કતલ કરાયા, એ સુનતે મૂમિન દિલ સોચ એ આયા...૧૩
રે તુંહી.

ગુસ્સા નબીકા હય સહી, જે દુશ્મન શેખેન ઝાત રે, જે દુશમન શેખેન ઝાત;
જૂં કતલ કરાયા દુરીજના, એ હય સાચી બાત રે, એ હય સાચી બાત.

### સમજુતિ : બયાન : ૯૮૬/૫૪

એક બુઝુર્ગ વાત સંભળાવે છે કે તેને નબી (સ.અ.વ.) સુણાં (સપના) માં આવ્યા અને તેમને ડાબે જમણે બે શેખેન બેઠા હતા. તેણે નબી (સ.અ.વ.) ને અરજ કરી કે તેનો હમસાયા (પડોશી) શેખેન વિરૂદ્ધ બુરૂ બોલે છે, તો નબી (સ.અ.વ.) એ માણસને હુકમ કર્યો કે તે શેખેનનું બુરૂં બોલનારને જઈને કતલ

કરે, અને તેને દુનિયામાંથી દૂર કરે. એટલામાં જ સવાર પડી અને તેની આંખો ખુલી ગઈ. પછી તે બુઝુર્ગ ઉઠીને તેને આવેલા સપના મુજબ તે શેખૈનનું બુરૂ બોલનારને ઘરે ગયો તો જોયું કે તેને ઘરે નાનાં-મોટાં બધાંયના રડવાનો શોર (અવાજ) આવતો હતો. તેના ઘરવાળાઓએ બતાવ્યું કે તે માણસને કોઈએ રાતે આવીને કતલ કરી દીધો છે. આમ નબી (સ.અ.વ.) એ શેખૈનના દુશ્મનને કતલ કરાવ્યો. (વધુ બયાન નં. ૯૮૭/૫૫માં)

નોંધ : આવા અઝાબ બાબતે બયાન નં. ૯૮૨/૫૦ નીચેની નોંધ જુઓ.

## બયાન : ૯૮૭-૫૫

# કુતરો બની જવાના બનાવથી ઈબ્રત

ભી અકાબર, પેહલોંથી એક બાત હય કેહતા, સો જયસા નેનૂ હય દેખકર લેતા...૧
થે સફર વે કરને ગએ મુલક જાં શામા, સો કુછ સૌદાગરી કેરે રે કામા...૨
વાં જા મસ્જીદમાં જાકર કીતી રે નમાઝા, સો ફજરકી નમાઝ કીતી સુના એ અવાઝા...૩
અને ઈમામને નમાઝ જબ પૂરી રે કીતી; તબ સબકી બોલી જીભ પર દીતી...૪
સો શેખેનકે સામી જીભ રે ચલાહી, સો ઝબાંકે ઉપર ઉસે મઝમ્મત આહી...૫
ભી શેખેનકે હકમાં દુઆ જુદી રે મંગાહી, ઐસી ઈમામને જીભ, ઓનૂ સામી રે ચલાહી...૬
એ તો ફિર આયે ડેરે ઉસ રે સાલા, ભી શામકૂ ગએ દૂજે સાલકે હાલા...૭
ભી ઓસજ મસ્જીદમાં નમાઝ રે કીતી, જે શામકે મુલકમાં થી રે સુનીતી...૮
તબ ઈમામ નમાઝથી ફારિગ હો કર, અને શેખેનકે હકમાં દુઆ માંગી રે મન ધર...૯
સો દુઆ તો નેક ઈમામે મંગાહી, તબ ઓનૂકે કાનૂ વો તારીફ સુનાહી...૧૦
તબ પેહલે રે ઈમામકી ઓનૂ ખબર પૂછાઈ, જે ઈમામને દુઆ થી ભુંડી રે મંગાઈ...૧૧
કહયા કહાં ગયા પેહલા જે થા રે ઈમામા, યૂં પૂછને ઈતના લીયા રે નામા...૧૨
રે તુંહી.

અકાબર શામમાં જા કર કીતી ફરજ નમાઝ રે, કીતી ફજર નમાઝ;
બાઝ નમાઝ ઈમામ બોલીયા શેખેનકૂ બુરે અવાઝા રે, શેખેનકૂ બુરે અવાઝ.

## સમજુતિ : બયાન : ૯૮૭/૫૫

**એક અકાબર (બુઝુર્ગ) પોતે જોયેલી વાત કરે છે કે તેમણે વેપાર અર્થે મુલ્કે શામ (સીરીયા દેશ) નો સફર કર્યો. ત્યાં તેણે ફજરની નમાઝ પઢી. નમાઝ**

પઢાવનાર ઈમામે શેખૈન વિરૂદ્ધ જીભ ચલાવી, તેઓની મઝમ્મત (બુરાઈ) કરી, અને શેખૈન માટે ભુંડી દુઆ કરી.

પછી તેજ મસ્જીદમાં તે બુઝુર્ગ બીજે વરસે પણ ગયા અને ત્યાં નમાઝ પઢી તો તે વખતના ઈમામે શેખૈનના હકમાં ખાસ ભલી દુઆ કરી.

તે બુઝુર્ગે ગયા વરસ જે ઈમામે શેખૈન માટે ભુંડી દુઆ કરી હતી તે વિષે પૂછ્યું કે તે કયાં ગયો ? (વધુ બયાન નં. ૯૮૮/૫૬માં)

## બયાન : ૯૮૮-૫૬

પૂછા અગલે બરસ મંય યાં થા આયા, તબ ઈમામકા બોલ મંય થા સુનાયા...૧
કે શેખેનકે હકમાં દુઆ બુરી થી મંગાઈ, એ ખબર તો કાનૂ થી મેરે રે સુનાઈ...૨
અને ઈમામે દુઆ ખૂબ માંગી ઈસ સાલા, એ ઈસકા મુજકૂ તમે કહો રે હાલા..૩
યૂં અકાબરે લોકૂંકૂ પૂછી રે બાતી, તબ નમાઝી બોલે થે જે હાઝિર રે ઝાતી...૪
કહયા તમ આહો હમ ઉસકૂ દિખાવે, અને બયાનથી ઉસકા હમ તમૂકુ બતાવે...૫
સો અકાબરકૂ લેકર ઉસ ઘરમાં આહે, સો પેહલે રે ઈમામકે ઘર સુનકર લહે...૬
કે કુત્તા થા બૈઠા ઉસે રે દેખાયા, અને પેહલે રે ઈમામકા નામ રે બતાયા...૭
કહયા પેહલા જે ઈમામ થા હુઆ કુત્તેકી રીતા, તબ અકાબરે સુનકર, વો દેખ રે લીતા...૮
તબ અકાબરને જાકર ઉસકુત્તેકૂ આખા, સબ શેખેનકુ બોલતા વે તૂ યૂં દાખા...૯
તબ કુત્તેને ઈશારત કર મુંડી રે હિલાઈ, આંસૂં આંખોંથી ચલીએ ઐસી ખબર રે પાઈ...૧૦
સુનો ઐસી બુઝરૂગ શેખેનકી ઝાતી, સહી અદબ હો બના મત કીજીઓ બાતી...૧૧
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન ઔર રાતી...૧૨
રે તુંહી.

શેખેનકી અદબ ના બૂઝતા, કરતા નરતી બાત રે, કરતા નરતી બાત;
સઝા પહોંચી સહી ઉસકૂ, હુઈ કૂત્તેકી ઝાત રે, હુઈ કુત્તેકી ઝાત.

## સમજુતિ : બયાન : ૯૮૮/૫૬

તે બુઝુર્ગે લોકોને કહ્યું કે પાછલે વરસે જે ઈમામ હતો તેણે શેખૈન વિરૂદ્ધ ભુંડી દુઆ કરેલી તે માણસ ક્યાં છે ? લોકોએ તે બુઝુર્ગને તેઓની સાથે ચાલવા કહ્યું કે તેને લોકો તે ઈમામનું ઘર બતાવે. પછી તેને તેઓ તે ઈમામને ઘરે લઈ ગયા, જ્યાં એક કૂતરો બેઠો હતો. તેને બતાવીને લોકોએ કહ્યું કે "આ છે તે

ગયા વરસના ઈમામ. જેણે શેખૈન વિરૂદ્ધ બદદુઆ માંગી હતી." તે બુઝુર્ગે તે કૂતરા બનેલા ઈમામને કહ્યું કે તે શેખૈન વિષે બુરૂ બકતો હતો ને ? તો તે કૂતરા બનેલા ઈમામે આંસુ ભરી હાલતમાં મુંડી હલાવી. જે શેખૈન વિરૂદ્ધ નરતી (હલકી) વાત કરશે તેને કૂતરા જેવો અઝાબ થશે. (વધુ બયાન નં. ૯૮૮/૫૬-અ માં)

નોંધ : બનાવ માટે બયાન નં. ૯૫૦/૮૨ નીચેની નોંધ જુઓ :

## બયાન : ૯૮૮-૫૬ અ

## નઝમ

ફઝીલત શેખેનકી જાનો રે તમે સુનો રે, ખલીફે નબીકે પિછાનો રે તમે સુનો રે...૧
અદબ કરો ઓનૂ નામા રે તમે સુનો રે, જયસી જિસે હોય ઠામા રે તમે સુનો રે...૨
સો જે થા અદબ ના લાયા રે તમે સુનો રે, ભમરૂને તન વે ખાયા રે તમે સુનો રે...૩
દેખતેમાંહાડકે દેખાએ રે તમે સુનો રે, ભવરે ઐસે ગુસ્સેસૂં લગાએ રે તમે સુનો રે...૪
ઐસા હુવા ગુસ્સા રબ કેરા રે તમે સુનો રે, સુન એ રો મનમાં સવેરા રે તમે સુનો રે...૫
ઓર ભી ઝબાં થા ચલાતા રે તમે સુનો રે, સો શેખેનકૂ નેતા થા ચાતા રે તમે સુનો રે...૬
દુઆ થા ભુંડી મંગાતા રે તમે સુનો રે, શેખેનકે હકમાં સુનાતા રે તમે સુનો રે...૭
કે હુવા વે કુત્તે કેરી ઝાતી રે તમે સુનો રે, સઝા પાઈ કરતા જબ બાતી રે તમે સુનો રે...૮
ચલે બહોત આંસૂ નૈના રે તમે સુનો રે, ઝૂરા યૂં વે આપ દિલ મેના રે તમે સુનો રે...૯
એ બાત સુન સહી લીજે રે તમે સુનો રે, ડર બહોત મન માંહે દીજે રે તમે સુનો રે...૧૦
ગુસ્સા રબ કેરી એ નિશાની રે તમે સુનો રે, ઝાહિર તો છુપી ભી જાની રે તમે સુનો રે...૧૧
મન ધર સુનની એ બાતી રે તમે સુનો રે, ગાફિલ ના હોઓ દિન રાતી રે તમે સુનો રે...૧૨
રાફઝીસૂં સંગત ના કરની રે તમે સુનો રે, બોલી ઉસકી કાને ના ધરની રે તમે સુનો રે...૧૩
સુનતે ખતરા આવે રે તમે સુનો રે, મૂમિન તો કાનૂકુ મૂંદાવે રે તમે સુનો રે...૧૪
રાફઝીસૂં સંગત ના કરાવે રે તમે સુનો રે, દુરીજન કર ઉસે ચાહવે રે તમે સુનો રે...૧૫

## સમજુતિ : બયાન : ૯૮૮/૫૬ અ

**પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો :**

**શેખૈન નબી (સ.અ.વ.) ના ખલીફાઓ છે. તેઓની તેમના દરજ્જા મુજબ અદબ કરો. જેણે તેઓની અદબ ન કરી તે ભમરિયોના અઝાબમાં પડ્યો, તે તમોએ**

સાંભળ્યું. તે બેઅદબી કરનારના શરીરને ભમરીઓ ખાઈ ગઈ અને તેનાં હાડકાં ખુલ્લાં કર્યાં. બીજાએ આવી જ ગુસ્તાખી (બેઅદબી) કરી તો તે કૂતરો બની ગયો અને રોઈ રોઈને જોતો રહ્યો. માટે એ વાત દિલમાં રાખો કે શેખૈન વિરૂદ્ધ બોલનારની ઉપર અલ્લાહ ગુસ્સે થાય છે. રાફઝીઓ શેખૈન વિરૂદ્ધ બકે છે, માટે તેઓની દોસ્તી (ભાઈબંધી) ન રાખો અને તેઓની વાતો ઉપર તમારા કાન બંધ રાખો, જેથી તમારા દિલમાં શેખૈન વિરૂદ્ધ ખતરો (શંકા) આવે નહિ.

### બયાન : ૯૮૯-૫૭

## હ. ઉમર (રઝી.) શહાદત

સુનો અમીરૂલ મૂમિનીન ઉમર ખત્તાબા, કહો રઝીઅલ્લાહ અનહો ઓનૂં નામસૂં શિતાબા...૧
જબ ઓનૂકુ કતલ દુરીજન કીતે, સો ગુસ્સે હો કાજ સુનકર લીતે...૨
તબ હુવા રે અંધેરા ઝમીં આસમાના, કે નંનૂ બડુને સબૂં એ જાના...૩
સો લડકે ખેલ છોડ ભાગ ડેરે રે ગહે, સો ધાભરે હુએ સુનકર લહે...૪
અને માબાપકૂ જાકર પૂછી રે બાતી, કયા કયામત આઈ જે હય રે સુનાતી ?...૫
તબ ના કહયા ઓનૂને આજ કિયામત નાંહા, હય ઉમરકૂ મારે આજ દિનકે માંહા...૬
અયસી બુઝુર્ગ ઉમરકી બૂઝો રે ઝાતી, કે કતલકા દિન હુવા જિસ રે રાતી...૭
સુનો છે સહી મહીને, અને દસ રે સાલા, અને સાત દિન કેરા અવર કહીએ ભી હાલા...૮
સો ખિલાફત કેરા એ હિસાબ રે જાનો, સો ઉમર રઝીઅલ્લાહ અનહો પિછાનો...૯
એતા હિસાબ બુઝો ખિલાફત કેરા, સો ઉમરકે નામસૂં તમે સુનીઓ સવેરા...૧૦
તબ હયાત કને તેર મૂમિનકુ ધરીયા, સો બાઝ એ દિનકુ હિસાબ કરીયા...૧૧
સો ચાર શંબે કેરા થા રે દંના, એ વિસાલ હો કેરા, દિન સુન રાખો મંના...૧૨
એ સુન સુન બાતી સહીકર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૩
રે તુંહી.

ફારૂકકે કતલકા દિન થા હુવા વો જિસ રાત રે, હુવા વો જિસ રાત;
લોક સબ દેખ ગમમાં ગહે, સહી એ સાચી બાત રે, સહી એ સાચી બાત.

### સમજુતિ : બયાન : ૯૮૯/૫૭

અમીરૂલ મુઅમેનીન હઝ. ઉમર બિન ખત્તાબ (રઝી.) ને સવારના

અંધારામાં તેમના દુશ્મને ગુસ્સામાં આવી શહીદ કર્યા ત્યારે નાનાં-મોટા સૌએ જોયું કે અંધારૂં થઈ ગયું હતું. છોકરાઓ ગભરાઈને તેઓના ઘરે દોડી ગયાં અને માં-બાપને પૂછયું કે શું કયામત આવી ગઈ, તો તેમનાં માં-બાપે કહ્યું કે નહિ, પણ આજે હઝ. ઉમર બિન ખત્તાબ (રઝી.) ને શહીદ કરવામાં આવ્યા છે. આવી હતી તેમની બુઝુર્ગી.

આપ (રઝી.) ની ખિલાફત દશ સાલ અને છ મહિના રહી. કેટલીક રિવાયતો મુજબ સાત દિવસ વધારાના કહે છે. તે દિવસે ૧૩ (તેર) અસ્હાબોની જાન જોખમમાં આવી. આપની શહીદી / વિશાલ / ચહાર શંબા (ચોથો વાર બુધવાર) ને દિવસે થઈ હતી. આપની શહાદતથી અસ્હાબે કિરામ ઘણા ગમગીન થયા હતા. (વધુ બયાન નં. ૯૯૦/૫૮માં)

## બયાન : ૯૯૦-૫૮

સુનો આવ પહોંચી કઝા રે ઈલાહી, સો વફાતકી ખબર ફારૂકકી પાહી...૧
સો બુઝો ચાર શંબે થા રે દંના, અને છબ્બીસમી તારીખ સુન રાખો રે મંના...૨
ઝીલહજ કેરા મહીના કેહલાયા, થા ઝખમ રે પહોંચા ઓનૂકુ સુનાયા...૩
સો બીસ ને તીન કહીએ સાલા, સો હિજરત કેરા જિસ સાલકા હાલા...૪
સો ફજરકી નમાઝ આવ ફારૂકે કરાઈ, આવ ઈમામ રે હોકર ખબર એ પાઈ...૫
સો મસ્જીદ કે માંહા નમાઝ થી કીતી, એ ખબર સો સુનકર સહી રે લીતી...૬
જબ દુજી રકાત જાનો રે કરાઈ, અને રકાત દુજીકી કિરઅત પઢાઈ...૭
તબ ફીરોઝ ફારસી થા મજુસી નામા, ઓને તો બેરીકા કીયા રે કામા...૮
મુગીરા બિન શોઅબાકા ગુલામ કેહલાયા, ઓને ઉસ રે વકતમાં ખંજર લગાયા...૯
યું દુશમની સેતી આવ દીયા રે દાવા, કે ખંજરસૂં ફારૂક ઘાયલ રે કરાવા...૧૦
સુનો ઘાવ રે કરતે કેને જાના રે નાંહા, વે તલ ના રહીલા મસ્જીદકે માંહા...૧૧
કે ઘાવ તો કરને વે નિકલને ચલીયા, એ સુન સુન મૂમિન મન ઐસા ઘરીયા...૧૨
રે તુંહી.

છબ્બીસમી ઝીલહજ માસ થા, કીયા ફારૂકકુ ઘાવ રે, કીયા ફારૂકકુ ઘાવ;
ફજરકી નમાઝ થે કરતે, દીયા મસ્જીદમાં દાવ રે, દીયા મસ્જીદમાં દાવ.

## સમજુતિ : બયાન : ૯૯૦/૫૮

હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની શહાદત ૨૬મી જીલહજ્જ, બુધવારને દિવસે થઈ હતી. તેમની શહાદત હીજરત પછી ત્રેવીસમે વરસે થઈ. આપ (રઝી.) ફજરની નમાઝની ઈમામત કરાવતા હતા અને બીજી રકઅતની કિરઅત પઢી ત્યાં જ તે મસ્જીદમાં ફીરોઝ નામનો ઈરાની મજુસી (અગ્નિપૂજક) જે મુગીરાહ બિન શોએબનો ગુલામ હતો તેણે આપ (રઝી.) ને દુશ્મનીને લીધે ખંજર માર્યું, અને ઘાયલ કર્યા અને ત્યાંથી નાસી ગયો. આપના જખમથી લોહી વહેતું ચાલ્યું. (વધુ બયાન નં. ૯૯૧/૫૯માં)

## બયાન : ૯૯૧-૫૯

જબ ફારૂકને કહા મુજે કો'તીર મરાયા, તબ સુનતે સબૂં દિલ ગમ રે આયા...૧
તબ ઘર ઘર દૌંડે ઉસ પીછે રે જુવાના, ઉસે જાકર ઘેરીલા ઉન રે મૈદાના...૨
અને હથીયાર કિસી પાસ થે રે નાંહા, થે હથીયારૂં બિના આએ મસ્જીદ કે માંહા...૩
ભી ડાબે ને જમને કેતે ઝખમી કરાએ, સુના તન દેખતે આડ અસહાબી મરાએ...૪
ઐસા ગુલામને દેખો કીયા રે કતાલા, સો ફારૂકકુ કતલ કીએ જિસ હાલા...૫
અને જબ બહોત લોક ઉસે તંગ રે કીયા, તબ આપસકે હાથે ઓને કાઢી લેકર છુરીયા...૬
યું છૂરી લે આપ પેટમાં મરાઈ, યું મૂઝીને ઝાત આપ ફના રે કરાઈ...૭
તબ તો રે સાઠ સાલકી થી ઉમર સુનાતી, એ ઉમર ખત્તાબકી સુનો ઉમરકી ઝાતી...૮
જબ ઝખમી કીએ મસ્જીદમાં લહીએ, સો ઉમર રઝી અલ્લાહ અનહો કહીએ...૯
કીએ દૂજે હાથ પકડને ઠાડે નમાઝ કે ઠામા, સો અબદુર રહમાન ઔફ રે નામા...૧૦
ઓનૂ ફારૂકકુ ઉચાકર લે ગએ ડેરે, અને ઓખદ કીયા જા ડેરે રે સવેરે...૧૧
તબ ઘાવકી તરફ વે બાર રે આયા, જે ઓખદ તો ઉમરકુ થારે પિલાયા...૧૨
તબ સબૂંને જોના અબ જીવના નાંહા, એ સુન સુન મૂમિનૂ દીયા ચિંતરે માંહા...૧૩

રે તુંહી.

ફારૂકકુ ઘર લે જાએકર, ઓખદ પિલાયા માન રે, ઓખદ પીલાયા માન;
જબ પેટમાં વે થોબા નાંહી, બૂઝી મૂમિન શાન રે, બૂઝી મૂમિન શાન.

## સમજુતિ : બયાન : ૯૯૧/૫૯

હઝ. ઉમર ફારૂક (રઝી.) એ લોકોને કહ્યું કે તેવણને કોઈએ ખંજર માર્યું છે. જુવાનો તે હુમલાખોરની પાછળ ધસ્યા અને તેને ઘેરી લીધો, પણ તે જુવાનો વગર હથિયારે હતા, તેથી તે મજુસીએ પોતાના સામનામાં ડાબે-જમણે અસ્હાબોને ઝખ્મી કર્યા અને આઠ અસ્હાબી શહીદ થયા. જ્યારે ઘણા લોકોએ તેને ઘેરીને તંગ કર્યો તો તે પોતે પોતાના પેટમાં ખંજર (છુરી) મારીને મરી ગયો. આપ (રઝી.) ની ઉંમર આપની શહાદત વખતે સાઈઠ (૬૦) વરસની હતી. હઝ. અબ્દુર્રહમાન બિન અવફ (રઝી.) એ આપને હાથ પકડીને નમાઝના સ્થળેથી ઉભા કર્યા અને તેમના ઘરે લઈ ગયા અને ઓખદ (દવા) આપી, પણ દવા તેમના 'ઘા' માંથી જ બહાર નીકળવા લાગી. તેથી બધાયે સમજી લીધું કે આપ (રઝી.) હવે જીવશે નહિ. (વધુ બયાન નં. ૯૯૨/૬૦ માં)

## બયાન : ૯૯૨-૬૦

# નબી (સ.અ.વ.) ને પડખે દફન થવા હ. ઉમર (રઝી.) એ માંગેલી રઝા

એ ધાવકુ સુનતે બહોત મલીએ અસહાબી, સો ઓખદકી બાત સુન દોડ આયે રે શિતાબી...૧
આવ સબૂંને ખબીકા કીયા રે બયાના, અને અફસોસ બહોત સબૂ મન જાના...૨
તબ ઉમર ખત્તાબકે બેટે રે કહીએ, સો અબદુલ્લાહ નામસૂં સુનકર લહીએ...૩
બીબી આયશા રઝી અલ્લાહ અનહા જાનો, ઓનૂ પાસ રે ભેજાએ ફારૂકને માનો...૪
કહયા ઉમર હંય ઈતની અરજ પહોંચાતે, કે નબી પાસ કબર હય આપકી ચાહતે...૫
કે અબૂબકર પાસ ગોર હોવે રે મેરી, યું ઉમરને અરજ હય પહોંચાહી સવેરી...૬
ઈસ કાજ તમારી હય રઝા રે મંગાહી, અબદુલ્લાહને બીબીકુ યું કીતી રે આગાહી...૭
તબ બીબીકે આંખુ થે આંસૂ રે ચલાતે, સો અબદુલ્લાહને બીબી દેખો રોતે રે જાતે...૮
અને ઉમરકા સલામ જા પહોંચાયા કલામા, કે રઝા હો કેરા લીયા રે નામા...૯
તબ બીબીને કહયા એ હય કબરકી ઠામા, સહી ઠામ એ રાખી થી મેરે રે કામા...૧૦
પણ ઉમરકુ આજ ઠામ મંય ઈસાર કરાઈ, કે ઓનૂકી કબર કાજ એ ઠામ મંય દિલાઈ...૧૧
પિછે અબદુલ્લાહ ખબર લે પાસ ફારૂકકે આયે, એ સુનતે ખુશાલી મન ઉપર રે લાયે...૧૨
એ સુન સુન બાતી સહી મન દીજે, અને એકકર રબકુ ઈતના કહીજે...૧૩

રે તુંહી.

ફારૂક રઝા મંગાએકર, કીયા કબરકા કામ રે, કીયા કબરકા કામ;
સો નબીજીકે પાસે સહી, બૂઝ કબરકી ઠામ રે, બૂઝ કબરકી ઠામ.

## સમજુતિ : બયાન : ૯૯૨/૬૦

**હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને થયેલા 'ઘા' અને તેમને દવા અસર ન થવાનું સાંભળતાં જ લોકોએ અફસોસ જાહેર કર્યો અને આપની ખુબીઓ બયાન કરી. હઝ. ઉમર ફારૂક (રઝી.) એ પોતાના બેટા અબ્દુલ્લાહ (રઝી.) ને હઝ. આયશા સીદ્દીકા (રઝી.) પાસે પોતાને નબી (સ.અ.વ.) ની બાજુમાં દફન કરવા દેવાની રજા લેવા મોકલ્યા. તેમણે હઝ. આયેશા સીદ્દીકા (રઝી.) ને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) તરફથી સલામ પેશ કરી અને ઉપરોક્ત રઝા ચાહી. હઝ. આયેશા સીદ્દીકા (રઝી.) એ કહ્યું કે, આપ (સ.અ.વ.) ની બાજુમાં તેમણે પોતાની કબર માટે ઠામ (જગ્યા) રાખી છે, પણ આપ તેને તેવણ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) માટે ઈસાર (કુરબાન) કરે છે. આ રઝા સાંભળતાં જ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ઘણા ખુશ થઈ ગયા. (વધુ બયાન નં. ૯૯૩/૬૧ માં)**

## બયાન : ૯૯૩-૬૧

કાનૂ રઝાકી ખબર સુન બહોત હુએ રે ખુશાલા, સો ઉમર ખત્તાબકા હુવા ખુશીકા હાલા...૧
કહયા બહોત ખૂબ ભૂ મંય એ રે પાઈ, મુજે ઉમરમાં અયસી ના કભી ખુશી થી આઈ...૨
યું ફારૂકને ખુશી હો આપ કીયા રે બયાના, પિછે નસીહત કીતી દીલકી સાના...૩
કહયા મુજકુ ગુસલ દે કફન પેહનાહો, અને નબીજીકે પાસ લે જનાઝા જાહો...૪
અને ફિરકર બીબી પાસ રઝા રે મંગાહો, કે રઝા હો સેતી મુજે વાં રે ધરાહો...૫
જો બીબી કરે રઝા ફરમાના, તો મુજે વાં ધરીએ યું કહયા રે જાના...૬
ફિર રઝા રે નાં દેવે તો મુજકુ લે જાહો; જાં મૂમિનોકી ગોરાં વાં ગોર રે કરાહો...૭
એ વસીયત બોલ સુનો ઉમર હો કેરે, સો સબૂંને સુનકર લીએ રે સવેરે...૮
સુનો ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, એ બયાન હંય કેહતે સુનકર લહીએ...૯
કે આખિર રે વકત મંય થા રે પાસા, સો મૌત કેરા વકત જે કહીએ ખાસા...૧૦
ત બ બેટેકી ગોદમાં ઓનૂ સર થા ધરાયા, યું ઉસમાને કહયા વયસા હય લિખાયા...૧૧
એ સુન સુન બાતી સહી કર લેના, અને એક કર રબકુ મન ઈતના દેના...૧૨

રે તુંહી.

બેટે ગોદ આપ સિસ ધર ઉમર સોતે થે જાન રે, ઉમર સોતે થે જાન;
ઉસમાન તબ પાસે સહી, આખિર વકત એ માન રે, આખિર વકત એ માન.

## સમજુતિ : બયાન : ૯૯૩/૬૧

હઝ. ઉમર ખત્તાબ (રઝી.) આ રઝા કાને સાંભળતાં ખુશ થઈ બોલ્યા કે તેમણે એવી ભુ (જગ્યા) પામી છે, જેના પામવા જેવી ખુશી તેમને જીંદગીમાં કદી પણ થઈ નથી. પછી તેમણે કહ્યું કે, તેમને ગુસલ આપીને નબી (સ.અ.વ.) ની કબરની બાજુમાં લઈ જઈ હઝ. આયેશા (રઝી.) ની રજા માંગજો, અને રજા મળે તો જ તેમને ત્યાં કબરમાં ધરજો અને જો આપની રજા ન મળે તો તેમને મુસલમાનો જ આમ કબ્રસ્તાનમાં દફન કરજો. બધાયે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની આ વસીયતના બોલ સાંભળ્યા હતા.

હઝ. ઉસ્માન ગની (રઝી.) કહે છે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની વફાત ટાણે તેવણ ત્યાં હાજર હતા, અને આપ (રઝી.) સરમુબારક તેમના બેટાના ખોળામાં હતું. પીર મશાયખ (રહે.) કહે છે કે, જેવું હઝ. ઉસ્માન (રઝી.) એ બયાન કરેલું લખાયેલ છે, તેવું તેમણે લખ્યું છે. (વધુ બયાન નં. ૯૯૪/૬૨ માં)

### બયાન : ૯૯૪-૬૨

# હ. ઉમર (રઝી.) નો અંત સમયે ઈસ્તીગફાર

તબ ઉસમાને ઉમરકુ અયસે દેખે રે નેના, કે સિર થા ધરા ગોદ બેટેકે મેના...૧
તબ બેટેકૂ ઈતના હુકમ પઢાયા, કે મુંહ મેરા ભૂ પર છોડો રે બતાયા...૨
અબદુલ્લાહને કહયા રાન ઝમીં જયસી મેરી, તબ ઉમરને ફિરકર વૈસા કહયા રે સવેરી...૩
તબ અબદુલ્લાહને ફિરકર વૈસા દીયા રે જુવાબા, કે ઝમીં જયસી ગોદ હય યું કહયા રે શિતાબા...૪
તબ તીજી બાર ઉમરને ગુસ્સેસૂં આખા, તબ સિર લે ઓનૂકા ઝમીં પર રાખા...૫
તબ ઝુંબાથી ઓનૂને એતા નિકાલા જુવાબા, સો ઉમરને સુનાયા વે બોલ રે શિતાબા...૬
વાએ મેરે રે ઉપર વાએ મેરી રે માતા, યું ઉમરને કીતી સહી રે બાતા...૭
કે અગર મુજકુ રબ ના બખશાવે, સહી ઈતના જુવાબ હય કહયા રે સુનાવે...૮
એતા બોલ રે કેહતે સહી વફાત પાઈ, સો ઉસમાને ખબર એ સુનને બતાઈ...૯

એ સુન સુન ભાઈ દીન હો કેરે, તમ રબ હો સેતી ડરો રે સવેરે...૧૦
સુનો ફારૂકને ડર હય રબ મન કીતા, સો આખિર વકતમાં સુનકર લીતા...૧૧
તો અપનૂકૂ ડરાના બહોત દીન કેરે ભાઈ, કે જેને તો ખબર હય ખાલિકકી પાઈ...૧૨
રે તુંહી.

ડર ડર અપને રબસૂં, કીજે નિસદીન પીત રે, કીજે નિસદીન પીત;
આજિઝી હય રબ ભાવતી, અયસા અપના મીત રે, અયસા અપના મીત.

## સમજુતિ : બયાન : ૯૯૪/૬૨

**હઝ. ઉસ્માન (રઝી.) એ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને ત્યારે એવી હાલતમાં જોયા કે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) નું માથું તેમના બેટાના ખોળામાં હતું તો તેમણે તેમનું માથું જમીન ઉપર મુકવા કહ્યું. તેમના બેટાએ કહ્યું કે તેની રાન (જાંગ-ખોળો) જમીન જેવો જ છે. આ વાતે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ગુસ્સેથી બીજીવાર તેમનું માથું જમીન ઉપર મુકવા કહ્યું, તો તેમના બેટાએ માથું જમીન ઉપર મુક્યું, તે સમયે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ આ શબ્દો કહ્યા ! "મને મારી ઉપર અફસોસ જો અલ્લાહ મારી મગફીરત (માફી) ન કરે" હઝ. ઉસ્માન (રઝી.) કહે છે કે, આ શબ્દોની સાથે જ હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની વફાત થઈ.**

**પીર મશાયખ (રહે.) કહે છે કે, જ્યારે હઝ. ઉમર ફારૂક (રઝી.) જેવા પણ મોત વખતે અલ્લાહથી ડર્યા તો આપણે પણ હરપળે અલ્લાહ ખાલિક (સર્જક) થી ડરવું જોઈએ અને અલ્લાહથી મુહબ્બત રાખવી જોઈએ.**

## બયાન : ૯૯૫-૬૩

# હ. ઉમર (રઝી.) ની વફાતની તારીખ

સુનો ચાર દિન ઝખમી રહે રે સુનાએ, સો ઉમર રઝીઅલ્લાહ અનહો બતાએ...૧
સો ચાર દિન જીવતે રહે રે સુનાવા, સો જિસદીન સેતી હુવા થા ઘાવા...૨
સુનો તારીખ પેહલી મોર્હરમ કેરી, તબ વફાત પાઈ એ બુઝીઓ સવેરી...૩
સો કાસા રે પીયા નેક બખતી કેરા, સો શહાદત કેરા બૂઝીઓ સવેરા...૪
હુએ શહીદ કેહલાએ ઉમર ખત્તાબા, રઝીઅલ્લાહ અનહો કહો નામસૂં શિતાબા...૫
જા નબીજીકે રોઝેમાં અનૂ દફન કરાએ, જૂં નસીહત કેરે ઓનૂં બોલ થે રે બતાએ...૬
સહી રઝા જા માંગી ઉસ રે રીતા, પીછે કબર તો રોઝેમાં જા કીતી રે સુનીતા...૭

બહોત મુલક તો ઓનૂને ફતેહ થે કીતે, અને કિલેને કોટ બહોત થે લીતે...૮
અને ખઝાના બહોત થે મૂમિન પાએ, સહી અયસે અયસે મુલક થે ફતેહ રે કરાએ...૯
સો ઉમર ખબત્તાબ રઝીઅલ્લાહ અનહો કહીએ, સહી ઓનૂકી સિફત અયસી સુન લહીએ...૧૦
બેગે દીનકે ભાઈ આહો કાનૂ એ સુનાહો, એ સચકર બાતી દિલ માંહે લાહો...૧૧
યું સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને એક કર કહો દીન અવર રાતી...૧૨
રે તુંહી.

ચાર શંબા જે નામ હય પેહલા ઉસકા દિન રે, પેહલા ઉસકા દિન;
તારીખ વફાત કેરડી, સુન રાખો એ મન રે, સુન રાખો એ મન.

## સમજુતિ : બયાન : ૯૯૫/૬૩

તારીખ (ઈતિહાસ) કહે છે કે, હઝ. ઉમર ખત્તાબ (રઝી.) જખ્મી હાલતમાં ચાર દિવસ રહ્યા, અને તે પછી જેમ ઉપર કહ્યું તેમ તેમની વફાત થઈ. આપ (રઝી.) એ મુહર્રમ માસની પહેલી તારીખે જામે શહાદત પીધો (શહીદની મોત થઈ), અને શહીદ ગણાયા, અને તેમને તેમની વસીયત મુજબ નબી (સ.અ.વ.) ને પડખે દફન કરવામાં આવ્યા. આપ (રઝી.) તેમના ખિલાફત કાળમાં ઘણાં દેશો અને કોટ (કિલ્લા) ફતેહ કર્યા હતા, અને એવા દેશો જીતી લીધા હતા કે મોમીનો પાસે માલે ગનીમતના ખજાના આવ્યા.

આ થયું હઝ. ઉમર (રઝી.) ની ફઝીલતનું બયાન... દીનના ભાઈ! તમે બયાનો સાંભળો, પોતાને પાક કરો અને રાત-દિન કહો... રે તુંહી...

**નોંધ : જો શહાદત પછી તાજીયા અને માતમ જાય જ હોત તો સુન્નીઓ પણ પહેલી મુહર્રમે હઝરત ઉમર (રઝી.) ની શહાદતના દિવસે તાજીયા અને માતમ કરત.**

# હઝ. ઉસ્માન (રઝી.) ની ખિલાફત

## બયાન : ૯૯૬-૬૪

## નબી (સ.અ.વ.) હઝ. ઉસ્માન (રઝી.) થી શરમ કરતા

સુનો અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, બિન અફફાન રઝીઅલ્લાહ અનહો લહીએ...૧
ફોત હુએ રે પિછે ઉમરકે જાનો, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં પિછાનો...૨
તબ સહાબૂં સબૂંને ઈત્તેફાક કીતા, સો મિલ સારે યારૂં સબ મન દીતા...૩
સબૂં મિલ ઓનૂકૂ ખલીફે કીએ, ઝિનનૂરૈન જિનૂકૂ એ સુનકર લીએ...૪
સુનો તીજે રે ખલીફે એ નબીકે સુનાએ, સો ઉસમાન રઝીઅલ્લાહ નામસૂં કેહલાએ...૫

સો ઓનૂકૂ બહોતથી શરમ સુનાતી, તમે સુનોને શરમ કેરી રે બાતી...૬

બીબી આયશા રઝીઅલ્લાહ અનહો હંય કેહતે, જયસા અપને નબીસૂં હંય સુનકર લેતે...૭

થી નબીને એક દિન આસાએશ કીતી, પગ મુબારક ખુલે થે અયસી ખબર સુનીતી...૮

સો પિંડલાથી રાંનૂ તક સબૂં નઝરૂં થા આતા, યું જાગતે સોતે મુબારક રે ઝાતા...૯

અબૂબકરને ઉમર આયે તબ જાનો, રઝીઅલ્લાહ અનહુમ નામસૂં પિછાનો...૧૦

તબ પગ તો મુબારક ના નબીને ઢપાએ, જૂં ઝાહિર દેખેતે ત્યું થે રે રખાએ...૧૧

પિછે શેખેન દોનૂ ગએ રે સુનાએ, એ સુન સુન મૂમિન મન ઈતના લાએ...૧૨

રે તુંહી.

ઉસમાન રઝીઅલહ અનહો, બહોત શરમકી ઝાત રે,. બહોત શરમકી ઝાત;

એ ખૂબી સિફત ઉસમાનકી, સુનોને ઉસકી બાત રે, સુનોને ઉસકી બાત.

## સમજુતિ : બયાન : ૯૯૬/૬૪

**હઝ. ઉમર ખત્તાબ (રઝી.) દુનિયાથી ફોત થયા (તેમની વફાત થઈ) ત્યારે બધા અસ્હાબો (રઝી.) એ ભેગા મળીને ઈત્તેફાક (સર્વસંમતિ) થી હઝ. ઉસ્માન બિન અફ્ફાન જીન્નૂરેન (બેનૂરવાળા) ને ખલીફા બનાવ્યા, અને આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના ત્રીજા ખલીફા છે. તેમનામાં શરમ ઘણી હતી. હઝ. આયેશા સીદ્દીકા (રઝી.) નબી (સ.અ.વ.) થી સાંભળેલી હદીષ કહે છે કે, એક દિવસ નબી (સ.અ.વ.) અસાએશ કરી રહ્યા હતા (સુતાં સુતાં આરામ કરી રહ્યા હતા) તો આપના પગ મુબારક એટલા ખુલ્લા હતા કે પીંડલીથી સાથળ નીચેનો ભાગ ખુલ્લો દેખાતો હતો, તે વખતે હઝ. અબૂબકર (રઝી.) અને હઝ. ઉમર (રઝી.) આવ્યા તો આપે પગ મુબારક ઢાંક્યા નહિ. પછી તે બેઉ અસ્હાબો જતા રહ્યા. (વધુ બયાન નં. ૯૯૭/૬૫ માં)**

**નોંધ : હઝ. ઉસ્માન (રઝી.) ના નીકાહમાં નબી (સ.અ.વ.) ની બે દિકરીઓ, એકના ગુજરવા પછી બીજી આવી હતી. તેથી તેમને જીન્નૂરેન (બેનૂરવાળા) કહેવામાં આવે છે.**

## બયાન : ૯૯૭-૬૫

બાઝ ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, એ નબી પાસ આયે સુનકર લહીએ...૧

તબ પગ રે મુબારક કપડા ઢંપાયા, સો મુબારક હાથું ચું લિખેસૂં સુનાયા...૨

કે મુબારક પગ ઢાંપે કપડે સેતી, જબ ઉસમાન આયે એ બાત હય સુનીતી...૩

તબ બીબીને નબીજીકૂ પૂછી રે બાતી, જબ પગ તો ઢાંપે મુબારક ઝાતી...૪

અબૂબકરને ઉમર થે તમૂ પાસ આયે, તબ જૂં પગ મુબારક થે ત્યું રે રખાએ...૫

અને ઉસમાન દેખકર તમૂં હાલ રે ફિરાયા, કે મુબારક પગું પર કપડા ડલાયા...૬

જબ બીબીને ઈતની બાત રે પૂછાઈ, તબ મુબારક ઝબાંસૂં અયસી ખબર બતાઈ...૭

કહયા ઈનકી શરમ મંય કયું ના કરાહું, અન ઉનકુ દેખકર કયું ના કપડા ડલાહું...૮

કે ફરિશ્તે જિનકી હંય શરમ રે કરતે, યું નૂરી શરમ હંય બહોત મન ધરતે...૯

મુબારક ઝબાંસૂં બાત એ નબીજીને આખી, સો બીબીને સુનકર મન માંહે રાખી...૧૦

અયસે અમીરૂલ મૂમિનીન ઉસમાન જાનો, બિન અફફાન રઝીઅલ્લાહ અનહો પિછાનો...૧૧

## સમજુતિ : બયાન : ૯૯૭/૬૫

**ત્યાર પછી હઝ. ઉસ્માન (રઝી.) આપ (સ.અ.વ.) ની પાસે આવ્યા તો આપ (સ.અ.વ.) એ તેમના ખુલ્લા પગ ઢાંકી દીધા. તેમના જવા પછી હઝ. આયેશા સીદીકા (રઝી.) એ પૂછયું કે જ્યારે હઝ. અબૂબકર અને હઝ. ઉમર (રઝી.) આવ્યા ત્યારે આપ (સ.અ.વ.) તેમના પગ ઢાંક્યા નહિ અને જ્યારે હઝ. ઉસ્માન (રઝી.) આવ્યા તો તેમના પગ કેમ ઢાંક્યા, તો નબી (સ.અ.વ.) એ કહ્યું : "હું ઉસ્માન (રઝી.) ની શરમ કેમ ન કરૂં અને મારા પગ કેમ ન ઢાંકુ જ્યારે કે નૂરી (ફરિશ્તાઓ) પણ તેમની શરમ કરે છે." આ હતો હઝ. ઉસ્માન (રઝી.) નો દરજો.**

## બયાન : ૯૯૭-૬૫ અ.

## નઝમ

અમીરૂલ મૂમિનીન કહીએ રે તમે સુનો રે, ઉસમાન નામસૂં લહીએ રે તમે સુનો રે...૧

રઝીઅલ્લાહ અનહો કહના રે તમે સુનો રે, ઉસમાન નામ સુન લેના રે તમે સુનો રે...૨

ઝિનનૂરૈન સિફત ઠામા રે તમે સુનો રે, નબીજીકે જમાઈ નામા રે તમે સુનો રે..૩

કાબા એ હલીમી કેરા રે તમે સુનો રે, બૂઝો બહોત હલીમી સવેરા રે તમે સુનો રે...૪

જમે કરનાર કુરાઆના રે તમે સુનો રે, ભેજે જે અપને રહમાના રે તમે સુનો રે...૫

ખલકત અજબ થી પાતી રે તમે સુનો રે, ઐસી શરમ ઓનૂ માંહા કહલાતી રે તમે સુનો રે...૬

ઝમીં દેખ શરમા ગહી રે તમે સુનો રે, અયસી તો થી હલીમી કહી રે તમે સુનો રે...૭

અયસે અયસે ઉસમાન કહીએ રે તમે સુનો રે, અમીરૂલ મૂમિનીન લહીએ રે તમે સુનો રે...૮

કરની હય ઓનૂ કેરી રીતા રે તમે સુનો રે, કરો બહોત નેહ દિલ પીતા રે તમે સુનો રે...૯

શરમ હય મૂમિનકૂ કરની રે તમે સુનો રે, ઓનૂ કેરી રીત મન ધરની રે તમે સુનો રે...૧૦

હલીમી ભી કરોને અયસી રે તમે સુનો રે, સુનો રીત ઓનૂકી વયસી રે તમે સુનો રે...૧૧

ત્યું તમૂં હોવે એ ખુશાલા રે તમે સુનો રે, કરો ઓનૂ જૈસા ચાલા રે તમે સુનો રે...૧૨

ખલીફે એ નબીજીકે જાનો રે તમે સુનો રે, તીજે ખલીફે પિછાનો રે તમે સુનો રે...૧૩

બાત સુનની નસીહત કેરી રે તમે સુનો રે, સહી ચંત દેઓને સવેરી રે તમે સુનો રે...૧૪

## સમજુતિ : બયાન : ૯૯૭/૬૫ અ

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**અમીરૂલ મુઅમેનીન (મુસલમાનોના અમીર) હઝ. ઉસ્માન ગની (રઝી.) નું નામ આવે તો રઝીઅલ્લાહ અન્હુ (અલ્લાહ તેમનાથી રાજી થયો) એમ કહો. તેમનું સીફાતી નામ (ખાસીયતી નામ) લકબ ઝીન્નૂરેન છે. આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના જમાઈ છે. આપ (રઝી.) હલીમી (નરમી) ના કાબા (કેન્દ્ર) હતા. હઝ. ઉસ્માન ગની (રઝી.) કુર્આનને જમા કરનાર છે. તેમનામાં એટલી બધી શરમ હતી કે જમીન પણ તેમનાથી શરમાઈ જતી હતી (એટલે કે તેમનામાં અનહદ શરમ હતી). તમે તેમનાથી ઘણી મુહબ્બત રાખો, અને તેમના જેવી નરમાઈ અને શરમ દરેક મોમીને રાખવી જોઈએ. તેમના જેવી શરમ અને હલીમી તમે રાખશો તો તમે ખુશહાલ થશો. આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના ત્રીજા ખલીફા છે. તમે મારી નસીહતને મનધરો.**

## બયાન : ૯૯૮-૬૬

# હ. ઉસ્માન (રઝી.) જન્નતમાં પણ નબી (સ.અ.વ.) ના દોસ્ત

સુનો ફઝીલત ઉસમાન રઝીઅલ્લાહ અનહો કેરી, વે બયાન હંય બહોત તમ સુનીઓ સવેરી...૧

સુનો ફઝીલત સુતી ઐસા રે બયાના, સો નબીજીકી હદીસ સેતી રે જાના...૨
સો તલહા બિન અબદુલ્લાહ હદીસ હંય કેહતે, સો નબીજીસૂં જૈસી હય સુન રે લેતે...૩
સો નબીજીને અપને હય ઐસા ફરમાયા, કે તલહાને બયાન હય ઉસકા બતાયા...૪
કહયા પયગમ્બર સારૂંકૂ હય દોસ્ત કેહલાતે, એ તલહા ફરમૂદા હંય નબીકા બતાતે...૫
ત્યું બહિશ્ત માંહી ઉસમાન હંય દોસ્ત મેરે, એ ફરમૂદા નબીકા તમ સુનીઓ સવેરે...૬
અબૂ સઈદ ખુદરી સહાબી કહીએ, વે હંય હદીસ કેહતે સુનકર લહીએ...૭
રાત અગલી હો સેતી સો ફજર તાંહી, દુઆ નબીજીને માંગી ઐસી ખબર રે કહી...૮
સો ઉસમાન કેરે હકકે માંહા, દુઆ નબીજીને માંગી સબ રાત એક ઠાંહા...૯
કહયા ઉસમાન સેતી દિલ રાઝી હુવા મેરા, તૂ રબ ભી રાઝી હોને સવેરા...૧૦
યૂં નબીજીને દુઆ સબ રાત રે મંગાઈ, સો ઉસમાન કેરે હકમાં સુનાઈ...૧૧
એ ઉસમાન કેરી સુનો ખૂબી રે કાના, અને એક કર કહો દિલકે ધિયાના...૧૨

રે તુંહી.

નબી કહે રાઝી હુઆ, ભી રાઝી હો તૂ રબ રે, ભી રાઝી હો તૂ રબ;
યૂં ઉસમાન કેરે હકમાં, દુઆ માંગી રાત સબ રે, દુઆ માંગી રાત સબ.

## સમજુતિ : બયાન : ૯૯૮/૬૬

**હઝ. તલહા બિન અબ્દુલ્લાહ, હઝ. ઉસ્માન (રઝી.) ની ફઝીલતમાં નબી (સ.અ.વ.) થી સાંભળેલી હદીષ બયાન કરે છે કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું : "જેમ બધા પયગંબરો મારા દોસ્ત છે તેમ જન્નતમાં હઝ. ઉસ્માન (રઝી.) પણ મારા દોસ્ત છે."**

**સહાબી હઝ. અબુસઈદ ખુદરી (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ કહે છે કે નબી (સ.અ.વ.) એ રાતભર હઝ. ઉસ્માન (રઝી.) ના હકમાં દુઆ માંગી અને કહ્યું : "ઉસ્માન (રઝી.) થી મારૂં દિલ રાજી છે તો હે રબ તું પણ તેમનાથી રાજી થા."**

## બયાન : ૯૯૯-૬૭

## સફરજનમાં હ. ઉસ્માન (રઝી.) માટે લખાયેલી મુબારકબાદ

સુનો અબ્બાસ બેટે કહતે હંય જાનો, રઝીઅલ્લાહ અનહો નામસૂં પિછાનો...૧

કહયા નબીજીકે પાસ મંચ ઠાડા થા રહયા, અને ઐસા મંચ દેખા વે બયાન રે કરાયા...૨
કે મુબારક હાથમાં થા સેબ રે દેખાયા, સો ફલ કેરા નામ સેબ રે કેહલાયા...૩
અબૂબકર રઝીઅલ્લાહ અનહો કહીએ, સો અનૂકુ નબીને સેબ દીએ રે લહીએ...૪
સો સેબકૂ સૂંગકર ઓનૂ લીતી રે બાસા, બાઝ ફિર ઓનૂ દીયા હાથ મુબારક ખાસા...૫
ફિર નબીજીને સેબકી બાસ રે લીતી, બાઝ સેબ વે દીયા અચસી ખબર સુનીતી...૬
સો નબીજીને દીયા ઉમરકે હાથા, રઝીઅલ્લાહ અનહો કહો ઓનૂ નામ સાથા...૭
તબ ઉમરને સેબકી બાસ રે સૂંગાઈ, ફિર નબીજીકૂ દીયા અચસી ખબર બતાઈ...૮
ફિર નબીજીને સેબકૂ લેને સૂંગાયા, ભી નબીજીને સૂંગકર થા રે દિલાયા...૯
સો ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, દીયા ઓનૂકૂ સેબ સુનકર લહીએ...૧૦
ભી ઉસમાને ઉસકી બાસના લીતી; એ ખબર તો સાચી, હય રે સુનીતી...૧૧
રે તુંહી.

એક સેબ કેરા ફલ થા, દીયા સહાબી હાથ રે, દીયા સહાબી હાથ;
સો બાસ સબૂ લીતી સહી, જે થે નબી સાથ રે, જે થે નબી સાથ.

## સમજુતિ : બયાન : ૯૯૯/૬૭

**હઝ. ઈબ્ને અબ્બાસ (રઝી.) કહે છે : તેઓ નબી (સ.અ.વ.) ની પાસે હતા અને આપ (સ.અ.વ.) ના હાથ મુબારકમાં એક સફરજન હતું, તેને તેમણે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને આપ્યું, તેને તેમણે સુંઘ્યું અને પાછું નબી (સ.અ.વ.) ના હાથ મુબારકમાં આપ્યું. તેને નબી (સ.અ.વ.) એ પણ સુંઘ્યું. પછી તે સફરજન નબી (સ.અ.વ.) એ હઝ. ઉમર (રઝી.) ના હાથમાં આપ્યું. તેમણે પણ તેને સુંઘી નબી (સ.અ.વ.) ને પાછું આપ્યું, તો નબી (સ.અ.વ.) એ પણ તેને સુંઘી લીધું. પછી તે સફરજન નબી (સ.અ.વ.) એ હઝ. ઉસ્માન (રઝી.) ને આપ્યું અને તેમણે પણ તેને સુંઘ્યું. (વધુ બયાન નં. ૧૦૦૦/૬૮માં)**

## બયાન : ૧૦૦૦-૬૮

સેબ ઉસમાન કેરે હાથમાં ચીરાયા, સો જે રે ફલ થા સેબકા કેહલાયા...૧
સો ઉસમાં દો સતરા થા રે લિખાયા, સુનો બયાન તો ઉસકા અચસા રે પાયા...૨
થા કલમા તય્યબ અવ્વલ લિખાયા, એક સતરમાં કલમા યું લિખા થા સુનાયા...૩

તહીત મિનઈન્દલ્લાહ ઉસમાન લખીયા. ..૪

કે ખૂબ હય ઉસમાન રબકે પાસા, યું સેબ કે માંહે નામ લિખા થા ખાસા...૫

એ ખૂબી ઉસમાન કેરી રે બાતી, અયસી ફઝીલત ઉસમાન કેરી થી ઝાતી...૬

ભી એક દીન સહાબી એક ઘરમાં આયે, સો ઉસમાન બૈઠે થે વાં આયે રે સુનાયે...૭

અને ઉસમાને ઓનૂકુ જબ દેખે રે નેના, તબ બોલ કહયા ઉસે દેખને મેના...૮

કહયા અવરતૂં કે સામી કો' નઝર હય કરતા, અને મેરે ઘરમાં વે પગ હય ધરતા...૯

અને ઓનૂકી આંખુમાં વે હય નિશાની દેખાતી, ઉન અસહાબને ઈતની જબ સુની રે બાતી...૧૦

કહયા તમ હો ખલીફે સહી રસૂલ કેરે, કયા વહી હુઈ નાઝિલ તમ કહોને સવેરે?...૧૧

કે મેરી રે બાત સબ તમૂકુ જનાઈ, એક તિલ હો જેતી ના રહી રે છુપાઈ...૧૨

તબ ઉસમાને કહયા વહી આવે રે નાંહા, પણ એ હય નૂર અકલકે માંહા...૧૩

કે અકલકે નૂરસૂં, અયસા હય જનાતા, એ સુન સુન મૂમિનૂ મન રાખી એ બાતા...૧૪

રે તુંહી.

સેબમાં સતર દો લખીયાં, અવ્વલ કલમા જાન રે, અવ્વલ કલમા જાન;

નામ લિખા થા પીછે ઉસમાનકા, ખૂબી સેતી માન રે, ખૂબી સેતી માન.

## સમજુતિ : બયાન : ૧૦૦૦/૬૮

**તે સફરજનને સુંઘીને હઝ. ઉસ્માન (રઝી.) એ ચીર્યું તો જોયું કે તેમાં બે સતરો (લીટીઓ) લખાયેલી હતી. પહેલી લીટીમાં કલેમા તય્યબાહ (પાક કલમો) લખેલો હતો અને બીજી લીટીમાં તહીત મીન ઈન્દલ્લાહ ઉસ્માન (અલ્લાહ તરફથી ઉસ્માનને મુબારક બાદ) એવું લખેલું હતું. હઝ. ઉસ્માન (રઝી.) ને અલ્લાહે આવી ફઝીલત (શ્રેષ્ઠતા) આપી હતી.**

**એક દિવસ એક સહાબી જ્યારે હઝ. ઉસ્માન (રઝી.) તેમના ઘરમાં બેઠા હતા ત્યારે આવ્યા તો તેમને જોઈને હઝ. ઉસ્માન (રઝી.) એ કહ્યું : "તમે મારા ઘરમાં આવીને ઓરતો ઉપર નજર કરો છો !" તેમનામાં આવી શરમ હતી. તે સહાબીએ વળતું પૂછયું કે : "હે ખલીફાતુર્રસુલ ( હે રસૂલના ખલીફા) શું**

તમારી ઉપર વહી આવે કે મારા મનની વાતની તમને ખબર પડી ગઈ'' તો હઝ. ઉસ્માન (રઝી.) એ કહ્યું : ''વહી તો નથી આવી, પણ એ વાત તો અક્કલનું નૂર છે, જેનાથી માણસના મનની વાત જણાઈ શકે છે''.

## બયાન : ૧૦૦૧-૬૯

# હ. ઉસ્માન (રઝી.) નરમ તબીયતી હતા

સુનો અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, રઝીઅલ્લાહ અનહો, ઓનૂ નામસૂં લહીએ...૧
સુનો ઓનૂકે તો પેહલા બહોત થા માલા, થે આયે ઈસલામમાં ઉસહી હાલા...૨
કે અરબમાં માલદાર બહોત થે રે કેહલાએ, સહી ઈસલામ માંહે ઉસ હાલ થે આયે...૩
ના થા તિલ જેતા ઓનૂ દિલ માલકા ગુમાના, બહોત ગુરબત સેતી થે સુના વે બયાના...૪
કે બહોત થા ખુલક ઉસમાન કેરા; ન થા તિલ જેતા ગુમાન ઓનૂકુ અનેરા...૫
કભી ઉસમાન આપસકે ડેરે રે આતે, તબ લકડી ખજુરાં ઘર સિર પર લાતે...૬
ઐસે આપસકૂ ગરીબૂં માંહે થે કેહલાતે, સો ગુરબત કાજે યું ભાર થે ઉચાતે...૭
અને ચારસો ઓનૂકે થે રે ગુલામા, થે એ સબ અનૂ પાસ કરનેકૂ કામા...૮
ભાર ઉચાના ઓનૂકા સબૂં અજબ દેખાયા, તબ અમીરૂલ મૂમિનીન નામ લેને પૂછાયા...૯
કે એ કયસા સોચ તમૂ હય કરીયા, તબ ઉસમાન જુવાબ અયસા મન ધરીયા...૧૦
કે એ મેરે હંય ગુલામ એ કરે રે કામા, પણ અઝમૂદા કરતા હું મેરે તન ઠામા...૧૧
કે ખુલક હો બીના અવર તનમાં ના આવે, ભી તનકુ ગુમાન ના રે દેખાવે...૧૨
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી. અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૩
રે તુંહી.

ખુલક જે ઉસમાન કેરડા, સુનને ઉસકા બયાન રે, સુનને ઉસકા બયાન;
કભી કુછ સિર પર ધરતે, અયસી ખૂબીકી શાન રે, અયસી ખૂબીકી શાન.

## સમજુતિ : બયાન : ૧૦૦૧/૬૯

હઝ. ઉસ્માન (રઝી.) અરબમાં ઘણા માલદાર હતા અને તે જ સ્થિતિમાં ઈમાન લાવ્યા હતા, પણ તેમનામાં તેમના માલનો ઘમંડ ન હતો. આપ (રઝી.) ઘણા હલીમી (નરમાઈ) વાળા હતા. તેમનામાં ઊંચા અખલાક ની ફિતરત (પ્રકૃતિ) હતી. જયારે આપ પોતાના ઘરે જતા તો લાકડાંની ભારી અને ખજૂરો વિગેરે

પોતાને માથે ઉપાડીને જતા, જો કે તે વખતે તેમની પાસે કામ કરનારા ચારસો (૪૦૦) ગુલામો હતા. તેમના આવું કરવાથી લોકોને આશ્ચર્ય થતું હતું. હઝ. ઉસ્માન (રઝી.) તેનો જવાબ આપતા કે આપ (રઝી.) પોતાની જાતની આજમાઈશ (પરખ) માટે આવો ભાર ઉપાડતા હતા. જેથી તેમનામાં ઘમંડ ન પ્રવેશે, અને આવું કરવું એ ખુલુક (કુદરતી પ્રકૃતિ) વગર આવતું નથી.

## બયાન : ૧૦૦૧-૬૯ અ

## જમીન જેવા બનો (પેહલ)

ધવ ધવ આહો ભાઈ મેરે રે, બાત એ નસીહત સુન તૂ સવેરે રે...૧
આહોને હમ તુમ હોઈએ ભાઈ રે, દીન કાજ કીજીએ મિલ કમાઈ રે...૨
મૂમિન મન સેતી હો રહીએ રે, બોલ તો ભાઈ કિસે ના કહીએ રે...૩
જયસી હય ઝમીં કેરી રીતા રે, હોને વયસી દેઓ મન પીતા રે...૪
ઝમીં ના કરે કુછ મુખે બાતી રે, જો બહોત ઝમીઆં ખોદી જાતી રે...૫
અયસી હલીમી હય મન ધરની રે, નિત ઉઠ ચિંતા એ હય કરની રે...૬
ઝમીંકુ પાણી લગેથી ભીગાવે રે, આપ મન છોડ, નેહ ગલ જાવે રે...૭
અયસી હય શરમ મૂમિન કીજે રે,બહોત બહોત તનકુ નરમી દીજે રે...૮
મત કુછ તન લાહો ગુમાના રે,જાજૂં હય ઝમીં કેરી નિશાના રે...૯
અયસી તો પીત કરો દિલ અપારી રે. હમ તમ કીજે દીન કાજે યારી રે...૧૦
સુનોને ઉસમાન કેરી રીતા રે, વૈસી કરોને નવી નિત પીયારે...૧૧
સુન સુન ખાસૂંકી બાત મન ધરની રે, તબીયત વૈસી આપકી કરની રે...૧૨
જો તુજે ખૂબ હોનેકા હય ચાવા રે, તો દેખ રીત ખૂબૂંકી કમાવા રે...૧૩
નામ ઓનૂકા હજૂ જગ માંહે રે, જૂં ચંદ દુનીયા છુપા નાંહે રે...૧૪
દેખ દેખ ખૂબી ઓનૂકી બડાઈ રે, ખૂબૂંને પીત ઓનૂસૂં લગાઈ રે...૧૫
હોને તૂ વયસા સુન વીર મેરે રે, યાદ તૂ કર એ બોલ સવેરે રે...૧૬

## સમજુતિ : બયાન : ૧૦૦૧/૬૯ અ

પીર મશાયખ (રહે.) કહે છે :

**મારા ભાઈઓ ! તમે દીન કાજે દોડી આવો અને દીન ભાઈ ભેગા મળીને દીનની કમાઈ કરો. મારી નસીહત તમે સાંભળો. કડવાં વેણ કોઈને માટે પણ બોલો નહિ, અને જમીન જેવા (સહનશીલ) બનીને રહો. જમીનને ખોદીએ તો તે આપણને કાંઈ ફરિયાદ કરતી નથી, તેને પાણી મળે તો ભીંજાઈને કેવી નરમ થઈ જાય છે ! તમે પણ શરમ રાખો. મનમાં ગુમાન (ઘમંડ) ન રાખો. આવો, તમે અને અમે દીન માટે 'યારી' (દોસ્તી) કરીએ. તમે હઝ. ઉસ્માન ગની (રઝી.) ના અખલાક (ચારિત્ર્ય) મુજબ ચાલો. તેમના જેવા અલ્લાહના ખાસ બંદાઓની વાત મન ધરો. તમારે જો સારા નેક (ખૂબ) બનવું હોય તો તેઓની પેરવી (અનુસરણ) કરો. જેમ ચંદ્ર છુપાયેલો રહેતો નથી તેમ તેઓ (અસ્હાબો) નું નામ પણ જગ જાહેર રોશન (પ્રકાશિત) છે. તેઓની ખૂબી (સારાઈ) જુઓ, અને તેમનાથી પ્રેમ રાખો.**

### બયાન : ૧૦૦૨-૭૦ અ

## હ. ઉસ્માન (રઝી.) નું તેમના ગુલામ સાથે સદ્‌વર્તન

સુનો ઉસમાન અયસી થે નરમી કરાતે, મન તિલ હો જેતા ગુમાન ના થે ચાતે...૧
તો ઓનૂકે હકમાં થી બશારત કીતી, સો નબીજીને બશારત બહિશ્તકી દીતી...૨
તો ભી ડર રે ખુદાકા બહોત ઓનૂ દિલ આતા, એ નિસદિન ડરતે આપકી ઝાતા...૩
કે ગુલામને કુછ હક ગુના થા કરાયા, તબ ઉસમાને ઉસકા થા કાન રે ઉચાયા...૪
બહોત ઝોરસૂ: થા મસલા કાન રે ખેંચકર, ડાલા ગુલામને નિસાસા દરદ રે મન ધર...૫
સો આહકા નારા ઓને રે આખા, એ કાન કેરા દરદ જબ ઓને બહોત ચાખા...૬
જબ ઉસમાને નિસાસા સુનીયા કાના, તબ ખૌફ બહોત લાએ દિલકે ધિયાના...૭
કહયા આવ તૂ ગુલામ કાન તાન રે મેરા, યું ઉસમાને સુનતે ઉસે કહયા રે સવેરા...૮
અને નેનૂ ઉસમાને ભરીયા પાની, અયસે દિલસૂં ડરાએ બાત એ જાની...૯
કહયા જયસા તેરા મંય કાન હય ખેંચાયા, તાન વયસા કાન મેરા ઉસમાને બતાયા...૧૦
તબ ગુલામને ઉઝર આયે રે કીતા, તબ ઉસમાન ઉસકુ ફિર જુવાબ રે દીતા...૧૧
કે દુનીયામાં કાન ખેંચે મુજે ખૂબ હય દિખાવે, કે કસાસ[1] આખિરકા મુજે દહેશત હય આવે...૧૨
કે કિયામત કસાસકી મુજે તાકત રે નાંહા, એ સુન સુન મૂમિન યું દીયા મન માંહા...૧૩
રે તુંહી.

ગુલામકા કાન ખેંચાયતે, ચિંતા કીતી ઉસમાન રે, ચિંતા કીતી ઉસમાન;

કસાસ કબૂલ કરને, રાખા દિલમાં ધાન રે, રાખા દિલમાં ધાન.

## સમજુતિ : બયાન : ૧૦૦૨/૭૦

પીર મશાયખ (રહે.) કહે છે :

હઝ. ઉસ્માન ગની (રઝી.) ઘણા નરમ સ્વભાવી અને ગરૂર (ઘમંડ) વગરના હતા. નબી (સ.અ.વ.) એ તેમના હકમાં જન્નતની બશારત આપી હતી, અને આપ હંમેશાં ખોફે ખુદા (અલ્લાહનો ડર) રાખતા હતા. એક દિવસે તેમના એક ગુલામે ભૂલ કરી તો આપે તે ગુલામનો કાન જોરથી ખેંચ્યો તો તેણે દરદ ને લીધે ચીખ મારી. તેનો હાશકારો સાંભળતાં જ હઝ. ઉસ્માન (રઝી.) ના દિલમાં ખુદાનો ખવફ (ડર) આવી ગયો. પછી તેમણે તેમના ગુલામને બોલાવીને કહ્યું કે તે ગુલામ હઝ. ઉસ્માન (રઝી.) નો કાન એટલા જ જોરથી ખેંચે જેટલા જોરથી તેમણે તે ગુલામનો કાન ખેંચ્યો હતો અને આટલું કહેતાં જ હઝ. ઉસ્માન (રઝી.) ની આંખો આંસુથી ભરાઈ ગઈ. ગુલામે જ્યારે એવું કરવાથી ઉઝર (બચાવ) કર્યો તો હઝ. ઉસ્માન (રઝી.) કહ્યું કે તે ગુલામ તેમનો કાન દુનિયામાં ખેંચી લે. જેથી કિસાસ (ગુનાહનો બદલો) દુનિયામાં જ પૂરો થઈ જાય. કારણ કે આખેરતમાં બદલો દેવાની તેમની તાકત નથી.
(વધુ બયાન નં. ૧૦૦૩/૭૧ માં)

## બયાન : ૧૦૦૩-૭૧

સહી ઉસમાને ગુલામકુ યું કિસાસકા આખા, સો ગુલામને સુનકર મન માંહે રાખા...૧
આવ કાનકી લોલ તબ આથ માંહે લીતી, સો નરમી રે સેતી પકડી સુનીતી...૨
તબ ઉસમાને કહયા તાણ કર રે ઝોરા, જયસા મંય કાન ખેંચા થા તેં કીયા થા શોરા...૩
તૂ વૈસે ખેંચ કાન રે મેરા, યું ઉસમાને ગુલામકુ કહયા રે સવેરા...૪
તબ ગુલામ તો રોયા નેના ભર ભર, સહી અયસી ખૂબી ઓને દેખી રે મન ધર...૫
તબ ગુલામને રોકર અરઝ પહોંચાઈ, સો ઉસમાને કાનૂ આપકે સુનાઈ...૬
કહયા સાહિબ તમ જૂં હો આપકૂ ડરાતે, અને કિયામત કેરા ખવફ મન હો લાતે...૭
ત્યું મંયભી હું ડરતા મેરે રે મંના, કે જે રે કેહલાતા હય કિયામત દંના...૮
રખે મંય કાન અદકા ખેંચાહું, કયું કિયામત દિન વે હિસાબ કરાહું...૯
ઉસ દિન ખિજાલત હોવે મેરે રે તંના, કે જબ રે આવે કિયામત દંના...૧૦

યું રોકર ગુલામે દીયા રે જુવાબા, ઉસે કિયામત દિન બહોત લાગા રે તાપા...૧૧
જૂં દીન કેરે ભાઈ સુનો એ બાતી, સો કિયામત દિન સુન રાખો દિન રાતી...૧૨
સુનો ખલિફે નબીકે વે ભી મનમાં ડરાએ, એ સુન સુન મૂમિન મન ઈતના લાએ...૧૩
રે તુંહી.

પાસ ગુલામકે કાન ખેંચાહીએ ઉસમાને કસાસ કાજ રે, ઉસ્માને કસાસ કાજ;
પરગત અચસી હલીમથી, બહોત થી ઓનૂકૂ લાજ રે, બહુત થી ઓનૂકૂ લાજ.

## સમજુતિ : બયાન : ૧૦૦૩/૭૧

આ કિસાસ (બદલો) પૂરો કરવા ગુલામે હઝ. ઉસ્માન (રઝી.) ના કાનની લોલ (બુટ) નરમીથી પકડી તો હઝ. ઉસ્માન (રઝી.) તેને જોરથી ખેંચવા કહ્યું જેટલું જોર હઝ. ઉસ્માન (રઝી.) તે ગુલામની કાન ખેંચવામાં કર્યું હતું. આપના અખલાકથી ગુલામ બહુજ રડ્યો અને કહ્યું કે હે સાહિબ (શેઠ) તમને જો આખેરતનો ડર છે, તો મને પણ આખેરતનો ડર છે કે આપનો કાન જો જરૂરતથી વધારે ખેંચાઈ જાય તો કયામને દિને હું શું જવાબ આપું ? તે દિવસે મને ખિજાલત (શરમીંદગી-નુકસાન) થશે. નબી (સ.અ.વ.) ના આ ખલીફા કયામતના હિસાબથી જેવા ડર્યા તેવા તમે પણ ડરતા રહો.

## બયાન : ૧૦૦૪-૭૨

# હ. ઉસમાન (રઝી.) ની શહાદત.

અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, બિન અફફાન રઝીઅલ્લાહ અનહો કહીએ...૧
વે તો સાયમુદ્દહર થે રે કેહલાતે, કે બાર માસ રોઝે થે રે ઘરાતે...૨
અને કુરઆન પઢતે રાત ને દંના, એ ખૂબી ઓનૂકી સુન રાખો રે મંના...૩
સો જિસ દિન શહીદ થે રે કરાએ, તબ રોઝે સેતી થે રે સુનાએ...૪
થી નેઉ ને પાંચ બરસકી ઉમરા, એ હિસાબ ઉમરકા મન રે ઘરા...૫
સો કેતેક દિન તક થા ઘેરા રે ડલાએ, સો મીઠા પાની માંહે જાના રે ના પાએ...૬
થી હવેલી ઐસી ઘેર કર લીતી, યૂં દુશમની પૂરી થી મન રે દીતી...૭

કે ખારા રે પાની ઉસમાંને પાયા સહી, મીઠા પાની રે ના પાયા ઐસી ખબર કહી...૮

કે દરવાઝા બંધકર પાણી જાને રે ના દીતા, અયસા ઘેરા ડાલકર ઘર ઘેર થા લીતા...૯

ઉસ કાજ રે મીઠા પાણી પાયા રે નાંહા, તો ખારા પાણી પીયા હવેલી માંહા...૧૦

સુનો અયસા હય ખાલિક અપના મીતા, કે સુનો ઉસકી અયસી હય દોહાલી પીતા...૧૧

હય દુનિયાકે ઢંગસૂં ને પીત વે અનેરા, એ સુન સુન ઈતના કહો રે સવેરા...૧૨

રે તુંહી.

કસે હય અપને મીતકું, અયસી ખાલિક પીત રે, અયસી ખાલિ પીત;
દુનીયાસૂં રંગ અવલા, અયસી રબકી પીત રે, અયસી રબકી પીત.

## સમજુતિ : બયાન : ૧૦૦૪/૭૨

**અમીરૂલ મોઅમીનીન હઝ. ઉસ્માન બિન અફ્ફાન (રઝી.) સાયેમુદ્દહર (લગભગ હંમેશા રોજા રાખનાર) હતા, અને રાત-દિન કુર્આનની તિલાવત (વાંચન) કરતા હતા. જ્યારે તેમને શહીદ કરવામાં આવ્યા ત્યારે પણ આપ રોજાથી હતા અને કુર્આન શરીફની તિલાવત કરી રહ્યા હતા. તેમની શહાદત વખતે તેમની ઉંમર ૯૫ (પંચાણું) વરસની હતી. કાતિલો (કતલ કરનારાઓ) એ તેમના ઘરને ઘણાં દિવસ ઘેરી રાખ્યું હતું, અને મીઠું પાણી તેમના મોઢામાં ગયું નહતું. તેથી આપ (રઝી.) ખારૂં પાણી પીતા હતા. કેમકે દુશ્મનોએ તેમના પીવાના પાણીની પણ નાકાબંધી કરી હતી.**

**સાંભળો ! અલ્લાહની મુહબ્બત ઘણી દોહયલી હોય છે, તે દુનિયાની મુહબ્બતથી નોંખી હોય છે.**

## બયાન : ૧૦૦૫-૭૩

# હ. ઉસ્માન (રઝી.) ના રક્ષણ માટે ઈમામૈન (રઝી.) અને નબી (સ.અ.વ.) ની બશારત.

તબ અમીરૂલ મૂમિનીન અલી રે જાનો, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં પિછાનો...૧

ઓનૂ બેટે આપકે ઈમામ હસન ભેજાએ, સો ઉસમાન પાસ ભેજે રે સુનાએ...૨

સો શરબતકા મીઠા પાણી રે ભેજાયા. સો અનૂકૂ જાકર વે પાણી રે પિલાયા...૩

ભી હસનકુ કહયા થા તમ પૂછીઓ બાતી, સો મદદ કી ખાતિર હય બાત રે સુનાતી...૪

કે ફતેહકી રૂખસત દેઓ ને તમના, તો મદદકૂ આવે તમારી હય હમના...૫
યું અલીને હસન સાથ ખબર પૂછાહી, સો આને ઉસમાનકુ સબ કીતી રે આગાહી...૬
તબ ઉસમાને અયસા દીયા રે જુવાબા, વે ખબર સુનતે બોલે રે શિતાબા...૭
કહયા જે રાત નબીજી મુજે ખ્વાબમાં આયે, બહોત કરમ મુજે કર કદમ દીખાયે...૮
અને મુબારક ઝબાંસૂં એતા મુજે ફરમાયા, સો જંગહી કેરા સબ બયાન રે બતાયા...૯
કહયા ઓનૂસૂં તમના કરોગે કતાલા, તો ફતેહ પાહોગે તમ જંગકે હાલા...૧૦
યું મુબારક ઝબાંસૂં બાત નબીજીને કીતી, સો ઉસમાને સુનકર મન ઘર લીતી...૧૧
ઉન સાથ લડાઈ કભી ના રે કરાહો, તો આઓ મુજ સાથ રોઝા રે ખોલાહો...૧૨
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, કહયા ઉસમાનકૂ સુન મન દેઓને સવેરા...૧૩

રે તુંહી.

કભી લડો તો ફતેહ પાહોગે, કભી સબર કરો આપ મન રે, કભી સબર કરો આપ મન;
તો ખોલો રોઝા હમસૂં કહયા નબીએ ઉસ દિન રે, કહયા નબીએ ઉસ દિન.

## સમજુતિ : બયાન : ૧૦૦૫/૭૩

**જ્યારે દુશ્મનોએ હઝ. ઉસ્માન (રઝી.) ના ઘરને ઘેરો નાંખ્યો તે હઝ. અમીરૂલ મુઅમેનીન હઝ. અલી (રઝી.) એ તેમને માટે શરબતનું મીઠું પાણી મોકલાવ્યું. અને હઝ. હસન (રઝી.) સાથે કહેણ મોકલ્યું કે હઝ. અલી (રઝી.) તેમની મદદે આવે. તેનો જવાબ હઝ. ઉસ્માન (રઝી.) એ મોકલાયો કે "મને નબી (સ.અ.વ.) સપનામાં આવી એમ ફરમાવ્યું છે કે તમે બળવાખોરોથી લડશો તો કામયાબ (સફળ) થશો અને લડાઈ નહિ કરો તો મારી પાસે આવીને રોજો ખોલશો."**

**(વધુ બયાન નં. ૧૦૦૬/૭૪ માં)**

## બયાન : ૧૦૦૬-૭૪

અગર જંગ ના કરોગે અને સબર કરાહો, તો આહોને હમ સાથ રોઝા રે ખોલાહો...૧
યૂં ખાતિમ નબીને આવ દીયા રે જુવાબા, સો ઉસમાને ખ્વાબમાં સુનીયા શિતાબા...૨
ઉસમાન હંય કેહતે તબ રોઝા મંય ખોલાયા, કે રસૂલ અલ્લાહ સાથે મંય નેહસૂં ખાયા...૩
અબ દોસ્ત મંય રાખી એ રે બાતી, મંય કુરબાન કીતી મેરી રે ઝાતી...૪
યૂં જુવાબકી હસનકુ કહી ઉસમાને બાતી, સો ઓનૂ સુનકર કહી રે બાતી...૫

ફિર અમીરૂલ મૂમિનીન કર હસને પૂછાયા, સો રઝાસૂં હુકમ જંગકા ચાચા...૬
તમૂ રઝા હો બિના નાહી મૂમિનસૂં લડતે, હમ રઝા હો બિના જંગ કર નાહી સકતે...૭
જો તમના હમૂકૂ કરો ફરમાના, તો ઓનૂસૂં જંગકા હમ કીજીએ ધાના...૮
તો ઓનૂકૂ મારકર દુર તમૂસૂ કીજે, જો હુકમ હોવે તો લડાઈ લીજે...૯
ફરો ભાઈ કે બેટે યું કહયા ઉસમાના, તમ ઘર જા બૈઠા આપ રે અમાના...૧૦
કહયા તકદીર કૈસી દેખો હોવે રે ઈલાહી, યૂં ઉસમાને હસનકૂ ખબર બતાહી...૧
સહી મૂમિનોકે ખૂનકી, મુજે હાજત રે નાંહા, મંચ રાઝી હું હુવા ઈસ બાત રે માંહા...૧૨
યું ઉસમાને જુવાબ હસનકૂ દીતા, એ સુન સુન મૂમિનૂ સોચ ઈતના કીતા...૧૩
રે તુંહી.

ઈમામ હસન થે ભેજીએ, અલીને ઉસમાન પાસ રે, અલીને ઉસમાન પાસ;
સો રઝા મંગનેકૂ, કરને મન ઘર આસ રે, કરને મન ઘર આસ.

## સમજુતિ : બયાન : ૧૦૦૬/૭૪

**નબી (સ.અ.વ.) એ સપનામાં હઝ. ઉસ્માન (રઝી.) ને કહ્યું કે "જો તમે સબર કરશો અને બળવાખોરોથી જંગ નહિ કરો તો મારી સાથે આવીને રોજો ખોલશો." હઝ. ઉસ્માન (રઝી.) એ હઝ. હસન (રઝી.) ને કહ્યું કે, "દોસ્ત (નબી સ.અ.વ.) ની વાત ઉપર હું મારી જાતને કુરબાન કરૂં છું. "હઝ. હસન (રઝી.) એ કહ્યું કે" રજા હોય તો અમો બળવાખોરોથી જંગ કરીએ, પણ તમે રજા વગર મોમીનોથી લડતા નથી, અને અમો તમારી રજા વગર તેમનાથી જંગ કરી શકતા નથી, અને જો તમારો હુકમ હોય તો દુશ્મનોને મારી હટાવીએ."**

## બયાન : ૧૦૦૭-૭૫

ફિર ઉસમાને ઈતની બાત થી આખી, સો હસનને સુનકર મનમાં રાખી...૧
કે નબીજી થે મેરે જબ ખ્વાબમાં આયે, અબૂબકર ને ઉમર સાથ થે દેખાયે...૨
મુજે નબીજીને ઈતના આપ ફરમાયા. સો હજૂ લગ હૈ વો મંચ યાદ રે રખાયા...૩
કહયા ઉસમાન સભાંકૂ તમ આહો મેરે પાસા, યું મુબારક ઝબાંસૂં બોલ કહયા રે ખાસા...૪
કે સભાંકૂ તમારા હોવેગા કતાલા, યું ફરમાયા નબીને ખ્વાબકે હાલા...૫
એતી બાત સબ હસનકુ ઉસમાને કીતી, સો ઓનૂને સુનકર ચંત રે દીતી...૬
એતે એ તો ફિર કર અલી પાસ આયે, તબ ઉસમાન ઉપર લોક ઘર ઘર ધાએ...૭

તબ ગુલામૂને કીયા જંગ રે સામાના, જબ શોર સાર લોકૂને બહોત કીયા રે જાના...૮

તબ ઉસમાને એતી આખી રે બાતી, જે જંગ નાંહી કરે વો આઝાદ રે ઝાતી...૯

કહયા મેરે ગોલામૂમાં જંગ કરે રે નાંહા, મંય આઝાદ વે કીતે હો ખુશી દિલ માંહા...૧૦

યૂં ઉસમાને ગુલામ સબ મને રે કરાએ, સો લડાઈ કરતે પીછે રે રખાએ...૧૧

યૂં આપસકી ઝાત તસલીમ કીતી, યૂં તકદીર માંહા ખુશી આપ ચંત દીતી...૧૨

એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૩

રે તુંહી.

જંગ કરતે મને કીએ, જેતે સારે ગુલામ રે, જેતે સારે ગુલામ;
ઝાત તસલીમ કીતી સહી, જિનકા ઉસાન નામ રે, જિનકા ઉસમાન નામ.

## સમજુતિ : બયાન : ૧૦૦૭/૭૫

**પછી હઝ. ઉસ્માન (રઝી.) એ હઝ. હસન (રઝી.) ને સંભળાવ્યું કે "રાતે મને સપનામાં નબી (સ.અ.વ.) હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) સાથે દેખાયા, અને મને યાદ છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું હતું કે, ઉસ્માન સવારે તમારી કતલ થશે, અને તમે મારી પાસે આવી જશો." પછી હઝ. હસન (રઝી.) હઝ. અલી (રઝી.) પાસે ગયા. એટલામાં તો દુશ્મનો હઝ. ઉસ્માન (રઝી.) ઉપર ધસી ગયા તો તેમના ગુલાંમોએ બળવાખોરોથી જંગની તૈયારી કરી, પણ હઝ. ઉસ્માન (રઝી.) એ ગુલામોને કહી દીધું કે, જેઓ બળવાખોરોથી જંગ નહિ કરે તે આઝાદ છે.**

**તેમણે તકદીર લખી વાતને કબુલ રાખી હતી.**

**(વધુ બયાન નં. ૧૦૦૮/૭૬ માં)**

## બયાન : ૧૦૦૮-૭૬

# હ. ઉસમાન (રઝી.) ઉપર દુશ્મનોનો જીવલેણ હુમલો

તબ ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, થે કુરઆન પઢતે સુનકર લહીએ...૧

તબ ઝોર કર ઘરમાં વે સારે આયે, સો દુશમન જેતે થે રે કહલાયે...૨

ઓનૂ પેઠને મુબારક હલક કટાયા, સો બકરી રીતે કીયા રે સુનાયા...૩

સો બકરેકી રીતે આવ જભે રે કીતે, સો ઉસમાન જભે કીએ ગુસ્સેકે લીતે...૪
સુનો શહીદ કરાયે યું ઉસમાન ઝાતી, એ સુનની હૈ દીનકે ભાઈ મન ધર બાતી...૫
સો બકીઅ ઠામ દફન રે કીતે, સો લોહીને કપડું ઓનૂં સેતી રે સુનીતે...૬
જબ ઉસમાન રઝીઅલ્લા અનહો જાનો, શહીદ જિસ દિન હુએ રે પિછાનો...૭
તબ નબીજીકી મસ્જીદકી ઉપર રે છાતા, વાં જિન તો રોએ સહી એ બાતા...૮
સો રોએ રે જાના વાં તીન દિન રાતી, એ સુન હય લેની સાચી રે બાતી...૯
ભી મૌત હો કેરી કીતી જિનૂ કવતાઈ, કર કવતાઈ રોએ જિન ખબર એ પાઈ...૧૦
અબ સુનને ખારજી કૈસા હાલ રે તમારા, તમૂ સોચ તો કૈસા હય મન રે સવારા...૧૧
કે હજૂ લગ દાવા તમ છોડો રે નાંહા, અને ખૂબી ઉસમાનકી નાંહી લાતે દિલ માંહા...૧૨
તો યકીન તમના નાંહી દીનકૂ ચાતે, અને નેહસૂઃ ઈતના નાંહી મન લાતે...૧૩
રે તુંહી.

તીન દન રોએ જાનીયા, સહી એ સાચી બાત રે, સહી એ સાચી બાત;
જબ આવતે કતલ કીએ, ઉસમાન કેરી ઝાત રે, ઉસમાન કેરી ઝાત.

### સમજુતિ : બયાન : ૧૦૦૮/૭૬

**જ્યારે હઝ. ઉસ્માન (રઝી.) ને શહીદ કરવામાં આવ્યા ત્યારે તેઓ કુર્આન શરીફ પઢી રહ્યા હતા અને દુશ્મનો તેમનાં ઘરમાં પેસી જેમ બકરો હલાલ કરાય તેમ તેમનું ગળું કાપી નાંખ્યું, અને તેમને જન્નતુલ બકીઅ (મસ્જીદે નબવીથી નજીક એક કબ્રસ્તાન) માં તેમના પહેરેલાં કપડાં સહિત દફન કરવામાં આવ્યા, અને ત્યારે મસ્જીદે નબવીની છત ઉપર જીનો પણ ત્રણ રાત-દિન રોયા.**

**હવે ખારજીઓ તમે હજીક પણ હઝ. ઉસ્માન (રઝી.) ની દુશ્મની છોડતા નથી, કેમકે તમને દીને ઈસ્લામ વ્હાલો નથી. (વધુ બયાન નં. ૧૦૦૯/૭૭ માં)**

### બયાન : ૧૦૦૯-૭૭

## હ. ઉસ્માન (રઝી.) જન્નતુલ બકીઅમાં દફન

તીન દિન રે કહીએ ફોત હુએ રે બાઝા, લે જા દફન કીતે સુના એ અવાઝા...૧
સો અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં લહીએ...૨
બાઝ શહીદ હુએકે તીન રે દંના, લેજા દફન રે કીતે રાત કે મેના...૩

સો તીજે દિન બકીઅકુ થે રાતકુ લે ગહે, સો કેતેક લોક ડેરે પાસ થે રહે...૪
સો બકીઅ રે બૂઝો જાગોકા નામા, સબ મૂમિનૂ કેરી કબરકા ઠામા...૫
તબ ઓનૂકે પીછેથી કેતેક અવસાર આએ, તબ દફન કરતે એ સબ રે ડરાએ...૬
અચસે ડરે કે જનાઝા ભુ માંહે ડલાવે, અને જનાઝેકૂ છોડકર ભાગ સબ જાવે...૭
અસવાર એકને તબ દીયા રે જુવાબા, ના ડરો રે તમના યું કહયા રે શિતાબા...૮
હમ દફન ભી કરને કાજ હંચ આચે, તો તમારે સાથ આવકર હંચ રે મિલાએ...૯
પિછે ના જાના કે ફરિશ્તે વે થે અસવારા, વે આચે થે ઉસમાનકુ કર પિયારા...૧૦
કે દુશમન ઉસમાનકે કુ આઝાર પહોંચાને, પિછે કુન થે અસવાર વે ખૂબ રે ના જાને...૧૧
અરે દીન કેરે ભાઈઓ એ કાન ધર સુનના, અને નિસદિન ઈતના યાદ હય કરના...૧૨
રે તુંહી.

તીજે દીન લે જા રાતકૂ, દફન કીએ કર ગોર રે, દફન કીએ કર ગોર;
તબ આએ અસવાર ગૈબીઆં, તબ ડરે લોક કર શોર રે, તબ ડરે લોક કર શોર.

## સમજુતિ : બયાન : ૧૦૦૯/૭૭

**અમીરૂલ મુઅમેનીન હઝ. ઉસ્માન (રઝી.) શહીદ થયા પછી તેમનું શરીર એમજ પડ્યું રહ્યું અને ત્રીજે દિવસે જન્નતુલ બકીઅમાં તેમને દફન કરવામાં આવ્યા, અને કેટલાક લોકો તેમના ઘરની રખવાળી માટે તેમના ઘરે રોકાઈ રહ્યા. જ્યારે તેમના જનાઝાને કબ્રસ્તાન લઈ જવામાં આવ્યો ત્યારે બે અસવારો આવ્યા તો મૈય્યતીઓ તેમનાથી ઘણા ડરી ગયા કે જનાઝાને કબરમાં મુક્યા વગર જતા રહે. તો તે અસ્વારોએ કહ્યું : "તમે ડરો નહિ, અમે તો દફનનાં શરીક (ભેગા) થવા આવ્યા છીએ." તે અસ્વારો ફરિશ્તા હતા કે કોણ હતા તે વાત લોકોથી જાણી શકાઈ ન હોતી, પણ દુશ્મનો દફન વખતે પણ દુઃખ દેવા ન આવે તે માટે તેઓ આવ્યા હશે.**

## બયાન : ૧૦૧૦-૭૮

## હ. ઉસ્માન (રઝી.) ના આંધળા બનેલા દુશ્મનની કાબામાં દુઆ

સુનો એક હય મરદ દીનદાર કેહતે, સો જૈસા દેખકર હય રે લેહતે...૧

હય મોતેબર મરદ જિન્હોને કહી એબાતી, કે એતબારી કહીએ જિનકી ઝાતી...૨
કહયા મંય થા તવાફ મક્કેકૂ કરાતા, વાં નાબીના મરદ ઐસા નઝરૂં થા પડાતા...૩
નાબીના સો આંખાં બિના રે કેહલાયા, વો તવાફ કરતે ઉનકૂ દેખાયા...૪
અને વે ભી તવાફ થા કરતા જાના, ઓને ઝબાં હો સેતી ઐસા કીયા રે બયાના...૫
કહયા બખ્શને મુજકુ તૂ રબ રે મેરા, પણ જાનતા હું મુજકુ નાંહી બખશે સવેરા...૬
કે ઈલાહી મુજકુ તૂ બખશેગા નાંહા, ઐસા ગુમાન હું કરતા મેરે દિલ માંહા...૭
સહી યૂં થા દોઆ નાબીના રે મંગાતા, ઓન મરદને ઉસકી સોની કાનૂ રે બાતા...૮
પૂછો ઉસકૂ એ કૈસી તેં દોઆ રે મંગાઉ, મુજે દોઆ રે માંગની તેરી અજબ દેખાઈ...૯
તભ હાલકી સગલી ઓને કીતી રે બાતી, જે તવાફ થા કરતા નાબીના રે ઝાતી...૧૦
કહયા મંય મેરે યારસૂં થી સોગંદ રે ખાઈ, થી ઉસમાન ઉપર બહોત દુશમની ચાઈ...૧૧
કે તમાચા જાકર મંય મુંહકુ રે લગાહું, જબ કતલ કીએ ઉસમાન પાહું...૧૨
એ દોનૂ રે યારૂં મિલ ઓનૂં સોગંદ થઈ ખાઈ, પણ ડર ચિંતા ના થી એતી મન આઈ...૧૩
રે તુંહી.

સુરીજન આપ સુબહાન હૈ, કરે હૈ ચાતા કામ રે, કરે હૈ ચાતા કામ રે;
શઝામંદી ઉસકી ચાહીએ, નાંહી તિલ ગુમાનકા ઠામ રે, નાંહી તિલ ગુમાનકા ઠામ.

## સમજુતિ : બયાન : ૧૦૧૦/૭૮

**પીર મશાયખ (રહે.) કહે છે :**

**એક દીનદાર ભરોસાપાત્ર મરદે દેખેલ બયાન થયેલી વાત લખાયેલ છે. તે મરદ કહેલું છે કે, તે ખાન-એ-કાબાનો તે તવાફ કરતો હતો ત્યાં એક નાબીના (આંધળો) માણસ પણ તવાફ કરતો હતો. તે આંધળો તવાફ કરતાં કરતાં કહેતો જતો હતો કે, "હે રબ તું મને બખશી દે, અને તું મને બખ્શાવાનો (માફ કરવાનો) નથી તેવું ગુમાન (ધારણા) હું કરૂં છું."**

**તે મરદ કહે છે કે તેને તે આંધળાની આવી દુઆ અજબની લાગી તો તે વિષે તેને પુછ્યું, તો તેણે બધી વાત કહેતાં કહ્યું કે તે હઝ. ઉસ્માન (રઝી.) થી ઘણી દુશ્મની રાખતો હતો અને તેણે એવા સોગંદ ખાધા હતા કે તેં જઈને**

હઝ. ઉસ્માન (રઝી.)* ને તમાચો મારે. (વધુ બયાન નં. ૧૦૧૧/૭૯ માં)

## બયાન : ૧૦૧૧-૭૯

અને જબ આવ ઉસમાન શહીદ કરાએ, નાબીના કેહતા હમે ખબર વે પાએ...૧
તબ ઉસ યાર સેતી ગયા ઓનૂ ઘર માંહા, કુછ ખોફ તો ખુદાકા મન આયા રે નાંહા...૨
તબ બીબીકે ગોદમાં થા ઓનૂકા શીશા, નાબીનાને જાકર દેખ કીતી રે રીસા...૩
અને ઓનૂ પર કપડા થા રે ઓઢાયા, નાબીનાને બીબીકુ મુંહ ખોલને બતાયા...૪
તબ બીબીને પૂછા કયા હય મતલબ તેરી, કે કેહ તૂ દિલકી બાત રે સવેરી...૫
કહયા સોગંદ હય તમાચા મારનેકી ખાઈ, અયસી નાબીનાને ખબર બીબીકુ સુનાઈ...૬
તબ બીબીને કહયા નાંહી દેખતા નેના, કે એ થે રે રેહતે નબી સોહબતકે મેના...૭
દો બેટીયાં નબીકી ઓનૂસૂં બિયાહી, ભી અવર બહોત ફઝીલતકી હય રે બડાહી...૮
એ સુનતે જે ઉસ સાથ થા વે શરમાયા, વે તો શરમા ને ચલીયા નાબીનાને બતાયા...૯
અને એને તો દાવેકા કીયા રે કામા, સો તમાચા મારા મુંહ મુબારક ઠામા...૧૦
અલ્લાહ આંધલા કરે તુજે બીબીને આખા, દોનૂ હાથ ભી સૂકાવે ફિર ઈતના દાખા...૧૧
સો ઘરથી નિકલને ના થા રે પાયા, કે ઉસકુ તો આંધલા રબને કરાયા...૧૨
અને હાથ ભી ઉસકે દોનૂ સૂક કર ગહે, સો ભુલે હો જયસા હો કર રહે...૧૩
એ નાબીનાને બાતી સબ આપસકી કહી, જે બખશેગા નાંહી રબ કેહતા થા સહી...૧૪
રે તુંહી.

આંખીયાં ગહી હાથ સૂકીએ, બેઅદબી કરતે જાન રે, બે અદબી કરતે જાન;
ખૂબી ઉસમાન કેરડી સુન સુન એ મન માન રે, સુન સુન એ મન માન.

## સમજુતિ : બયાન : ૧૦૧૧/૭૯

**તે નાબીના (આંધળા) એ કહ્યું કે જ્યારે હઝ. ઉસ્માન (રઝી.) ને શહીદ કરવામાં આવ્યા તો તે તેમના ઘરે ગયો ત્યારે હઝ. ઉસ્માન (રઝી.) નું સર (માથું) મુબારક તેમની બીબીના ખોળામાં હતું, અને તેની ઉપર કપડું ઓઢાડેલું હતું. તેણે હઝ. ઉસ્માન (રઝી.) ના બીબી (પત્ની) ને આપ (રઝી.) નું મોં બતાવવા કહ્યું : તેમના બીબીએ કહ્યું : "તેનાથી તારો શું ઈરાદો છે ?" તેણે કહ્યું : "મેં ઉસ્માન (રઝી.) ના મોં ઉપર તમાચો મારવાના સોગંદ ખાધા છે. "તેમનાં બીબીએ કહ્યું :" તને ખબર નથી કે હઝ. ઉસ્માન (રઝી.) નબી (સ.અ.વ.) ની સોહબત (સંસર્ગ)**

માં હતા, અને નબી (સ.અ.વ.) ની બે (૨) બેટીઓને એક પછી એક એમ તેમના નીકાહમાં હતી.'' આ ફઝીલત સાંભળીને તે નાબીના (આંધળો) બનેલો શરમાઈને ચાલ્યો ગયો. પણ તેમના બીબીએ હાથ ઉઠાવી બદદુઆ માંગી કે અલ્લાહ તેને તેની હઝ. ઉસ્માન (રઝી.) થી અદાવતને સબબે (કારણે) આંધળો કરે, અને સાથે જ તે ઘરની બહાર ગયો પણ નહોતો કે આંધળો થઈ ગયો, અને તેના બંને હાથ સુકાઈ ગયા. નબી (સ.અ.વ.) આ ખલીફાથી અદાવત (દુશ્મની) રાખનારની આંખો પણ ગઈ અને હાથ પણ ગયા.

(વધુ બયાન નં. ૧૦૧૧/૭૯ અ માં)

## બયાન : ૧૦૧૧-૭૯અ

## નઝમ

ખૂબું કેરી બાત મન ધરની રે તમે સુનો રે, ખૂબી દેખ ચિંતા ખૂબ કરની રે તમે સુનો રે...૧
બંદોં કેરી હય કહી રીતા રે તમે સુનો રે, કીતી રબ સાથ પીતા રે તમે સુનો રે...૨
સુરીજન સહી મન દીતા રે તમે સુનો રે, હુકમસૂં સિર ધર લીતા રે તમે સુનો રે...૩
આપ તન વારને કીયા રે તમે સુનો રે, લોભ ના કીયા તલ જીયા રે તમે સુનો રે...૪
બકરેકી રીતે રેશાએ રે તમે સુનો રે, મુલકકે પાદશાહ કેહલાએ રે તમે સુનો રે...૫
કીએ શહીદ અંદર ડેરે રે તમે સુનો રે, ખલીફે નબીજી કેરે રે તમે સુનો રે...૬
નબીજીને જૂં ફરમાયા રે તમે સુનો રે, ખ્વાબકે માંહે બતાયા રે તમે સુનો રે...૭
ત્યું થા ઓનૂ કબૂલ કીતા રે તમે સુનો રે, તન લે વારને દીતા રે તમે સુનો રે...૮
અયસે બંદે રબ ફરમાની રે તમે સુનો રે, બૂઝો સબ સુનને નિશાની રે તમે સુનો રે...૯
ઐસૂકૂ ભી શહીદ કરાઆી રે તમે સુનો રે, જૂં દુંબે રીતે જભે લે કરાએ રે તમે સુનો રે...૧૦
એક વેસે બંદે હંય કરાતા રે તમે સુનો રે, ખાસૂંકૂ તો યું હય મરાતે રે તમે સુનો રે...૧૧
ફોત બાજ તમાચા લગાતે રે તમે સુનો રે, ખોફ ના થા કુછ મન લાતે રે તમે સુનો રે...૧૨
બંદે એ સબ રબ કેરે રે તમે સુનો રે, ખૂબ રીતે દેખોને સવેરે રે તમે સુનો રે...૧૩
ખૂબ કેરી રીત મન ધરની રે તમે સુનો રે, મન ધર ચિંતા ખૂબ કરની રેતમે સુનો રે...૧૪

## સમજુતિ : બયાન : ૧૦૧૧/૭૯ અ

પીર મશાયખ (રહે.) કહે છે :

બંદાની રબ સાથે પ્રીત (હેત) ની ખુબી મનધરો. હઝ. ઉસ્માન (રઝી.) રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ખલીફા હોવા છતાં નબી (સ.અ.વ.) એ ખ્વાબ (સપના) માં જણાવ્યા મુજબ બકરાની જેમ રહેંસાઈ ગયા. નબી (સ.અ.વ.) એ સપનામાં કહેલ વાતો કે તમે લડશો તો જીતશો, અને નહી લડશો તો નબી (સ.અ.વ.) પાસે જઈને રોજો ખોલશો, એ બે વાતોમાંથી તેમણે ન લડવાનું પસંદ કર્યું. અલ્લાહના આવા બંદાને પણ દુશ્મનોએ ઘેટા-બકરાની જેમ માથું કાપીને શહીદ કર્યા. દુશ્મને તેમની શહીદી બાદ મૈયતના મોંઢા ઉપર તમાચો મારવાનું ઈચ્છયું. કેમકે તેને અલ્લાહનો જરાક પણ ડર ન હતો.

## બયાન : ૧૦૧૨-૮૦

# હ. ઉસ્માન (રઝી.) ની કબરની ઝીયારત થી નફરત કરનારને અલ્લાહની સજા

સુનો કાફિલા મોસમમાં થા મદીને આયા, સો હય કોઈ મોસમમાં થા આયા રે સુનાયા...૧

સુનો અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં લહીએ...૨

ઓનૂ કબરકી ઝિયારત થી સબૂને ચાઈ, સબ કાફિલેકે દિલ ચિંતા થી આઈ...૩

પણ એક થા ઓનૂમાં ઓને ચાયા રે નાંહા, સો ખતરા થા આયા કુછ ઉસ દિલ માંહા...૪

કે ઉસમાન કેરી બાતે મુંહ થા રે ફિરાતા, અને ગુસ્સા ને કીના બહોત મન થા લાતા...૫

સો ઝિયારત કરની ઓને મન રે ના ચાહી, અને ઉસમાન કેરી ના બુઝી રે બડાહી...૬

તબ કાફિલા સારા કર ઝિયારત રે આયા, અને એ તો મનમાં સોચ દાવેકા લાયા...૭

તબ રાતકૂ દરંદા એક રબને ભેજાયા, સો બાધકી રીતે વે દરંદા કેહલાયા...૮

સો ઓને આવ બીચથી ઉસે ઉચક રે લીતા, અને માર ફાડ ટુકડે લે ઉસકે કીતા...૯

અને દુજે રે કિસીકૂ ના આઝાર રે દીતા, ખૂબી ઉસમાન કાજ અયસા કીયા રે મીતા...૧૦

તબ સભાંકુ દેખતે મન સબૂં યું જાના, એ ઉસમાન ગુસ્સે કાજ ડર મન યું આના...૧૧

રે તુંહી.

ઉસમાનકુ ના ચાહતા, ના કીતી ઝિયારત જાય રે, ના કીતી ઝિયારત જાય;

ઉસે આવ જનાવરે મારીયા, કાફિલે માંહે આય રે, કાફિલે માંહે આય.

## સમજુતિ : બયાન : ૧૦૧૨/૮૦

**એકવાર મદીના શરીફમાં કોઈ કાફલો આવ્યો હતો, તો તે કાફલાએ અમીરૂલ મુઅમેનીન હઝ. ઉસ્માન ગની (રઝી.) ની કબરની જીયારત (મુલાકાત) કરવા ચાહ્યું, પણ તે કાફલામાંથી એક માણસ હતો, જે હઝ. ઉસ્માન (રઝી.) નું નામ આવતાં જ તેનું મોં ચડાવતો હતો, અને આપ (રઝી.) ઉપર ગુસ્સો જાહેર કરતો હતો. તેણે આપ (રઝી.) ની કબરની જીયારત કરવાથી ઈન્કાર (નકાર) કરી દીધો. કાફલાના બાકીના લોકો આપ (રઝી.) ની કબરની જીયારત (મુલાકાત) કરી આવ્યા, પણ તે માણસ ઝીયારત માટે ન ગયો. તે રાતે અલ્લાહે એક વાઘ જેવું ફાડીખાનાર જાનવર મોકલ્યું જે કાફલાના પડાવ વચ્ચેથી તે માણસને ઊંચકી ગયું, અને બીજા કોઈને પણ ઈજા ન દીધી. આ બનાવથી લોકોએ જાણી લીધું કે તે માણસને હઝ. ઉસ્માન (રઝી.) ઉપર દાઝ રાખવાનું ફળ મળ્યું હતું.**

નોંધ : બનાવ માટે બયાન નં. ૯૮૨/૫૦ નીચેની નોંધ જુઓ.

## બયાન : ૧૦૧૩-૮૧

# હઝ. ઉસ્માન (રઝી.) ના દુશ્મનની જનાઝાની નમાઝનો નબી (સ.અ.વ.) નો ઈન્કાર

સુનો અબદુલ કરીમને થી બાત રે કીતી; સો જાબિર રે અનસારીને સુનકર લીતી...૧

એક મરદ મદીને ફોત હુઆ રે સુનાતા, ના નબીજી આયે ઉસ નમાઝ હય લખાતા...૨

તબ સહાબીયોંને પૂછા યા રસૂલ અલ્લાહકે, સહી સાચે વાએદે બોલ તમારે સદાકે...૩

કે જનાઝેકી નમાઝ સબ ઉપર કરાતે, સાહિબ ઉસકે ઉપર નાંહી નમાઝકુ ચાહતે...૪

એ હય મેરે દિલ અજબ રે આયા, તબ નબીજીને ઈતના આપ ફરમાયા...૫

કે એ થા દુશમન ઉસમાન કેરા, એ રબકા તો દુશમન ભી હુવા રે અનેરા...૬

કે રબને ઉસ પર ગુસ્સા રે કીતા, જો ઉસમાન સેતી ઓને દાવા મન દીતા...૭

યું જુવાબ રે દેકર મુંહ નબીને ફિરાયા, સો ઉસ્માન સામી મુંહ કીયા રે સુનાયા...૮

ગુનાહ તમારે બખશે રબને આખા, ઉસમાનકુ જુવાબ નબીને દાખા...૯

કે જે કુછ ગુનાહ પેહલે ગુઝરે રે ગહે, સો બખશે રબને યું નબીજીને કહે...૧૦
ભી અબ કુછ ગુનાહ હોવે તમારી ઝાતી, વે ભી બખશે રબને યું કહી રે બાતી...૧૧
સહી ઉસમાન હકમાં એ નબીજીને આખા, એ સુન સુન મૂમિન મન ઈતના રાખા...૧૨
રે તુંહી.

ગુનાહ બખશે સબ રબને, જે કીએ ભી હોવે અબ રે, જે કીએ ભી હોવે અબ;
એ ફરમૂદા સહી નબીકા, જીવ કીએ હૈં જિનથી સબ રે, જીવ કીએ હૈં જિનથી સબ.

## સમજુતિ : બયાન : ૧૦૧૩/૮૧

**અબ્દુલ કરીમ હઝ. જાબીર અન્સારી (રઝી.) થી સાંભળેલી રિવાયત કરે છે કે મદીનાનો એક માણસ ફોત થયો (ગુજરી ગયો) ત્યારે નબી (સ.અ.વ.) એ તેના જનાઝાની નમાઝ પઢાવવાથી ઈન્કાર કરી દીધો, તો અસ્હાબીઓ (રઝી.) એ નબી (સ.અ.વ.) થી પુછયું કે, આપ (સ.અ.વ.) મુસલમાનોના જનાજાની નમાજ પઢાવો છો, પણ આ માણસના જનાજાની નમાજથી ઈન્કાર શીદને કર્યો ? તેના જવાબમાં નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું કે તે માણસ હઝ. ઉસ્માન (રઝી.) થી અદાવત (દુશ્મની) રાખતો હતો, અને આવું કરનારો અલ્લાહના ગુસ્સાનો હકદાર છે. આટલું કહીને નબી (સ.અ.વ.) પોતાનું મોં ફેરવી લીધું અને હઝ. ઉસ્માન (રઝી.) સામે મોં કરીને કહ્યું : "ઉસ્માન (રઝી.) તમારા બધા ગુનાહ અલ્લાહે બક્ષી દીધા છે, જે પહેલાં થઈ ગયા, અને હવે તમારા ગુનાહ બાકી નથી રહેતા. આ હતું નબી (સ.અ.વ.) નું ફરમાન હઝ. ઉસ્માન (રઝી.) ના હકમાં."**

## બયાન : ૧૦૧૪-૮૨

# હ. ઉસ્માન (રઝી.) નો ખિલાફત કાળ

સુનો અમીરૂલ મૂમિનીન ઉસમાન કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં લહીએ...૧
સુનો ખિલાફત ઓનૂકી હુઈ અગ્યાર રે સાલા, ભી અગ્યાર મહીને કહીએ હિસાબકા હાલા...૨
અને ભી રે બૂઝો ઓગનીસ દંના, એ ખિલાફત કેરી બાત સુન રાખો રે મંના...૩
એ ખિલાફત કેરા સુનો બૂઝો રે હિસાબા, એ લખાયા દેખકર જૂં બૂઝા રે સવાબા...૪
સુનો પેહલી રે તારીખ માસ મોર્હરમ કેરી, ઉસમાને વફાત પાઈ રે અનેરી...૫
કે માસ તો મોર્હરમ કેરા રે જાનો, અને તારીખ પેહલી સહી રે પિછાનો...૬
તબ ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, વે શહીદ રે હુએ સુનકર લહીએ...૭

સો બાર રે બરસમાં ઓછે આગાર રે દંના, હુઈ ખિલાફત ઓનૂકી સુન રાખો રે મંના...૮
અરે દીન કેરે ભાઈ એ હોને દિલ ધરના. અને સુનોને બયાન મનકી શાના...૯
એ સુન સુન યાદ રાખો દિન રાતી, અને દુનીયાં કે કામકી કરો થોડી રે બાતી...૧૦
સો દીનકે કાજકામ દુનીકા કરના, પણ ઉસકા ઉલટા તિલ મન ના ધરના...૧૧
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૨
રે તુંહી.

ખિલાફત ઉસમાન કેરડી, બાર બરસ હુઈ જાન રે, બાર બરસ હુઈ જાન;
દસ એક દિન ઓછા સહી, સહી એ સાચા માન રે, સહી એ સાચા માન.

## સમજુતિ : બયાન : ૧૦૧૪/૮૨

**પીર મશાયખ (રહે.) લખે છે :**

**હઝ. ઉસ્માન (રઝી.) ની ખિલાફત અગીયાર વરસ, અગીયાર મહિના અને ઓગણીસ દિવસની રહી હતી. આપની વફાત પહેલી મુહર્રમના દિવસે થઈ હતી, એટલે કે બાર વરસમાં અગીયાર દિવસ ઓછા. મારા ભાઈ ! દીનની વાતો સાંભળો, અને દુનિયાના કામોની વાતો થોડી કરો. દુનિયાના કામો પણ દીન માટે કરો, અને તેનાથી ઉલટું ન કરો. તમારી જાતને દીનની વાતો સાંભળી પાક કરો**

**નોંધ : જો તાજીયા અને માતમ જાયજ હોત તો સુન્નીઓ પણ હઝરત ઉસ્માન (રઝી.) ની શહાદત (જે પહેલી મોહર્રમ છે) ના દિવસે તેમના પણ તાજીયા અને માતમ કરત.**

# હઝ. અલી (રઝી.) ની ખિલાફત

## બયાન : ૧૦૧૫-૮૩

# હઝ. અલી (રઝી.) ની ફઝીલત

શાહે મરદાં અલી બૂઝો રે નામા, કર્રમલ્લાહો વજહહુ કહો ઓનૂ નામ ઠામા...૧
અને રઝીઅલ્લાહ અનહો નામ રે જાનો, યું તારીફસૂં નામ લેને પિછાનો...૨
જબ ઉસમાન રઝીઅલ્લાહ અનહો કહીએ, શહાદત પાઈ સો સુનકર લહીએ...૩
સબૂં અસહાબૂં ઈત્તેફાક એક દિલ કીતા, અને ખિલાફત કેરા સોચ અયસા મન દીતા...૪
કે અમીરૂલ મૂમિનીન અલી રે જાનો, અનૂ ઈમામ મુત્તકીન ઓનૂકુ પિછાનો...૫
સો ખિલાફત ઈમારત ઓનૂકૂ જાનો, સો સહાબી સબૂં મિલ બાત સહી રે માનો...૬

એ ચોથે ખલીફે બૂઝો નબીજી હો કેરે, સો મુરતઝા અલી નામ બૂઝીઓ સવેરે...૭
સો જડ રે બૂઝો વિલાયત શિજરે હો કેરી, એ સુન સુન ખૂબી મન બૂઝીઓ સવેરી...૮
અનૂ કિસી રે જંગમાં ના પીઠ થી ફીરાઈ, અયસે શેર એ ખુદાકે બૂઝો ખૂબીકી બડાઈ...૯
અને મુસ્તફા કેરે એ ચચે રે ભાઈ, સો અલી રે મુરતઝા એ ખૂબી રે સુનાઈ...૧૦
એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૧
રે તુંહી.

ચોથે ખલીફે નબીકે, અલી મુરતઝા જાન રે, અલી મુરતઝા જાન;
રઝીઅલ્લાહ અનહો નામસૂં, સુન સુન પિછાન રે, સુન સુન પિછાન.

## સમજુતિ : બયાન : ૧૦૧૫/૮૩

**જ્યારે હઝ. ઉસ્માન (રઝી.) શહીદ થયા ત્યારે અસ્હાબો (રઝી.) એ ઈત્તેફાક (સર્વ સંમતિ) થી મર્દે ખુદા હઝ. અલી કર્રમલ્લાહુ વજહહુ જેઓ વિલાયતના સજરાનું મુળ છે, તેમને ખિલાફત માટે પસંદ કર્યા (ખિલાફત સોંપી). આપ (રઝી.) કદી જંગમાં પીઠ ફેરવતા નહિ, તેથી તેમને અસદુલ્લાહ (અલ્લાહના વાઘ) કહેવામાં આવે છે. આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના કાકાઈભાઈ (પિત્રાઈ) છે, અને અનુક્રમે નબી (સ.અ.વ.) ના ચોથા ખલીફા છે.**

## બયાન : ૧૦૧૬-૮૪

# બાળકોમાં પહેલા ઈમાન લાવનાર હઝ. અલી (રઝી.) હતા

અમીરૂલ મૂમિનીનકુ જાનો રે, મુરતઝા અલી નામ પિછાનો રે...૧
રઝીઅલ્લાહ અનહો કેહના રે, નામ અનૂકા સુનકર લેના રે...૨
ચિચા કે બેટે નબીકે કેલાએ રે, બાલપનેમાં ઈમાન લાએ રે...૩
બાલપનેથી નબી સહી જાને રે, ખાતિમ નબી કર પિછાને રે...૪
શેર ખુદાકે કરતે મન ઘર જંગા રે, લશકર કાફિર કીયા ભંગા રે...૫
સેફ ઘર જંગ કેરે કરનારે રે, ફોજ ગનીમૂકી તોડનહારે રે...૬
સાફી ભી ઓનૂકૂ સહી જાનો રે, સાબિત દમ કદમ પિછાનો રે...૭
દોસ્તી ઓનૂકી હય સહી મન ઘરની રે, નત નત પીત નવી મન કરની રે...૮
નિસ દિન પીત નવી મન રાખો રે, દોસતીસૂં નામ અલીકા આખો રે...૯

ખુતન એ સેતી કરો નેહા રે, પીત સેતી જાન ભર દેહા રે...૧૦
તિલ જેતા મત ગુસ્સા લાહો રે, નામ અલીસૂં પીત કરાહો રે...૧૧
દોસ્તી નેહ જિસે તનકે માંહા રે, નેહ અલીસૂં બૂઝા નાંહા રે...૧૨
મગજ બિના વે હુઆ ખાલી તંના રે, જાન મેરી હય દોસ્તી અયસી તન મંના રે...૧૩
મગજ બિના તન ખાલી જો સીસા રે, પીત બિના રંગ કહીએ કયસા રે...૧૪
સુન સુન ભાઈ દીનકે મેરે રે, ખુતન નેહસૂં પીત કરો સવેરે રે...૧૫

## સમજુતિ : બયાન : ૧૦૧૬/૮૪

**હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) ના કાકાઈભાઈ (પિત્રાઈ) છે. બાળકોમાં પહેલાં ઈમાન લાવનાર હઝ. અલી (રઝી.) હતા. આપ (રઝી.) શેરેખુદા છે. આપ જંગમાં તેમના હરિફોને છીન્નભીન્ન (વેરણછેરણ) કરી નાંખતા હતા, એટલે આપ (રઝી.) ને સૈફુલ્લાહ (અલ્લાહની તલવાર) કહેવામાં આવે છે. તેમનાથી પણ અતિ પ્યાર રાખો. હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) ના જમાઈ પણ છે. તેમની ઉપર તલભાર પણ ગુસ્સો નફરત (અણગમો) ન કરો અને તમે પોતાની જાતથી જેટલો પ્રેમ રાખો છો, તેટલો તેમની સાથે પણ રાખો. મગજ (મન) વગર દોસ્તી થતી નથી. દિલ લગાવ્યા વિના પ્રેમ ન થાય.**

### બયાન : ૧૦૧૭-૮૫

## ખાનવાદાઓનું મૂળ હઝ. અલી (રઝી.) છે

ઈમામ અહમદ હંબલીને અયસા ફરમાયા, સો જૂં ઓનૂ કહયા હય ત્યું લખાયા...૧
અનૂં ફઝીલત અલીકી બોહત રે કહી, સો નબીકી હદીસસૂં જૂં દેખકર લહી...૨
વે બયાન રે સુનતે બહોત ખૂબી રે દેફતખાવે, સો ફઝીલત અલીકી બહોત નેનૂં રે આવે...૩
ભી સુલતાન સૂફી જાનૈદ રે કહીએ, જો બગદાદ મુલકકે સુનકર લહીએ...૪
જુનૈદ બગદાદી જે હેય રે કેહલાતે, વે હંય બયાન અયસે રે બતાતે...૫
અલી ઈબ્ને અબૂતાલિબ રઝીઅલ્લાહ અનહો કહીએ, એ આરિફોં કેરે પીર રે લહીએ...૬
ભી અવર ભી તારીફ બહોત જુનૈદને કીતી, સો અલીકે નામસૂં સુનકર લીતી...૭
તો ખાનવાદે અનૂથી સબ હુએ સહી, જું પીર કર અનૂકુ કહે રે સહી...૮
સુનો ખનવાદું માંહે હુએ વલી રે અપારા, સો વલીયું કેરા ના પાયા રે શુમારા...૯
કહી મોહકકિક ઓનૂથી હકકુ પ્હોંચાએ, જે ખનવાદું માંહે આયે રે સુનાએ...૧૦
સો જુનૈદ જયસે કહી જાનો રે સહી, યું વલીં ખનવાદેમાં હુએ રે કહી...૧૧

સુનો જુનૈદને ગવાહી બહોત શાહદીસૂં દીતી, એ સુન સુન રે મૂમિન એતી ભાત રે કીતી...૧૨
રે તુંહી.

દોસતી અલીસૂં રાખની, કરને દિલસૂં કામ રે, કરને દિલસૂં કામ;
દોસતી જો દિલમાં નાંહી, ખાલી હુઆ ઠામ રે, ખાલી હુઆ ઠામ.

## સમજુતિ : બયાન : ૧૦૧૭/૮૫

ઈમામ હમ્બલ (રહે.) એ નબી (સ.અ.વ.) ની હદીષો જોઈને તેને આધારે હઝ. અલી (રઝી.) ની ઘણી ફઝીલત (શ્રેષ્ઠતા) બયાન કરી છે. બગદાદના જુનેદ બગદાદી જેમને સુફીઓના સુલતાન કહેવામાં આવે છે. તેમણે પણ હઝ. અલી (રઝી.) ની ફઝીલતનું બયાન કર્યું છે.

હઝ. અલી (રઝી.) આરીફો (અલ્લાહને ઓળખનારાઓ) ના પીર કહેવામાં ઓ છે, અને બધા ખાનવાદા તેમનામાં જઈને મળે છે (પીર મશાયખે મક્તુલનામામાં ૧૪ ખાનવાદા લાવ્યા છે તેમાંથી એક ચીશ્તી ખાનવાદો છે), અને જેટલા વલી થયા તે બધા આ ખાનવાદાઓમાંથી છે, અને મોહક્કીક (હક શોધનાર) તે ખાનવાદાઓમાંથી હક મેળવે છે. જુનેદ બગદાદીએ આ વાતની ગવાહી આપી છે. માટે તમે હઝ. અલી (રઝી.) થી દિલથી દોસ્તી (પ્રેમ) રાખો. દિલ વગરની દોસ્તી એ ખાલી ઠામ (વાસણ) ની જેમ છે.

નોંધ : સુલુક માટે પીર મશાયખ (રહે.) એ કોઈ પંદરમો ખાનવાદો બતાવ્યો નથી.

## બયાન : ૧૦૧૮-૮૬

# ગુંચભર્યા પ્રશ્નોના ઉકેલની
# હઝ. અલી (રઝી.) માં સલાહીયત હતી

ઈમામ મુસ્ત ગફફારી નામ રે જાનો, એ બયાન હંય કેહતે સુનકર માનો...૧
સો કિતાબકે ઠામ હય રે લિખાયા, જે મુસ્ત ગફફારીને હય બયાન રે બતાયા...૨
કે અમીરૂલ મૂમિનીન ઉમર ખત્તાબા, રઝીઅલ્લાહ અનહો કહો નામસૂં શિતાબા...૩
સહી ઓનૂકી ખિલાફત માંહે રે જાનો, એ રૂમસૂં કાગઝ આયા થા માનો...૪
સો પાદશાહ રૂમને થા લિખ રે ભેજાયા, સો ઉમર ખત્તાબકે પાસ થા આયા...૫
થે ઉસ માંહે કેતને સવાલ લિખાયે, સો મુશકિલ બાતકે થે બયાન સુનાયે...૬
તબ ઉમરને કાગઝકૂ ખોલ આપ વે પઢીયા, અને ગુચન સવાલકી સબ મન માંહી ધરીયા...૭

તબ કાગઝકૂ પઢકર ઉઠ ઉમર રે ચલીએ, સો મુરતઝા અલી પાસ આવ મલીએ...૮
આવ મુરતઝા અલીકૂ વે કિતાબત દીતી, તબ અલીને લેકર તુરત પઢી રે સુનીતી...૯
અને પઢતે જુવાબ ઉસકા લખાયા, સો જૂં ઉસ રૂમકે થા પાદશાને ચાયા...૧૦
ઉસ સવાલ હો કેરા સબ લખીયા જુવાબા, સો પઢતે રે લખીયા તુરત રે શિતાબા...૧૧
સો સવાલકી મુશકિલ સબ ખોલકર દીતી, એ સુન સુન મૂમિનૂ એતી ચિંતા રે કીતી...૧૨
રે તુંહી.

ખૂબી અલીકી શાહદી, લિખી કહી કહી ઠામ રે, લિખી કહી કહી ઠામ;
તો દોસતી રાખો અનૂસૂં, લેહોને નેહસૂં નામ રે, લોહોને નેહસૂં નામ.

## સમજુતિ : બયાન : ૧૦૧૮/૮૬

**ઈમામ મુસ્ત ગફ્ફારી બયાન કરે છે અને એવું કિતાબોમાં નોંધાયેલું છે કે અમીરૂલ મુઅમેનીન હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ના ખિલાફત કાળમાં 'રૂમ' (દેશ) થી એક કાગળ 'રૂમ' ના બાદશાહ તરફથી હઝ. ઉમર (રઝી.) ને નામે આવ્યો. જેમાં કેટલાક પેચીદા (ગુંચવણ ભર્યા) સવાલો હતા, અને તેના જવાબો 'રૂમ' ના બાદશાહે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) પાસેથી માંગ્યા હતા. હઝ. ઉમર ખત્તાબ (રઝી.) આ કાગળ લઈને હઝ. અલી શેરેખુદા (રઝી.) પાસે ગયા. હઝ. અલી (રઝી.) એ કિતાબત (લખાણ) વાંચીને તેનો જવાબ લખાવી દીધો, જેમાં ગુંચવણ ભર્યા સવાલો હતા. હઝ. અલી શેરેખુદા (રઝી.) ની ખુબીઓ ઘણી લખાયેલી છે. તેમનાથી મુહબ્બત રાખો. (વધુ બયાન નં. ૧૦૧૯/૮૭ માં)**

## બયાન : ૧૦૧૯-૮૭

તબ અલીને વે જુવાબ લિખીયા સારા, અને કિતાબત કેરા લિફાફા સમારા...૧
ઉમરને કિતાબત આથી લિખાઈ, અને કિતાબત અલીકી લે ઉસમાં બાઈ...૨
એ સુન સુન બાતી કિતાબ હો કેરી, અને એક કર રબકૂ મન દેઓ યૂં સવેરી...૩
રે તુંહી.

કૈસરને સવાલ થા માંગીયા, અલીએ લિખા જુવાબ રે, અલીએ લિખા જુવાબા;
ફરમાન બરદાર પઢતે, હુઆ વે શિતાબ રે, હુઆ વે શિતાબા.

## સમજુતિ : બયાન : ૧૦૧૯/૮૭

**હઝ. ઉમર ખત્તાબ (રઝી.) તે ગુંચવણ ભર્યા પ્રશ્નોવાળા કાગળનો જવાબ હઝ.**

અલી શેરેખુદા (રઝી.) પાસેથી લઈ, જાણી, લીફાફા (પરબડીયા) માં જવાબી કાગળ નાંખી 'રૂમ' ના બાદશાહને મોકલાવ્યો. રૂમનો તે બાદશાહ કિસરા (કૈસર) હતો, જેણે તેના સવાલોના જવાબ માંગ્યા હતા, જેનો જવાબ હઝ. અલી શેરે ખુદાએ બતાવ્યો હતો અને તેને લખવામાં આવ્યો હતો. (વધુ બયાન નં. ૧૦૨૦/૮૮ માં)

### સમજુતિ : બયાન : ૧૦૨૦-૮૮

## હઝ. અલી (રઝી.) ની ખત્મે કુર્આનની કરામત

સુનો અમીરૂલ મુમિનીન અલી રે કહીએ, કે કર્રમલ્લાહો વજહહુ અનૂકૂ લહીએ...૧

સુનો જનમ અનૂકા મક્કેકી ઠામા, સો ફીલું કેરા બરસ જે કહીએ નામા...૨

સહી ઉસ બાઝ કહીએ સાતમાં સાલા, તબ અલીકે જનમકા બૂઝો રે હાલા...૩

સુનો કરામત મુરતઝા અલી હો કેરી, એ સુન સુન મનમાં દીજીઓ સવેરી...૪

કે જબ રિકાબ થે ઝીનકે ધરાતે, તબ કલામ રબ્બાની આપ શરૂ થે કરતે...૫

અને દુજા રે પગ જાં દુજી રિકાબમાં ધરીયા, તબ ખતમ તો કલામકા પૂરા કરીયા...૬

દો પગડુમાં ધરતે પગ મુસહફ ધરાતે, સો ઈતની બેરમાં થે ખતમ કરાતે...૭

સુન એ તો કરામત અલીકી જાનો, સો મન ધર સચકર સહી રે માનો...૮

### સમજુતિ : બયાન : ૧૦૨૦/૮૮

હઝ. અલી કર્રમલ્લાહ વજહહુ (અલ્લાહ તેમને મોંઢે રહમ કરે/એટલે કે તેમની ઉપર રહેમ કરે) નો જન્મ મક્કામાં ફીલ વરસ (જે વરસે હબશનો બાદશાહ હાથીઓ લઈને ખાનાએ કાબા તોડવા આવ્યો હતો તે વરસ) પછી સાતમા વરસે થયો હતો. આપની કરામત જુઓ કે સવારી ઉપર ચડતાં એક રિકાબ (પેંગડા) માં પગ મુકી બીજા પેંગડામાં પગ મુકતાં સુધીમાં કુર્આન પઢી ખતમ કરતા હતા.

નોંધ : આવી અસામાન્ય વાત બધાયને માટે નથી હોઈ શકતી. કેમકે, નબી (સ.અ.વ.) ની હદીષ છે કે જેણે ત્રણ દિવસથી પહેલાં કુર્આન ખતમ કર્યું તે કુર્આનને સમજ્યો નથી. બીજી રીવાયતો સાત દિવસની અને દશ દિવસની પણ છે.

## બયાન : ૬૧૫-૮૧

# હઝ. અલી (રઝી.) પણ દુનિયા અને આખેરતમાં નબી (સ.અ.વ.) ના દોસ્ત

ભી ઈબ્ને ઉમર રઝીઅલ્લાહ અનહો જાનો, એ બાત હંય કરતે સો સચ કર માનો...૧
કે નબીજીને સહાબી દોસ્ત રે કરાએ, સો એક એક માંહા લેને મિલાએ...૨
કે ફલાના દોસ્ત હય ફલાને હો કેરા, યું બાંટ બાંટ દીએ તમ સુનીઓ સવેરા...૩
તબ અલી તો બારથી એ સુનકર આએ, અને અંખીયું માંહે આંસૂં રે ભરાએ...૪
આવ નબીજીકૂ અલીને અરઝ પહોંચાઈ, અને દિલગીરી અલીકે મન બહોત રે આઈ...૫
એ સુન સુન બાતી સહીકર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૬
રે તુંહી.

અસ્હાબ દોસ્ત કરાહીએ, અલી ના થે ઉસ ઠામ રે, અલી ના થે ઉસ ઠામ;
સુન દિલગીર હુવે સહી, પાસ નબી જે ખાતિમ નામ રે, પાસ નબી જે ખાતિમ નામ.

## સમજુતિ : બયાન : ૬૧૫/૮૧

**ઈબ્ને ઉમર (રઝી.) કહે છે કે નબી (સ.અ.વ.) એ અસ્હાબોમાં પરસ્પરના એક બીજાના દોસ્ત બનાવ્યાં, કે ફલાણો ફલાણાનો દોસ્ત, ત્યારે હઝ. અલી (રઝી.) બહારથી આવી તે દોસ્તી વિષે જાણ્યું તો અફસોસથી તેમની આંખો આંસુઓથી ભરી દીધી કે, (તેમની ગેરહાજરીને લીધે) તેમનો કોઈ દોસ્ત નબી (સ.અ.વ.) એ કેમ ન બનાવ્યો. (વધુ બયાન નં. : ૧૦૨૧/૮૯ માં)**

## બયાન : ૧૦૨૧-૮૯

કહયા રસુલ ખુદાકે દોસ્ત મેરા કો' ના કીતા, મુજે સહાબીયું માંહા ના મિલાકર દીતા...૧
કો' નબીજી મેરા ના ભાઈ રે કરાયા, મુજે અકેલા સબૂંસૂં નબીને રાખાયા...૨
યું અરઝ તો આવ અલીને કીતી, સો નબીજીને સુનકર સબ વે લીતી...૩
તબ ખાતિમ નબી અલૈહિસ્સલામા, જુવાબ અલી હો કેરા અચસા કીયા રે કલામા...૪
તબ કહયા અલી તમ દોસ્ત હો મેરે, સુનો દુનીયા ને આખેરત માંહી રે સવેરે...૫
એ અલીને નબીજીસૂં સુની જબ બાતી, તબ ખુશાલ રે ભએ બહોત આપકી ઝાતી...૬
એ મિશકાત માંહે હય રે લિખાયા, ભી મિશકાત સેતી દુજા લિખા હય પાસા...૭
ઉમર બિન હસનને હદીસ હય કહી, સો ફરમૂદા નબીકા આખા રે સહી...૮

કે અલી હય મુજસૂં મંય અલીસૂં આખા, યું નબીજીને મુબારક ઝબાંસૂં દાખા...૯

એ કહયા થા નબીને ઓહદકી ઠામા, બહોત ભીડ રે પડી થી ઉસ જંગકે નામા...૧૦

સુનો નબીજીકા કયસા થા અલીસૂં નેહા, સુનો ખારઝી જુવાબકા તુજે ઠામ રે કહા...૧૧

તો ભલા હય કે તોબાહ કર હોને ચાર યારી, અને નિસદિન યાદ કર મત છોડીઓ બિસારી...૧૨

રે તુંહી.

તમ મુજસૂં મંય તમંસૂં કહયા, નબીને અલીકૂ જાન રે, નબીને અલીકુ જાન;

એ તો ચૌથે યાર થે, શેખેન નબીકે માન રે, શેખેન નબીકે માન.

## સમજુતિ : બયાન : ૧૦૨૧/૮૯

**હઝ. અલી (રઝી.) એ દુઃખ ભરી રીતે નબી (સ.અ.વ.) થી અરજ કરી કે તેમનો કોઈ દોસ્ત નબી (સ.અ.વ.) એ કેમ ન બનાવ્યો (કે તેમને એકલા કરી દીધા) ? આ દર્દભરી અરજનો નબી (સ.અ.વ.) ખૂબ (સુંદર) જવાબ આપ્યો. "હે અલી ! તમે તો મારા દુનિયા અને આખિરતના દોસ્ત છો" આ વાત સાંભળીને હઝ. અલી (રઝી.) ઘણાં ખુશ થઈ ગયા. આ હદીષ મિશ્કાત શરીફ કિતાબમાં છે, અને હદીષની બીજી કિતાબોમાં પણ છે.**

**વળી હઝ. ઉમર બિન હસન (રઝી.) પણ રિવાયત કરે છે કે, નબી (સ.અ.વ.) એ ઉહદ સ્થળે ભીડ સમયે જણાવ્યું કે, "અલી મારાથી છે, અને હું અલીથી છું."**

**ખારજીઓ તમે વિચારો કે નબી (સ.અ.વ.) ને હઝ. અલી (રઝી.) થી કેવી મુહબ્બત હતી. તેથી તમે (ખારજીઓ) તવબહ કરો.**

**હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) ના ચોથા 'યાર' (દોસ્ત) છે.**

**નોંધ : હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) ના કાકાઈ ભાઈ છે અને આપના જમાઈ પણ છે.**

## બયાન : ૧૦૨૨-૯૦

## હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) સાથે ખાવામાં શરીક થયા

ભી મિશકાત માંહે હય અયસા રે લિખાયા, સિ ફરમૂદા નબીકા લિખા રે સુનાયા...૧

અનસ બિન મલિક રઝીઅલ્લાહ અનહો કહીએ, એ હદીસ હંય કેહતે સુનકર લહીએ...૨

સો ફરમૂદા અપને નબીજી હો કેરા, સો અનસને સુનકર કહયા રે સવેરા...૩
કે મુગરકા કબાબ થા રે કરાયા, સો નબીજીકે આગલ લાને ધરાયા...૪
તબ નબીજીને દુઆ અયસી રે મંગાહી, એ સુનને હો જયસી હય બાત રે લખાહી...૫
કહયા ઈલાહી આલમીન ભેજ બંદા તૂ તેરા, આવ મેરે સાથ એ ખાવે રે સવેરા...૬
કે ખલકત ઉસકી દોસ્તી ચાહવે, અને ઉસકા નેહ રબ તુજકુ આવે...૭
અયસા ભેજ તૂ ઈલાહી કિસે સુરીજનહારા, યું દોઆ માંગી નબીને દિલકે પિયારા...૮
તબ અલી તો આએ હૈ અયસા રે લખાયા, સો નબીજીકે સાથ આવ ખાના રે ખાયા...૯
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, સુન સુન મનમાં ધરો બેગે રે સવેરા...૧૦
સુનો એ હય લખીયા મિશકાત માંહા, અને મિશકાત કિતાબ કુછ છુપી રે નાંહા...૧૧
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૨
રે તુંહી.

ચાર યારી મૂમિન હોઈએ, સુન સુન દીનકી બાત રે, સુન સુન દીનકી બાત;
ખુલફાએ રાશેદીન બૂઝીઓ, ચાર યારૂંકી ઝાત રે, ચાર યારૂંકી ઝાત.

## સમજુતિ : બયાન : ૧૦૨૨/૯૦

**મિશ્કાત શરીફ કિતાબમાં લખાયેલ જેનું હઝ. અનસ બિન માલિક (રઝી.) રિવાયત (બયાન) કરે છે કે એક વાર એક મુર્ગ (એક હલાલ પક્ષી) નાં કબાબ નબી (સ.અ.વ.) સામે ધરવામાં આવ્યાં, તો આપ (સ.અ.વ.) એ દુઆ માંગી કે હે ઈલાહી (હે મારા ઈબાદતને યોગ્ય) તું એવો કોઈ બંદો મોકલ જે મારી સાથે ખાય, જેની દોસ્તી દુનિયા ચાહે છે અને તું પણ જેને ચાહે છે. એટલામાં તો હઝ. અલી (રઝી.) આવ્યા, અને આપ (સ.અ.વ.) ની સાથે ખાવા ખાધું. મિશ્કાત કિતાબ જગ-જાહેર છે અને તેમાં આ વાત લખેલી છે,**

## બયાન : ૧૦૨૩-૯૧

# જેણે હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ જીભ ચલાવી તેણે નબી (સ.અ.વ.) વિરૂદ્ધ જીભ ચલાવી

ભી નબીજીને અયસા અલી હક માંહે આખા, સો દુશમનસૂં કેરે નામસૂં દાખા...૧
સો મિશકાત માંહે હય રે લખાયા, સહી હદીસકા બયાન હય ઉસથી પાયા...૨

ઉમ્મે સલમા રઝીઅલ્લાહ અનહા કહીએ, એ હદીસ હંચ કેહતે નબીજીકી લહીએ...૩

કહચા અલીસૂં મુનાફિક નાંહી દોસ્તી ચાહવે, કે અલી પર નેહ કભી દિલ નાંહી લાવે...૪

અને મૂમિન તો દુશમન નાંહી અલીકુ જાને, એ નેહ તો અલીસૂં મન બહોત રે આને...૫

અને જે કોઈ અલીકુ હચ સબ રે કરાતા, કે ગાલી હો કેરા બોલ જીભે હંચ ધરાતા...૬

સો જાનો ઓને સબ કેરી ઝબાં મુજકુ ચલાહી, યું મુબારક ઝબાસૂં આપ બાત ફરમાહી...૭

સુનો નબીજીને અચસા ભી હચ ફરમાચા, સો સહી કર દેખા હચ વચસા રે લખાચા...૮

કે હચ અલીકે દુશમન ખારજી નામા, વે હચ દોઝખકે કુત્તે જાવે દોઝખકે ઠામા...૯

હુવે અલીકે દુશમન હૌઝ કૌસરસૂં દુરી, ગાલી અલીકુ જો દેવે કરી રીસ રે પૂરી...૧૦

સહી હૌજ રે કૌસરસૂં ઉસે દુર રે રાખા, એ અલીકે દુશમનૂં હક નબીને આખા...૧૧

તો ખારજી તોબાહકર સુનને એ બેના, અને એક કર રબકૂ મન ઈતના દેના...૧૨

રે તુંહી.

ચાર ચારી જો હોચસી, ઈમાન હચ ઉસકુ માન રે, ઈમાન હચ ઉસકુ માન;
દો ટોલે અલગે રહે, રાફઝી ખારજી જાન રે, રાફઝી ખારજી જાન.

## સમજુતિ : બચાન : ૧૦૨૩/૯૧

**હઝ. ઉમ્મે સલમા (રઝી.) નબી (સ.અ.વ.) થી સાંભળેલી હદીષ બચાન કરે છે કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું : "મુનાફીકો હઝ. અલી (રઝી.) થી દોસ્તી નથી ચાહતા, અને મુઅમીનીન હઝ. અલી (રઝી.) ના દુશ્મન નથી હોતા, તેઓ તેમનાથી પ્યાર કરે છે." વળી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, "જેણે અલી (રઝી.) ની વિરૂદ્ધ સબ (સબ્બ) કર્યું, પોતાની જબાન ચલાવી, તેણે જાણે કે મારી વિરૂદ્ધ જબાન ચલાવી, અને ખારજીઓ હઝ. અલી (રઝી.) ના દુશ્મનો છે, તેઓ દોજખી કૂતરાઓ છે, તેમનું ઠામ દોજખ છે, અને હઝ. અલી (રઝી.) ના દુશ્મનોને હવજે કૌસરથી દૂર રાખવામાં આવશે."**

**પીર મશાયખ (રહે.) કહે છે કે ખારજીઓ તમે આ બચાન સાંભળી તોબા કરો. જે ચાર ચારી નો 'ચાર' હોચ તેનામાં જ ઈમાન હોચ. રાફઝીઓ અને ખારજીઓ ઈસ્લામથી નોંખા છે.**

## બયાન : ૧૦૨૪-૯૨

# હવઝે કૌસર પર નબી (સ.અ.વ.) ના નવાસાહોનો પાણી આપવાથી ઈન્કાર (સપનાનો બનાવ)

સુનો ફસલુલ ખિતાબ હય કિતાબકા નામા, સહી હય રે લખીયા ઉસહી ઠામા...૧
કે એક થા મરદ સાલેહ રે કેહલાતા, કે શરીઅત રીતકુ બહોત થા ચાતા...૨
ઉસકે પાસ થા સુનો રેહતા હમસાયા, અને નરતા આદમી થા રે સુણાયા...૩
સુનો એક દિન સાલેહને દેખીયા ખ્વાબા, જાના કિયામત હુઈ દેખી રે શિતાબા...૪
કે જાના ખલકકુ હય હશર કરાતે, અને હિસાબકી ખાતિર સબ હય આદમી બુલાતે...૫
કે ખલકકુ લે લે હય હિસાબકુ જાતે, અને પુલ સિરાતકે ઉપર હય લોક રે ચલાતે...૬
સાલેહ મરદ ભી ગયા પુલ સિરાત પાસા, સો ઉસ પર ચલને કેરી રે આસા...૭
તબ પુલ સિરાત ઉપર મરદ સાલેહ વે ચલીયા, અને પુલ સિરાત છોડકર પાર રે ઉતરીયા...૮
તબ ઉતરતે દેખે ઓને ખાતિમ રસૂલા, જે સુલતાન અંબીયા સબ જીવુંકા મૂલા...૯
સો હૌઝ રે કૌસરકે થે પાસે રે દેખાએ, પાસ હસન ને હુસૈન દોનૂ નઝરૂં આએ...૧૦
કે ઈમામ એ દોનૂ દેખે નબીજીકે પાસા, તબ સાલેહને બૂઝા આપ હોકર દાસા...૧૧

રે તુંહી.

પુલ સિરાત નીર મન ધરકર, ગયા નબીકે પાસ રે, ગયા નબીકે પાસ;
પાણી હૌઝ કૌસરકા, પીનેકી કીતી આસર રે, પીનેકી કીતી આસ.

## સમજુતિ : બયાન : ૧૦૨૪/૯૨

**ફસલુલ ખિતાબ નામની કિતાબમાં લખાયેલું છે કે એક નેક સાલેહ માણસ શરીઅતનો પાબંદ (પાલનકર્તા) હતો. તેનો હમસાયા (પડોશી) નરતો (નીચ) માણસ હતો. તે નેક માણસે ખ્વાબ (સપનું) જોયું કે કયામત થઈ ગઈ છે અને હશર (ભેગા થવું) માં દરેકને હિસાબ-કિતાબ માટે બોલાવવામાં આવી રહ્યા છે, અને પૂલ-સિરાત પર ચલાવવામાં આવી રહ્યા છે. તે નેક માણસ પણ પૂલ-સિરાત પર ચાલવા ગયો, અને તેને પાર કરીને બીજી પાર ઉતર્યો તો તેણે જોયું કે, ખાતેમુન્નબી (સ.અ.વ.) ને હવઝે કવસર પર બંને ઈમામ હઝ. હસન (રઝી.) અને હઝ. હુસૈન (રઝી.) ની સાથે જોયા.** **(વધુ બયાન નં. ૧૦૨૫/૯૩ માં)**

## બયાન : ૧૦૨૫-૯૩

ઈમામ હસન ને હુસૈન નામ રે કહીએ, રઝીઅલ્લાહ અનહુમા ઓનૂ નામસૂં લહીએ...૧
તબ દેખા કે કૌસરકા એ હૈ પાણી રે પિલાતે, કે ભર ભર અપને હય હાથ રે દિલાતે...૨
તબ સાલેહને પાણી જા પીનેકુ મંગાયા, તબ ઈમામૂને ઉસકુ ના પાણી રે દિલાયા...૩
તબ નબીજીકુ જાકર ઓને અરઝ પહોંચાહી, નાહી ઈમામ દેતે પાણી કીતી યું આગાહી...૪
કે રસૂલ ખુદાકે તમ કરો ફરમાના, કે પીયું મંય પાણી પાહું રે અમાના...૫
કહયા દોનૂ એ પાની તુજે દેવે રે નાહા, યું ફરમાયા નબીને ઉસે અરઝ કે માંહા...૬
કયા વાસ્તે કયસી તકસીર મેરી, કે મુજે દૂર રાખા ઈસ પાણીસૂં સવેરી...૭
ફિર નબીજીને ઈતના આપ ફરમાયા, સો સાલેહને સુનકર યાદ રે રખાયા...૮
કહયા હમસાયા તેરે પાસ મરદ હય રેહતા, અલી રઝીઅલ્લાહ અનહો પર સુખન હૈ કેહતા...૯
વે જીભસૂં લાનત હય રે ભાજાતા, સો અલી કે ઉપર ખવફ મન નાંહી લાતા...૧૦
અને એ તો હંય બેટે અલી હો કેરે, એ પાણી તુજકૂ નાંહી દેવે રે સવેરે...૧૧
એ ફરમૂદા નબીજી અપને હો કેરા, વે સાલેહને સુનકર મન દીયા રે સવેરા...૧૨
રે તુંહી.

સાલેહકુ કૌસર કેરડા, પાની ના દીયા જાન રે, પાની ના દીયા જાન;
સો હમસાયાકે કારને, સુન સુન વે સચકર માન રે, સુન સુન વે સચકર માન.

## સમજુતિ : બયાન : ૧૦૨૫/૯૩

**તે માણસે સપનામાં જોયું કે બેઉ ઈમામ ઈમાનવાળાઓને પોતાને હાથે હવઝે કવસરનું પાણી ભરપુર રીતે પાઈ રહ્યા છે, તો તે નેક માણસે પણ હવજે કવસરનું પાણી માંગ્યું તો બંને ઈમામોએ હવઝે કવસરનું પાણી તેને ન આપ્યું તો તેણે નબી (સ.અ.વ.) થી અરજ કરી કે તેને બેઉ ઈમામો પાણી પાય, તો નબી (સ.અ.વ.) એ પણ કહી દીધું કે ઈમામો તેને પાણી નહિ આપે. તે માણસે કહ્યું કે તેનો કસૂર (તકસીર) શું છે, તો નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું : "તારો પડોશી હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ ખોટા સુખન (બોલ) બોલે છે, અને તેમની ઉપર લાનત મોકલે છે અને જરાએ ડરતો નથી, અને જુઓ છો કે આ બંને ઈમામો હઝ. અલી (રઝી.) ના બેટાઓ છે." (વધુ બયાન નં. ૧૦૨૬/૯૪ માં)**

## બયાન : ૧૦૨૬-૯૪

ભી નબીજીને ઈતની હય કહી રે બાતી, સો સાલેહને સુનકર યાદ રાખી ઉસ રાતી...૧
કે હમસાયા તેરા જો હય રે કેહલાતા, વે અલીકે સામી બહોત ઝબાં હય ચલાતા...૨
અને તૂ તો ઉસકુ મને કરે રે નાંહા, તબ સાલેહને જુવાબ દીયા ફરમૂદે માંહા...૩
યા રસૂલ ખુદાકે મંય હું જાતસૂં ડરતા, અયસા હમસાયા મેરા હય બુરા રે કેહલાતા...૪
અને કુવ્વત તો નાંહા કુછ મેરી રે ઝાતી, કે મને ઉસે કરૂં જે કરતા હય બાતી...૫
ભી મારનેકી કુવ્વત ફઉસે નાંહી રે ધરાતા, યું સાલેહને અરઝકી કીતી રે બાતા...૬
તબ નબીજીને છુરી આપ નિકાલને દીતી, તબ સાલેહને ચાવસૂં જા કર લીતી...૭
જા ઝભે કર નબીને સાલેહકુ આખા, તબ સાલેહ વાંસૂં ચલીયા બોલ મન માંહે રાખા...૮
તબ આવકર સાલેહને ઉસે ઝભે રે કીતા, ફિર નબીજી પાસ જાનેકા સોચ મન રે દીતા...૯
કહયા મા બાપ મેરે ફિદા હું કીએ નબી તમના, મંય ઝભે જા કીતા વે હમસાયા તંના...૧૦
જૂં સાહિબૂંને હુકમ થા ફરમાયા, ત્યું મંયતો જાકર હય કામ રે કરાયા...૧૧
તબ નબીને ઈમામકુ કીયા ફરમાના, તબ કૌસરકા પાની દીયા સાલેહકુ જાના...૧૨
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૩
રે તુંહી.

હમસાયા ઝભે કીયા, હુકમ સાલેહ ધર સિસ રે, હુકમ સાલેહ ધર સિસ;
જે જે અલીકૂ ના ચાયસી, ઉસે નબીકી રિસ રે, ઉસે નબીકી રિસ.

## સમજુતિ : બયાન : ૧૦૨૬/૯૪

નબી (સ.અ.વ.) એ તે નેક માણસને કહ્યું કે "તું તારા હમસાયા (પડોશી) ને હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ બોલતો રોકતો કેમ નથી ? તે માણસે કહ્યું : "તે પડોશીનો તો મને ડર લાગે છે. કેમકે તે ખરાબ માણસ છે અને મારામાં તેને મારવાની કુવ્વત (તાકાત) નથી," તો નબી (સ.અ.વ.) એ એક છુરી કાઢીને તેને આપી અને કહ્યું કે તે માણસની પાસે જઈને તે નેક માણસ તેને કતલ કરે. પછી તે માણસ તેના સપનામાં તે જગ્યોથી ચાલ્યો ગયો. પછી તેણે સપનામાં જ તે પડોશીને કતલ કરી પાછો નબી (સ.અ.વ.) ની પાસે જવાનું વિચાર્યુ કે તે નેક માણસે તેના પડોશીની કતલનો અહેવાલ નબી (સ.અ.વ.) ને આપે. પછી તેણે સપનામાં જોયું કે નબી (સ.અ.વ.) એ બેઉ

ઈમામોને તે નેક માણસને પાણી આપવાનું કહ્યું. (વધુ બયાન નં. ૧૦૨૭/૯૫ માં)

## બયાન : ૧૦૨૭-૯૫

જબ હુકમ નબીજી અપને ને કીયા, તબ ઈમામ હસનને પાણી સાલેહકુ દીયા...૧

પિછે યાદ નાહી સાલેહ પાણી પીયા રે નાંહા, અયસા સાલેહને રે દેખા સુને કે માંહા...૨

જબ આંખાં ખોલી સાલેહકી ગહી રે નિદરાયા, તબ જાગતે સાલેહને ડર બહોત મન કીયા...૩

સો અજબ રે લાગી ઉસકુ બાતી, જે દેખી રે બશારત ખ્વાબમાં રાતી...૪

સુનો ઝબ્હે કરતે હાથ ઉસકા ધ્રૂજાયા, અને ખ્વાબ હો કેરા બહોત ડર રે લગાયા...૫

તબ ઉઠકર ફજરકી ઓને નમાઝ રે કીતી, અને અજબસી લાગી ઉસે ખ્વાબકી બાતી...૬

એતે મોહલ્લે માંહે આદમી રોને રે લાગે, જબ નીંદ હો સેતી સારે રે જાગે...૭

કેહવે રાતકુ કેનીને આવ ઝભે હય કીતા, અયસા આવાઝ તો ઉસકે કાનૂ રે સુનીતા...૮

તબ સાલેહ સુનને કાજ બહાર રે આયા, તબ વોહી હમસાયા મૂઆ રે સુનાયા...૯

જિસે ખ્વાબમાં એને જા છુરી થી બાહી, ઉસે મૂએ હો કેરી ખબર સુનાહી...૧૦

એ સહીકર બાતી સુન સુનલીજે, અને એક કર રબકુ ઈતના કહીજે...૧૧

રે તુંહી.

સાલેહને ઝભે જિસે થા કીયા, હુકમ નબીજીસૂં જાન રે, હુકમ નબીજીસૂં જાન;
વે સુનેમાં છુરી બાતે મૂઆ, સહી એ સાચા માન રે, સહી એ સાચા માન.

## સમજુતિ : બયાન : ૧૦૨૭/૯૫

**નબી (સ.અ.વ.) નો હુકમ થવાથી હઝ. ઈમામ હસને તે સાલેહ (નેક) માણસને પાણી આપ્યું, પણ તે નેક માણસને તે સપનાની વાત યાદ ન રહી કે તેણે હવઝે કવસરનું પાણી પીધું કે નહિ, પણ જ્યારે ઊંઘમાંથી તે જાગ્યો તો ગભરાઈ ગયો, કેમકે તેણે ખ્વાબ (સપના) માં તે નઠારા માણસને કતલ કરતાં તેના હાથ ધ્રુજતા હતા. ઉઠ્યા પછી તેણે ફજરની નમાજ અદા કરી, પણ તે નઠારા માણસ પાછળ મોહલ્લા (ફળિયા) ના લોકો રોતા હતા કે એ રાતે આવીને તે નઠારા માણસને કોઈ કતલ કરી ગયું છે. આ રોક્કળ સાંભળતાને તે નેક માણસ તેના ઘરથી બહાર નીકળી આવ્યો તો જાણ્યું કે તેનો હમસાયા (પડોશ) જેને તેણે સપાનામાં છુરી મારી હતી તે મરી ગયો છે. (વધુ બયાન નં. ૧૦૨૮/૯૬માં)**

## બયાન : ૧૦૨૮-૯૬

તબ સાલેહ ઉઠ ગયા મેહેલકે માંહા, થે પાદશાહકે આદમી આએ ઉસ ઠાંહા...૧
ઓનૂ મેહલકુ આવકર ઘેરા રે ડાલા, સો ઉસકે મૂએકી બાત સુની જિસ હાલા...૨
દેખે પાદશાકે આદમી અહલ મહલકુ બંધાતે, અને પકડને એક એકકૂ હંચ રે ખેંચાતે...૩
કે ખૂન ક્યું હોવડા મેહલાતકે માંહા, યાં ચોર તો આનેકી જગા રે નાંહા...૪
તબ સાલેહને દેખકર એ કહી જી બાતી, કે હમસાએ કેરી મંય મારી ઝાતી...૫
તો નાંહી કૂછ ગુનાહ ઈસ કોમ હો કેરા, તમ સારે રે મેહલકૂ છોડ દોને સવેરા...૬
તબ પાદશાહને કહયા વાએ તેરે રે તંના, ક્યું અચસા હય કેહતે કુછ બુઝતા હય મંના...૭
તબ સાલેહને કહયા મંય કહી ખૂબ બાતી, જે નયને રે દેખીયા મેરી રે ઝાતી...૮
નાંહી ગુનાહ મેહલકા નાંહી ભી મેરા, જો તેહકીક તમંના કરોંગે સવેરા...૯
તબ પાદશાહને સાલેહકુ ફિર બાત રે પૂછાઈ, તબ ખ્વાબકી ખબર સાલેહને બતાઈ...૧૦
તબ પાદશાહને ખુશહાલ હો દુઆ રે મંગાહી, અને સાલેહકુ નેહસૂં બહોત દીતી રે બડાંહી...૧૧
કયહા કોમ સેતી તમના જાહો તમારે ડેરે, તમ ગુનેહગાર નાંહી હુએ રે અનેરે...૧૨
સુનો સાચી નિશાની યું નઝરૂં હય દેખાતી, એ સુનતે મૂમિન દિલ ચિંતા એ આતી...૧૩
રે તુંહી.

અલીકા દુશમન મારીયા, સાલેહને દી ઈશારત રે, સાલેહને દી ઈશારત;
હુકમ જૂં નબીએ થા કીયા, વે પાદશાહે બૂઝી સહી બાત રે, વે પાદશાહે બૂઝી સહી બાત.

## સમજુતિ : બયાન : ૧૦૨૮/૯૬

**તે નેક માણસ તે નઠારા માણસની જગાએ ગયો તો જોયું કે બાદશાહના માણસો ત્યાં આવીને તે મરનારના ઘરને ઘેરી લીધું હતું અને મોહલ્લાના એક પછી એક માણસને ખેંચતા હતા કે મેહલાત (મોહલ્લા) માં ખૂન શી રીતે થયું, જ્યારે કે ચોરને ત્યાં આવવાની જગ્યા જ નથી ! પછી તે નેક માણસે કહી દીધું કે તેને તેણે માર્યો છે, અને મોહલ્લાવાળાઓનો કોઈ કસુર નથી. પછી બાદશાહે તેનાથી ખરી વિગત પુછી તો તેણે તેના સપનાની વાત બતાવી, તેથી બાદશાહ ખુશ થઈ ગયો અને તે નેક માણસને દુઆઓ આપી અને તેનો દરજો વધાર્યો. બાદશાહે તે નેક માણસને અને મોહલ્લાવાળાઓને પોત પોતાના ઘરે જવાનું કહ્યું. (વધુ બયાન નં. ૧૦૨૯/૯૭ માં)**

## બયાન : ૧૦૨૯-૯૭

તબ સઈદ બિન જબીબને કયસા ફરમાયા, મૂંહ ખોલ દેખ ઉસકા ઈતના બતાયા...૧
ઓને પૂછાકે દેખને કેરી કયસી હય બાતી, કિસ કાજ મૂએકી હો દેખાતે ઝાતી...૨
તબ સઈદને કહયા એ થા ઝબાં રે ચલાતા, સો અલીકે સામી બોલ નરતા બતાતા...૩
ભી ઉસમાન નામસૂં કેહતા બુરી રે બાતી, ઉસ કાજ એ ગયબસૂં મારી ગહી રે ઝાતી...૪
એ ખુતન રઝીઅલ્લાહ અનહુમા કહીએ, ઉન સામી થા બોલતા બુરી ઝબાંસૂં લહીએ...૫
એતા કેહને કહયા તૂ સુરીજન મેરા, તૂનિશાની ઉસકી દિખા હમૂકુ સવેરા...૬
એતા કેહને સઈદને ફિર હુકમ પઢાયા, મુંહ ખોલને ઉસકા ઈતના બતાયા...૭
તબ કપડા મુંહથી લે જૂદા રે ડાલા, કાલા મુહ રે મૂએકા દેખા ઉસ હાલા...૮
તબ સબૂને કીન દિલ માંહી કીતા,. સો જયસા થા સાલેહને બતાકર દીતા...૯
એ રે ખારજી સુનને એ કાન ધર બાતી, કે દુશમન અલીકે હુઈ કયસી રે ઝાતી...૧૦
તો ભલા હૈ કે ઈતની સુન બાત રે મેરી, કે ચાર યારી હોકર દિલમાં સવેરી...૧૧

રે તુંહી.

અરે ખારજી કયું નાંહી ડરતા, સુન સુન ઐસે બેન રે, સુન સુન ઐસે બેન;
દેખીતીયાં અંખીયાં ફુટીયાં, ભી ફુટે ભીતર નેને રે, ભી ફુટે ભીતર નેન.

**નોંધ : બયાન નં. ૯૮૨/૫૦ ની નીચેની નોંધ જુઓ.**

## સમજુતિ : બયાન : ૧૦૨૯/૯૭

**તે વખતે સઈદ બિન જબીલે તે મરનારનું મોં ખુલ્લું કરીને કહ્યું : "તું મુઓ ! તું નબી (સ.અ.વ.) ના ખુતુન (જમાઈઓ) હઝ. અલી (રઝી.) અને હઝરત ઉસ્માન (રઝી.) વિરૂદ્ધ જબાન ચલાવતો હતો તો તું ગયબથી મર્યો." પછી તેમણે અલ્લાહથી અરજ કરી કે અલ્લાહ તેની કોઈ નિશાની બતાવે. પછી તે મરનારના મોં ઉપરથી વધારે કપડું હટાવ્યું તો જોયું કે તેનું મોં કાળુ થઈ ગયું હતું, અને તેને જોઈને લોકોએ તે નેક માણસની વાતને સાચી માની.**

**ખારજીઓ ! તમે હઝ. અલી (રઝી.) ના દુશ્મનો છો તો જાણી લો કે હઝ. અલી (રઝી.) ના દુશ્મનની શું હાલત થઈ ! માટે 'ચાર યારી' ના યાર બની રહો. (બયાન નં. ૧૦૩૦/૯૮ અ માં)**

નોંધ : બનાવ માટે બયાન નં. ૯૮૫/૫૦ નીચેની નોંધ જુઓ.

## બયાન : ૧૦૩૦-૯૮

# પીર મશાયખ (રહે.) ની નસીહત

## નઝમ

બેગે આહો ભાઈ દીન કેરે રે તમે સુનો રે, બાત મન ધરાઓ એ સવેરે રે તમે સુનો રે...૧
નબી હંય અલીકુ ચાહતે રે તમે સુનો રે, દુરીજન તો હય મરાતે રે તમે સુનો રે...૨
કૌસરકા પાણી ના પીયા રે તમે સુનો રે, ધૂજા તબ સાલેહ કેરા જીયા રે તમે સુનો રે...૩
સાલેહને ના ગુનાહ થા કીયા રે તમે સુનો રે, ફારસી કાજ સુન લીયા રે તમે સુનો રે...૪
ફારસી ના અલીકૂ ચાહતા રે તમે સુનો રે, કરતા જીભે નરતી બાતા રે તમે સુનો રે...૫
સાલેહ હાથ ઉસકૂ મરાયા રે તમે સુનો રે, હુકમસૂં નબીને પઢાયા રે તમે સુનો રે...૬
કરતા જો દુશમની ખિયાલા રે તમે સુનો રે, મરતે મુંહ હુઆ કાલા રે તમે સુનો રે...૭
દુરીજન વે અલી કેરા રે તમે સુનો રે, કૈસી સઝા પાઈયા સવેરા રે તમે સુનો રે...૮
થી ઉસ દિલ કાલક સુનાઈ રે તમે સુનો રે, મૂએ બાઝ મૂંહ પર આઈ રે તમે સુનો રે...૯
ખારજીસૂં સંગત ના કરની રે તમે સુનો રે, બાત સુન ડર મન ધરની રે તમે સુનો રે...૧૦
કાલક હૈ ઉડતે લગાતી રે તમે સુનો રે, સબ જગ બૂઝે યું બાતી રે તમે સુનો રે...૧૧
ખારજીકૂ કાલક દેખાઈ રે તમે સુનો રે, મૂએ બાઝ મુંહ પર આઈ રે તમે સુનો રે...૧૨
તો મત કરો ઉસકા સંગા રે તમે સુનો રે, લાગસી કાલા રંગા રે તમે સુનો રે...૧૩
કે ડરકી રીત અચસી જાનો રે તમે સુનો રે, ઢુંડતે લાગ માનો રે તમે સુનો રે...૧૪

## સમજુતિ : બયાન : ૧૦૩૦/૯૮

**પીર મશાયખ (રહે.) કહે છે કે તમે સાંભળો !**

**મારા દીનના ભાઈ તમે આવો અને મારી વાત મનધરો કે નબી (સ.અ.વ.) હઝ. અલી (રઝી.) ને ઘણા ચાહતા હતા, અને હઝ. અલી (રઝી.) ના દુશ્મનને મરાવ્યો. જ્યારે તે નેક માણસને હવઝે કૌસરનું પાણી ન મળ્યું તો તે ડરથી ધ્રુજી ગયો. પણ તેનો દેખીતો કોઈ ગુનાહ નહતો. ફારસી (ઈરાની) હઝ. અલી (રઝી.) ને નથી ચાહતા, અને તેમના મુખે હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ બકે છે. તે**

પડોશીએ હઝ. અલી (રઝી.) વિષે નરતી (હલકી) વાત કરી તો તે નેક માણસના હાથે મરાયો. તેનું મોં કાળું થઈ ગયું, અને એવી એને હઝ. અલી (રઝી.) ની દુશ્મનીને લીધે સજા થઈ. માટે મારા મુરીદો તમે પણ ખારજીઓની સંગત કરો નહિ, તેમને માથે હઝ. અલી (રઝી.) ની દુશ્મનીની કાલક (કાળાશ) છે, જે તે મરનારને મોંઢે પણ આવી. તેથી તમે તેઓની સંગત ન કરો. નહિતો તમારૂં મોં પણ તે મરનારની જેમ કાળું થઈ જશે.

### બયાન : ૧૦૩૦-૯૮ અ

## હઝ. ઉમર (રઝી.) એ હઝ. અલી (રઝી.) ની કરેલી તારીફ

સુનો અમીરૂલ મૂમિનીન અલી રે કહીએ, રઝીઅલ્લાહ અનહો નામસૂં લહીએ...૧
ભી હૈદરે કર્રાર હય સિફત સુનાતી, એ કહી જાગો લિખી હય દેખી રે બાતી...૨
સો હલીમને તવાઝો બહોત અનૂકી કેહલાહી, સો ખૂબી તો અલી હય કાગઝું લિખાહી...૩
કે અમીરૂલ મૂમિનીન ઉમર રે કહીએ, રઝીઅલ્લાહ અનહો સુનકર લહીએ...૪
સો અનૂકી મજલિસમાં અલી થે આએ, સો ખિલાફત ઉમરકી માંહે રે સુનાએ...૫
તબ એકને આવકર દાવા રે કીયા, સો નામ તો અલીકા ઓને રે લીયા...૬
કે અલીકે ઉપર દાવા રે કીતા, સો ફરિયાદ ઉમરકે પાસ હુઆ રે સુનીતા...૭
તબ ઉમરને અલીકૂ ઈતના પઢાયા, અબુલ હસનકે નામસૂં કહયા રે સુનાયા...૮
કે તમ જાહો બૈઠો મુદદઈ કે પાસા, સો જુવાબ હો કરને કેરી રે આસા...૯
તબ અલી પાસ ઉસકે બૈઠ જુવાબ રે કીતા, સો જયસા રે દાવા ઓને કીયા થા સુનીતા...૧૦
બાઝ અલી તો આવકર બૈઠે આપકી ઠામા, સો બાઝ રે કીએ જુવાબકા કામા...૧૧
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૨
રે તુંહી.

દાવા કીયા એક આવકર, અલી બૈઠે જા પાસ રે, અલી બૈઠે જા પાસ;
સો હુકમ ઉમરકેસૂં સહી, જુવાબ દેનેકી આસ રે, જુવાબ દેનેકી આસ.

### સમજુતિ : બયાન : ૧૦૩૦/૯૮ અ

હઝરત અલી શેરેખુદા અમીરૂલ મુઅમીનીન જેને હેદરે એ કર્રાર કહેવામાં

આવે છે તે પોતે ઘણા હલીમીવાળા (સહનશીલતાવાળા) સ્વભાવના હતા, અને તેમની તારીફ (વખાણ) ઘણી જગ્યાએ લખાયેલી છે.

હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ના ખિલાફત કાળમાં એક માણસે હઝ. અલી (રઝી.) વિરૂદ્ધ દાવો માંડ્યો તો તે સબબે (કારણે) હઝ. અલી (રઝી.) હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ની પાસે ગયા. ત્યારે હઝ. ઉમર (રઝી.) એ હઝ. અલી (રઝી.) ને 'અબુલહસન' (હસનના બાપ) નામે સંબોધી કહ્યું કે હઝ. અલી (રઝી.) તે મુદઈ (દાવેદાર) પાસે જાય અને તે દાવેદારના દાવાનો જવાબ આપે. પછી હઝ. અલી (રઝી.) તે દાવેદાર પાસે જઈ બેઠા, અને પછી હઝ. ઉમર (રઝી.) ની પાસે આવી બેઠા. (વધુ બયાન નં. ૧૦૩૧/૯૯ માં)

## બયાન : ૧૦૩૧-૯૯

પિછે ઉમરને અલીકે સામી નઝર ફિરાહી, તબ દિલગીરી ઓનૂકે કૂછ નઝરૂ આહી...૧
ફિર અબુલ હસન કર નામ ઉમરને લીયા, કૂછ તમૂ ઈસ બાતથી ગમ મન માંહે દીયા ?...૨
કૂછ તંગ તો તમારી ખાતિર રે આહી, યું ઉમરને અલીકૂ ખબર રે પૂછાહી...૩
તબ અલીને હાં કર જુવાબ રે દીયા, તબ ઉમરને સુનકર ફિર પૂછના કીયા...૪
કિસ વાસતે રંજીદા હુઈ ખાતિર તમારી, યું ઉમરને અલીકુ ફિર પૂછીયે સવેરી...૫
કહયા દુશમન આધે મુજે તા'નેમેં બુલાયા, કે અબુલ હસન કર મુજકુ બતાયા...૬
યું કહયા ના કે અલી ઉઠો જા બૈઠા ઉસ પાસા, સો દાવા હો કેરી જુવાબકી આસા...૭
સુનો હલીમી કયસી થી અલી હો કેરી, ના ગુમાનકી બાતી તિલ જેતી થી અનેરી...૮
ઉઠ અલીકે સિરકુ બોસા ઉમરને દીયા, અને તારીફકા બોલ અયસા ઝબાં પર લીયા...૯
કહયા ફિદા હોઈઓ તમ પર માબાપ મેરે, યું ઉમરને અલીકૂ આખા રો રે સવેરે...૧૦
કહયા સબબ તમારા હુવા હિદાયત હો કેરા, કે કરમ તો રબને કીયા રે સવેરા...૧૧
યું ઉમરને અલીકી તારીફ કીતી, ભી અવર હય કીતી બહોત સુન કર લીતી...૧૨
એ ચૌથે ચાર નબીકે અયસે રે જાનો, અને એક કર રબકૂ મન ઈતના આનો...૧૩
રે તુંહી.

તવાઝો હલીમ અલીકી, બહોત સુનાયા જાન રે, બહોત સુનાય જાન;
જો હય મીત રે ઉનકે, ઉસકૂ કયસા ગુમાન રે, ઉસકુ કયસા ગુમાન.

## સમજુતિ : બયાન : ૧૦૩૧/૯૯

પછી હઝ. ઉમર (રઝી.) એ હઝ. અલી (રઝી.) સામે નજર કરી તો હઝ. અલી (રઝી.) ને દીલગીરી (નારાજી) થઈ હોવાનું જણાયું, કેમકે, તેવણને હઝ. ઉમર (રઝી.) એ 'અબુલહસન' (હસનના બાપ) એ શબ્દોથી સંબોધ્યા હતા. (આવું સંબોધન અરબોમાં તે વખતે પસંદ નહોતું.) હઝ. ઉમર (રઝી.) એ હઝ. અલી (રઝી.) ને પૂછયું કે શું તે સંબોધનથી હઝ. અલી (રઝી.) ને માઠું લાગ્યું છે કે, તો હઝ. અલી (રઝી.) એ હા પાડી કે તેમને હઝ. ઉમર (રઝી.) એ 'અબુલ હસન' એવા તાણાંના શબ્દોથી કેમ સંબોધ્યા, અને હે અલી (રઝી.) એ નામથી કેમ ન સંબોધ્યા ? ત્યારે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ હઝ. અલી (રઝી.) ની પેશાની (કપાળ) ઉપર બોસો (ચુંબન) દઈને કહ્યું "મારાં માં-બાપ આપની ઉપર કુરબાન, તમારી ઉપર અલ્લાહે કરમ કર્યો છે, અને તમે હિદાયતના સબબ (કારણ) થયા છો." આ રીતે હઝ. ઉમર ખત્તાબ (રઝી.) એ હઝ. અલી (રઝી.) ની તારીફ (વખાણ) કર્યા.

આવી હતી નબી (સ.અ.વ.) ના 'ચોથા યાર' હઝ. અલી (રઝી.) ની હલીમી (નમ્રતા).

## બયાન : ૧૦૩૨-૧૦૦

# પત્થર નીચે પાણી બતાવવાની હ. અલી (રઝી.) ની કરામત

સુનો અમીરૂલ મૂમિનીન અલી રે કહીએ, રઝીઅલ્લાહ અનહો અનૂ નામસૂં લહીએ...૧
સુનો અનૂકૂ કરામત બહોત દીતી થી કરીમા, સહી બયાન તો ઉસકા બહોત હય રે અઝીમા...૨
સહી ઉસથી કરામત અયસી રે જાનો, સો બયાન તો સુનકર દિલ માંહે આનો...૩
કે અલી થે સિધારે કહીં જંગકે કામા, અને પાણી તો ના પાયા ઉસ રે ઠામા...૪
બહોત ડાબે ને જમણે દૌડે અસહાબી, સો પાણીકી ખાતિર ઢુંડ વલે રે શિતાબી...૫
પણ પાણી તો કીધર પાયા રે નાંહા, અને પિયાસ થી લાગી બહોત સબૂં તન માંહા...૬
તબ ઉસ ઠામ આદમી એક ઢુંઢતે પાયા, તબ ઉસ પાસ જાકર ઉસે પાણી રે પૂછાયા...૭
તબ દૂર દો ફરસંગ ગામ ઓને રે બતાયા, તબ સબૂ દિલ ખૌફ બહોત પિયાસકા આયા...૮
તબ સહાબૂને સુન ચિંતા બહોત મન માંહી કીતી, સો ફિકર પાણીકી મન માંહે દીતી...૯

કે કુવ્વત તો તનમાં હય ટુટી રે દેખાતી, અયસી પિયાસ સબૂંકૂ હય લાગી રે સુનાતી...૧૦
જો બેલે રે ચલીએ તો પાણી રે પાવે, હય જબ તાંઈ કૂવ્વત કુછ તનમાં દેખાવે...૧૧
અને કુવ્વત ટુટે બાઝ નાંહી પહોંચા રેજાવે, કે પાણી હફ ફરસંગ દો દૂર રે કેહલાવે...૧૨
કર એતી ચિંતા પાસ અલીકે આએ, એ સુન સુન મૂમિન મન ઈતના લાએ...૧૩
રે તુંહી.

દો ફરસંગ પાણી દૂર થા, તરસે હુએ સબ રે, તરસે હુએ સબ;
જંગકૂ થે સિધારીએ, અલી મુરતઝા તબ રે, અલી મુરતઝા તબ.

## સમજુતિ : બયાન : ૧૦૩૨/૧૦૦

**હઝ. અમીરૂલ મુઅમીનીન હઝ. અલી શેરેખુદા (રઝી.) ની ઘણી કરામતો બયાન (વર્ણન) થયેલી છે. હઝ. અલી શેરેખુદા (રઝી.) એક જંગમાં ગયા, જે જગ્યાએ પાણી ન હતું. અસ્હાબે કિરામ (રઝી.) એ ડાબે-જમણે પાણી માટે ઘણી દોડા-દોડ કરી, પણ પાણી મળ્યું નહિ. તે જગ્યાએ એક માણસ મળ્યો, જેને પાણી વિષે તેઓએ પૂછયું તો તેણે કહ્યું કે ફર્સંગ/ફર્સખ (એક ફરસંગ એટલે ત્રણ માઈલ / એક જોજન) દૂર એક ગામમાં પાણી મળશે. બધાયને ઘણી તરસ લાગી હતી અને શરીરમાં કુવ્વત (શક્તિ) તુટી રહી હતી, અને બધાયને ફિકર લાગી કે વહેલા વહેલા તે ગામમાં પહોંચીને તેઓની તરસ છીપાવે, અને આવી ચિંતામાં બધા હઝ. અલી (રઝી.) પાસે આવ્યા. (વધુ બયાન નં. ૧૦૩૩/૧૦૧ માં)**

## બયાન : ૧૦૩૩-૧૦૧

આવ સહાબૂને અલી પાસ અરઝ પહોંચાઈ, આપ ચિંતા કેરી ખબર સબ અલીકુ બતાઈ...૧
કહયા રઝા હો તો હમ જાકર પીએ રે પાની, દો ફરસંગ દૂર હય અયસી બાત રે જાની...૨
અને કુવ્વત ટુટે બાઝ નાંહી પહોંચા રે જાવે, પિયાસ લાગી હય સબુંકુ બહોત રે દેખાવે...૩
તબ અમીરૂલ મૂમિનીન જુવાબ રે દીયા, એક પત્થર ઉચાનેકા હુકમ રે કીયા...૪
કહયા પાણીકે ઉપર એ પત્થર દેખાવે, તમ કરોને ઝોરા કે દુર હો જાવે...૫
તબ સબૂંને મિલકર કુવ્વત કરાહી, પણ ખસીયા ના પત્થર અયસી ખબર સુનાહી...૬
તબ અલીને આવકર પત્થર ઉચાયા, બા ઉંગલીઆં તલે દુર કરને નખાયા...૭
તબ પાકીજા થા પાણી ચશ્મી શીરીં હો સેતી, સબૂં ભાવસૂં રે પીયા ઝાત મૂમિનૂકી જેતી...૮

બહોત શીરીં દાર ઠંડા વે પાણી થા કેહલાયા, વે પીયા રે સબૂંને બહોત દિલકે ચાયા...૯
તબ લશકર સારેને આરામ રે પાયા, સો પાણી હો પીતે હુવે તાઝે રે સુનાયા...૧૦
ફિર પત્થરકુ લેકર પાણી ઉપર ધરીયા, સો અમીરૂલ મૂમિનીન ઝોર રે કરીયા...૧૧
એ ચૌથે તો ખલીફે ઐસે નબીજીકે જાનો, સો મુરતઝા અલી નામસૂ પિછાનો...૧૨
એ સુન સુન બાતી સહી કર લીજે, અને એક કર રબકૂ મન એતના દીજે...૧૩

રે તુંહી.

પત્થર ઉચા પાણી પીયા, થી એક ચશ્મા ઠામ રે, થા એક ચશ્મા ઠામ;
એ ચૌથે યાર હંય નબીકે, અલી જિનૂકા નામ રે, અલી જિનૂકા નામ.

## સમજુતિ : બયાન : ૧૦૩૩/૧૦૧

**બધાયે હઝ. અલી (રઝી.) પાસે આવીને અરજ કરી કે હઝ. અલી (રઝી.) ની રજા હોય તો તેઓ બધા બે ફર્સખ (લગભગ છ માઈલ) દૂર જલ્દી પહોંચી તેઓની તરસ છીપાવે, કેમકે, શક્તિ તુટવા પછી ત્યાં પહોંચી શકાશે નહિ. હઝ. અલી (રઝી.) એ તેઓને ત્યાં એક પડેલા પત્થરને ઉંચકી હટાવવા કહ્યું. બધાયે મળીને જોર કર્યું, પણ તે પત્થર હટ્યો નહિ, પછી હઝ. અલી શેરે ખુદાએ પોતાની બે (૨) આંગળીઓના જોરથી તે પત્થરને હટાવી દીધો, તો ત્યાંથી ચોખ્ખું મીઠું પાણી મળ્યું, અને બધાએ પોતાની તરસ છીપાવી, તેમને રાહત થઈ અને તેઓ તાજા-માજા થયા.**

**પછી હઝ. અલી શેરેખુદાએ તે પત્થરને જોરથી તેની ઉપર ધરી દીધો. હઝ. અલી મુરતુઝા (રઝી.) નબી (સ.અ.વ.) ના ચોથા ખલીફા છે. (વધુ બયાન નં. ૧૦૩૪/૧૦૨ માં)**

## બયાન : ૧૦૩૪-૧૦૨

જબ પત્થર દૂર કર પાણી રે પિલાયા, અને પત્થરકુ ફિર ઉસ ઉપર ધરાયા...૧
ઉસ પાણી કેરે પાસ થા રે એક ડેરા; વાં રાહિબ એક રેહતા રે અનેરા...૨
કે તપીયા ડેરે રે વાં થા રેહતા, સો પેહલીયાં કિતાબાં થા રે પઢાતા...૩
સબ ઓને એ તમાશા દેખીયા નેના, તબ શાહીદી રે પાઈ ઓને કિતાબકે મેના...૪

તબ વાંથી ઉતર કર અલી પાસ આયા, સો સુખ તો પૂછને કેરા રે લાયા...૫
આવ પૂછાકે પયગમ્બર તમ હો રે અલ્લાહી, યૂં અલીકુ આવકર ઓને ખબર પૂછાહી...૬
તબ અલીને ના કર જુવાબ રે દીતા, તબ તપીયે ને ફિર કર પૂછના કીતા...૭
કહયા હો રે ફરિશ્તે રબકે હઝૂરી, યૂ તપીએને પૂછા મન ચિંતા કર પૂરી...૮
ફિર અલીએ કહયા એ બાત રે નાંહા, તબ તપીએને ફિર કર, પૂછા વૈસે રે માંહા...૯
કે તમ હો વસી કરને દાખા, તબ હાં કર જુવાબ અલીને આખા...૧૦
કે મંય હું વસી પયગમ્બર કેરા, યું જુવાબ તો અલીને દીયા રે સવેરા...૧૧
સો વસીને ખલીફેકી કુછ કહીએ પાસ રીતા; એ સુન સુન મુમિન મન ઈતના દીતા...૧૨

રે તુંહી.

રાહિબ પત્થર ઉચાયતે, બૂઝે નિશાન રે, બૂઝે વૈસે નિશાન;
દેખ વે અલી પાસ આહીયા, પૂછને કાજ માન રે, પૂછને કાજ માન.

## સમજુતિ : બયાન : ૧૦૩૪/૧૦૨

**તે પત્થરની નજીકમાં જ એક ડેરો (ઘર) હતું અને ત્યાં એક રાહીબ (ઈસાઈ તપિયો) રહેતો હતો, કુર્આન શરીફની અગાઉની કિતાબો તે પઢતો હતો. તેણે આ બધો બનાવ જોયો અને તેની કિતાબમાંથી તેને શાહીદી (પુરાવો) મળી ગયો. તે રાહીબ તેના ઘરથી ઉતરી નીચે હઝ. અલી શેરેખુદા (રઝી.) પાસે આવ્યો અને પૂછયું : "શું તમે પયગંબર છો ?" હઝ. અલી (રઝી.) એ કહ્યું : 'ના' પછી પાદરીએ પુછયું "શું તમે ફરિશ્તો છો ?" હઝ. અલી શેરેખુદા (રઝી.) એ કહ્યું : 'ના'. તેણે ફરી પુછયું "શું તમે વસી છો ?" હઝ. અલી (રઝી.) એ કહ્યું : 'હા' "હું પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.) નો વસી છું."**

**નોંધ : આ બયાનની ૧૨મી પંક્તિમાં પીર મશયાખ (રહે.) ખુલાસો કર્યો છે કે 'વસી' અને 'ખલીફા' બેઉ સમાનાર્થી શબ્દો છે, અને આ વાત અલી શેરેખુદા (રઝી.) જ્યારે નબી (સ.અ.વ.) ના ચોથા ખલીફા જાહેર થયા તે સમયની છે. એટલે 'વસી' અને 'ખલીફા' એ યથા યોગ્ય સમાનાર્થી શબ્દો છે.** **(વધુ બયાન નં. ૧૦૩૫/૧૦૩ માં)**

## બયાન : ૧૦૩૫-૧૦૩

જબ વસી નામ અલીને રાહિબકૂ કહયા, તબ રાહિબ સુન કર સચ કર લહયા...૧
કે વસી હું મંય પયગમ્બર મુરસલ કેરા, સો મોહંમદ રસૂલ નામ લીયા રે સવેરા...૨

એ અબદુલ્લાહકે બેટે નબી ખાતિમ રે કહીએ, યું અલીને તપીએકુ કહ્યા રે લહીએ...૩

તબ દેઓ દસ્ત મુજકુ યું તપીઓને આખા, મંય ઈમાન હું લાતા ઈતના દાખા...૪

તબ અલીને દસ્ત ઉસે રે દીયા, તબ કલમા શહાદત ઓને પઢા સુન લીયા...૫

કે કલમા શહાદત પઢ ઈમાન રે લાયા, બાઝ તપીએને ઈતના કેહને બતાયા...૬

તમ વસી હો ખુદાકે રસૂલ હો કેરે, સો તેહકીક નામ હો વસી રે સવેરે...૭

કે ગવાહી હું દેતા યું તપીએને આખા, તમ વસી હો તેહકીકે સહી રે દાખા...૮

તબ અલીને તપીએકુ પૂછી રે બાતી, કે અબ તક રહ્યા તૂ કયું કાફિર રે ઝાતી...૯

કે આપસકે દીન પર તેં રેહના રે કીતા, અને ઈસલામ આજ તક તેં મન ના દીતા...૧૦

અને આજ તૂ મુજ પાસ આવ લાયા રે ઈમાના, એતા અલીને તપીએસૂં કીયા રે બયાના...૧૧

એ સુનની હય બાતી મન ધર કાના, એ સુન સુન કહો દિલકે ધાન ..૧૨

રે તુંહી.

વસી અલીકૂ બૂઝકર, તપીયા લાયા ઈમાન રે, તપીયા લાયા ઈમાન;
કિતાબું પેહલી દેખ કર, દીતી ગવાહી માન રે, દીતી ગવાહી માન.

## સમજુતિ : બયાન : ૧૦૩૫/૧૦૩

**જ્યારે તે રાહીબે આ વાત સાંભળી તો તેને તેણે તસ્લીમ કરી લીધી (માની). હઝ. અલી. (રઝી.) એ તેને કહ્યું : હું મુહંમદ બીન અબ્દુલ્લાહ, ખાતેમુન્નબી, રસૂલુલ્લાહ (સ.અ.વ.) નો વસી છું. પછી તે રાહીબે તરત જ હઝ. અલી શેરેખુદા (રઝી.) ના હાથમાં પોતાનો હાથ આપીને કલેમાએ શહાદત પઢી લીધો અને એણે ગવાહી આપી (માન્યતા આપી) કે હઝ. અલી શેરેખુદા (રઝી.) રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના વસી છે. હઝ. અલી શેરેખુદા (રઝી.) એ તેને પુછયું કે તે આજ સુધી કેમ કાફીર રહ્યો, અને પોતાના જુના દીન ઉપર કેમ રહ્યો, અને આજે જ હઝ. અલી શેરેખુદા (રઝી.) ના હાથે ઈમાન કેમ લાવ્યો ? (વધુ બયાન નં. ૧૦૩૬/૧૦૪ માં)**

## બયાન : ૧૦૩૬-૧૦૪

કયસા અલીકે પૂછે પર દેવે તપીયા જુવાબા, તમ સુનીઓ મન ધર બયાન રે શિતાબા...૧

કહ્યા ડેરા હય બનાયા પેહલે જે રે જમાના, ઉસ પત્થરકે કાજ હય બના આના...૨

જે પત્થર તમૂને થા રે ઉચાયા, એ ડેરા તો ઉસ કાજ હય રે બનાયા...૩

પેહલે બહોત થે રેહતે ઈસ ડેરેકે માંહા, પણ પાણી એ ખોલા કિને કીયા રે નાંહા...૪

કિને પત્થર ઉચાકર નાંહી પાણી રે કઢાયા, પેહલે બહોત થે રેહતે યું તપીએને બતાયા...૫

અને મેરી રે કિતાબુંસૂં મંય દેખ હય લીતા, કે બયાન મંય જોતા તમૂંસૂં કીતા...૬

અને આલિમ હમારે ભી અયસા થા બતાતે, જે મુજસૂ પેહલે થે રે કેહલાતે...૭

કે ઈસ ઠામ ચશમા હય પાણી હો કેરા, હય ઉસ પર પત્થર ધરીયા સવેરા...૮

ઉસે પયગમ્બર બિના કો' નાંહી રે ઉચાવે, ભી દુર રે કરે જે વસી રે કેહલાવે...૯

અયસી કિતાબસૂં બાતી મંય સુનીથી કાના, મંય દેખતા થા તબકા ઉસકી નિશાના...૧૦

કે નિસ દિન કરતા મંય થા રે વે ચિંતા, સહી ઘડી એક મનમાં ના રેહતા રે નચિંતા...૧૧

અને જબ વે કામ તમૂને કીતા, મંય નેનૂ મેરી દેખ કર રે લિતા...૧૨

તો મંય તમૂં પાસ આવ કર લાય રે ઈમાના, એતા તપીએને અલીસૂં કીતા રે બયાના...૧૩

સુનો તપીયા પેહલેસૂં સુન ગવાહી હય દેતા, તો ખારજી કયું સહી કર ના ઈતના કેહતા...૧૪ રે તુંહી.

તપીયા બાતાં ધોરકી, સુન રબ કીયા બયાન રે, સુન રબ કિયા બયાન;
તો અલીકુ વસી વે જાનકર, સહી લાયા ઈમાન રે, સહી લાયા ઈમાન.

## સમજુતિ : બયાન : ૧૦૩૬/૧૦૪

**તે રાહીબ (તપીયા) એ કહ્યું કે તે ઘર જેમાં તે રહે છે તે પહેલાંના જમાનાનું છે અને તેને તે પત્થર અરથે બનાવવામાં આવ્યું છે કે જેને હઝ. અલી શેરેખુદાએ ઊંચક્યો હતો. તેણે કહ્યું કે તે ઘરમાં પહેલાં ઘણા લોકો રહેતા હતા, પણ કોઈ તે પત્થરને ઊંચકી તે પાણી મેળવી શક્યું નથી. તેણે કહ્યું કે, હઝરત અલી શેરેખુદા (રઝી.) એ જે કરામત દેખી બતાવી તે તેણે તેની કિતાબોમાં જોઈ છે કે તે પત્થર નીચે પાણીનો ચશ્મો (ઝરણું) છે, અને તેને પયગંબર શિવાય કોઈ ઉંચકી નહિ શકે, અથવા પયગમ્બરનો વસી ઊંચકી શકે. તે રાહીબે કહ્યું કે તેને તે પત્થર ઉંચકવાની હરદમ (હર પળે) ચિંતા રહેતી હતી. તેણે કહ્યું "આ પત્થર ઉંચકવાનું કામ તમોએ કર્યું એટલે તે જોઈને હું ઈમાન લાવ્યો."**

**રાહીબ જેવા પણ ઈમાન લાવે તે ખારજી તું તારૂં ઈમાન સહીહ કર.**

## બયાન : ૧૦૩૬-૧૦૪ અ.

## નઝમ

અલીને પત્થર ઉચાયા રે તમે સુનો રે, ખલકકુ પાણી પીલાયા રે તમે સુનો રે...૧
તપીઓને દેખાયા નેના રે તમે સુનો રે, ચિંતા ઓને કીતી મન મેના રે તમે સુનો રે...૨
દેખતે વે અલી પાસ આયા રે તમે સુનો રે, સહી કર ઈમાન વે લાયા રે તમે સુનો રે...3
પેહલી ઓને કહી સબ બાતી રે તમે સુનો રે, જૈસી પેહલી કિતાબૂં સુનીતી રે તમે સુનો રે...૪
સબ કહયા તપીએને બયાના રે તમે સુનો રે, જૈસા પહેલી કીતાબૂં નિશાના રે તમે સુનો રે...૫
એસુન નેન અલીકે ભરાહે રે તમે સુનો રે, બોલ પેહલે તપીએ બતાહે રે તમે સુનો રે...૬
બહોત નેનૂ ભરીયા પાની રે તમે સુનો રે, અલીને બાત યું જાની રે તમે સુનો રે...૭
આંસૂ ચલ ઠાઢી પર આહે રે તમે સુનો રે, બાલ સબ ઠાઢીકે ભિગાહે રે તમે સુનો રે...૮
દિલ ભી કૈસા [illegible] નરમાહી રે તમે સુનો રે, રિકકત તો સુનતે આહી રે તમે સુનો રે...૯
અલહમ્દો લિલ્લાહ કર આખા રે તમે સુનો રે, બાઝ એતા અલીને દાખા રે તમે સુનો રે...૧૦
તુજકુ ના પડીયા બિસારા રે તમે સુનો રે, પેહલે લિખા કિતાબૂં સત્તારા રે તમે સુનો રે...૧૧
અલીને એ કહી આપ બીતી રે તમે સુનો રે, રિકકતમાં આઈ ઓનૂ ઝાતી રે તમે સુનો રે...૧૨

## સમજુતિ : બયાન : ૧૦૩૬/૧૦૪ અ

**પીર મશાયખ (રહે.) કહે છે તમે સાંભળો :**

**હઝ. અલી શેરેખુદા (રઝી.) એ તે પત્થર ઊંચકી લોકોને પાણી પાયું અને તે જોઈને તપીયો ઈમાન લાવ્યો. તે તપિયા એ તેની કિતાબોના હવાલાથી આ બનાવને સાચો માન્યો, અને તે તપીયાની વાત સાંભળી. હઝ. અલી શેરેખુદા (રઝી.) ની આંખો આંસુઓથી ભરાઈ ગઈ અને આંસુ દાઢી પર થઈને વહેવા લાગ્યા. જુઓ આપ (રઝી.) નું દીલ કેટલું હલીમ (નરમ) હતું. તેમને વાત સાંભળતાં જ રિક્કત (રૂદન) આવી અને અલહમ્દુલીલ્લાહ (બધાં જ વખાણ અલ્લાહને માટે) એમ કહ્યું. હઝ. અલી (રઝી.) એ પોતાનો આ અનુભવ (આપવીતી) કહી.**

## બયાન : ૧૦૩૭-૧૦૫

# હઝ. અલી (રઝી.) ની શહાદતની નબી (સ.અ.વ.) એ કરેલી આગાહી

સુનો રાહિબ તો આવ કર લાયા જબ રે ઈમાના, અને વસી કર અલીકુ સહી મન રે જાના...૧

અને પેહલી રે કિ તાબસૂં ઓને કહી રે બાતી, તબ કઝા રે ઈલાહી હુઈ અલીકી જાતી...૨

એ આખિર રે કેરી થી રે નિશાના, કે રાહિબ તપીયા લાયા રે ઈમાના...૩

એતે અનૂ હો સેતી હુઈ અલીકુ જુદાઈ, એ ખબર તો લિખેસૂં હય રે પાઈ...૪

સુના એક જાગો કિતાબમાં હય અયસા રે લિખાયા, બયાન ઉસ રે લિખેસૂં હય અયસા રે પાયા...૫

કે નબીજીને અલીકુ એક દિન થા આખા, કહો બદ બખ્ત કોન હય ઈતના દાખા...૬

જીને સાલેહ પયગમ્બરકી ઉંટની મરાઈ, યૂં અલીને બાત કીતી રે સુનાઈ...૭

તબ નબીજીને ફિરકર અલીકૂ પૂછાયા, ભી બદ બખ્ત ઉસથી બહોત કૌન હય કેલહાયા...૮

તબ મંય નાંહી બૂઝતા યું અલીને આખા, તબ નબીજીને ઉનકૂ યું રે દાખા...૯

કહયા ઈસ જગો ધાવ જે હય રે કરાવે, વે પૂરા બદ બખ્ત હય રે કેહલાવે...૧૦

સો અલીકે સિરપર કીતી રે શાના, વે ઠામ ધાવ કેરી એ બતાઈ નિશાના...૧૧

તબ અલીને શહાદત સહી આપકી જાની, એ સુન સુન મૂમિન બાત મન એ આની...૧૨

રે તુંહી.

નબીને સિર દેખાહીયા, અલીકે ધાવકી ઠામ રે, અલીકે ધાવ કી ઠામ;
વે હૈં બદ બખ્ત સહી, જે કરસી અયસે કામ રે, જે કરસી અયસે કામ.

## સમજુતિ : બયાન : ૧૦૩૭/૧૦૫

**જયારે તે રાહીબ (તપીયો) ઈમાન લાવ્યો અને હઝ. અલી (રઝી.) ને નબી (સ.અ.વ.) નાં 'વસી' માન્યા તે પછી હઝ. અલી (રઝી.) ની કઝા (મોત) નો સમય આવી પહોંચ્યો, અને તે બનાવથી તે રાહીબ ઈમાન લાવ્યો તે આપના જીવનના એમની આખરી નિશાની હતી.**

**એક વાર નબી (સ.અ.વ.) એ હઝ. અલી (રઝી.) ને કહ્યું કે, "બદબખ્ત (અક્કરમી) કોણ તો હઝ. અલી શેરેખુદા (રઝી.) એ જવાબ આપ્યો કે, "જેણે સાલેહ નબી (સ.અ.વ.) ની ઊંટણીને મારી" પછી નબી (સ.અ.વ.) ને તેમણે જવાબ આપ્યો. "મને ખબર નથી", પણ નબી (સ.અ.વ.) એ હઝ. અલી (રઝી.) ની પેશાની (કપાળ) પર હાથ મુકીને કહ્યું : "આ માથાની જગ્યાએ જે કોઈ 'ઘા' કરે તે બદતરીન (ખરાબમાં ખરાબ) બદબખ્ત (અક્કરમી) છે." તે થકી હઝ. અલી (રઝી.) એ પોતાની શહીદી થવાનું જાણી લીધું. (વધુ બયાન નં. ૧૦૩૮/૧૦૬ માં)**

## બયાન : ૧૦૩૮-૧૦૬

તબ અલી થે સુન કર થે શહાદત ચાહતે, સો નિત ઉઠ ફિકર એ મન થે લાતે...૧

થે ઈરાકકે લોકોકું ખબર બતાતે, સો શહાદત કાજ એતા આપ થે ચાહતે...૨

કેહતે હોવે કો' બદબખ્ત અનૂથી કેહલાવે, સહી ઉસકૂ તો મેરા જીવ હય ચાહતે...૩

કહેતે હોવે બદબખ્ત ઈરાક હો કેરા, ઉસે દિલ તો મેરા હય ચાહતા રે સવેરા...૪

કે હોવે વે હાઝિર ઉઠ કર આવે, સો જો રે બદબખ્ત ઈરાકી કેહલાવે...૫

વે ચાતા હું કે મુજકુ આવે કતલ કરાવે, કે મુજકુ લોહીમાં લે કર મિલાવે...૬

કેહવે મુરતઝા અલી અયસા દિલ હય ચાહતા, એ કામકા કરનાર હય મુજે રે ભાતા...૭

કે બેગે મિલના હોવે નબીસૂં મેરા, ભી અસહાબ નબીસૂં મંય મિલું રે સવેરા...૮

યું મુરતઝા અલી નિત દિલ થે ચાહતે, સો રાત દિન જાસૂસી થી ઉસકી કરાતે...૯

પિછે નવ જબ માસ હુવે ચાર રે સાલા, એતા ખિલાફત કેરા જબ હુવા રે હાલા...૧૦

તબ વહીજ વકત પહોંચા રે સુનાયા, જે નબીજીને અપને થા રે બતાયા...૧૧

એ સુન સુન બાતી સહીકર લીજે, અને એક કર રબકુ મન ઈતના દીજે...૧૨

રે તુંહી.

ચાર સાલ ખિલાફત કેરડે, ઉપર હુએ નવ માસ રે, ઉપર હુવે નવ માસ;
તબ મુરતઝા અલીકુ પોંચીયા, જે કરતે મનમાં આસ રે, જે કરતે મનમાં આસ.

## સમજુતિ : બયાન : ૧૦૩૮/૧૦૬

**તે પછી હઝ. અલી (રઝી.) તેઓ પોતે શહીદ થાય તેવી તમન્ના (પરમઈચ્છા) કરતા હતા. આપ એકવાર ઈરાકીઓને પોતાની શહાદતની ખબર સંભળાવી રહ્યા હતા કે, "જે મને શહીદ કરવા ચાહતો હોય તે ઉઠીને આવે, અને મને શહીદ કરીને લોહી-લુહાણ કરે તો તે મને સારો લાગશે. કેમકે, તેને હાથે મને શહાદત (શહીદી) મળશે અને હું જલ્દીથી નબી (સ.અ.વ.) ને જઈને મળીશ."**

**→ ત્યારપછી આપની ખિલાફતને ચાર સાલ અને નવ માસ પુરા થયા તો આપ (રઝી.) નો દુનિયાથી રૂખસત (રવાના) થવાનો વખત પૂરો થઈ ગયો.**

## બયાન : ૧૦૩૯-૧૦૭

# હ. અલી (રઝી.) કુફામાં શહીદ થયા હતા

સુનો અમીરૂલ મૂમિનીન અલી મુરતઝા કહીએ, અને રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂં લહીએ...૧
સુનો કૂફા રે શેહરકા કહીએ રે નામા, તબ અમીરૂલ મૂમિનીન થે રે ઉસ ઠામા...૨
થે તેર દિન બાકી થા રમઝાન માસા, અને દિન તો જુમ્આકા કહીએ રે ખાસા...૩
તબ ઓનૂકુ આવ કર ઝખમી કીતે, સહી કૂફેકે માંહે સુન કર લીતે...૪
તબ સલામો અલૈકુમ અલીને આખા, વ રહમતુલ્લાહ વ બરકાતોહ ફિર કર દાખા...૫
કુછ અવર તો સુખન કહયા રે નાંહા, થા કલમેકા સુખન જીભકે માંહા...૬
સો કલમા તય્યબ પઢતે સુનાએ, સો જાં તક અલી વફાત રે પાએ...૭
વે દો શંબા કેરી થી રે રાતી, અને નવ દસ રમઝાન તારીખ કેહલાતી...૮
કે તારીખ ઓગનીસમી રે કહીએ, અને માસ તો રમઝાન કેરા રે લહીએ...૯
કે મુરતઝા અલીને શહાદત પાહી, એ લિખેસૂં ખબર હય સહી રે પાહી...૧૦
સો હસન ને હુસૈન નામ રે કહીએ, અને અબદુલ્લાહ ને જાફર સુન કર લહીએ...૧૧
ઓનૂ મુરતઝા અલીકૂ ગુસલ રે દીતા, એ સુન સુન મૂમિન મન ઈતના લીતા...૧૨
રે તુંહી.

તારીખ થી ઓગણીસમી, બૂઝો રમઝાન માસ રે, બૂઝો રમઝાન માસ;
શહીદ હુએ અલી સહી, રાત થી દો શંબે ખાસ રે, રાત થી દો શંબે ખાસ.

## સમજુતિ : બયાન : ૧૦૩૯/૧૦૭

**જ્યારે હઝ. અલી શેરેખુદા (રઝી.) શહીદ થયા ત્યારે આપ (રઝી.) ઈરાકના 'કુફા' શહેરમાં હતા, અને ત્યારે રમઝાન મહિનો પૂરો થવાના તેર દિવસો બાકી હતા, અને તે જુમ્આનો દિવસ હતો. તેમને કુફા શહેરમાં જ જખ્મી કરવામાં આવ્યા હતા. આપ (રઝી.) ના આખરી શબ્દો 'કલેમા તેય્યબહ' અને 'અસ્સલામો અલયકુમ' હતા. આપની રૂહ કબ્જ થવાના સમયે આપ (રઝી.) ની જબાન ઉપર કલમો પઢવો જારી (ચાલુ) હતો. તેમની વફાતનો દિવસ સોમવારનો હતો અને રમઝાનની નવમી કે દશમી તારીખ હતી, અને તે તારીખ રમઝાનની હતી. તે તારીખ રમઝાનની ઓગણીસમી તારીખ પણ બયાન થાય છે. આપની વફાતની તારીખ બાબતે રાવીઓ (વર્ણન કરનારાઓ) માં ઈખ્તેલાફ (મતભેદ) છે, એટલે આ ફરક આવ્યો છે, એમ પીર મશાયખ (રહે.) કહે છે.**

હઝ. ઈમામ હસન અને હઝ. ઈમામ હુસૈન અને હઝ. જાફર (રઝી.) એ આપ (રઝી.) ને ગુસલ આપ્યું હતું.

નોંધ : હઝ. અલી શેરેખુદાની શહાદત ઉપર પણ કોઈ ૧૭ મી કે ૧૮ મી રમઝાને તાજીયા કે માતમ કરતું નથી.

(વધુ બયાન નં. ૧૦૪૦/૧૦૮ માં)

## બયાન : ૧૦૪૦-૧૦૮

# હ. અલી (રઝી.) ના દફનની વિગત

સુનો તીન તો કપડે થે દફન કેરે, કે પૈરહન ને પગડી બૂઝો ઉસથી સવેરે...૧
અને ઈમામ હસનને કીતી રે નમાઝા, આપ ઈમામ રે હોકર એ સુના રે આવાઝા...૨
અને ફજરકે વકત દફન કરાએ, કોહી બૂઝે રે નાંહા અયસી રીતે રે સુનાએ...૩
સો સરપોશસૂં લેકર થી અયસી રે કીતી, કે વે કબર તો નઝરૂં ના કિની દેખ લીતી...૪
સો હારૂન રશીદકી જબ હુઈ પાદશાહી, તબ ઓનૂ તો કબર અલીકી પાહી...૫
સો તબકી ઝિયારત હય રોઝેકુ કરાતે, જબકી હારૂને કબર પાહી રે સુનાતે...૬
બાઝ કેહતે હંય કે મેહરાબ મસ્જીદ કૂફે કેરા, વાં કબર હય અલીકી યું સુનીયા સવેરા...૭
બાઝ કેહતે હંય કે કૂફેમાં દફન કરાએ, એ તીન રીતસૂં રે બયાન હૈ કિતાબું લિખાએ...૮
ભી અવર ઠામ હોવેગી કુછ અવર રે રીતા, મંય તેહકીક ખૂબ ના હય કરને લીતા...૯
પણ કુફે માંહે દફનકી હય ખબર રે લહી, કે બહોત ઠામ શાહેદી હય અયસી રે સહી...૧૦
જબ ઉનકે ફરઝંદ પાદશાહી પાહી, ઈમામ જાફર સાદિક થે તબ ખબર સુનાહી...૧૧
ઓનૂ કબર તો અલીકી ઝાહિર રે કીતી, મૂમિનૂ એ સુનકર ચિંતા એતી મન દીતી...૧૨
રે તુંહી.

શહીદ અલી હુએ સહી, કૂફા શેહરકા નામ રે, કૂફા શેહરકા નામ;
કબરભી ઉસ શેહરમાં હૈ સહી, સુની ઐસી કહી ઠામ રે, સુની ઐસી કહી ઠામ.

## સમજુતિ : બયાન : ૧૦૪૦/૧૦૮

આપ (રઝી.) ના કફનમાં ત્રણ કપડાં હતાં જેમાં પહેરણ અને સરપોશ (પાઘડી) હતા. ઈમામ હસન (રઝી.) એ આપના જનાઝાની નમાઝ પઢાવી હતી, અને આપ (રઝી.) ને ફજરના સમયે દફન કરવામાં આવ્યા હતા. તેમની કબર સરપોશ (માથા) થી આખર સુધી એવી બનાવવામાં આવી હતી કે કબરની

નિશાની દેખાય નહિ. પણ જ્યારે હારૂન રશીદની બાદશાહી આવી તો તેણે આપ (રઝી.) ની કબર શોધી કાઢી, અને ત્યારથી આપ (રઝી.) ની કબરની જીયારત શરૂ થઈ (એટલે કે હઝ. અલી (રઝી.) ની કબરની જીયારત કરવાની પ્રથા ઘણાં વરસો બાદ શરૂ થઈ).

કેટલાક લોકો રિવાયત કરે છે કે કુફાની મસ્જીદના મેહરાબ (કમાન) પાસે આપની કબર હતી, અને કેટલાક એવી પણ રિવાયત કરે છે કે તેમને કુફા શહેરમાં દફન કરવામાં આવ્યા હતા.

આ રીતે આપ (રઝી.) ની કબર વિષે કિતાબોમાં ત્રણ અલગ અલગ રિવાયતો છે, અને બીજી રિવાયતો પણ હોઈ શકે છે, પણ મેં (પીર મશાયખે) તેની વધારે તહકીક (શોધખોળ) કરી નથી. પણ ઘણી રિવાયતો આપ (રઝી.) ને કુફા શહેરમાં દફન કર્યાની મળે છે. જ્યારે હઝ. અલી (રઝી.) ના ફરઝંદ હઝ. ઈમામ હસન (રઝી.) એ ખિલાફત સંભાળી ત્યારે હઝ. ઈમામ જાફર સાદીક (રઝી.) મોજુદ (હાજર) હતાં, અને હઝ. અલી (રઝી.) ની કબર ક્યાં છે તે તેમણે જાહેર કર્યું. (પણ પીર મશાયખ (રહે.) એ ચોક્કસ સ્થળ બતાવ્યું નથી).

રિવાયતોથી જણાય છે કે હઝ. અલી (રઝી.) નું દફન કુફા શહેરમાં નક્કી છે, પણ કોઈ નિશ્ચિત સ્થળ ઓળખી શકાયું નથી.

નોંધ : (૧) હારૂન રશીદના જમાના સુધીમાં કોઈએ હઝ. અલી (રઝી.) ની બરસી (મૃત્યુ તિથી) ઉજવી નહતી, અને તેમની કબરની જાણ ન હોવાથી કોઈ તેની ઉપર ગયું નહતું. (૨) અત્યારે કુફામાં હઝ. અલી (રઝી.) નો જે રોજો છે, તે પીર મશાયખના બયાન મુજબ અંદાજીત સ્થળ હોઈ શકે છે. (૩) આપની કબર તેની નિશાની ન દેખાય તે રીતની બનાવવામાં આવી હતી. તેથી એ ખુલાસો આવે છે કે, આપ (રઝી.) ના બેટાઓ ઈમામ હસન અને ઈમામ હુસેન (રઝી.) પણ પાકી કબર કે ગુંબદ બનાવવું મુનાસીબ માન્યું ન હતું, કેમકે તેમ કરવું સુન્નતથી સાબિત નથી. (૪) જો વરસી ઉજવવાની હોત તો આપ (રઝી.) ના બેટાઓ ઈમામૈને હઝ. અલી (રઝી.) ની બરસી ઉજવી હોત. (૫) જો બાપની બરસી બેટાઓએ ન ઉજવી હોય તો બેટાની બરસી ઉમ્મત ક્યા આધારે ઉજવે ! (૬) ઈમામ હુસેન (રઝી.) ની બરસી તેમના બેટા ઝેનુલ આબેદીને ઉજવી હોય તેના પુરાવા પણ નથી. (૭) તાજીયા અને માતમ શહાદત પર હોય તો હ. અલી (રઝી.) પણ શહીદ થયા હતા. તેમની પાછળ કોઈ તાજીયા અને માતમ કરતું નથી, જો કે હઝ. અલી (રઝી.) પણ પંજહ તન માંથી છે. અને (૮) નબી (સ.અ.વ.) ની કબર પણ એક વેંત ઉંચી કરી તેની ઉપર પાણી છાંટવામાં આવ્યું હતું, જે માટીની હતી. (વિસાલ નામા, બયાન નં. ૮૭૭/૧૧૩)

## બયાન : ૧૦૪૧-૧૦૯

# હ. અલી (રઝી.) (તબુક સિવાયના) બધા મઝવાતમાં નબી (સ.અ.વ.) ની સાથે હતા.

સુનો અમીરૂલ મૂમિનીન અલી રે કહીએ, રઝીઅલ્લાહ અનહો ઓનૂ નામસૂ લહીએ...૧
એ સબ જંગ માંહે થે નબીજીકે સાથા, બહોત કાફિર મૂએ ઓનૂ કેરે હાથા...૨
સો નબીજીને જિતની કીતી ગઝવાતા, થે અલી સાથ નબીકે એ સહી રે બાતા...૩
એક તબૂકકે જંગમાં સાથ થે રે નાંહા, સો રહે થે અલી મદીને માંહા...૪
સો નબીજીકે હુકમસૂં રહે રે કહીએ, સો મદીને માંહા સુનકર લહીએ...૫
સો ફરઝંદું કાજે અનૂ કીએ નિગેહબાના, અહલ અયાલકે ખાતિર છોડે થે જાના...૬
ઉસ કાજ ના હાઝિર થે તબૂક કેરી ઠામા, થે મદીનેમાં રહે હુકમકે કામા...૭
થે તીસ ને પાંચ ફરઝંદ જાનો, સો મુરતઝા અલી કેરે થે પિછાનો...૮
ઓનૂ માંહે ઓગનીસ બેટે રે કેહલાએ, અને બાકી તો બેટીયું કે નામસૂં લિખાએ...૯
યું તીસ ને પાંચ ફરઝંદ કહીએ, સો મુરતઝા અલીકે સહી રે લહીએ...૧૦
ફરઝંદ પાંચ બીબી ફાતમા કેરે, અવર અવરતોંસૂં બાકી બૂઝીઓ સવેરે...૧૧
એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને નેહસૂં કહો દિન અવર રાતી...૧૨
રે તુંહી.

તીસ પાંચ ફરઝંદ અલીકે, લખીયા હૈ કહી ઠામ રે, લખીયા હૈ કહી ઠામ;
બીબી ફાતમાથી પાંચ હૈ, અવર અવરૂકે નામ રે, અવર અવરૂકે નામ.

## સમજુતિ : બયાન : ૧૦૪૧/૧૦૯

**હઝ. અલી શેરેખુદા (રઝી.) નબી (સ.અ.વ.) ની સાથે ઘણી જીહાદોમાં સામેલ હતા, અને તેમને હાથે ઘણા કાફીરો કતલ થયા હતા. પણ તબુકના ગઝવાહ (જંગ) માં આપ (રઝી.) નબી (સ.અ.વ.) ની સાથે નહતા, કેમકે આપ (રઝી.) નબી (સ.અ.વ.) ના હુકમથી અહલે અયાલ (બાલ બચ્ચાઓ) ની નિગેહબાની (સંભાળ) માટે મદીનામાં જ રહ્યા હતા.**

**હઝ. અલી શેરેખુદા (રઝી.) ને પાંત્રીસ ((૩૫) ફરઝંદો હતા. તેમાંથી ઓગણીસ (૧૯) બેટાઓ હતા અને બાકી સોળ (૧૬) બેટીઓ હતી.**

**આ પાંત્રીસમાંથી હઝ. ફાતેમત્તુઝહરા (રઝી.) ના બતન (પેટ) થી પાંચ ફરજંદો હતાં, અને બાકીના ત્રીસ (૩૦) ફરજંદો હઝ. ફાતીમતુઝહરા (રઝી.) શિવાયની આપ(રઝી.) ની બીજી બીબીઓથી હતાં.**

## બયાન : ૧૦૪૨-૧૧૦

## નબી (સ.અ.વ.) ની નસલ તુટશે નહિ

સુનો ફસલુલ ખિતાબ હૈ કિતાબકા નામા, કે અયસા હય લિખીયા સહી ઉસ ઠામા...૧
એ ફરઝંદો કેરી વાં બાત હય લિખાઈ, કે જું તીસ પાંચકી ખબર સુનાઈ...૨
ભી હદીસ હય અપને નબીજી હો કેરી, ઉસે સુનતે ચિંતમાં દીજીએ સવેરી...૩
સો ઉમર ખત્તાબ રઝીઅલ્લાહ અનહો કહીએ, એ હદીસ હય કેહતે સુન કર લહીએ...૪
સો હદીસ અપને નબીજી હો કેરી, ઓનૂ યાદ કર કહી સુનીઓ સવેરી...૫
કહયા નસલ ખલકકી ટુટ રે જાવે, સો નસલસું અવલાદ નામ રે કેહલાવે...૬
મગર નસલ મેરી ટુટે રે નાંહા, કે રેહવે નસલ આલમકે માંહા...૭
સો જબ લગ કિયામત આવે રે દંના, તબ નસલ રે રેહવે આલમકે મેના...૮
એ ફરમૂદા અપને નબીજી હો કેરા, તમે સુન સુન મનમાં દીજીઓ સવેરા...૯
હય સમજને કરની નસલમાં બાતી, જે હય કેહલાતી સય્યદોંકી ઝાતી...૧૦
કે કિયામત તક રેહવે દુનીકે ઠામા, સો નસલ કહીએ સય્યદોંકે નામા...૧૧
જૂં અપને નબીને હય રે ફરમાના, ઉમર રઝીઅલ્લાહ અનહોને સુનને બતાયા...૧૨
એ સહી કર જાનના નિસ રે દંના, અને એક કર કહો ઈતના રે મંના...૧૩
રે તુંહી.

કિયામત તક રેહવે નસલ, નબી અપનેકી જાન રે, નબી અપનેકી જાન;
એ ફરમૂદા નબીકા, સુન લો મન ધર કાન રે, સુન લો મન ધર કાન.

## સમજુતિ : બયાન : ૧૦૪૨/૧૧૦

**ફસસુલ ખિતાબ નામની કિતાબમાં હઝ. અલી શેરેખુદા (રઝી.) ના પાંત્રીસ (૩૫) ફરજંદો નોંધાયેલા છે. હઝ. ઉમર ખત્તાબ (રઝી.) નબી (સ.અ.વ.) ની હદીષ કહે છે કે નબી (સ.અ.વ.) ની નસલ (વંશ) કયામત સુધી તુટશે નહિ. તેનો સિલસિલો (ક્રમ) કયામત સુધી ચાલશે. હઝ. ફાતિમત્તુઝહરા (રઝી.) નબી**

(સ.અ.વ.) ના બેટી થી થયેલ ઓલાદ પણ આપ (સ.અ.વ.) નો વંશ છે, અને તેમની નસલનો ક્રમ કયામત સુધી જારી (ચાલુ) રહેશે.

નોંધ : આપ (સ.અ.વ.) ની એક હદીષ એ પણ છે કે માણસની બેટીની ઓલાદ પણ તેની ઓલાદ છે.

## બયાન : ૧૦૪૩-૧૧૧

# હ. અલી (રઝી.) ના કાતિલને કયામત સુધી ચાલુ રહેનારી સઝા

સુનો નબીજી અપને અયસા ફરમાયા, એક ઠામ લિખેસૂં હય રે પાયા...૧
સો હદીસ અપને નબીજી હો કેરી, એ સુન સુન મનમાં દીજીઓ સવેરી...૨
કહયા મારનાર અલીકા હય અઝાબકે માંહા, સો આલમસૂં કારિગ તિલ રેહવે રે નાંહા...૩
યું હદીસ તો અપને નબીજીને આખી, સો સુન સુન લિખકર યાદ હય રાખી...૪
સુનો એક આલિમ અયસા હય કેહતા, સો જયસા નેનૂ વે દેખ હય લેતા...૫
સુનો વે થા સાલેહ મરદ કેહલાતા, કભી ઝૂઠી રે બાત ના જીભે થા લાતા...૬
સુનો ઓને તો અયસા હય રે આખા, સો જયસા રે દેખા વેસા કેહકર દાખા...૭
કહયા મંય થી જાતા રાહામાં એક દંના, અને બાસા તો રહયા મંય ડેરેકે મેના...૮
ઉસ ડેરે માંહે રહેતા થા રે એક રાહી, ઉસ પાસ રાતકુ રહયા ખબર બતાહી...૯
તબ રાતકૂ આવાઝ ભૂંડા રે સુનાયા, કે આવાઝ રે સુનાતે ડર મનકુ લગાયા...૧૦
અયસા આવાઝ તો રાતકૂ બહોત સુનીયા કાના, તબ આલમને ડર કર મન અજબ રે આના...૧૧
તબ રાહીકૂ આલિમને પૂછી ઉસકી બાતી, એ સુન સુન મૂમિન કહયા દિન અવર રાતી...૧૨

રે તુંહી.

લાઉબાલી દરગાહ રબકી, સુન લે મનકે હેત રે, સુન લે મનકે હેત;
મૂએ બાઝ જો પછતાયસી, તો ઘર થી બેલા ચેત રે, તો ઘર થી બેલા ચેત.

## સમજુતિ : બયાન : ૧૦૪૩/૧૧૧

**પીર મશાયખ (રહે.) કહે છે :**

નબી (સ.અ.વ.) ની એક હદીષ છે કે હઝ. અલી શેરેખુદા (રઝી.) નો કાતિલ (ખૂની) હંમેશાં અઝાબમાં રહેશે. તે વાત દુનિયાથી છાની નથી. એક

**સાચા બોલો સાલેહ (નેક) માણસ હતો તે તેની આંખે દેખ્યો હેવાલ બયાન કરે છે કે તે એક વાર સફર (મુસાફરી) માં હતો તો તેણે એક રાહીબ (ઈસાઈ તપિયો) જે ઘરમાં રહેતો હતો ત્યાં રોકાયો. તે સાલેહ માણસને રાતે ઘણો ભુંડો અવાજ સંભળાતો હતો, જેનાથીતે ડર્યો, અને તે વિષે તેણે તે રાહિબથી પૂછયું. પીર મશાયાખ (રહે.) કહે છે કે તમે સાંભળી લો કે અલ્લાહ જે બેપરવાહ છે, મર્યા પછી પછતાશો, તો સવેળા ચેતો. (વધુ બયાન નં. ૧૦૪૪/૧૧૨ માં)**

## બયાન : ૧૦૪૪-૧૧૨

તબ તપીએકુ આલિમને પૂછી રે બાતી, સો ડેરે માંહે બાસા થા રહયા રે રાતી...૧
કહયા આવાઝ હય અયસા ભૂંડા રે સુનાતા, એ સુનતે મુજકુ ડર હૈ લગાતા...૨
તબ રાહીને કહયા દેખ તેરી તૂ નેના, સો મૂંડી રે નિકાલ કર ઈસ દરવાઝે મેના...૩
તબ ઉસમાં નઝર જબ હય કરાઈ, તબ અયસી રે રીત ઉસે નઝરૂ આઈ...૪
કે પરંદેને આવકર એક આદમી ઉચાયા, કે ઉડતા જનાવર પરંદા કેહલાયા...૫
ઉસે લે કર ચડીયા આસમાન તાંઈ, સો ગુસ્સે હો સેતી કુછ દયા રે ના આઈ...૬
સો વાંથી લે કર ઉસકુ ડલાયા, સો ભૂ માંહે ડાલ કર માર ભૂકા રે કરાયા...૭
સો ચીસાં ને ચિરાડાં ઓને ગિરતે પઢાઈ, ઉસહી રીતે આલમકે નઝરૂં આઈ...૮
દુજે મુરગને આવ કર ખાક ઉસકુ ડલાઈ, ઉસે ધુલ રે ડાલ કર જૂં ગોર રે કરાઈ...૯
ભી દુજે જનાવર, આવ ઉસકુ ઉચાયા, સો પેહલી હો રીતે લે પકડ ઉડાયા...૧૦
ભી આસમાન તાંઈ લે જાને ગિરાયા, સો ભી ઉસે ભાન કર ભુકા રે કરાયા...૧૧
એ આલમકી નઝરૂં સબ રે દેખાયા, તબ ડરને ઈતના મન માંહે લાયા...૧૨
રે તુંહી.

જાનવર પકડ ઉચાય કર, ડાલતા ઝમીં માંહે રે, ડાલતા ઝમીં માંહે;
યું થા અઝાબ પાયતા, ઈસ જગકે માંહે રે, ઈસ જગકે માંહા.

## સમજુતિ : બયાન : ૧૦૪૪/૧૧૨

**પછી તે આલીમે તે રાહીબ (તપિયા) ને પુછયું કે રાતે જે ભુંડો અવાજ આવતો હતો તે શેનો હતો ? તે રાહિબે તે આલીમને તેના રોકાણના ઘરને લાગેલ ઘરના દરવાજામાંથી તે ઘરમાં જોવા કહ્યું. જ્યારે તે આલીમે તે દરવાજાથી નજર નાંખી તો જોયું કે એક પરીંદુ (પક્ષી) એક આદમીને ગુસ્સાથી લઈને**

જમીન ઉપરથી આસમાન (આકાશ) સુધી ચડ્યું અને પછી તેને જમીન ઉપર પટક્યો અને તેના ભુક્કા કરી નાંખ્યા, જેના દરદથી તે ચીસો પાડતો હતો. પછી બીજા પક્ષીએ આવીને તેની ઉપર જેમ કબર ઉપર માટી નાંખવામાં આવી તેમ તેની ઉપર માટી નાંખી. પછી તે બીજા જાનવરે ફરીથી તેને અગાઉની જેમ આસમાન સુધી ઉંચકીને નીચે પટક્યો અને તેના ભુક્કા કરી દીધા. (વધુ બયાન નં. ૧૦૪૫/૧૧૩ માં)

## બયાન : ૧૦૪૫-૧૧૩

તબ આલિમને ઉસકુ પૂછના કીતા, જે પરંદેસા જનાવર નઝરૂ રે લીતા...૧
કે કૌન હય તેરા તૂ કેહને નામા, કિસ કાજ તૂ અયસા હય કરતા કામા...૨
તબ મંય હું ફરિશ્તા ઓને કહયા રે ઈલાહી, ઉન જનાવરે આલિમકુ અયસી ખબર બતાહી...૩
સો ઈસકે ઉપર રબે મુજે હય ભેજાયા, સો અઝાબકી ખાતિર ઓને રે બતાયા...૪
કે મુરતઝા અલીકા એ મારનાર કહીએ, ઉસ કાજ એ અઝાબ ઈસે હોવે રે લહીએ...૫
અને વે ભી જબ થા ઝમીં પર સોતા, તબ શોર તો ઈતના પાડ ચીસાં રે રોતા...૬
કે મુઝીકા મંય કીયા હય કામા, અબૂતાલિબકે બેટેસૂં, યું કેહતા થા નામા...૭
અબૂતાલિબકે બેટેસૂં બુરા કીયા મંય કામા, યું ચીસાં પાડ પાડ વે લેતા થા નામા...૮
અને નૂરીને ભી વયસી ખબર બતાહી, તબ આલિમને સહી કર એ બાત રે પાહી...૯
કહયા કિયામત તક યું કરેગા અઝાબા, કહયા નૂરી એ સુનીયા આલિમે શિતાબા...૧૦
એ સુન સુનબાતી સહી કર લીજે, અને એક કર રબકૂ મન ઈતના દીજે...૧૧
રે તુંહી.

અલી પર ઘાવ જેને ડાલીયા, કરે નૂરી ઉસે અઝાબરે, કરે નૂરી ઉસે અઝાબ;
કિયામત તક પોંચે સહી, નાંહી પાસી જુવાબ રે, નાંહી પાસી જુવાબ.

## સમજુતિ : બયાન : ૧૦૪૫/૧૧૩

પછી તે આલીમે તે પરીંદા (પક્ષી) ને પુછયું કે તે કોણ છે અને આવું કેમ કરે છે ? તેણે જવાબ દીધો કે તે ફરિશ્તો છે, અને હઝ. અલી શેરેખુદા (રઝી.) ના કાતિલ (ખુની) ને આ રીતે અઝાબ દઈ રહ્યો છે. જ્યારે તે માણસ જ્યારે આસમાનથી નીચે પટકાતો હતો તો ચીસો પાડતો પાડતો કહેતો હતો કે

"હે અબુ તાલીબના બેટા" (હઝ. અલી શેરેખુદા) મેં ખોટું કામ કર્યું છે. ફરિશ્તાએ કહ્યું કે આ જ રીતે તે માણસને કયામત સુધી અજાબ થતો રહેશે.

(નોંધ : બનાવ માટે બયાન નં. ૯૮૨/૫૦ નીચેની નોંધ જુઓ)

## બયાન : ૧૦૪૬-૧૧૪

## અસ્હાબોથી દોસ્તી, ઉમ્હાતુલ મુઅમેનીન અને એહલે બયતથી મુહબ્બત રાખનારનો રૂતબો

સુનો અબ્બાસ રઝીઅલ્લાહ અનહો હંય કેહતે, જયસી હદીસ નબીજીસૂં સુન હય લેતે...૧

સો ફરમૂદા અપને નબીજી હો કેરા, હય ઉસે અબ્બાસ યાદ રાખ હંય કેહતે સવેરા...૨

કહયા મેરે અસહાબોંસૂં જે દોસ્તી રે જાને, અને ઉમ્મેહાત મૂમિનીનસૂં નેહ મન આને...૩

અને એહલ રે બૈતસૂં કરસી નેહા, સહી ઓનૂકા નેહ જે રાખે રે દેહા...૪

અને ઓનૂકી ઝાતી દુનિઆંથી જાવે, તો આખિર અમન વે સહી રે પાવે...૫

અને વે તો હોવેગા મેરે રે પાસા, એ ફરમૂદા નબીકા તમ બૂઝીઓ ખાસા...૬

અને મરતબા ઉસકુ હોવે કિયામત દંના, એ ફરમૂદા નબીકા સુન રાખીઓ મંના...૭

કે કિયામત દિન જબ રે આવે, વે મેરે રે પાસ અજર રે પાવે...૮

એ ફરમૂદા અપને નબીજી હો કેરા, તમ સુન સુન મનમાં દીજીઓ સવેરા...૯

એ દીન કેરે ભાઈ હય નસીહત સુનની, સો નેહ હો સેતી સુન મન માંહે ધરની...૧૦

એ સુન સુન બાતી પાક કરો આપ ઝાતી, અને એક કર કહો દિન અવર રાતી...૧૧

રે તુંહી.

ફરમૂદા અપને નબીફા, નિત દેના હય ચિંત રે, નિત દેના હય ચિંત;
મૂમિનકુ ચિંતા દીનકી, ગાફિલ સદાએ નચિંત રે, ગાફિલ સદાએ નચિંત.

## સમજુતિ : બયાન : ૧૦૪૬/૧૧૪

હઝ. અબ્બાસ (રઝી.) નબી (સ.અ.વ.) થી સાંભળેલી હદીષ બયાન કરે છે કે નબી (સ.અ.વ.) એ કહ્યું : "મારા અસ્હાબોથી જે દોસ્તી રાખે, ઉમ્હાતુલ મુઅમીનીન (નબી સ.અ.વ.) ની પવિત્ર પત્નીઓ જેઓ મુઅમીનોની માંઓ છે તેમનાથી જે દિલથી મુહબ્બત રાખે, તે જ્યારે દુનિયાથી રૂખસત (રવાના) થશે ત્યારે મારી નજીક હશે, અને

મારી પાસેથી સારો અજર (બદલો) પામશે."

પીર મશાયખ (રહે.) કહે છે કે, તમે પ્રેમથી મારી નસીહત (શીખામણ) સાંભળો, અને પોતાને પાક રાખો અને રાત-દિન કહો... રે તુહી...

નોંધ : આ હદીષ નબી (સ.અ.વ.) ની બધી જ પત્નીઓ વિષે છે. કોઈ એકને બાકાત રાખનાર આ હદીષ વિરૂદ્ધ વરતે છે અને તેથી તે નબી (સ.અ.વ.) ની નજીક નહી હોય.

## બયાન : ૧૦૪૭-૧૧૫

# ખેમા (તંબુ) વાળાઓનો દોસ્તએ નબી (સ.અ.વ.) નો દોસ્ત, અને તેમનો દુશ્મન એ નબી (સ.અ.વ.) નો દુશ્મન

સુનો ફસલુલ ખિતાબ હય કિતાબકા નામા, કે અયસા હય લિખીયા ઉસહી ઠામા...૧
અબૂબકર સિદ્દીક રઝીઅલ્લાહ અનહો કહીએ, ભી અમીરૂલ મૂમિનીન ઓનૂ નામસૂં લહીએ...૨
એ અપને નબીકી હદીસ હંય કેહતે, સો જું હંય નબીસૂં સુનકર લેતે...૩
ઓનૂ દેખે નબીજી થે ખેમેકે માંહા, નામ ખેમેસૂ તંબૂં બૂઝો અવર કુછ નાંહા...૪
અને અલી ને ફાતમા થે ભી ખેમેમાં જાનો, અને હસન ને હુસૈન એ ભી થે રે પિછાનો...૫
રઝીઅલ્લાહ અનહુમ ઓનૂકુ કહીએ, સો નામ રે ઓનૂકા જબ સુન કર લહીએ...૬
કહયા સાલેહ મેરી ઉસકે તંના, એ મુસલમાન સુન રાખો રે મંના...૭
ઈસ ખેમેકી અહલકી જો હૈ સુલેહકે માંહા, કે ગુસ્સા તો મનમાં લાવે રે નાંહા...૮
અને મેરી ઉસસું હય રે જંગાઈ, જે અહલ રે ખેમેસૂં કરેગા લડાઈ...૯
અને વે હય દોસ્ત મેરા રે કેહલાતા, જે અહલ ખેમેસૂં હય દોસ્તી ચાહતા...૧૦
જે હોવે નેક બખ્ત અનૂ દોસ્તી રાખે, અને દુશમની બદ બખ્ત દિલસૂં આખે...૧૧
એ ફરમૂદા અપને સુનો નબીજી હો કેરા, સિદ્દીક અકબર હંય કેહતે સુનીઓ સવેરા...૧૨
એ નેહસૂઃ સુનની નસીહત બાતી, અને એક કર કહો દિન અવર રાતી...૧૩
રે તુંહી.

હસન હુસૈન બીબી ફાતમા, અલી થે ખેમે ઠામ રે, અલી થે ખેમે ઠામ;
તબ નબીજીને આપ ફરમાહીયા, લે લે ખેમા નામ રે, લે લે ખેમા નામ.

## સમજુતિ : બયાન : ૧૦૪૭/૧૧૫

'ફસસુલ ખિતાબ' માં અમીરૂલ મુઅમીનીન અબૂબકર સીદીક (રઝી.) થી રિવાયત થયેલ હદીષ લખાયેલી છે કે એક દિવસ નબી (સ.અ.વ.) ખેમાં (તંબુ) માં હતા અને સાથે હઝ. અલી શેરેખુદા (રઝી.) અને હઝ. ફાતિમા (રઝી.), હઝ. હસન અને હઝ. હુસૈન (રઝી.) પણ સાથે હતા. તે વખતે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું : "મારો સાલેહ (શારિરીક અંશ) તેમનામાં છે, જે કોઈ આ ખેમા (તંબુ) ની અંદર છે તેમની સાથે કડવાશ રાખશે નહિ રાખે અને તેઓની ઉપર સારો ભાવ રાખશે, અને તેઓથી લડાઈ નહિ કરે તે મારો દોસ્ત છે, અને જે કોઈ તેઓથી અદાવત રાખશે અને તેઓથી લડાઈ કરશે તે મારો દુશ્મન છે." (વધુ બયાન નં. ૧૦૪૮/૧૧૬ માં)

## બયાન : ૧૦૪૮-૧૧૬

સુનો નબીજીકી હદીસ અયસી હય રે સુનાઈ, પણ કિતાબ હો કેરી મંચ ખબર ના પાઈ...૧
અને રાવી ભી કેરા મંચ બૂઝા નાહી નામા, નાંહિ બૂઝતા કે લિખી એ હય કિસ કિતાબકે ઠામા...૨
કહયા દોસ્તી આલમ હય મરદ કેરી, એ પુલ સિરાતકા ચલના હય સુનીઓ સવેરી...૩
કે એ હુઆ સબબ રાહા હો કેરા, સો પુલ સિરાત નામસૂં બૂઝીઓ સવેરા...૪
ભી હદીસ અપને નબીજી હો કેરી, સો સુન મનમાં તમ દીજીઓ સવેરી...૫
કહયા દોસ્ત રાખે મુજકુ અને હસન હુસૈના, ભી અલી ફાતમાસૂં નેહ કર રે મંના...૬
વે કિયામત દિન રેહવે મેરે રે પાસા, એ ફરમૂદા નબીકા સુનો રે ખાસા...૭
સુનો દિન કેરે ભાઈ એ કાન ધર સુનના, એ ક તિલ જેતી ગફલત મન ના ધરના...૮
દુની હય રે રેહના સફરકી રીતા, તો નબીજીકે દીનસૂં નિત કરો રે પીતા...૯
અને દીન તો કિતાબૂં કેરે રે માંહા, વે દેખે સુને બના પાવે રે નાંહા...૧૦
તો નિસદિન સુનની હય દીનકી બાતી, કે સુનતે પાક હોવે રે ઝાતી...૧૧
જો સુને બિના મૂમિન રે હોતે, તો જગ માંહે કાફિર ના કોઈ રેહતે...૧૨
એ નસીહત સુનકર મન હય ધરની, અને એક કર ઈતની મન ચિંતા હય કરની...૧૩

રે તુંહી.

ગાફિલ દીન તો પાયસી, જો સુનસી દીનકી બાત, જો સુનસી દીનકી બાત;
સુને બિના હોતે મૂમિના, તો ના રેતી કાફિર ઝાત રે, તો ના રેતી કાફિર ઝાત.

## સમજુતિ : બયાન : ૧૦૪૮/૧૧૬

પીર મશાયખ (રહે.) લખે છે કે તેમણે નબી (સ.અ.વ.) ની એક હદીષ સાંભળી છે, ખબર નથી તેના રાવી (વર્ણન કરનાર) કોણ છે અને તે કઈ કિતાબમાં લખાયેલી છે; કે નબી (સ.અ.વ.) કહે છે જે કોઈ મરદ (માણસ) પૂલસિરાત ઉપર આસાની (સરળતાથી) પસાર થઈ જશે તેની સાથે નબી (સ.અ.વ.) ની દોસ્તી જણાઈ આવશે. આપ (સ.અ.વ.) કહ્યું : "જે કોઈ મારાથી, હસન (રઝી.) થી, હુસૈન (રઝી.) થી, હઝ. અલી શેરેખુદા (રઝી.) અને હઝ. ફાતિમા (રહે.) થી દોસ્તી રાખશે તે કયામતને દિવસે મારાથી નજીક હશે."

નોંધ : તેઓના નામ ઉપર નબી (સ.અ.વ.) ના દીનથી વિરૂદ્ધની બિદઅતો આચરવી તે તેમની દોસ્તી નથી.

પીર મશાયખ (રહે.) કહે છે કે મારા દીનના ભાઈઓ, તમે નબી (સ.અ.વ.) ની હદીષોને કાનધરી સાંભળો, આ દુનિયાને એક મુસાફરી ગણો અને નબી (સ.અ.વ.) ના દીનથી હંમેશા પ્રેમ રાખો. કિતાબોમાં લખાયેલું છે તેને જોયા વિના અને તેને સાંભળ્યા વિના તમારામાં દીન આવશે નહિ. તમે દીનની વાતો સાંભળતા રહો તો તમારામાં દીન આવશે. તમે તમારી જાતને પાક કરો.

જો સાંભળ્યા વિના દીન આવતું તો બધા કાફર આપોઆપ મુસલમાન થઈ જતા. માટે તમે તમારા દીનની ચિંતા કરો અને રાત-દીન કહો... રે તુંહી...

નોંધ : મશાયખી મોમીન વાંચક જો ઈલ્મ લીધા વગરનો હોય, પણ જો પીર મશાયખ (રહે.) ની કિતાબો વાંચી સાંભળીને તેની ઉપર અમલ કરશો તો તે બદદીન નહિ રહે, એટલું જરૂરી ઈલ્મ તેમણે આપ્યું છે.

## બયાન : ૧૦૪૯-૧૧૭

## હ. પીર મશાયખ (રહ.) એ ચાર યારી બની રહેવા માંગેલ દુઆ.

બખ્શ તૂ ઈલાહી સુરીજનહારા, હય બંદા આસી તેરા રે બિચારા...૧

પણ તેરે રે કરમસૂં હોવે રે સકાહી, તૂ કરમ તો તેરા કર બંદેકુ ઈલાહી...૨

સો દોસ્તી ખાતિમ નબીજી હો કેરી, તૂ કરમકી નઝર કર ખાલિક રે સવેંરી...૩
હય ઉમ્મેદ કે તવફીક નેક રે આવે, કે ચાર ચારી મૂમિન બંદા રે કેહલાવે...૪
કે "ખુલફાએ રાશેદીન" કેરા નેહ રે આવે, અને સિફત ઓનૂકી નિત દિલ માંહે લાહે...૫
યું ચાતા હય બંદા તેરે કરમસૂં સાંહી, કે ખતરા દિલમાં આવે રે નાંહી...૬
ભી હય જે ટોલે દુરીજનો કેરે, રબ પનાહ માંહે ઓનૂથી તૂ રાખીઓ સવેરે...૭
જે રાફઝી કેહલાતે હંય જગ માંહા, કે શેખેનકી ખૂબી ઓનૂ ભાવે રે નાંહા...૮
ઓનૂ ટોલેથી પનાહ તૂ દીજીઓ ઈલાહી, કે સાફ હોવે દિલ ના આવે ગુમરાહી...૯
ભી ખારજી ટોલા હય જે કેહલાતા, કે ખુતનૂ સેતી નાંહે નેહ રે લગાતા...૧૦
ઈસ ટોલેથી ભી પનાહમા રબ રાખીઓ સવેરી, જો નબીજીકી દોસ્તી દુઆ કબૂલને મેરી...૧૧
જું રઝામંદી તેરી વૈસી તો કાફિર આવે, તૂ ઈમાનસૂં મારે દિલ ઈતના ચાવે...૧૨
રે તુંહી.

આકેબત કીજીઓ ખયર તૂ, સાહિબ તૂ સત્તાર રે, સાહિબ તૂ સત્તાર;
સો દોસ્તી ખાતિમ નબીકી, ભી ઓનૂકે ચારોં ચાર રે, ભી ઓનૂકે ચારોં ચાર.

## સમજુતિ : બયાન : ૧૦૪૯/૧૧૭

**પીર મશાયખ (રહે.) દુઆ માંગે છે :**

**"ઈલાહી (હે મારા અલ્લાહ) ! તું ખાલીક (સરજનહાર) છે અને હું તારો બેચારાહ (લાચાર) બંદો છું અને તારા કરમ (મહેરબાની) થી હું સકાહી (સંતોષી) થઈ શકું ? તું મારી ઉપર કરમ કર, રહેમ કર અને મને ખાતેમુન્નબી મુહંમદ (સ.અ.વ.) ની દોસ્તી (મોહબ્બત) નસીબ કર."**

**"ઈલાહી ! તું મને એવી તૌફીક આપકે 'ચારે ખુલફાએ રાશેદીન' ઉપર મને ભાવ ઉપજે અને તેઓની ફઝીલત (શ્રેષ્ઠત) મારા દિલમાં વસે, અને તેઓની ઉપર મારા દિલમાં જરા સરખી પણ કડવાશ (ખતરો) ન આવે."**

**"ઈલાહી ! જેટલા બદ અખલાક લોકો છે તેઓથી તું મને તારી પનાહ (આશરા) માં રાખ, મારા દિલને પાક કર અને મને ગુમરાહીથી દૂર રાખ."**

**ખારજીઓએ નબી (સ.અ.વ.) ના ખુતુન (જમાઈઓ) હઝ. ઉસ્માન અને**

હઝ. અલી (રઝી.) થી દુશ્મની રાખે છે, તો તે ટોળાથી પણ તું મને તારી પનાહમાં રાખ, અને મારી દુઆને મુહબ્બતે નબી (સ.અ.વ.) ના સદકામાં કબુલ કર, અને મને ઈમાન પર મૌત આપ. મારા અલ્લાહ તું મારી આખીરત ખેર કર. તું સાહેબ સત્તાર (એબ ઉપર પરદો નાખનાર) છે. તું મને નબી (સ.અ.વ.) અને તેમના ચાર યારીઓની દોસ્તી નસીબ કર.

# ૧૦૪૯-૧૧૭ અ.

## પેહલ

દીનકે ભાઈ એ સુન સુન લીજે રે,
ખાલિક એક કર ચંતમાં દીજે રે.
ખાતિમ નબી હય સહી હમારે રે,
હબીબ નામ રબકે પિચારે રે.
એ સહી નબી મોહંમદ નામા રે,
કિયામત દિન શફાઅત ઠામા રે.
હુકમ અનૂકા સિર ઘર લીજે રે,
મૂમિન ખાસે હોને કહીજે રે.
સુન સુન દીન કેરી નિત બાતી રે,

## સમજુતિ : બયાન : ૧૦૪૯/૧૧૭ અ

દીનના ભાઈ સાંભળ ! અલ્લાહને એક અને ઈબાદતને લાયક જાણ, અને નબી (સ.અ.વ.) ને અલ્લાહના રસૂલ જાણ. મુહંમદ (સ.અ.વ.) કયામતને દિવસે શીફાઅત કરશે. તેમના હુકમો માથે ચડાવો અને મોમીન બની રહો.

# હૃદય સ્પર્શી નસીહત

સુન સુનકર હકીકત બુઝતે, હોવે ચતુર સુજાન,

સુને બના જે મુરખા, સોકર હુવા નાદાન રે,

(સાંભળથી વાસ્તવિક વાત સમજમાં આવે છે, અને માણસ સજાગ થાય છે. જે સાંભળતો જ નથી તે જાગતો નાદાન છે. (મકતુલનામા, ભાગ-૨, બયાન નં. ૫૪૭/૨૪૦)

---

શેખ સઅદી કહે છે કે, હુમા (રાજહંસ) માટે કહેવત છે કે જેની ઉપર તેનો છાયો પડે તે રાજા બને, જેથી તેને બધા ચાહે છે. ઘુવડ (ઉલ્લુ) પણ એક પક્ષી છે, પણ તેનાથી બધા દૂર નાસે છે. મુનાફીક મુમનો તમે ઘુંટાઈ ઘુંટાઈને મરો અને ઘૂવડ પાસે જ રહો. (મકતુલનામા, ભાગ-૨, બયાન નં. ૫૭૩/૨૬૬)

---

શમ્સુલ હકના ઘણાં બેટાઓ કપૂત પાક્યા. બાપની રીત છોડી દુનિયા કમાવા આડે રસ્તે ગયા. (મકતુલનામા, ભાગ-૨, બયાન નં. ૫૭૪/૨૬૭), તમે મને સૈયદ મશાયખ કહી પ્રેમથી બોલાવતા હતા, અને હવે તમે મારાથી કતરાઓ છો. મારો વાંક એ છે કે તમને હક વાત ગળે ઉતરતી નથી. (મકતુલનામા, ભાગ-૨, બયાન નં. ૫૮૮/૨૮૧) મિશ્કાત કિતાબમાં હદીષ છે કે સદીને છેડે અલ્લાહ મુજદ્દીદ પેદા કરે છે, જે સુનનત જીવીત કરે છે, તેમ મને અલ્લાહે અગીયારમી હીજરી સદીને છેડે મુજદ્દીદ બનાવ્યો છે. (મકતુલનામા, ભાગ-૨, બયાન નં. ૫૯૨/ ૨૮૫)

# ખિલાફતકાળ દર્શાવતો કોઠો

| અ.નં. | ખલીફા (રઝી.) | ખિલાફત કાળ | | |
|---|---|---|---|---|
| | | વરસ | માસ | દિવસ |
| ૧. | હઝરત અબૂબકર સિદ્દીક (રઝી.) | ૦૨ | ૦૩ | ૦૭ |
| ૨. | હઝરત ઉમર ખત્તાબ (રઝી.) | ૧૦ | ૦૬ | ૦૦ |
| ૩. | હઝરત ઉસ્માન ગની (રઝી.) | ૧૧ | ૧૧ | ૦૯ |
| ૪. | હઝરત અલી શેરેખુદા (રઝી.) | ૦૪ | ૦૯ | ૦૦ |
| ૫. | હઝરત ઈમામ હસન (રઝી.) લગભગ | - | ૦૬ | ૦૦ |
| | કુલ | ૨૯ | ૧૧ | ૧૬ |

પહેલા ત્રણ ખલીફા (રઝી.) ની ખિલાફત કુલ મળીને ૨૫ વરસ અને ૧૬ દિવસની છે, અને હઝ. અલી શેરેખુદા (રઝી.) ની ખિલાફત ૪ વરસ અને ૯ માસની છે. આમ કુલ મળીને ૨૯ વરસ ૫ માસ અને ૧૬ દિવસનો ખિલાફત કાળ છે. પાંચમા ખલીફા હઝરત ઈમામ હસન (રઝી.) જેમણે લગભગ ૬ માસ પછી સ્વૈચ્છાએ ખીલાફત હઝ. મુઆવીયાહ (રઝી.) ની તરફેણમાં છોડી દીધી હતી. આમ, નીચે દર્શાવેલી હદીષ મુજબ ૩૦ વરસ પૂરા થાય છે.

**૩૦ વરસની ખિલાફતની આગાહી :**

નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, તેમની પછી ૩૦ વરસ ખિલાફત ચાલશે, પછી બાદશાહી આવશે. (મોં'ઝીજાત : બયાન નમં. ૭૮૩/૧૩૧)

# -: પરિશિષ્ઠ-૧ :-

નબી (સ.અ.વ.) ના ખુલફા-એ-રાશીદીન સાથેના સગાઈ સંબંધો, અને ખુલફા-એ-રાશીદીન તથા તેમની ઓલાદમાં આપસી સગાઈ સંબંધો અને રખાયેલાં નામો :

નીચે આપેલા નકશાઓ ઉપર સમજદારીથી ચિંતન કરો, ગેરસમજ દૂર કરો અને મુસ્લિમ એકતા તરફ આવો.

## નકશો :- ૧



નોંધ :-

(૧) નબી (સ.અ.વ.) ને ચાર બેટીઓ અને ચાર બેટાઓ તાહીર, તૈયબ, કાસીમ અને ઈબ્રાહીમ હતા. ચાર બેટીઓ અને ત્રણ બેટાઓ હઝ. ખદીજા (રઝી.) થી થયા હતા, અને એક ચોથા બેટા ઈબ્રાહીમ આપની બાંદી મારિયા કિબ્તીયાહથી થયા હતા. આ બધા બેટાઓ દુધ પીતી ઉમરમાં જ ગુજરી ગયા હતા. (ગીરદીયાહ : બયાન નં. ૬૩૮/૧૦૪ અને ૬૩૯/૧૦૫)

(૨) ઉપરની આ 'O' નિશાનીઓ જુઓ : નબી (સ.અ.વ.) નાં બેટી રૂકૈયાના નિકાહ પ્રથમ અબુ લહબના બેટા ઉતબાથી થયા હતા. 'તબ્બતયદા' સુરહ નાજીલ થવાથી તેણે તેમને તલાક આપી હતી, પછી તેમના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) થી થયા હતા. તેમના ગુજરી જવા પછી આપ (સ.અ.વ.) ની બીજી બેટી ઉમ્મ કુલસુમના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) સાથે થયા હતા. આ બીજી બેટીના પ્રથમ નિકાહ અબુલહબના બીજા બેટા ઉતયબાથી થયા હતા. તેમને પણ તેણે સુરહ ઉપરોક્ત સુરહ નાજીલ થવા વખતે તલાક આપી હતી. આમ, અબુલહબના બે બેટાઓએ નબીની બેટીઓને તલાક આપી હતી. (મકતુલનામા ભાગ-૨, બયાન નં. ૫૩૮/૨૩૧ અને ગીરદીયાહ બયાન નં. ૬૪૯/૧૧૫ અને ૬૫૦/૧૧૬) નબી (સ.અ.વ.) એ કહ્યું કે, જો તેમને ત્રીજી બેટી હોત તો તે પણ હઝ. ઉસ્માન (રઝી.) ના નિકાહમાં આપી હોત. (ગીરદીયાહ : બયાન નં. ૬૫૨/૧૧૮)

(૩) આપની ત્રીજી બેટી ઝૈનબ (રઝી.) ના નિકાહ અબુલઆસ (રઝી.) થી થયા હતા.

(૪) ઉપરની આ '▼' નિશાની જુઓ : હઝ. ફાતિમા (રઝી.) ના નિકાહ હઝ. અલી ઈબ્ને અબુતાલીબ (રઝી.) થી થયા હતા. (મકતુલનામા ભાગ-૨, બયાન નં. ૨૩૧)

(૫) હઝ. ઉસ્માન (રઝી.) બનુ ઉમૈયામાંથી, અને નબી (સ.અ.વ.) બનુ હાશિમમાંથી છે.

(૬) ઉપરની સગાઈઓ મુજબ હઝ. ઉસ્માન (રઝી.) અને હઝ. અલી (રઝી.) એક જ સમયે નબી (સ.અ.વ.) ની હયાતીમાં સાઢુ ભાઈઓ હતા.

(૭) ઉપરની આ □ નિશાની જુઓ : હઝ. મુઆવીય્યાહ (રઝી.) નાં સગાં બહેન ઉમ્મહબીબા નબી (સ.અ.વ.) ના નિકાહમાં હતાં અને તે નિકાહ હઝ. ઉસ્માને (રઝી.) એ પઢાવ્યા હતા. (ગીરદીયાહ : બયાન નં. ૯૭), અને આપ મોમીનોની 'માં' બન્યાં હતાં. (સુરહ અહઝાબ, આયતો નં. ૬ અને ૩૩)

(૮) ઉપરની આ ☆ નિશાની જુઓ : હઝ. ઉસ્માન (રઝી.) નાં 'માં' "અરવા" એ નબી (સ.અ.વ.) નાં સગા ફોઈ હતાં. (ગીરદીયાહ : બયાન નં. ૬૩૩/૯૯ અને વિસાલતનામા : બયાન નં. ૭૮૮/૮)

(૯) હઝ. મહેરહુસેન સાહેબે હિદાયતનામાનાં બયાન નં. ૧૯માં 'મિશ્કાત શરીફ' ને માન્યતા આપી છે, અને બયાનો નં. ૩૯ અને ૯૯ માં હઝ. ઈબ્ને ઉમર (રઝી.) થી રિવાયત થયેલ હદીષ લીધી છે. તેથી તેમના દિલમાં હઝ. ઉમર (રઝી.) ઉપર કોઈ ખટકો નહતો.

આજ મિશ્કાત શરીફમાંથી સંક્ષિપ્ત હદીષો પરિશિષ્ઠ આઠ (૮) માં આપી છે. જ્ઞાન વાંચ્છુઓ મિશ્કાત શરીફને વાંચશે તો તેમને વધુ સમજ આવશે.

# નકશો : ૧ (અ)




નોંધ : આ રીતે નબી (સ.અ.વ.) ને અગીયાર કાકાઓ હતા તથા છ ફોઈઓ પણ હતી. (ગીરદીયાહ : બયાન નં. ૭૮૧/૧ થી ૭૮૮/૮)

## નકશો : ૨

### સૈયદહ હઝ. ફાતિમા (રઝી.) ને હઝ. અલી (રઝી.) થકી થયેલ ઓલાદ

| હઝ. હસન (રઝી.) | હઝ. ઈમામ હુસૈન (રઝી.) | હઝ. સૈય્યદહ ઉમ્મકુલસુમ (બીજાં) □ |
|---|---|---|

**નોંધ :-**

(૧) ઉપરની □ નિશાની જુઓ. હઝ. ફાતિમા (રઝી.) નાં બેટી હઝ. સૈય્યદહ ઉમ્મકુલસુમ (બીજાં) ના નિકાહ હઝ. ઉમર (રઝી.) ની સાથે થયા હતા, અને તેવણથી તેમને એક 'ઝૈદ' નામી બેટાનો જન્મ થયો હતો. (ગીરદીયાહ : બયાન નં. ૬૪૭/૧૧૩)

(૨) આ રીતે હઝ. અલી (રઝી.) અને હઝ. ઉમર (રઝી.) સસરા જમાઈ હતા.

(૩) હઝ. ઉમર (રઝી.) ની શહીદી પછી હઝ. ઉમ્મકુલસુમ (બીજાં) ના નિકાહ હઝ. જાઅફરે તૈયારના બેટા અવનથી થયા હતા. અવનની વફાત પછી તેમના નિકાહ મહંમદ બિન જાફરથી થયા હતા. તેમની વફાત પછી તેમના નિકાહ અબ્દુલ્લાહ બિન જાફરથી થયા હતા. (ગીરદીયાહ : બયાન નં. ૬૪૭/૧૧૩)

## -: પરિશિષ્ઠ-૨ :-

જંગેજમલ, જંગે સીફ્ફીન અને વાકએઆએ કરબલા પછી પણ ખુલફા-એ-રાશેદીનની ઓલાદમાં આપસી સગાઈ સંબંધો અને રખાયેલા નામો :

### નકશો : ૩

હઝ. ઈમામ હસન (રઝી.)
- હઝ. નફીસા □

હઝ. ઈમામ હુસૈન (રઝી.)
- હઝ. ફાતિમા (બીજાં) ☆
- હઝ. સકીના △

**નોંધ :**

(૧) ઉપરની આ ☆ નિશાની જુઓ : હઝ. ફાતિમા (બીજાં) / (ફાતિમા બિન્તે હુસૈન (રઝી.)) ના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) ના પૌત્ર મુહંમદ [મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન ઉસ્માન] સાથે થયા હતા. [નહજુલ બલાગા તારીખ કે આઈને મેં]

(૨) ઉપરની △ ની નિશાની જુઓ : હઝ. સકીના બિન્તે હુસૈનના નિકાહ હઝ. ઉસ્માન (રઝી.) ના પૌત્ર 'અમર' સાથે થયા હતા, અને તેવણના બીજા નિકાહ ઉમય્યા ખાનદાનના 'મરવાન' ના પૌત્ર અસ્બગ (અસ્બગ બિન અબ્દુલ અઝીઝ બિન મરવાન) સાથે થયા હતા, પણ પાછળથી તલાક થઈ ગઈ હતી. [નહજુલ બલાગા તારીખ કે આઈને મેં]

(૩) ઉપરની આ □ નિશાની જુઓ : ઈમામ હસન (રઝી.) નાં બેટી નફીસાના નિકાહ ઉમૈયા ખાનદાનના ખલીફા વલીદ બિન અબ્દુલ મલિક સાથે થયા હતા. [નહજુલ બલાગા તારીખ કે આઈને મેં]

## નકશો : ૪

અબુતાલીબ

|

હઝ. જાઅફરે તૈયાર (રઝી.)

|

અબ્દુલ્લાહ
□□□

**નોંધ :-**

(૧) ઉપરની આ □□□ નિશાની જુઓ. અબુતાલીબ પૌત્ર અબ્દુલ્લાહનાં બેટી [નહજુલ બલાગા તારીખ કે આઈને મેં] એ વલીદ બિન અબ્દુલ મલિકની 'માં' હતા.

## નકશો : ૫

હઝ. અબૂબકર (રઝી.) □□ | → હઝ. આયેશા (રઝી.)

હઝ. ઉમર (રઝી.) | → હઝ. હફસા (રઝી.) △△

**નોંધ :-**

(૧) ઉપરની આ □□ નિશાની જુઓ. હઝ. અબૂબકર (રઝી.) નાં બેટી આયેશા (રઝી.) નબી (સ.અ.વ.) ના નિકાહમાં હતાં. (ગીરદીયાહ : બયાન નં. ૬૨૯/૯૫) અને તેમને મોમીનોની 'માં' નો અલ્લાહે ખિતાબ આપ્યો. (સુરહ અહઝાબ, આયતો નં. ૬ અને ૩૩). નબી (સ.અ.વ.) એ અહલ બયતને કાળી કામળીમાં સમાવીતી હદીષ બયાન કરનાર આયેશા સીદ્દીકા (રઝી.) છે. (મકતુલનામા ભાગ-૧, બયાન નં. ૧૭)

(૨) ઉપરની △△ નિશાની જુઓ. હઝ. ઉમર (રઝી.) નાં બેટી હફસા નબી (સ.અ.વ.) નાં નિકાહમાં હતાં. (ગીરદીયાહ : બયાન નં. ૬૩૦/૯૬) અને તેમને મોમીનોની 'મા' નો ખિતાબ અલ્લાહે આપ્યો. (જુઓ ઉપરની આયતો)

(૩) સુરહ અહઝાબમાં બધી જ નબી પત્નીઓને અલ્લાહે મોમીનોની 'માં' ઓ કહી છે.

(૪) હઝ. અલી (રઝી.) એ હઝ. અબૂબકર (રઝી.) નાં બેટા મુહંમદને પોતાની પરવરીશ (ઉછેર) માં લીધા હતા. (અલી સખ્સીયત અને કિરદાર પાનું ૨૪૫ (ઉર્દૂ)

## નકશો : ૬




**નોંધ :-**

(૧) હઝ. અલી (રઝી.)ના પંદર બેટાઓ હતા. (મકતુલ નામા : ભાગ-૧, બયાન નંબર-૧૩)

(૨) હઝ. અલી (રઝી.) ના અન્ય બીબીઓથી થયેલ બેટાનું નામ 'ઉમર' હતું. જુઓ આ △ નિશાની

(૩) હઝ. ઈમામ હસૈન (રઝી.) ના બેટા નં ૩ નું નામ અબૂબકર હતું. જુઆ આ ◇ નિશાની

(૪) ઈમામ હુસૈન (રઝી.) ની ઓલાદ હઝ. ઝૈનુલ આબેદીનથી આગળ વધી છે, બાકીના બેટાઓથી આગળ વધી નથી. (મકતુલ નામા : ભાગ-૨, બયાન નં. ૫૪૧/૨૩૪)

## નકશો : ૭

હઝ. ઝૈનુલ આબેદીન બિન હુસૈન (રઝી.)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
|---|---|---|---|---|---|
| મોહંમદ બાકર | અબ્દુલ્લાહ | ઉમર △△ | અશરફ | ઝૈદ | અન્ય ૧૦ |

**નોંધ :-**

(૧) ઈમામ ઝૈનુલ આબેદીનને પણ પંદર બેટાઓ હતા. (મકતુલનામા : ભાગ-૨, બયાન નં. ૫૪૨/૨૩૫)

(૨) તેમના બેટા નં.-૩ નું નામ ઉમર હતું. જુઓ આ △△ નિશાની. (હવાલો : મકતુલનામુ ઉપર મુજબ)

(૩) હઝ. ઝૈનુલ આબેદીન (રહ.) કરબલાના જંગના પ્રત્યક્ષ સાક્ષી છે. તેમને અને તેમના કુટુંબીઓને અબૂબકર, ઉમર અને ઉસ્માન એ નામોથી નફરત નહતી.

## નકશો : ૮

ઈમામ બાકર

|

ઈમામ મુહંમદ

|

ઈમામ જાઅફર

**નોંધ :-** ઈમામ જાઅફરનાં માતા બીબી **'આમર'** હઝ. અબૂબકર (રઝી.) ના વંશમાંથી છે. (મકતુલનામા : ભાગ-૨, બયાન નં. ૫૫૫/૨૪૮)

# -: ખુલાસો :-

(૧) ઉપરોક્ત રીતનાં ઘણાં સગાઈ-સંબંધો વાકેઆએ કરબલા પછી પણ ઉમૈયા ખાનદાન અને હાશમી ખાનદાન વચ્ચે થયા છે.

(૨) સાબિત થાય છે કે, વાકેઆએ કરબલાને બેઉ ખાનદાનોએ કડવાશથી લીધો ન હતો.

(૩) પણ પાછળથી મુસ્લિમ એકતા તોડવા આ સગાઈઓને છુપાવવામાં આવી.

(૪) આજે પણ પીર મશાયખ (રહે.) એ આ સગાઈઓ તેમના દિવાનમાં લખી છે, તેને પણ છુપાવવામાં આવી રહી છે. ખાસ કરીને મકતુલ નામું જે પઢાય છે તેમાંથી આ સગાઈઓવાળો ભાગ અને અકીદાવાળો ભાગ પઢાતો નથી.

(૫) કડવાશનું મુળકારણ વસ્તુ સ્થિતિનું અજ્ઞાન અને ખોટી રજુઆત છે.

(૬) મઆઝુદ્દવલા એક શીયા સત્તાધિશ હતો (મરણ હી. ૩૫૬) તેણે એમ કરીને અસ્હાબોના તિરસ્કારથી તવબાહ કરી કે તેને હઝ. ફાતિમા ઝોહરા (રઝી.) નાં બેટીનાં નિકાહ હઝ. ઉમર (રઝી.) થી થયેલી તેની ખબર તેને નહતી. (નહજુલ બલાગા : ઈતિહાસના દર્પણમાં (ઉર્દુ)]

(૭) કેટલાક લોકો ઈતિહાસ જાણ્યા વગર જ પાપનાં પોટલાં પોતાને માથે લેતા હોય છે, તેઓને ખબર પણ નથી હોતી કે અસ્હાબોને માટે કડવાં વેણ આડકતરી રીતે નબી (સ.અ.વ.) સુધી પહોંચે છે.

# -: પરિશિષ્ઠ-૩ :-

## ધ્યાનમાં લેવા જેવી વાત

(૧) પહેલા ત્રણ ખલીફાઓ હઝ. અબુબકર, હઝ. ઉમર અને હઝ. ઉસ્માન (રઝી.) વિષે જે નફરત ફેલવવામાં આવે છે, તેમ કરવાથી હઝ. અલી (રઝી.) નો કહેવાતો ખિલાફતનો અગ્ર છીનવાઈ ગયો હતો તો તેની ભરપાઈ શું આજે પહેલા ત્રણ ખુલફાઓનું બુરૂં બોલવાથી થઈ શકે છે ?

(૨) શું હઝ. અલી (રઝી.) ની ઓલાદમાંથી કોઈનું પહેલા ત્રણ ખલીફાઓ વિરૂદ્ધનું કોઈ બયાન જોવા મળે છે ? જે કાંઈ થાય છે તે ઘડાયેલી રિવાયતોને આધારે થાય છે.

(૩) શું હઝ. અલી (રઝી.) જેઓ પોતે હૈદર (શેર) અને સૈફુલ્લાહ (અલ્લાહની તલવાર) હતા તેઓ તેમના દૌરના તેમના કહેવાતા હરિફો સામે ઝુકેલા જ રહેતા હતા ?

(૪) જયારે હઝ. ઉસ્માન (રઝી.) ની વિરૂદ્ધ બળવાખોરોએ વાતાવરણ ઉભું કર્યું ત્યારે પણ હઝ. અલી (રઝી.) પોતે હઝ. ઉસ્માન (રઝી.) વિરૂદ્ધ થયા નહતા અને બેઉ સાઢુભાઈઓ હતા. જયારે બળવાખોરોએ હઝ. ઉસ્માન (રઝી.) ને કતલ કરવા હુમલો કર્યો ત્યારે હઝ. અલી (રઝી.) એ તેમને માટે શરબત મોકલ્યો, અને ઈમામેનને તેમના રક્ષણ માટે રોક્યા હતા. હઝ. અલી (રઝી.) એ બળવાખોરોને હટાવવા મદદ કરવાનું કહેણ મોકલ્યું હતું, પણ હઝ. ઉસ્માન (રઝી.) એ મુસલમાનોમાં આપસી ખુનરેજી કરવાનું ના ચાહ્યું. (જુઓ ખુલફા-એ-રાશેદીનનાં બયાનો)

(૫) ગદીરે ખૂમનાં પ્રસંગે લગભગ સવા લાખ અસ્હાબે કિરામ (રઝી.) નબી (સ.અ.વ.) સમક્ષ હાજર હતા. તેઓ અરબી ભાષી હતા. એટલે મૌલાનો અર્થ તેઓ જે સમજયા તે હઝ. અલી (રઝી.) થી મુહબ્બતની તાકીદ જ હોઈ શકે છે. કેમકે નબી (સ.અ.વ.) ની હદીષ છે કે મારા સહાબી આસમાનના સિતારાઓ જેમ છે, કોઈ એકનું અનુસરણ પણ કરશે તે કામયાબ છે. હઝ. અબૂબકર (રઝી.) ને

જ્યારે અસ્હાબોએ ખિલાફત માટે પસંદ કર્યા ત્યારે તે સવા લાખમાંથી કોઈએ એમ કહ્યું નહોતું કે મૌલાનો અર્થ ખિલાફતનો અગ્ર હક છે. આ ગદીરે ખુમનો પ્રસંગ આપ (સ.અ.વ.) ની વિદાયથી અઢી એક વરસ પહેલાંનો છે અને સવાલાખ સહાબી અઢી વરસમાં જ નબી (સ.અ.વ.) નો કોલ ભુલી જાય તે શક્ય નથી, અને તેઓ આટલી સંખ્યાવાળા હોઈ કોઈથી દબાઈ જાય તે પણ શક્ય નથી. વળી હઝ. અલી (રઝી.) એ પોતે પણ તે અર્થ જાહેર કર્યો નહતો. આ વિચારો હઝ. અલી (રઝી.) ની ખિલાફત પછી વ્યકત કરવામાં આવ્યા. મવલાનો શાબ્દિક અર્થ થાય છે માલિક, ધણી, મિત્ર, રક્ષક, અતિ પ્રિય, મદદનીશ, સાથી, ગુલામ આઝાદ કરનાર વિ. કુર્આનમાં મવલા શબ્દ અલ્લાહ માલિક માટે ઘણી જગ્યાએ છે. તેથી શબ્દ પ્રયોગને સંદર્ભ અને પ્રસંગ પ્રમાણે જાણવો જોઈએ, અને ભુતકાળને વર્તમાનમાં ખેંચી લાવવો જોઈ નહિ.

## -: પરિશિષ્ઠ-૪ :-

ખુલફા-એ-રાશીદીન નબી (સ.અ.વ.) ના કાતિબો (લહિયાઓ) માંથી છે.

**ક્રમવાર કાતિબો :**

૧. હઝ. અબુબકર (રઝી.) ૨. હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ૩. હઝ. ઉસ્માન (રઝી.) ૪. હઝ. અલી (રઝી.) ૫. હઝ. ઉમર બિન ફહી ૬. હઝ. અબ્દુલ્લાહ બિન અકરમ ૭. હઝ. અલી બિન કાસીમ ૮. હઝ. સાબીન બિન કૈસ ૮. હઝ. ખાલીદ બિન સઈદ, ૧૦. હઝ. હંજાલા બિન રબીઅ અસદી ૧૧. ઝૈદ નિબ સાબિત ૧૨. **હઝ. મુઆવીયાહ બિન અબુ સુફીયાન** ૧૩. હઝ. શરઝીલ બિન હસન (રઝી. અન્હુમ)

(વિસાલનામા : બયાન નં. ૮૦૭/૨૯ અને ૮૦૮/૩૦)

## -: પરિશિષ્ઠ-૫ :-

**ખુલફા-એ-રાશેદીન અશરહ મુબશ્શીર્રહમાંથી છે.**

(એવા દશ જેમને જન્નતી હોવાની ખુશ ખબર તેમના જીવતાં જ આપવામાં આવી હતી.) હઝ. અબ્દુર્રહમાન બિન અવફ (રઝી.) કહે છે કે, નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું :

(૧) અબુબકર જન્નતમાં છે. (૨) ઉમર જન્નતમાં છે. (૩) ઉસ્માન જન્નતમાં છે. (૪) અલી જન્નતમાં છે. (૫) તલહા જન્નતમાં છે. (૬) અબ્દુર્રહમાન બિન અવફ જન્નતમાં છે. (૭) સઅદ બિન અલિ વકાઅ જન્નતમાં છે. (૮) સઈદ ઈબ્ને ઝૈદ જન્નતમાં છે. (૯) અબુ ઉબયદાહ જન્નતમાં છે અને (૧૦) સઈદ ઈબ્ને ઝૈદ જન્નતમાં છે.

(મિશ્કાત : ભાગ-૨, અશરહ મુબશ્શીર્રહની ફઝીલતના બયાનમાં ફસલ બીજી, હદીષ નં.-૧૧)

પીર મશાયખ (રહે.) એ પોતાના પૂરા દિવાનમાં ઠેર ઠેર મિશ્કતાના હવાલાથી લખેલ છે. તેથી મિશ્કાત શરીફ પણ પીર મશાયખના લખાણનો આધાર છે.

નોંધ : હદીષમાં જે તરતીબ (ગોઠવણ) થી નબી (સ.અ.વ.) એ હદીષ કહી તેમાં ચાર બુઝુર્ગ અસ્હાબોના નામો પ્રથમ છે.

## -: પરિશિષ્ઠ-૬ :-

## ખુલફા-એ-રાશેદીન નબી (સ.અ.વ.) ના રફીકો (દોસ્તો) માંથી છે.

૧. હઝ. અબુબક્ર સીદ્દીક (રઝી.) ૨. હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ૩. મુરતુઝા અલી (રઝી.) ૪. હઝ. અમીર હમઝા (રઝી.) ૫. હઝ. જાઅફર (રઝી. ૬. અબુઝર (રઝી.) ૭. અલમ મીકદાર (રઝી.) ૮. સુલેમાન (રઝી.) ૯. હુઝૈફા (રઝી.) ૧૦. ઈબ્ને મસઉદ (રઝી.) ૧૧. અમ્માર બિન યાસીર (રઝી.) ૧૨. બિલાલ (રઝી.) (ગીરદીયાહ : બયાન નં. ૮૦૯/૩૧)

## -: પરિશિષ્ઠ-૭ :-

## ગેરસમજ દૂર કરે તેવા પ્રસંગો

(૧) સીદ્દીક અકબર (રઝી.) નબી (સ.અ.વ.) ના ગારના સાથી હતા અને તેમને ગારમાં સાપ કરડ્યો તો નબી (સ.અ.વ.) એ પોતાનું થુંક મુબારક તે ડંખ ઉપર લગાવ્યું તો ઝેરનો અસર ન થયો. (મોઝિજાત : બયાન નં. : ૬૮૨/૩૦)

(૨) ગઝવા-એ-બદરમાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) અને હઝ. અલી કરમલ્લાહ વજહહુ અન્ય અસ્હાબો સાથે સામેલ હતા. હઝ. અલી (રઝી.) નબી (સ.અ.વ.) ની હીફાજત માટે શૂરવીર બનીને કાફીરો સામે લડ્યા હતા. (ગઝવાત : બયાન નં. ૩૭૫/૪૬ અને ૩૭૬/૪૭)

(૩) ગઝવા-એ-બનુ કુરૈજામાં ફોજની ગોઠવણી નબી (સ.અ.વ.) એ કરાવી અને મુસલમાનોને હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને તાબે કર્યા હતા. (ગઝવાત : બયાન નં. ૪૨૬/૯૬)

(૪) ગઝવા ખયબરમાં કોટ ફરતે ખજૂરોનાં ઝાડ કાપવાનો નબી (સ.અ.વ.) એ હુકમ કર્યો હતો અને લગભગ ૪૦૦ ઝાડ કપાઈ ગયા હતાં, ત્યારે હઝ. અબૂબકર (રઝી.) એ નબી (સ.અ.વ.) ને કહ્યું કે, "અલ્લાહે તમને ફતેહનો વાયદો કર્યો છે તો ઝાડ કાપવાથી ફાયદો નથી." હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ની સલાહથી નબી (સ.અ.વ.) ઝાડ કાપવું બંધ કરાવ્યું. (ગઝવાત : બયાન નં. ૪૨૯/૯૯)

(૫) ખૈબરની પાસે એક કુમુસનામી કોટ હતો, તેને પણ બધા ખૈબર નામે જાણતા હતા. તે કોટ જીતવા નબી (સ.અ.વ.) એ નિશાન (ઝંડો) હઝ. ઉમર ખત્તાબ (રઝી.) ને આપ્યો હતો, અને તેમણે કોટવાળાઓ સામે ભારે લડાઈ કરી. બીજા દિવસે હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) એ કાફીરોથી ઘણી લડાઈ કરી હતી. પછી બીજી વખત પણ હઝ. ઉમર ફારૂક (રઝી.) એ લડાઈ આદરી. ત્યાર પછી રાતે નબી (સ.અ.વ.) એ હઝ. અલી (રઝી.) ને બોલાવ્યા ત્યારે તેમની આંખો દુઃખતી હતી. તો આપ (સ.અ.વ.) એ તેમનું થુંક મુબારક હઝ. અલી (રઝી.) ની આંખોમાં લગાવ્યું તો સારૂં થઈ ગયું. પછી તેમને નબી (સ.અ.વ.) એ બખ્તર પહેરાવ્યું અને હઝ. અલી (રઝી.) એ ખૈબરનો ભારે-ભરખમ દરવાજો ઉખેડી ફેક્યો. જે કુવ્વત તેમને અલ્લાહ તરફથી હતી. (ગઝવાત : બયાન નં. ૪૩૧/૧૦૧, ૪૩૨/૧૦૨)

(૬) ફત્તહે મક્કાની યોજનાનો મશ્વરો નબી (સ.અ.વ.) એ હઝ.

અબૂબકર સીદ્દીક (રઝી.) ને એકલાને બોલાવી તેમનાથી લીધો હતો. અને તે વાત મુસલમાનોમાં પણ ગુપ્ત રાખવાનું કહ્યું હતું. (ગઝવાત : બયાન નં. ૪૪૮/૧૧૮)

(૭) અબુ સુફીયાન જ્યારે હઝ. અબ્બાસ (રઝી.) સાથે નબી (સ.અ.વ.) પાસે ગયા ત્યારે હઝ. ઉમર (રઝી.) એ નબી (સ.અ.વ.) ને કહ્યું કે, અબુ સુફીયાન આપણાં કબજામાં છે, એટલે હુકમ હોય તો તેનું માથું વધેરી નાંખુ. હઝ. અબ્બાસ (રઝી.) એ કહ્યું કે, અબુ સુફીયાન તેમની પનાહમાં છે અને અબુ સુફીયાનનો હાથ પકડી રાખ્યો. બીજા દિવસે હઝ. અબુ સુફીયાનને નબી (સ.અ.વ.) સામે હાજર કરવામાં આવ્યાં, તો હઝ. અબ્બાસે તેમને કહ્યું કે, ઈમાન લાવો, નહિ તો, ઉમર (રઝી.) ડોકું ઉડાવવા તૈયાર બેઠા છે. ત્યારે તેઓ ઈમાન લાવ્યા અને સહાબી બન્યા, અને અમાન પામ્યા. (ગઝવાત : બયાન નં. ૪૫૫/૪૨૫ અને ૪૫૬/૧૨૬)

(૮) ખાના-એ-કાબામાંથી બુતો તોડવા નબી (સ.અ.વ.) હઝ. અલી (રઝી.) ને આપ ના ખભે ચડવાનું એમ કહીને કહ્યું કે નબી (સ.અ.વ.) હઝ. અલી (રઝી.) ને ખભે ચડે તો હઝ. અલી (રઝી.) નબુવ્વતનો ભાર ખમી નહિ શકે. પીર મશાયખ (રહે.) કહે છે કે, જે નબી (સ.અ.વ.) ની સુન્નતનો વિચ્છેદ કરી એકને બદલે બીજું કરે તે દિવાનો છે, અને જો તે વધારે ડહાપણ કરે તો તે બદનસીબ છે. (ગઝવાત : બયાન નં. ૪૬૭/૧૩૭)

(૯) ફતેહ મક્કા સમયે નબી (સ.અ.વ.) એ ખાના-એ-કાબામાં બુતોનાં ચિત્રો દૂર કરવાનું હઝ. ઉમર ખત્તાબ (રઝી.) અને ઉસ્માન બિન તલહાને સોંપ્યું હતું, અને તેમણે તે કામ પુરૂં કર્યું હતું. (ગઝવાત : બયાન નં. ૪૬૯/૧૩૯)

(૧૦) ગઝવાએ તાએફમાં ફોજનો ઝંડો નબી (સ.અ.વ.) એ હઝ. અલી (રઝી.) ને આપ્યો હતો. (ગઝવાત : બયાન નં. ૪૯૨/૧૬૨) તે ગઝવામાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.)

ના બેટા અબ્દુલ્લાહ શહીદ થયા હતા. (ગઝવાત : બયાન નં. ૪૯૩/૧૬૩)

(૧૧)તે ગઝવાના માલે ગનીમતમાંથી અબુ સુફીયાનની અરજ પર નબી (સ.અ.વ.) એ માલે ગનીમતમાંથી તેમને હિસ્સો આપવા કહ્યું, પછી તેમની અરજ પર નબી (સ.અ.વ.) એ યઝીદને પણ હિસ્સો આપ્યો, અને તેના હાથમાં તે પહોંચે તે પહેલાં અબુ સુફીયાને હઝ. મુઆવીય્યા માટે હિસ્સો માંગ્યો તો નબી (સ.અ.વ.) એ તેમને પણ હિસ્સો આપ્યો. કેમકે તેઓ ગઝવામાં જોડાયેલા હતા. [ઉપરનો હવાલો]

(૧૨)ગઝવાએ તબૂક (આખરી ગઝવા) સમયે નબી (સ.અ.વ.) એ રાહે અલ્લાહમાં માલ લાવવાનું અસ્હાબો રઝી. અન્હુમને કહ્યું તો હઝ. ઉમર (રઝી.) તેમનો અરધો માલ લાવી ધર્યો, અને હઝ. અબૂબકર (રઝી.) એ પોતાનો બધો માલ લાવી ધર્યો અને કહ્યું કે, તેમણે અહલો અયાલ માટે અલ્લાહ અને તેના રસૂલના નામને બાકી છોડ્યું છે.

પછી નબી (સ.અ.વ.) હઝ. ઉસ્માન (રઝી.) પાસે રાહે અલ્લાહમાં માલની માંગણી કરી તો હઝ. ઉસ્માને વેપાર ધંધા માટે તૈયાર લાદેલાં ૧૦૦ (એકસો) ઊંટ આપ્યા. પછી નબી (સ.અ.વ.) એ બીજાં ૧૦૦ (એકસો) ઊંટ માંગ્યા તો તે પણ હઝ. ઉસ્માન (રઝી.) લાવી દીધા. નબી (સ.અ.વ.) એ ત્રીજી વાર પણ બીજા ૧૦૦ (એકસો) ઊંટ માંગ્યા તો તે પણ હઝ. ઉસ્માન (રઝી.) લાવી આપ્યા, અને ચોથી વાર એક હજાર મિસ્કાલ (ચાંદીનું નાણું) લશ્કરના ખર્ચ માટે માંગ્યું તે પણ હઝ. ઉસ્માન (રઝી.) લાવી આપ્યું, તો નબી (સ.અ.વ.) એ દુઆ માંગી, "હે રબ હું ઉસ્માન (રઝી.) થી રાજી છું અને તું પણ તેમનાથી રાજી થા." તો જીબ્રઈલ (અલૈ.) એ ખબર આપી કે તે દુઆ કબુલ થઈ ગઈ છે. (ગઝવાત : બયાન નં. ૫૧૦/૧૮૦ અને ૫૧૧/૧૮૧)

(૧૩)તે આખરી ગઝવાહનો એ એક ઝંડો નબી (સ.અ.વ.) એ હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને હાથ અને બીજો ઝંડો ઝુબેર

બિન અવામને હાથ આપ્યો હતો. (ગઝવાત : બયાન નં. ૫૧૯/૧૮૯)

(૧૪)જ્યારે તબૂકના બે ડુંગરો વચ્ચે (સીલનો ડુંગર) અરબો એકઠા થઈને મદીના ઉપર છુપો હુમલો કરવાની ચાલ બનાવતા હતા, તેની ખબર નબી (સ.અ.વ.) ને મળી તો તેમણે તે અરબોને જેર કરવા પહેલાં હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ને ઝંડો સોંપ્યો, અને તેમની પછી હઝ. ઉમર (રઝી.) ને સોંપ્યો. (ગઝવાત : બયાન નં. ૫૩૦/૨૦૦ અને ૫૩૧/૨૦૧) પછી આપ (સ.અ.વ.) ઝંડો હઝ. અલી (રઝી.) ને સોંપ્યો અને ફતેહની દુઆ આપી તો તે પણ ફતેહ પામ્યા. (ગઝવાત : બયાન નં. ૫૩૧/૨૦૧ અને ૫૩૧/૨૦૨)

(૧૫)હુદેબીયા સ્થળે જ્યારે નબી (સ.અ..) ને મક્કાવાળાઓએ હજ કરવા જતાં રોક્યા અને કડક શરતો લાદી ત્યારે હઝ. ઉસ્માન (રઝી.) ને સુલેહ માટે નબી (સ.અ.વ.) એ મક્કા મોકલ્યા અને તેમને વળતા થતાં વાર લાગી તો અસ્હાબોને ચિંતા થઈ. ત્યારે નબી (સ.અ.વ.) એ અસ્હાબોથી બેઅત લીધી કે જો હઝ. ઉસ્માન (રઝી.) ને મક્કાવાળાઓએ શહીદ કર્યા હોય તો તેનો બદલો લેવા પોતાના જીવ કુરબાન કરે. (ગઝવાત : બયાન નં. ૫૪૬/૨૧૬)

(૧૬)ચાર જણાએ યઝીદની બેઅતથી ઈન્કાર કરેલો. તેઓ છે (૧) **હુસૈન બિન અલી (રઝી.)** (૨) **હઝ. અબૂબકર સીદ્દીક (રઝી.) ના બેટા અબ્દુરરહમાન (રઝી.)** (૩) **હઝ. ઉમર (રઝી.) ના બેટા અબ્દુલ્લાહ** અને (૪) **અબ્દુલ્લાહ ઈબ્ને જાબીર (રઝી.)**. (મકતુલનામા : ભાગ-૨, બયાન નં.-૬૮)

# -: પરિશિષ્ઠ-૮ :-

## મીશ્કાત શરીફમાં અહલે બયત

## (નબી (સ.અ.વ.) નાં ઘરવાળાઓ) ની ફઝીલત

નબી (સ.અ.વ.) એ કહ્યું :

૧. "હઝ. અલી, હઝ. ફાતીમા, હઝ. હસન, હ. હુસૈન (રઝી.) મારાં અહલે બયત (ઘરવાળા) છે." (મીશ્કાત : ભાગ-૭, ઉપરોક્ત શિર્ષકના બયાનની હદીષ નં.-૧)

નોંધ : (૧) સુરહ અહઝાબની આયત નં. ૩૦માં અલ્લાહે નબી (સ.અ.વ.) ની પત્નીઓને પણ અહલે બયત કહેલ છે, તેથી અહલે બયત એ વિસ્તૃત અર્થમાં છે. નબી (સ.અ.વ.) ની હદીસ મુજબ અલ્લાહની વાત પ્રથમ છે, અને નબી (સ.અ.વ.) ની વાત બીજા ક્રમે છે. (મિશ્કાત)

(૨) "અહલે બયત, અહલ અને આલ" એ શબ્દોને કુર્આનના વર્ણન મુજબ સમજવા માટે સંપાદકની લખેલ કિતાબ 'તરીકતનું વિશ્લેષણ' જુઓ.

(૩) નબી (સ.અ.વ.) એ એક વિષયે બે અલગ અલગ વાતો કરી હોય તો પણ, નબીની વાત દ્વિમુખી કે અસંદિગ્ધ નથી હોઈ શકતી. તેથી તેને વિસ્તૃત અર્થમાં સમજવી જોઈએ.

(૪) અહલે બયત (ઘરવાળા) એ શબ્દ જ સુચવે છે કે નબી (સ.અ.વ.) ની મુબારક જીંદગીમાં તેમનાં જે ઘરવાળા હતાં તે. આપની પછી આપની આલ (વંશ) છે, અહલે બયત નહિ.

નોંધ : આપની ઉપરોક્ત હદીષ નં. ૧ માં બતાવેલ અહલે બયતને આપ (સ.અ.વ.) કાળી કામળીમાં મુહબ્બતમાં આવરી લીધાં હતો. (ઉપર મુજબ હદીષ નં.-૨)

૨. "ફાતિમા (રઝી.) જન્નતની તમામ મુસલમાન ઓરતોનાં સરદાર છે." (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૪)

૩. "ફાતિમા (રઝી.) મારા ગોસ્તનો ટુકડો છે, જે ચીજ ફાતિમાને બુરી લાગે છે, તે મને પણ બુરી લાગે છે અને જે ચીજ તેને સારી લાગે છે તે મને પણ સારી લાગે છે." (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૫)

૪. "હું મારી પછી અલ્લાહની કિતાબ કુર્આનને છોડી જઉં છું. તેને મજબુતીથી પકડી રાખજો, અને મારી અહલે બયત જેના હક્કોની અદાયગી અને કોતાહી અલ્લાહના અઝાબનો સબબ ન બને અને તેમને પકડી રાખશો તો ગુમરાહ નહિ થાઓ." (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૬)

નોંધ :

(૧) નબી (સ.અ.વ.) એ ઘણી હદીષોમાં કુર્આન અને સુન્નત કહેલ છે. તેથી અર્થ એ છે દીન પર અમલ માટે કુર્આન અને સુન્નત છે, અને મિસાલી (દ્રષ્ટાંતરૂપ) અમલો જોવા માટે અહલે બૈતનાં દીન માટેનાં અમલો છે, એટલે કે તેમના અમલો મુજબ અમલો કરનાર ગુમરાહ નહિ થાય.

(૨) કોઈ પણ ઈમાનવાળો અહલે બૈતમાંથી કોઈ એકની ઉપર અદાવત રાખી શકતો નથી. કેમકે, નબી (સ.અ.વ.) ના જ શબ્દો છે કે અહલે બયતને છોડી દેનાર ગુમરાહ થશે. છોડી દેવું તો બાજું રહ્યું, પણ અહલે બયતમાંથી કોઈની પણ સાથે અદાવત એ નબી (સ.અ.વ.) થી અદાવત છે.

૫. "હે અલ્લાહ હું હસન (રઝી.) થી મુહબ્બત રાખું છું, તું પણ તેનાથી મુહબ્બત રાખ (ઉપરોક્ત મુજબ હદીષ નં. ૮) અને જે તેમનાથી મુહબ્બત રાખે તેમ તેનાથી પણ તું મુહબ્બત રાખ" (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૯)

૬. "મારો આ બેટો (હસન રઝી.) સઈદ (નેક) છે, અને મને ઉમ્મીદ છે કે તે મુસલમાનોના બે સમુહો વચ્ચે સમાધાન કરાવશે." (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૧૦)

નોંધ : હઝ. હસન (રઝી.) નો ચહેરો નબી (સ.અ.વ.) ના ચેહરાને મળતો આવતો હતો. (ઉપરોક્ત મુજબ હદીષ નં. ૧૨)

૭. “જે કોઈ હઝ. અલી, હઝ. ફાતિમા, હઝ. હસન અને અને હઝ. હુસૈન (રઝી.) થી લડશે તેનાથી હું લડીશ, અને જે કોઈ તેમનાથી મુહબ્બત રાખશે તેનાથી હું મુહબ્બત રાખીશ.” (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૨૦)

૮. “મને સૌથી વધારે મુહબ્બત હઝ. ફાતિમા (રઝી.) અને તેના શોહર (પતિ) હઝ. અલી (રઝી.) થી છે.” (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૨૧)

નોંધ : (૧) આ મુહબ્બત આપની બેટી અને બેટીના શોહરના સંબંધે હતી.

(૨) નબી (સ.અ.વ.) ઘણી જગ્યાએ એમ પણ કહ્યું કે, તેમની પત્નીઓમાં તેમને હઝ. આયેશા (રઝી.) થી વધારે મુહબ્બત છે, અને એમ પણ કહ્યું છે કે, આ દિલનો મામલો છે, કે મારૂં દિલ આપના કબ્જામાં નથી.

૩. એટલે મુહબ્બતને તેના પ્રકાર, પ્રસંગ અને વ્યક્તિગત સંબંધો સાથે જોવા જોઈએ.

૯. “હસન અને હુસૈન (રઝી.) જન્નતના યુવાનોના સરદાર છે.” (ઉપરની કિતાબ મુજબ : હદીષ નં. ૩૬)

૧૦. “મારી અહલે બયત નૂહ (અ.સ.) ની કશ્તી (નાવ) ની જેમ છે, જે તેમાં સવાર ન થયો તે બરબાદ થયો.” (ઉપરોક્ત મુજબ હદીષ નં. ૪૯) નોંધ : અહલે બયતના અર્થ માટે ઉપર હદીષ નં. ૧ નીચેની નોંધ જુઓ.

૧૧. “હઝ. ખદીજા (રઝી.) ઉમ્મતની બધી ઔરતોમાં શ્રેષ્ઠ છે.” (મિશ્કાત : ભાગ-૭, પવિત્ર પત્નીઓની ફઝીલતના બયાનની હદીષ નં. ૧)

૧૨. “હે આયશા જીબ્રઈલ તમને સલામ કરે છે.” (જેનો જવાબ તેમણે વાળ્યો) અને હઝ. આયેશા (રઝી.) જીબ્રઈલને તે વખતે જોઈ શકતા નહતાં. (મિશ્કાત : ભાગ-૭, પવિત્ર

પત્નીઓની ફઝીલતના બયાનની હદીષ નં. ૪)

૧૩. "હે આયશા તમારા ચેહરાને ફરિશ્તો રેશમી કપડામાં લપેટી સતત ત્રણ દિવસ લાવ્યો અને કહ્યું કે, આ તમારી થનાર પત્ની છે, અને મેં કહ્યું કે જો તે અલ્લાહની તરફથી છે તો તે વાતને તે પૂરી કરશે." (ઉપરોક્ત ફઝીલતનો બયાન મુજબ : હદીષ નં. ૫)

૧૪. "ચાર ઔરતો દુનિયાની બધી ઔરતો કરતાં શ્રેષ્ઠ છે."

૧. મરિયમ બિન ઈમરાન ૨. હઝ. ખદીજા (રઝી.) ૩. હઝ. ફાતિમા (રઝી.) અને ૪. ફિરઓનની પત્ની આશિયા (રઝી.) (ઉપરોક્ત ફઝીલતનો બયાન મુજબ : હદીષ નં. ૭)

નોંધ : ૧. નબી (સ.અ.વ.) ની અન્ય પત્ની ઓ જે આપની એહલે બયત છે, તેઓની પણ ફઝીલતો મિશ્કાતમાં લખાયેલી છે, પણ સ્થળ સંકોચને લીધે અહીંયાં તેને ઉતારી નથી.

૨. ચાર બુઝુર્ગ ખુલફા-એ-રાશેદીનની ફઝીલત આ કિતાબમાં વાંચકે વાંચી લીધી છે.

૩. અહલે બયતથી મુહબ્બત તેમની મુજબનાં અમલો છે. મનમાન્યા રિવાજો, શરીઅતના મૂળભૂત સિધ્ધાંતોથી ઉલટાં, નબી (સ.અ.વ.) ની વાણીથી ઉલટાં અને અકલ પણ કબુલ ન કરે તેવા અમલો અતિ ઉત્સાહમાં કરવાં-કરાવવાં એ અહલે બયતથી મુહબ્બત નથી. આવું કરનારે એ વિચારવું જોઈએ કે તે જે કરી રહ્યો છે તે શરિઅતના સિધ્ધાંતોથી વિરૂદ્ધ કે ચાલી આવતી પ્રથા છે કે હકીકતમાં અહલે બયતનું અનુકરણ છે. તેણે વિચારવું જોઈએ કે તે જે કરી રહ્યો છે, તેવું નબી (સ.અ.વ.) એ કે તેમની અહલે બયતે કર્યું હતું કે નહિં ?

# પીર મશાયખ (રહે.) નું દિવાન

## (ગઝલ સંગ્રહને દિવાન કહે છે)

## તે નીચેની કિતાબોમાં સંઘરાયેલુ છે

(૧) નૂરનામા,
(૨) મેઅરાજનામા,
(૩) ગઝવા,
(૪) ગિરદીયહ,
(૫) મો'જિઝાત,
(૬) વિસાલનામા,
(૭) ખુલફાએ રાશેદીન,
(૮) મકતુલનામા, ભાગ-૧,
(૯) મકતુલનામા, ભાગ-૨,
(૧૦) ઈમાન ભાગ-૧,
(૧૧) ઈમાન, ભાગ-૨,
(૧૨) ઇબાદત, ભાગ-૧,
(૧૩) ઈબાદત, ભાગ-૨.

અને તે ઉપરાંત

(૧) સીડીયોની ફસલ,
(૨) નાનું નૂરનામું,
(૩) નાનુ નૂરનામું,
(૪) હાદી ધરમ,
(૫) તરીકત.

-: સમજુતીકાર અને પ્રકાશક :-

**યુસુફ શરીફ ચારોલીયા**

૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,

ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૪.

# KHULFA-E-RASHIDEEN

-: સમજુતિકાર અને પ્રકાશક :-

**યુસુફ શરીફ ચારોલીયા**

૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,
ગોરેગાંવ પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૧૦૪.

PRINTED BY : KAHTIB KITAB GHAR & PRINTERS
KHAS BAZAR, THREE GATE, AHMEDABAD.
PHONE : 079 - 25 352468, MO. : 9537 352468